

# જ્ઞાનધારા

૧

ગુણવંત બરવાળીયા

શ્રી ઉવસગ્ગહરં સાધના ટ્રસ્ટ પ્રેરિત પ્રકાશન

# જ્ઞાનધારા-૧

: સંપાદન :

ગુણવંત બરવાળિયા

: પ્રકાશક :

સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લીટરરી રીસર્ચ સેન્ટર

SPR જૈન કન્યાશાળા ટ્રસ્ટ, કામાલેન ઘાટકોપર (વે), મુંબઈ-૮૬.

Gyan Dhara
Edited by
Gunvant Barvalia
Jan-2005

**સૌજન્ય :**
ઉવસગ્ગહરં સાધના ટ્રસ્ટ
અખિલ ભારતીય શ્વે. સ્થ. જૈન કોન્ફરન્સ, મુંબઈ

**પ્રકાશક :**
**ગુણવંત બરવાળિયા**
***માનદ સંયોજક***
સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લીટરરી રીસર્ચ સેન્ટર
૩૧૬/૧, સિદ્ધિવિનાયક, હિંગવાલા લેન,
ઘાટકોપર (ઈ), મુંબઈ-૭૫.
ફોન-૨૫૧૨ ૫૬૫૮.

**મૂલ્ય** રૂ.૧૦૦/-

મુદ્રણ વ્યવસ્થાપક
**સસ્તું પુસ્તક ભંડાર**
સ્ટેશન રોડ, નડિયાદ ફોન : (૦૨૬૮) ૨૫૬૬૨૫૮
અમદાવાદ - સંપર્ક : ફોન : (૦૭૯) ૨૨૧૧૦૦૬૨

# જ્ઞાનધારા - ૧

ગોંડલ સંપ્રદાયના તપસમ્રાટ પૂ. શ્રી રતિલાલજી મ. સા. ના સુશિષ્ય શાસન પ્રભાવક પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિજી મ.સા. ઠા.ર. તથા અધ્યાત્મયોગિની પૂ.લલિતાબાઈ સ્વામી (પૂ.બાપજી) ડૉ.પૂ.તરુલતાજી આ.ઠા.ની પાવનનિશ્રામાં ઉવસગ્ગહરં સાધના ટ્રસ્ટ પ્રેરિત અખિલભારતીય શ્વે. સ્થા. જૈન કોન્ફરન્સ મુંબઈ તથા સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લીટરરી રીસર્ચ સેન્ટર દ્વારા આયોજિત, કલ્પતરુ સાધના કેન્દ્ર મીયાંગામ કરજણ મુકામે જાન્યુઆરી ૨૦૦૪માં યોજાયેલ પ્રથમ જ્ઞાનસત્રમાં વિદ્વાનોએ રજૂ કરેલા નિબંધોનો સંગ્રહ....

# જ્ઞાન સત્ર એટલે વિદ્વાનોની જ્ઞાન દ્રષ્ટિનો સમન્વય સાધતો મધપુડો

જ્ઞાન એ આત્મિક ભોજન છે.
જ્ઞાન પ્રાપ્તિ નો પુરુષાર્થ એ જ જ્ઞાન પ્રાગ્ટયનો પરમ પુરુષાર્થ છે.
સ્વના જ્ઞાન ને પરમના જ્ઞાનવડે પ્રગટાવવાની પ્રક્રિયા જ અનંત જ્ઞાન પ્રાગટયનો પુરુષાર્થ છે.

અમારા હિંગવાલા ચાતુર્માસમાં જ્ઞાન સાધનામાં સહયોગી સુપાત્ર શ્રી ગુણવંતભાઈ બરવાળીયા એ જૈન સાહિત્યકારોની જ્ઞાન દ્રષ્ટિને ઓળખવાના અવસર રૂપે જ્ઞાનસત્ર આયોજવાની વાત મુકી એ વાત ને કુદરતના ખોળે કલ્પતરૂ અધ્યાત્મ કેન્દ્ર જયાં પુ. બાપજીની ચરણરજની પાવનતા પ્રસરી છે તેવા શાંત વાતાવરણમાં સાકાર કરતો
અવસર જ્ઞાન સત્ર રૂપે અનુભવ્યો.

અનેક સંપ્રદાયના અનેક વિદ્વાનો ની જ્ઞાન દ્રષ્ટિ ને માણવાનો અવસર જ્ઞાનસત્ર છે.

આ જ્ઞાન સત્રએ જૈન સાહિત્યકારોની સ્થાનકવાસી - દેરાવાશી - દિગંબર - તેરાપંથી પરંપરા નો સમન્વય કરનારી દ્રષ્ટિના મધપુડા સમાન છે આ જ્ઞાન સત્ર ના મૌલીક મધને જ્ઞાનધારા રૂપે સહુ માણીએ અને પરમજ્ઞાનને પ્રગટ કરીએ એજ ભાવના....

પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિજી મ.સા.

# સંપુર્ણ જ્ઞાનના અંશને સ્પર્શવાનો પ્રયોગ - જ્ઞાનસત્ર

સર્વજ્ઞ સર્વદર્શી કેવળજ્ઞાની પરમાત્માનાં જ્ઞાનમાં પ્રતિબિંબિત થયેલ, આ વિશ્વનો ગૂઢ ખજાનો એ જ સર્વજ્ઞતા. આખા યે વિશ્વનાં એક સાથે દર્શન કરનાર મહાશક્તિ તે કેવળજ્ઞાન. જેનાં દિવ્ય પ્રકાશમાં એક અણુ માત્ર પણ અછતું રહી શકતું નથી. આવા સંપૂર્ણ જ્ઞાન માં થી માનવ માત્ર એકાદ નાનકડા અંશને સ્પર્શી શકે છે એવા એકાદ - એકાદ અંશનું દર્શન અને સ્પર્શન કરવાનો પ્રયોગ એટલે જ આ જ્ઞાનસત્ર.

પરમ મેઘાવી - પરમ પ્રજ્ઞાશીલ આગમ જ્ઞાતા પૂજ્યવર શ્રી નમ્રમુનિ મ. સા. ની નિશ્રામાં યોજાયેલ આ જ્ઞાન સત્રને સાનિદય મળ્યું અદયાત્મ યોગિની, આત્મ રસના પાન કરાવનાર પૂજય બાપજી લલિતાબાઈ મહાસતીજીનું.

આવી મહાન શક્તિઓનો આશ્રય પામી આ આયોજન સૌભાગ્યશાળી બની ગયું.

આમંત્રિક સંર્વ વિદ્ધાનોએ પોત-પોતાના જ્ઞાન અંશ ને સચોટતા પૂર્વક સરલ ભાષામાં પ્રગટ કર્યા અને એના પર ચાર ચાંદ લગાવ્યા પૂ. શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબે. એ છણાવટ દ્વારા વિદ્ધતવર્યોનાં ચિત્તને પ્રસન્નતા અર્પવાની સાથે એટલા જ પ્રભાવિત કર્યા.

આવા સુંદર આયોજન અર્થે શ્રી ગુણવંત બરવાળીયા સાથે જેમણે - જેમણે પરિશ્રમ કર્યો તે સર્વનો શ્રમ સફળ થતો દેખાયો અને સહુ પ્રમોદભાવે ફરી - ફરી આવી નેશ્રાને ઝંખી રહયા.

આવા જ્ઞાનરસ ભર્યા આયોજનો થતાં રહે અને સહુ લાભન્વિત થતાં રહે.

કલ્પતરુ અધ્યાત્મ કેન્દ્ર
મિયાગામ - કરજણ

ડૉ. તરુલતાબાઈ મહાસતીજી

# જ્ઞાન સત્ર - ૧

તારીખ - ૧૦ અને ૧૧ જાન્યુવારી ૨૦૦૪

નિશ્રા - ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.

બાપજી પૂ. શ્રી લલીતાબાઈ મ.

સંયોજક - શ્રી ગુણવંત બરવાળીયા

આયોજક - અખિલભારતીય શ્વે. સ્થા. જૈન કોન્ફરન્સ મુંબઈ

સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ ફિલોસોફિકલ એન્ડ લીટરરી રીસર્ચ

સેન્ટર

સૌજન્ય - ઉવસગ્ગહરં ભક્તિ ગ્રુપ, મુંબઈ

સંચાલક - શ્રી પ્રવિણભાઈ પારેખ - ઘાટકોપર

સહયોગ - શ્રી બિનાબેન ભીમાણી - શ્રી યોગેશ બાવિશી

શ્રી મિલન અજમેરા - શ્રી જગદીશભાઈ દોશી

શ્રી પ્રદીપભાઈ શાહ

ભક્તિ ગ્રુપ - વડોદરા

સ્થળ - કલ્પતરુ અધ્યાત્મ કેન્દ્ર મિયાગામ - કરજણ

# જ્ઞાન એ આત્માનો મૂળ ગુણ છે.

जहा सूई पडिआ न विणस्सई ।
तहा जीवे ससुत्ते संसारे न विण्स्सइ ॥

**Just as a threaded needle does not
get lost even when it falls on the ground,
Similarly the soul with knowledge of scriptures
is not lost in the world of birth and death.**

**જેમ દોરો પરોવેલી સોય પડી જાય
તો પણ ખોવાઈ જતી નથી,
તેમ શ્રુતજ્ઞાની જીવ સંસારમાં રખડતો નથી.
(ઉત્તરાધ્યયન સૂત્ર, ૨૯-૫૯)**

विद्यां चाविद्यां च यस्तद् वेदोमयं सह
अविद्यया मृत्युं तीर्त्वा विद्ययामृतमश्नुते ।

**વિદ્યા અને અવિદ્યા બંને સાથે અને
યથાર્થત: જાણે છે તે અવિદ્યા દ્વારા મૃત્યુને
તરી જાય છે અને વિદ્યા દ્વારા અમૃતને પામે છે.
- ઈશોપનિષદ : ૧૧**

**જ્ઞાની કે અજ્ઞાની જન, સુખ દુ:ખ રહિત ન કોઈ;
જ્ઞાની વેદે ધૈર્યથી અજ્ઞાની વેદે રોય.
- શ્રીમદ્ રાજચંદ્ર**

# નિવેદન

કલ્પતરુ અધ્યાત્મ કેન્દ્ર મીંયાગામ કરજણ મૂકામે જાન્યુ.૨૦૦૪ના યોજાયેલ જૈનસાહિત્ય જ્ઞાનસત્રમાં વિદ્વાનોએ રજુ કરેલા અભ્યાસલેખો, નિબંધો ગ્રંથસ્થ કરીને જ્ઞાનધારા-૧ રૂપે પ્રગટ કરતા આનંદની લાગણી અનુભવુ છું.

સમયના અભાવે જ્ઞાનસત્રમાં કેટલાંક નિબંધો રજુ કરી શકાયા ન હતાં અને કેટલાંક અભ્યાસુઓએ પોતાના લખાણો મોકલ્યાં પણ તેઓ કારણો વશાત જ્ઞાનસત્રમાં ઉપસ્થિત રહી શક્યાં ન હતાં તે લખાણો પણ અહીં ગ્રંથસ્થ કર્યા છે.

જ્ઞાનસત્રમાં રજુ થયેલા કે આવેલા લેખોનું ધોરણ એક સરખું ઉચ્ચ ન પણ હોઈ શકે છતાં આમાં પ્રગટ થતાં લેખો વાંચી જિજ્ઞાસુઓ અભ્યાસુઓને પોતાના જ્ઞાનની ક્ષિતિજના વિસ્તાર અંગે, રજુઆત અંગે એક નવી દિશા જરૂર સાંપડી શકે.

પ્રકાશનનો હેતુ અભ્યાસુઓમાં ઉત્સાહની લાગણીને વધારવાનો છે. આવા જ્ઞાનસત્રથી વિચાર વિનિમયની તક વધે છે અને અભ્યાસુઓ અને વિદ્વાનો વચ્ચે આત્મીય પરિચય વધવાથી એક બીજાને પૂરકમાહિતીનો અવકાશ રહે છે અને માર્ગદર્શન મળે છે.

આ પ્રકાશન કાર્યમાં શાસન પ્રભાવક પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિજી મ.સા. પૂ. વિદુષી ડૉ.તરુલતાજીના આર્શિવાદ અને માર્ગદર્શન મળ્યા છે. સંપાદન કાર્યમાં ડૉ.રસિકભાઈ મહેતા તથા મારા ધર્મપત્ની ડૉ.મધુબેન બરવાળિયાનો સહયોગ મળ્યો છે.

જ્ઞાનસત્રના આયોજનના પ્રેરક દાતા અ.ભા.શ્વે.સ્થા.જૈન કોન્ફરન્સ તથા ઉવસગ્ગહરં સાધના ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તથા સંચાલકોનો આભાર માનું છું.

અહીં ગ્રંથસ્થ થયેલા વિવિધ અભ્યાસ લેખો, જિજ્ઞાસુઓની જ્ઞાન પિપાસા સંતોષશે અને અભ્યાસુઓ અને વિદ્વાનો માટે જેતે વિષયોના સંદર્ભગ્રંથની સૂચિમાં સામેલ થઇ આદર પામે તેવી ભાવના સાથે વિરમું છું.

ગ્રંથમાં જિનાજ્ઞા વિરૂધ્ધ કાંઈ લખાણું હોય કે પ્રરૂપણા થઈ હોય તો ત્રિવિધે મિચ્છામી દુક્કડમ્.

નવેમ્બર-૨૦૦૪ — *ગુણવંત બરવાળિયા*

૬૦૧, સ્મિત એપાર્ટમેન્ટ,
ઉપાશ્રય લેન, ઘાટકોપર (પૂ.),
મુંબઈ-૭૭.
E-mail : gunjanbarvalia@yahoo.com

નોંધ - ઉવસગ્ગહરં સાધના ટ્રસ્ટની પ્રેરણાથી આગામી જૈનસાહિત્ય જ્ઞાનસત્ર-૨ રાજકોટ મુકામે ૮-૯-૧૦ જાન્યુ.૨૦૦૫ના યોજાશે.

# જ્ઞાનધારા-૧
## અનુક્રમ


| ક્રમ | વિષય | | પૃષ્ઠ ક્ર. |
|---|---|---|---|
| ૧ | જ્ઞાનસત્રનો અહેવાલ | | ૧ |
| ૨ | પરંપરાનો દૃષ્ટિપૂત વિનિયોગ : 'જંબુસ્વામી રાસ' | ડૉ.બળવંત જાની | ૫ |
| ૩ | શ્રીમદ્ રાજચંદ્રજીનું જૈન તત્ત્વજ્ઞાનમાં યોગદાન | પ્રવીણભાઇ શાહ | ૧૪ |
| ૪ | આચાર્ય કુન્દકુન્દ | ડૉ. શેખરચંદ્ર જૈન | ૨૯ |
| ૫ | સમયસારમાં મોક્ષ અધિકાર | પ્રા.અરુણ જોષી | ૩૮ |
| ૬ | શ્રીમદ્‌ની કવિતા - એક સંક્ષિપ્ત દર્શન | ડૉ.જયંત મહેતા | ૪૨ |
| ૭ | શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક ગાથા | પ્રકાશ શાહ | ૪૮ |
| ૮ | અષ્ટકપ્રકરણમ્‌ની કેટલીક વિશેષતાઓ | જવાહર શાહ | ૫૪ |
| ૯ | ધ્યાનના સંદર્ભે જૈન સાધના પદ્ધતિ | રશ્મિભાઇ ઝવેરી | ૬૪ |
| ૧૦ | જૈન પરંપરામાં ધ્યાનસાધના | ડૉ.કોકિલા શાહ | ૭૭ |
| ૧૧ | મંત્ર અને મંત્રમાં ૐકાર | ડૉ.રેખા વોરા | ૮૩ |
| ૧૨ | જૈનદર્શન અને 'યોગ' | બીના ગાંધી | ૯૪ |
| ૧૩ | જૈનધર્મનો પ્રચાર-પ્રસાર, આધુનિક માધ્યમો | ડૉ.બિપીન દોશી | ૧૦૨ |
| ૧૪ | જૈનાચાર અને તત્ત્વજ્ઞાનના પ્રચાર | ડૉ. ઉત્પલા મોદી | ૧૦૭ |
| ૧૫ | મહાત્મા ગાંધીજી, આચાર્ય વિનોબાજી-સંતબાલજીનાં મંતવ્યો ..... | ડૉ.રસિક મહેતા | ૧૧૦ |
| ૧૬ | સર્વધર્મ ઉપાસના અને સંતબાલજી | મલૂકચંદ શાહ | ૧૧૯ |
| ૧૭ | સર્વધર્મ સમન્વય : પૂ.વિનોબાજીના વિચારો | ડૉ.નિરંજના વોરા | ૧૨૭ |
| ૧૮ | સર્વધર્મ સમભાવથી સમધર્મ ઉપાસના | ડૉ.પૂર્ણિમા મહેતા | ૧૩૪ |
| ૧૯ | ગાંધી વિચારમાં સંતબાલ પ્રયોગ | ડૉ.શોભના શાહ | ૧૩૯ |
| ૨૦ | હસ્તપ્રત સંશોધન-સંપાદનની પ્રવૃત્તિ | ડૉ.જિતેન્દ્ર શાહ | ૧૪૫ |
| ૨૧ | હસ્તલિખિત કૃતિના સંશોધનની પ્રક્રિયા | ડૉ.કાન્તિભાઇ શાહ | ૧૫૧ |
| ૨૨ | ભારત બાહ્યપ્રદેશમાં જૈન હસ્તપ્રતો | ડૉ.કનુભાઇ શેઠ | ૧૫૯ |
| ૨૩ | મહામેઘવાહન ચક્રવર્તી રાજા ખારવેલ | ડૉ.રેણુકા પોરવાલ | ૧૭૩ |
| ૨૪ | સોળમાં સૈકાના જૈન કવિ-સમયસુંદર | ચીમનલાલ કલાધર | ૧૮૦ |

| ક્રમ | વિષય | | પૃષ્ઠ ક્ર. |
|---|---|---|---|
| ૨૫ | પત્રકારત્વમાં જૈનદૃષ્ટિ | કુમારપાળ દેસાઇ | ૧૮૫ |
| ૨૬ | ચતુર્વિધ સંઘોની વર્તમાન પરિસ્થિતિ અને તેમાં સંતો, દાનવીરો, વિદ્વાનો, લેખકો અને પત્રકારોની ભૂમિકા | કુ.તરલાબેન દોશી | ૧૯૪ |
| ૨૭ | ચતુર્વિધ સંઘોની વર્તમાન પરિસ્થિતિ.... | પ્રો.નવીન કુબડિયા | ૨૦૧ |
| ૨૮ | ચતુર્વિધ સંઘની વર્તમાન પરિસ્થિતિ.... | છાયાબેન શાહ | ૨૦૭ |
| ૨૯ | ચતુર્વિધ સંઘની વર્તમાન પરિસ્થિતિ.... | ડૉ.કલાબેન શાહ | ૨૧૩ |
| ૩૦ | ચતુર્વિધ સંઘની વર્તમાન પરિસ્થિતિ.... | ડૉ.હંસાબેન શાહ | ૨૨૪ |
| ૩૧ | પુદ્ગલ-પરાવર્ત | ડૉ.રમણલાલ શાહ | ૨૩૧ |
| ૩૨ | વૈયાવૃત્ય એ ધ્યાનના ઊંડાણની પારાશીશી છે | ગુણવંત બરવાળિયા | ૨૪૭ |
| ૩૩ | સિદ્ધસેન દિવાકર | કેતકીબેન શાહ | ૨૫૩ |
| ૩૪ | જૈનાચાર અને તત્ત્વજ્ઞાનના પ્રચાર પ્રસાર | પ્રા.નલિની શાહ | ૨૬૨ |
| ૩૫ | અનુપ્રેક્ષા : શુભમાંથી શુદ્ધ તરફની ચાત્રા | મધુબેન બરવાળિયા | ૨૬૮ |
| ૩૬ | તાડપત્રીય હસ્તલિખિત જૈનગ્રંથો.... | વર્ષા શાહ | ૨૭૩ |
| ૩૭ | જૈનધર્મના પ્રાણ તત્ત્વો | ડૉ.રમણીક પારેખ | ૨૭૮ |
| ૩૮ | ચતુર્વિધ સંઘોની વર્તમાન પરિસ્થિતિ.... | ધનલક્ષ્મી બદાણી | ૨૮૦ |
| ૩૯ | જૈનધર્મ અને એક્યુપ્રેશર | ડૉ.દેવેન્દ્ર વોરા | ૨૮૭ |
| ૪૦ | સર્વોદય અને પૂ.વિનોબાજી | પ્રવીણાબેન ગાંધી | ૨૯૬ |
| ૪૧ | જપ અને ધ્યાનના સંદર્ભે ભિન્ન ભિન્ન . જૈન સાધના પદ્ધતિ | મંજુલાબેન વસા | ૨૯૯ |
| ૪૨ | જપ અને ધ્યાનના સંદર્ભે.... | રશ્મિબેન સંઘવી | ૩૦૨ |
| ૪૩ | ભક્તિ મુક્તિની દુતિ | વર્ષાબેન પી. દોશી | ૩૦૬ |

## જ્ઞાનસત્રનો અહેવાલ

# કલ્પતરૂ અધ્યાત્મકેન્દ્રમાં જૈનસાહિત્ય જ્ઞાનસત્ર સંપન્ન

શાસનપ્રભાવક પૂ.ગુરુદેવ શ્રી નમ્રમુનિજી મ. સા. તથા અધ્યાત્મયોગિની પૂ.લલિતાબાઈ મ. સ. (પૂ. બાપજી), પૂ. ડૉ. તરુલતાજી મહાસતીજી આદિ ઠાણાની પાવનનિશ્રામાં, મુંબઈની ત્રણ સંસ્થાઓ (૧) અખિલ ભારતીય શ્વે.સ્થા.જૈન કોન્ફરન્સ, (૨) પૂ. પ્રાણગુરુ રીસર્ચ સેન્ટર, (૩) ઉવસગ્ગહરં સાધના ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે, મીયાંગામ-કરજણ મુકામે તા.૧૦ અને ૧૧ જાન્યુઆરી, ૨૦૦૪ ના દિવસે જૈનસાહિત્ય જ્ઞાનસત્ર સરસ રીતે પૂર્ણ થયું. આ જ્ઞાનસત્રના સંયોજક શ્રી ગુણવંત બરવાળિયાનો પુરૂષાર્થ ઉત્તમ રીતે સફળ થયો.

તા. ૧૦/૧/૨૦૦૪ ના રોજ પૂ. લલિતાબાઈ મ. સ. (પૂ. બાપજી) માંગલિકથી આ જ્ઞાનસત્રનો શુભારંભ થયો. પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સાહેબે આર્શિવચન આપી, જ્ઞાનસત્રની સફળતા માટેની શુભભાવના વ્યક્ત કરી. પધારેલા વિદ્વાનો તથા આમંત્રિતોનું જૈન કોન્ફરન્સના પ્રમુખ શ્રી મગનલાલ હરિલાલ દોશીએ શ્રુતસાધનામાં પધારેલ સર્વ વિદ્વાનોનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. જૈન સાહિત્ય જ્ઞાનસત્રની પૂર્વભૂમિકા અંતર્ગત પરિચયાત્મક વિગતો, સંયોજક શ્રી ગુણવંત બરવાળિયાએ આપી અને વિદ્વાનોના સહકાર તથા ઉપસ્થિતિ બદલ આનંદ વ્યક્ત કર્યો.

પૂર્વાચાર્યો તથા જૈનકવિઓનું જૈન તત્ત્વજ્ઞાનમાં યોગદાન એ વિશેની બેઠકમાં અધ્યક્ષ, હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી ભાષા સાહિત્ય ભવનના અધ્યક્ષ ડૉ.બળવંત જાનીએ જૈનગુર્જર કવિઓ અને પૂર્વાચાર્યોના ગુજરાતી સાહિત્યમાં વિશિષ્ટ યોગદાનની માહિતી આપી, આ સર્જકોની ઉત્તમ કૃતિઓને અભ્યાસક્રમમાં સ્થાન મળે તે માટે આપણે સહિયારો પ્રયાસ કરવો જોઈએ, તેમ જણાવ્યું હતું. ઉપરાંત આ બેઠકમાં

(૧) પૂ. ડૉ. તરુલતાબાઈ સ્વામી, (૨) શ્રી પ્રવીણભાઈ શાહ, (૩) ડૉ. શેખરચંદ્ર જૈન, (૪) પ્રા.અરૂણભાઈ જોશી, (૫) ડૉ. જયંત મહેતા, (૬) કેતકીબેન શાહ, (૭) શ્રી પ્રકાશભાઈ શાહ, (૮) જવાહર શાહે વિવિધ વિષયો પર નિબંધ વાંચન કર્યું. આ પ્રથમ બેઠકમાં પૂ. ડૉ. તરુલતાજી મ. સ. જી એ શ્રીમદ્ રાજચંદ્ર, કવિ બનારસીદાસ અને અવધૂત આનંદઘનજી પર, સંક્ષેપમાં પણ અત્યંત ભાવવાહી શૈલીમાં વક્તવ્ય આપી સહુને પ્રભાવિત કર્યા. પ્રથમ સત્રની બીજી બેઠક, 'પ્રેક્ષાધ્યાન', 'મંગલયાત્રા', 'જીવદયા' અને 'જન્મભૂમિ', જૈનજગત કોલમના સંપાદક શ્રી રશ્મિભાઈ ઝવેરીના અધ્યક્ષસ્થાને જપ અને ધ્યાનના સંદર્ભે ભિન્ન ભિન્ન જૈન સાધના પદ્ધતિ એ વિષય પર (૧) ડૉ. કોકિલાબેન શાહ, (૨) ડૉ. રેખાબેન વોરા, (૩)કુ. બીનાબેન ગાંધી, (૪) શ્રી જિતેન્દ્ર કામદારે જુદા જુદા વિષયો પર નિબંધ રજૂ કર્યા. સમાપનમાં રશ્મિભાઈએ જૈન જપ અને જ્ઞાનસાધના પદ્ધતિના આચરણ દ્વારા કઈ રીતે અસાધ્ય રોગથી પોતે મુક્ત થયા તેના સ્વાનુભવની વાત જણાવી હતી.

બપોરના બીજા સત્રની પ્રથમ બેઠક જૈનાચાર અને તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસાર માટે સમૂહ માધ્યમોનો વિવેકપૂર્ણ ઉપયોગ એ વિષય પર મુંબઈ યુનિવર્સિટી જૈનોલોજીના કોઓર્ડિનેટર ડૉ. બિપિન દોશીએ યુવાનો માટે જ્ઞાનસત્ર યોજવાની ભલામણ કરી હતી. આ વિષય પર (૧) ડૉ. ઉત્પલાબેન મોદી, (૨) શ્રી નલિનીબેન શાહ, (૩) ડૉ. રમણલાલ પારેખે નિબંધોનું વાંચન કર્યું.

બપોરના બીજા સત્રની બીજી બેઠક મહાત્મા ગાંધીજી, સંત વિનોબાજી અને મુનિશ્રી સંતબાલજીના જીવન અને કૃતિના સંદર્ભે સર્વધર્મ સમભાવથી સર્વધર્મ ઉપાસના વિષય પર લોકસાહિત્યના મરમી આગમના અભ્યાસુ પ્રા. ડૉ. રસિકલાલ મહેતાએ સર્વધર્મ વિચાર અનુબંધના સંદર્ભે મુનિશ્રી સંતબાલજીના વિચારોની છણાવટ કરી હતી. ઉપરાંત આ વિષયમાં (૧) પ્રા. મલૂકચંદ શાહ, (૨) ડૉ. નિરંજના વોરા, (૩) ડૉ. પૂનમબેન મહેતા, (૪) શ્રી સમીર શાહે નિબંધ વાંચન કર્યું.

તા. ૧૦/૧ ની સાંજે, પશુરક્ષાના મંદિર સમી પરેશ-અશોક ગોશાળાની મુલાકાત અને રાત્રે સુમેરૂ નવકાર તીર્થમાં ભાવનાનો લાભ લીધો.

બીજો દિવસઃ તા. ૧૧/૧/૨૦૦૪: જ્ઞાનસત્રના બીજા દિવસનો મંગલપ્રારંભ શાસનપ્રભાવક પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. ના ઉવસગ્ગહરં સ્તોત્રના જાપથી થયો. પૂ. શ્રીએ પ્રત્યેક ગાથાનું અને સ્તોત્રનું મહત્ત્વ વર્ણવ્યું. સૌને અપાર આનંદ અને અનોખી શાંતિનો અનુભવ કરાવ્યો.

શ્રી ગુણવંત બરવાળિયાએ આયોજક અને પ્રેરિત ત્રણેય સંસ્થાઓનો પરિચય આપ્યો.

બીજા દિવસના પ્રથમ સત્રની પ્રથમ બેઠકના અધ્યક્ષસ્થાને એલ. ડી. ઈન્સ્ટીટયૂટ ઓફ ઈન્ડોલોજીના ડાયરેક્ટર અને જૈનધર્મના અભ્યાસુ ડૉ. જિતેન્દ્ર બી. શાહે દેશવિદેશના ગ્રંથાગારોમાં સચવાયેલી આપણી હસ્તપ્રતોના સંશોધન, સંપાદન અને પ્રકાશનની ખૂબ જ અગત્યની માહિતી આપી હતી. પ્રાચીન તાડપત્રીય, હસ્તલિખિત તથા મધ્યકાલીન જૈન સાહિત્ય સંશોધનની પ્રવૃત્તિ એ વિષય પરની આ બેઠકમાં (૧) ડૉ. કાંતિભાઈ શાહ, (૨) ડૉ. કનુભાઈ શેઠ, (૩) ડૉ. રેણુકાબેન પોરવાલ, (૪) વર્ષાબેન શાહ, (૫) શ્રી ચીમનભાઈ શાહ 'કલાધરે' વિવિધ વિષયો પર નિબંધો રજૂ કરી બધાને આ સંશોધન પ્રવૃત્તિમાં રસ લેવા અનુરોધ કર્યો.

બીજી બેઠક ચતુર્વિધસંઘોની વર્તમાન પરિસ્થિતિ અને તેમાં સંતો, દાનવીરો, વિદ્વાનો અને પત્રકારોની ભૂમિકા વિષય ઉપર આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત ડૉ.કુમારપાળ દેસાઈએ ચતુર્વિધ સંઘોની વર્તમાન પરિસ્થિતિ પર વ્યાપક ચિંતન રજૂ કરી જૈનએકતા અને સંગઠન ઉપર ભાર મૂક્યો હતો .આ બેઠકમાં (૧)કુ.તરલાબેન દોશી (૨)પ્રો. નવીનચંદ્ર એચ. કુબડિયા (૩) છાયાબેન શાહ (૪) ડૉ. કલાબેન શાહ (૫) ડૉ. હંસાબેન શાહે નિબંધ વાંચન કર્યું હતું.

જ્ઞાનસત્રની સમાપન બેઠકના અધ્યક્ષસ્થાનેથી મુંબઈ યુનિવર્સિટી ગુજરાતી વિભાગના પૂર્વ અધ્યક્ષ અને જૈન ગ્રંથોના લેખક, વિદ્વાન

ડૉ. રમણલાલ ચી. શાહે વિવિધ બેઠકમાં વંચાયેલ નિબંધોના કેટલાક અંશોનો ઉલ્લેખ કરી અને તેમાં વિશિષ્ટ પૂર્તિ કરી હતી અને તેમણે પુદ્‌ગલ પરાવર્ત વિષય પરના નિબંધનું વાંચન કર્યું હતું

કોન્ફરન્સના મંત્રી શ્રી વ્રજલાલ ગાંધી, શ્રી ઉવસગ્ગહરં ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી પરાગભાઈ શાહ, કલ્પતરૂ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી વિનુભાઈ સંઘાણી વડોદરા, આણંદ અને કરજણ સંઘોના પ્રમુખોની ઉપસ્થિતિ પ્રેરક બની રહી. ઉપરાંત, સન ફાર્માના ડિરેક્ટર શ્રી શૈલેશભાઈ દેસાઈ, ૭૦૦ નેત્રયજ્ઞ દ્વારા આંખના ત્રણ લાખ ઓપરેશનો કરનાર અને ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં જેની નોંધ કરવામાં આવી છે, તેવા ૮૮ વર્ષની વયના યુવાન જૈન ડૉક્ટર શ્રી રમણલાલ દોશી (રમુકાકા) નું સન્માન શ્રી પ્રવીણભાઈ પારેખના વરદ હસ્તે કરવામાં આવ્યું. બધાં સરસ્વતીપુત્રોનું ચાંદીની મુદ્રાથી શ્રી યોગેશભાઈ બાવીશીના હસ્તે સન્માન કરવામાં આવ્યું. શ્રી ગુણવંત બરવાળિયાના આભારદર્શન સાથે જ્ઞાનસત્રની મધુર સમાપ્તિ થઈ.

શ્રી પ્રવીણભાઈ પારેખ, શ્રી પ્રદીપભાઈ શાહ, શ્રી મિલન અજમેરા, શ્રી જગદીશભાઈ દોશી, શ્રી યોગેશભાઈ બાવીશી અને બીના બેનના પરિશ્રમે આયોજનને સફળ બનાવ્યું.

જ્ઞાનસત્રમાં આપેલ વિષય સિવાયના, વિવિધ વિષયો પર આવેલા આઠ નિબંધોનું સમયના અભાવે વાંચન થઈ શક્યું ન હતું. તેમ છતાં જૈન સાહિત્ય જ્ઞાનસત્રગ્રંથમાં તેમને સમાવી પ્રકાશન કરવામાં આવશે. તેમ જ્ઞાનસત્રના સંયોજક અને કોન્ફરન્સના મંત્રી ગુણવંત બરવાળિયાએ જણાવ્યું હતું.

સત્ર સમાપ્તિ પછી અણસ્તુતીર્થની વિદ્વાનોએ યાત્રા કરી, પરમ આનંદ માણી, જ્ઞાનસત્રનાં મધુર સ્મરણો - ઉત્તમ આયોજન બદલ સંસ્થા તથા સંયોજકને ધન્યવાદ પાઠવી પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિજી મ. સા.ના માંગલિકથી, જ્ઞાનસત્રની પૂર્ણાહુતિ થઈ.

# પરંપરાનો દૃષ્ટિપૂત વિનિયોગ : 'જંબુસ્વામી રાસ'

ડૉ. બળવંત જાની

(ગુજરાતી ભાષા સાહિત્યભવન સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટના પૂર્વ અધ્યક્ષ, ઉત્તર ગુજરાત યુનિ. ના પૂર્વ ઉપકુલપતિ, જૈનદર્શનના વિદ્વાન, દેશ-વિદેશમાં જૈનધર્મ અને ભારતીય દર્શન ઉપર સેમિનારમાં અનેક વાર ભાગ સિધેલો છે, હાલ ઇન્ડિયન ટીચર્સ કાઉન્સિલમાં અધ્યક્ષ તરીકે સેવા આપે છે.)

કેટલીક વિલક્ષણ રાસકૃતિઓથી જૈન કથાસાહિત્ય સમૃદ્ધ છે, એમાં મહોપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત 'જંબુસ્વામી રાસ'નું પણ સ્થાન છે. જૈન કથા - સાહિત્ય બહુધા ચરિત્રાશ્રિત છે. સ્વાભાવિક છે કે આ ચરિત્રો ધાર્મિક, ઐતિહાસિક કે લૌકિક પરંપરાનાં હોય. એમાં ઐતિહાસિક કે લૌકિક પરંપરાનાં ચરિત્રોને તો કલ્પનાના બળે, વર્ણનની વિવિધ છટાના બળે કે પ્રચલિત લોકમાન્યતાઓ અથવા દંતકથાઓના બળે ચિત્તાકર્ષક રીતે કથામાં પ્રયોજી શકાય પરંતુ ધર્મચરિત્રને ચિત્તાકર્ષક રીતે રાસકૃતિમાં પ્રયોજવું અઘરું છે. ધર્મચરિત્રમૂલક રાસકૃતિઓમાંથી આ કારણે જ બહુ ઓછી રાસકૃતિઓ હૃદયસ્પર્શી બની છે. ધર્મચરિત્રમૂલક રાસમાં હકીકતોને વફાદાર રહીને કથાનું નિર્માણ કરવાનું હોય છે. એમાં જો એના રચયિતા પાસે કથનકળાની આગવી હથોટી હોય તો જ એમાંથી કથારસ નિષ્પન્ન કરાવી શકે.

યશોવિજયજી એવા એક દૃષ્ટિપૂત સર્જક છે. હકીકતનિષ્ઠ - પરંપરાસ્થિત કથાને પોતાની રીતે પ્રયોજીને એમણે 'જંબુસ્વામી રાસ' કૃતિનું નિમાર્ણ કર્યું છે. યશોવિજયને જ્ઞાનની અનેક વિદ્યાશાખાઓનો અભ્યાસ હતો. જ્ઞાનની લગભગ બધી જ શાખાઓથી તેઓ અભિજ્ઞ હતા. એમની એ અભિજ્ઞતાનો લાભ 'જંબુસ્વામી રાસ' ને મળ્યો જણાય છે. આમ સર્જકનું બહુપરિણામી વ્યક્તિત્વ કૃતિને આગવું પરિણામ અર્પતું હોય છે, એનો પરિચય પણ અહીંથી મળી રહે છે.

જૈન રાસસાહિત્યની પરંપરામાં જંબુસ્વામી રાસ બે-ત્રણ બાબતે મહત્ત્વ ધારણ કરે છે :

૧) જૈન સાહિત્યમાં જંબુસ્વામી - કથાનકની ઘણી પરંપરા પ્રચલિત છે, પણ એમાંથી બે પરંપરા વિશેષપણે પ્રચલિત છે. એક સંઘદાસગણિની 'વસુદેવહિંડી' અને બીજી, હેમચંદ્રાચાર્યની 'ત્રિષષ્ઠિશલાકાપુરુષચરિત્ર' ની. આ બન્ને પરંપરામાંથી યશોવિજયજી હેમચંદ્રાચાર્યની પરંપરાને અનુસર્યા છે. માત્ર અનુસર્યા નથી, એમણે પોતાની રીતે કથાનું નિર્માણ કર્યું છે. એમની મૂળ કથાને પદ્યમાં ઢાળવાની શક્તિ તથા કથનકળાને કારણે ધર્મચરિત્રમૂલક કથાનકવાળી કૃતિ રસપ્રદ રાસકૃતિ બની શકી છે.

૨) બીજા દષ્ટિબિંદુથી જોઇએ તો જંબુસ્વામીનું ચરિત્ર રાસકૃતિને પોષક નથી. એમાં કથાનો ક્રમિક વિકાસ નથી, જંબુસ્વામીનો ઉછેર, લગ્ન, દીક્ષા લેવાની ઇચ્છા, કટુંબીજનોની અનિચ્છા, જંબુસ્વામીની દલીલો, અંતે સંમતિ મળવી, અન્ય વ્યક્તિઓનું પણ દીક્ષા લેવા તત્પર થવું - આ સિવાય કશાં કારણો, પ્રત્યાઘાતો કે સંઘર્ષ નથી, પરંતુ યશોવિજયજી અહીં કથાનાં તત્ત્વોનું ઉમેરણ કરી શક્યા છે. સામસામા બે પક્ષો ઊભા કર્યા છે. એક પક્ષે ઘણાંબધાં છે, જેઓ ભોગવિલાસ જેવી સ્થૂળ બાબતોની તરફેણ કરે છે, અને બીજા પક્ષે માત્ર જંબુકુમાર એકલા જ છે, તેઓ સંયમવૈરાગ્યનો મહિમા ગાય છે. આ સામસામા મુકાબલાને કારણે ભાવકને કથામાં રસ પડે છે. બન્ને ભાવને પોષાક એવી તર્કપૂર્ણ દષ્ટાંતકથાઓ ક્રમશઃ પ્રસ્તુત થાય છે. ભાવક એમાં ખૂંપતો જાય છે. એ રીતે 'જંબુસ્વામી રાસ' એ દષ્ટાંત - કથાઓની અટવી છે. પણ એ અટવીમાં જંબુકુમાર કેન્દ્રસ્થાને રહ્યા છે. આથી અનેકાનેક દષ્ટાંતકથાઓને એક સૂત્રતતા પ્રાપ્ત થાય છે. આમ જંબુકુમાર એ કથાને એકતા અર્પનાર ચરિત્ર તરીકેની મહત્તા ધારણ કરે છે અને એમાંથી રાસકૃતિ નિર્મિત થઇ છે.

૩) સમગ્રકથાને યશોવિજયજીએ પાંચ અધિકારમાં વિભાજિત કરી છે. એમાં કથાઓ પ્રસ્તુત કરવા માટે યશોવિજયજી કથનકેન્દ્રો બદલતા રહે છે. આ બધી કથાઓને વિવિધ ઢાળ, દેશી દુહા અને ચોપાઇ બંધમાં ઢાળી છે. આ રીતે કથાનું નિમાર્ણ અને એની અભિવ્યક્તિનું સ્વરૂપ, કેન્દ્રમાં રહેલ તર્કપૂર્ણ દલીલો તથા સંઘર્ષનું તત્ત્વ રાસકૃતિને રસપ્રદ બનાવે છે.

આમ, કથાનું સ્વતંત્ર રીતે નિર્માણ, દૃષ્ટાંતકથાઓનો વિનિયોગ અને કથનકળાની ઊંડી સૂઝ એમ બે-ત્રણ બાબતે જંબુસ્વામી રાસ મને મધ્યકાલીન રાસકૃતિઓના ઇતિહાસમાં મહત્ત્વ ધારણ કરતી કૃતિ જણાઇ છે. આ ત્રણેય મુદ્દાઓ વીગતે જોઇએ.

(૧) ભારતીય કથાસાહિત્યમાં તેમજ જૈન કથાસાહિત્યમાં અવાંતરકથાની એક સુદીર્ઘ પરંપરા છે. પરંતુ મુખ્ય ચરિત્રના જીવનનો માત્ર એક જ પ્રસંગ અને એની આસપાસ ત્રેવીશ જેટલી કથાઓ ગૂંથાયેલી હોય, એમ છતાં એકસૂત્રતા પણ જળવાઇ હોય એ વિરલ છે. અહીં યશોવિજજીએ આવું કથાનક રાસકૃતિ માટે પસંદ કર્યુ છે.

શ્રેણિક રાજાના પ્રશ્નના ઉત્તર રૂપે મહાવીર પ્રભુ પોતે સ્વમુખે વિદ્યુન્માલીની કથા કહે છે. ગુપ્તમતિના બે પુત્રો ઋષભદત્ત અને જિનદાસ. જિનદાસની સેવા ઋષભદત્ત કરે. એમાં પાછી મગધદેશના સુગ્રામમાં રાષ્ટ્રકૂટ - રેવતીની અવાંતરકથા આરંભાય, આ કથામાં ભવદેવ અને ભવદત્ત એ બે ચરિત્રો કેન્દ્રસ્થાને છે..ભવદત્તે દીક્ષા લઇને આગમનો અભ્યાસ કર્યો. કોઇ મુનિ પોતાના અનુજબંધુને દીક્ષા અપાવવામાં અસફળ રહ્યા એટલે ભવદત્ત મુનિએ ટકોર કરી. ભવદત્ત મુનિ વિહાર કરતા-કરતા ભવદેવ પાસે પહોંચે છે ત્યારે ભવદેવનાં નાગિલા સાથે લગ્ન થતાં હોય છે. ભવદત્ત આ પ્રસંગે યુક્તિપૂર્વક પાછા ફરે છે. ભવદેવ અને નાગિલા આથી ભવદત્ત મુનિની પાછળપાછળ નીકળી પડે છે. ભવદેવને ભવદત્તે પોતાનું એક પાત્ર ઊંચકવા આપ્યું. છેવટે

બધા પાછા ફર્યા, પણ શિષ્ટાચારના ભાગ રૂપે ભવદેવ તો ભવદત્તની પાછળપાછળ પાત્ર ઊંચકીને ચાલતા જ રહ્યા. રસ્તામાં ભવદત્ત મુનિએ પૂર્વાશ્રમની બધી વાતો ઉખેળી. એ રીતે રસ્તો પસાર થઇ ગયો. ગુરુ પાસે પહોંચીને ભવદત્તમુનિએ કહ્યું કે મારો અનુજ બંધુ દીક્ષા લેવા ઉત્સુક છે. ભવદેવને પૂછ્યું. ભવદેવને આશ્ચર્ય તો થયું કે મારા વિશે ખોટું બોલીને કેમ મને દીક્ષાર્થી તરીકે ઓળખાવ્યો હશે ? પણ પોતાના મોટાભાઇને કંઇ ખોટા પડાય ? એવું વિચારીને હા કહી દીધી અને દીક્ષા પણ લીધી. પછી થોડાં વર્ષો બાદ ભવદત્ત મુનિ તો ઉગ્ર તપશ્ચર્યા કરીને અનશન આચરીને દેવલોકના દેવ થયા. આ બાજુ ભવદેવના મનમાંથી નાગિલા દૂર થઇ ન હતી. એટલે હવે ભાઇના કાળધર્મ પામ્યા પછી દીક્ષાનો વેશ ત્યજીને નાગિલાને મેળવવાના હેતુથી ભવદેવ નાગિલાના નગરમાં આવે છે. નાગિલાને પોતાના મનની વાત જણાવે છે. નાગિલાના ઉપદેશથી ભવદેવ દીક્ષાનો સાધુવેશ છોડતા નથી અને વ્રતનાં આચરણ તરફ વળે છે. પછી તો નાગિલાએ પણ દીક્ષા લીધી.

બીજી બાજુ ભવદત્તના જીવે દેવલોકમાંથી ચ્યવીને પૂંડરીકિણી નગરીમાં વજ્રદત્ત રાજાની યશોધરા રાણીને ત્યાં પુત્ર રૂપે જન્મ લીધો. એનું નામ સાગરદત્ત રાખ્યું. અનેક રાણીઓને પરણીને વાદળાના દર્શનથી વૈરાગ્ય પામીને દીક્ષા લઇને તે અવધિજ્ઞાનને પામ્યો.

ભવદેવનો જીવ વીતશોક નગરીના પદ્મરથ રાજાની રાણી વનમાલાને ત્યાં પુત્ર રૂપે અવતર્યો. એનું નામ શિવકુમાર રખાયું.

શિવકુમારે સાગરદત્ત મુનિ પાસે દીક્ષા લેવાની ઈચ્છા વ્યક્ત કરી. માતા-પિતાની અનુજ્ઞા ન મળવાથી દીક્ષા ન લીધી. પૂર્વભવનું જ્ઞાન થયું અને અંતે વ્રતાચરણ કરીને મનથી સાગરદત્ત મુનિનો શિષ્ય બનીને સમય પસાર કરીને અંતે દેવલોકને પામ્યો. તે પછી વિદ્યુન્માલી રૂપે જન્મ્યો.

વળી પાછી અવાન્તરકથા. જેમાં ખોડીનપુર નગરના સોમચંદ્ર રાજા અને ધારેણી રાણી, એના પ્રસન્નચંદ્ર, વલ્કલચિરિ - એ ચરિત્રોની કથા ચાલે. આમ શ્રેણિક રાજાના પ્રશ્નના ઉત્તર રૂપે જંબુકુમારના પૂર્વભવના ચરિત્રને સ્પર્શતી ચાર કથાઓ મહાવીર ભગવાન પોતે કહે છે. ઋષભદત્ત અને જિનદાસની કથા છે. એમાં અવાંતરકથા રૂપે ભવદત્ત-ભવદેવની કથા અને એમાંથી સાગરદત્ત-શિવકુમારની તથા બીજી એક પ્રસન્નચંદ્ર અને રાજર્ષિની કથા ફૂટી નીકળે છે. એ રીતે પ્રથમ અધિકારમાં ચાર કથાઓ એક મુખ્ય કથામાંથી અવાંતરકથા રૂપે પ્રગટીને વિકસતી જોવા મળે છે.

બીજા અધિકારમાં જંબુકુમારના જન્મ ઉછેર અને લગ્ન સુધીના કથાનક પછી પ્રથમ રાત્રીએ શયનકક્ષામાં પ્રભવ નામનો ચોર પ્રવેશે છે અને અમુક વિદ્યા શીખવીને એના બદલામાં બીજી વિદ્યા શીખવાની સ્પૃહા વ્યક્ત કરે છે. પણ એને ખ્યાલ આવે છે કે જંબુકુમાર તો દીક્ષા લેવાની ઈચ્છા ધરાવે છે એટલે એને અટકાવવા માટે સંસારના સુખને ભોગવવાનું કહે છે, જેના પ્રત્યુત્તર રૂપે જંબુકુમાર એક પછી એક એમ ત્રણ ચોટદાર કથાઓ કહે છે - મધુબિંદુની, કુબેરદત્તની અને મહેશ્વરદત્તની. એમ ત્રણ દૃષ્ટાંતકથાઓ દ્વારા જંબુકુમારના મુખે ત્રણ કથાઓ નિરૂપાઇ છે.

ત્રીજા અધિકારમાં જંબુકુમારની આઠ પત્નીઓમાંથી ત્રણ પત્નીઓ દીક્ષા ન લેવા માટે સમજાવે છે અને એ માટે પોષાકરૂપ દૃષ્ટાંતકથાઓ કહો છે. આ ત્રણેયને જંબુકુમાર એક પછી એક પ્રત્યુત્તર રૂપે વૈરાગ્યભાવને દૃઢાવતી કથાઓ કહે છે. આમ કુલ છ દૃષ્ટાંતકથાઓ આ ત્રીજા અધિકારમાં જંબુકુમારની ત્રણ પત્નીઓને મુખે તથા જંબુકુમારને મુખે નિરૂપાઇ છે.

ચોથા અધિકારમાં બાકીની બીજી ચાર પત્નીઓ જંબુકુમારને દીક્ષા ન લેવા સમજાવવાના ભાગ રૂપે દૃષ્ટાંતકથાઓ કહે છે, જેની સામે પ્રત્યુત્તર રૂપે જંબુકુમાર પણ ચારેયને એક પછી એક કથાઓ કહે છે. આમ અહીં આઠ કથાઓ નિરૂપાયેલ છે.

પાંચમા અંતિમ અધિકારમાં આઠમી પત્ની જયશ્રી જંબુકુમારને દીક્ષા ન લેવાનું સમજાવતાં નાગશ્રીની કથા કહે છે, જેના પ્રત્યુત્તર રૂપે જંબુકુમાર લલિતાંગકુમારની કથા કહે છે.

સમગ્ર રાસમાં વૈરાગ્યનો મહિમા રજૂ કરતી અગિયાર દૃષ્ટાંતકથાઓ જંબુકુમારના મુખે રજૂ થઇ છે. ત્રણ પ્રભાવ ચોરની સમક્ષ અને આઠેય પત્નીઓ સમક્ષ એકએક મળીને કુલ આઠ. ઉપરાંત ચાર મહાવીર ભગવાનને મુખે અને આઠેય પત્નીઓ દ્વારા એકએક મળીને આઠ. એમ બધી મળીને કુલ ત્રેવીશ દૃષ્ટાંતકથાઓ અહીં છે. આ બધી કથાઓ ભાવશબલતા અને સંઘર્ષથી પૂર્ણ હોઇ સ્વતંત્ર કથા તરીકે પણ રસપ્રદ છે. પરંતુ એનું સ્વતંત્ર કથા તરીકેનું મૂલ્ય ભાવકચિત્તમાં અંકાતું નથી. કારણકે કેન્દ્રસ્થાને જંબુકુમાર છે. બીજી કથા માટે કુતૂહલ રહે છે અને એમ જંબુકુમાર રાસ એક કથાકૃતિ તરીકે વિકસે છે. આમ યશોવિજયજી પરંપરાને અનુષંગે પોતાની રીતે રાસકૃતિ માટે આવું કથાનક પસંદ કરીને અંતે એમાંથી કથાનું નિર્માણ કરી શક્યા એ મધ્યકાલીન ગુજરાતી રાસસાહિત્યની પરંપરામાં વિષયસામગ્રીની દૃષ્ટિએ મહત્ત્વનું ઉદાહરણ છે.

(2) 'જંબુસ્વામી રાસ'નું કથાનક આમ દૃષ્ટાંતકથાઓથી સભર છે. પરંપરામાંથી પ્રાપ્ત આ બધી કથાઓને એમણે પોતાની રીતે પદ્યમાં ઢાળી છે. એ રીતે યશોવિજયજી દ્વારા પુનઃઅભિવ્યક્તિ પામેલી આ કથાઓ એમની દૃષ્ટિપૂત વિનિયોગશક્તિની પરિચાયક છે. દૃષ્ટાંતકથાઓનાં ચરિત્રનાં વર્ણનોમાં કે પ્રસંગાલેખનમાં અનેક સ્થાને પોતાની સર્ગશક્તિનો પરિચય તેમણે કરાવ્યો છે. લલિતાંગકુમારનું આલેખન, જંબુકુમારના દીક્ષાપ્રસંગનું આલેખન તથા એ માટે સંઘનું રૂપક પ્રયોજ્યું છે એ બધાંને આના ઉદાહરણ રૂપે નિર્દેશી શકાય.

આ બધી દૃષ્ટાંતકથાઓનો વિનિયોગ પદ્યવાર્તામાં ભાવકનાં ઉત્સુકતા તથા કુતૂહલને વધારવા કે પોષવાના પરિબળ રૂપે જ માત્ર નથી, કથાઓ ચોટદાર, રસપ્રદ હોવા છતાં હકીકતે એની સામે બીજી શી કથા હશે એ મુદ્દે - વિચાર ભાવકના ચિત્તમાં સતત ઉદ્ભવતો રહે છે. એટલે આ બધી કથાઓ મૂળ કથાને વિકસાવનાર પરિબળરૂપ - પ્રસંગરૂપ કથાઓ તરીકે અહીં વિનિયોગ પામી છે. આવો ભાવ જાળવી રાખવામાં યશોવિજયજીની મૂળ કથાનાયક કેન્દ્રમાં રહે તેવા વાતાવરણનું નિર્માણ કરી શકવાની દૃષ્ટિ - સૂઝ કારણભૂત છે.

જંબુકુમારની દીક્ષા લેવાની ઈચ્છાથી તે એની પરિપૂર્ણતા સુધીની ઘટના અહીં કેન્દ્રમાં છે. આ માટે અવાંતરકથાઓની હાથવગી પરંપરાને પોતાની રીતે પ્રયોજી એમાંથી યશોવિજયજીની સર્જકદૃષ્ટિનો પરિચય મળી રહે છે. અવાંતરકથાઓ માત્ર કથારસ માટે નહીં પણ અભિવ્યક્તિના એક ભાગ રૂપે અર્થપૂર્ણ બની રહે અને સાથોસાથ મૂળ કથાને વિકસાવનાર પરિબળ બની રહે એ રીતે અહીં ખપમાં લેવાઈ હોઈ એનું વિશેષ મહત્ત્વ છે.

(૩) યશોવિજયજીએ દૃષ્ટાંતકથાઓને આધારે કથાનું નિર્માણ કર્યું એ ખરું, પરંતુ એ કથાની અભિવ્યક્તિનું સ્વરૂપ પણ અભ્યાસનો વિષય બની રહે એ કક્ષાનું છે. એમાંથી યશોવિજયજીની કથનકળાની સૂઝનું દર્શન થાય છે.

સમગ્ર કથા પાંચ અધિકારમાં વહેચાયેલી છે. આ પ્રત્યેક અધિકાર ઢાલમાં વહેંચાયેલા છે. પ્રથમ અધિકારમાં પાંચ ઢાલ છે. બીજામાં આઠ, ત્રીજામાં નવ, ચોથા અને પાંચમા અધિકારમાં સાતસાત એમ કુલ છત્રીસ ઢાલમાં કથા રજૂ થયેલી છે. વચ્ચેવચ્ચે દુહા અને ચોપાઈઓ છે. બહુધા ધર્મોપદેશ કે સર્જકને અભિપ્રેત અન્ય મુદ્દાઓ આ ચોપાઈ કે દુહાબંધમાં અભિવ્યક્ત થયેલ

છે. કથાપ્રસંગ પૂર્ણ થાય ત્યાં ઢાલ પૂર્ણ થાય છે. કેટલીક લાંબી કથાઓ બે ત્રણ કે ચાર ઢાલ સુધી પણ વિસ્તરેલ છે.

પદ્યમાં - ઢાલમાં માત્ર કથાનક જ રજૂ થયું છે એવું નથી. વચ્ચેવચ્ચે કથાંતર્ગત પાત્રના સુખ, દુઃખ, વિરહ આદિ ભાવોને ઉપસાવતાં વર્ણનો પણ સર્જકે પ્રયોજેલ છે. પાત્રનાં વિવિધ પ્રકારનાં વર્તણૂક-વ્યવહારનાં વર્ણનો પણ સર્જકે કર્યા છે. પ્રભવચોર, કુબેરદત્ત, વિદ્યુન્માલી, નાગિલા, દુર્ગિલા, ઈત્યાદિ ચરિત્રોને આનાં ઉદાહરણ તરીકે દર્શાવી શકાય. આ વર્ણનો ચરિત્રોનાં ચિત્તના ભાવને તાદ્દશ કરે છે. એ કારણે કથાકૃતિ ભાવપૂર્ણ અને હૃદયસ્પર્શી બની છે. આમ પદ્યમાં પોતીકી રીતે અર્થપૂર્ણ વર્ણનો યશોવિજયે પ્રયોજ્યાં છે.

બોધ - ઉપદેશ માટે બહુધા દુહાબંધ ખપમાં લીધેલ છે. ધર્મનો મહિમા, જે આગલી ઢાળમાં કથામાં નિહિત હોય છે, એ અહીં તારસ્વરે પ્રગટ થાય છે.

ઢાલને દેશીમાં ઢાળેલ છે. ક્યાંય દેશીનું પુનરાવર્તન નથી. તે સમયની પ્રચલિત દેશીઓની પસંદગી યશોવિજયે કરેલી જણાય છે. દેશી વૈવિધ્ય આમ સૂઝપૂર્વકનું છે. આ કૃતિની ગેયતાનું એ સૂચક છે.

ત્રીજા અધિકારની પાંચમી ઢાલમાંની 'શાંતિ સદા મનમાંઈ' વસઈ એ દેશીમાં પદ્મસેનાએ કહેલી નુપૂરપંડિતા અને શિયાળની કથાનો પ્રારંભનો ભાગ સમુચિત રીતે નિરૂપાયેલ છે. એ જ રીતે ચોથા અધિકારની ત્રીજી ઢાલની બુદ્ધિસિદ્ધિની કથા માટે પસંદ કરેલી દેશી 'બેડલઈ ભાર ઘણો છઈ' એ જ વાર્તા કેમ કરો છો ? પણ અર્થપૂર્ણ જણાય છે. આ દેશીવૈવિધ્યમાંથી યશોવિજયજીની તત્કાલીન પ્રચલિત ગીતો તરફની પ્રીતિ-રુચિનો પણ પરિચય મળી રહે છે.

આમ યશોવિજયજીની કથનકળાની સૂઝનો પણ 'જંબુસ્વામી રાસ' માંથી ખ્યાલ આવે છે.

આ રીતે 'જંબુસ્વામી રાસ' કથાનું નિર્માણ એ માટે દૃષ્ટાંતકથાઓનો સૂઝ-પૂર્વકનો વિનિયોગ અને અર્થપૂર્ણ એવી કથનકળા એમ ત્રણ બાબતે મધ્યકાલીન ગુજરાતી રાસપરંપરામાં મહત્ત્વની કૃતિ લાગી છે. પરંપરાથી પરિચિત એવા સર્જક એનો દૃષ્ટિપૂત રીતે વિનિયોગ કરે ત્યારે એમાંથી એક પોતીકી રચનાનું સર્જન કઈ રીતે શક્ય બને છે એ દૃષ્ટિબિંદુથી પણ આ રાસકૃતિનું મૂલ્ય છે. આમ યશોવિજયજીએ 'ત્રિષષ્ઠિશલાકાપુરુષચરિત્ર' માંની કથાને પોતીકી પ્રતિભાનો પાસ આપીને 'જંબુસ્વામી રાસ' કૃતિનું નિર્માણ કર્યું છે.

સંદર્ભસામગ્રી


૧) જંબુસ્વામી રાસ , સંપા. રમણલાલ ચી શાહ
૨) મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્ય, હસુ યાજ્ઞિક
૩) આરામશોભા રાસમાળા, સંપા. જયંત કોઠારી


શાસ્ત્ર સુભાષિત કાવ્યરસ, વીણા નાદ વિનોદ,
ચતુર મલે જો ચતુરને, તો ઊપજે પ્રમોદ.

ઉપાધ્યાય યશોવિજય
(શ્રીપાલ રાસ)

## શ્રીમદ્ રાજચંદ્રજીનું જૈન તત્ત્વજ્ઞાનમાં યોગદાન

લે. પ્રવીણભાઇ સી. શાહ

(અમદાવાદ સ્થિત જૈનધર્મના વિદ્વાન અભ્યાસુ, અનેક પર્યુષણ વ્યાખ્યાનમાળામાં દેશવિદેશમાં વિદ્વત્તાપૂર્ણ પ્રવચનો આપે છે અને જૈન ધર્મના વિવિધ વિષયો ઉપર લેખો લખે છે.)

*'પરમ પુરુષ પ્રભુ સદ્‌ગુરુ પરમ જ્ઞાન સુખધામ,*
*જેને આપ્યું ભાન નીજ તેને સદા પ્રણામ'*

શ્રીમદ્‌જીએ પોતાના જબરા જ્ઞાનના ક્ષયોપશમથી જે સાહિત્ય સર્જન કર્યું છે તેમાં જિનાગમોમાં વીતરાગ કથિત સિદ્ધાંતના વિવિધ વિષયો ઉપરનું તેમનું ચિંતન ખૂબ માનનીય છે. દ્રવ્યાનુયોગના વિષયો ઉપરના તેમના વિવેચને લોકભોગ્ય ભાષામાં ગદ્ય - પદ્ય શૈલીમાં વિશાળ જૈન-જૈનતર સમુદાયને જૈનતત્ત્વજ્ઞાનનો સ્વાદ ચખાડ્યો છે.

### દ્રવ્યાનુયોગ વિશે શ્રીમદ્‌ની રચનાઓ

દ્રવ્યાનુયોગ અને મોક્ષમાર્ગના જિજ્ઞાસુઓ માટે શ્રીમદે નિવૃત્તિ પછી (સં ૧૯૫૩ પછી) કેટલાક મહાપ્રબંધોની રચના કરવાનો પ્રારંભ કર્યો હતો પણ તે પ્રબંધો અપૂર્ણ રહ્યા હતા. અલબત્ત સંક્ષેપમાં - સૂત્રાત્મક શૈલીમાં લખાયેલો આ પ્રારંભનો ભાગ પણ અનેક રીતે માર્ગદર્શક બની રહે તેવો છે.

આ મહાપ્રબંધોમાં મુખ્યત્વે :

૧) આનંદઘન ચોવીશી - અંતર્ગત ઋષભજિન સ્તવન વિવેચન (અં.૭૫૩)
૨) દુઃખ નિવૃત્તિ ઉપાયરૂપ વીતરાગ માર્ગ (અં. ૭૫૫)
૩) મોક્ષ સિદ્ધાંત (અં. ૭૫૭)
૪) પંચાસ્તિકાય (અં. ૭૬૬) અને

૫) વ્યાખ્યાનસાર - ૧ - ૨ (અં. ૯૧૮, ૯૧૯)

આ ઉપરાંત શ્રીમદ્‌ની દ્રવ્યાનુયોગની સૂક્ષ્મમીમાંસા જૈન માર્ગવિવેક, દ્રવ્યપ્રકાશ, દુઃખ મીમાંસા, જીવ-કર્મ-વિચાર, દ્રવ્યભાવ આશ્રવાદિ તત્ત્વવિચાર, મોક્ષમાર્ગ વગેરેમાં પણ જોવા મળે છે અને હાથ નોંધ ૧-૫૧-૫૨-૫૩-૮૩, ૨-૪, ૩-૬ એ આદિ અંકોમાં દ્રવ્યાનુયોગ અને મોક્ષમાર્ગની ગહન વિચારણા છે.

દ્રવ્યાનુયોગ પરત્વે શ્રી નેમિચન્દ્ર સિદ્ધાન્તિકનેવકૃત 'દ્રવ્યસંગ્રહ' અને કુંદાકુંદાચાર્ય રચિત 'પંચાસ્તિકાય' આદિ ગ્રંથોનો ઊંડો પ્રભાવ તેમના પર હતો. તેમાં વર્ણિત દ્રવ્યના સ્વરૂપને અનુલક્ષીને તેમને મુખ્યત્વે પોતાનાં મંતવ્યો પ્રગટ કર્યા છે.

શ્રીમદ્‌જીના પોતાના અધ્યાત્મ વિષેના વિચારોનું આલેખન શ્રીમદ્ રાજચંદ્રના પારમાર્થિક લખાણોનો (પત્રનો) સંગ્રહ ગ્રંથમાં જોવા મળે છે.

જૈનદર્શનના પાયારૂપ મુખ્ય વિષય 'સમ્યગ્ દર્શન' વિષે શ્રીમદ્‌જીએ ખૂબ ઉંડાણપૂર્વકનું ચિંતન પ્રગટ કર્યું છે.

અનંતકાળથી જે જ્ઞાન વહેતુ થતું હતું તે જ્ઞાનને એક સમયમાત્રમાં મત્થાંતર કરી જેણે ભવનિવૃત્તિ રૂપ કર્યું તે કલ્યાણમૂર્તિ સમ્યગદર્શનને નમસ્કાર. (શ્રીમદ્ રાજચંદ્ર વર્ષ - ૩૧ પાઠ- ૮૩૯)

શાસ્ત્રકારોએ જે વાત લખી છે, તેનો ધ્વનિ રજૂ કરતા શ્રીમદ્‌જી આ પંક્તિમાં જણાવે છે કે ભવનિવૃત્તિ અથવા સંસારની રખડપટ્ટીનોઅંત લાવનાર અને મોક્ષ સુધી પહોંચાડનાર વિશ્વમાં કોઇપણ તત્ત્વ હોય તો તે સમ્યગદર્શન છે. ભારતના તમામ દર્શનકારોએ સમ્યગદર્શનને જુદી જુદી

પરિભાષામાં રજૂ કરી આત્માની અનુભૂતિ માટેનું આ અનિવાર્ય અંગ જણાવ્યું છે. જૈન દર્શનકારો દર્શાવે છે : "સમકિત વિણ નવ પૂરવી, અજ્ઞાની કહેવાય, સમકિત વિણ સંસારમાં અરહો પરહો અથડાય".

શાસ્ત્રકારોએ જે વાત કરી છે તેજ શ્રીમદ્જીએ ઉપરના શબ્દોમાં સમજાવ્યું છે કે સમ્યગદર્શન વિના સમ્યગજ્ઞાન નથી અને ત્યાં સુધી મેળવેલું મિથ્યાજ્ઞાન અનંતકાળથી આત્માને ૮૪ લાખ યોનિમાં ભટકાવે છે. પણ આજ જ્ઞાન સમ્યગદર્શન આવ્યા પછી આ સંસારમાંથી સમય પાકે ત્યારે નિવૃત્તિ અપાવે છે અને તેથી સમ્યગદર્શનને નમસ્કાર કરૂં છું.

"જગતના અભિપ્રાય પ્રત્યે જોઇને જીવ પદાર્થનો બોધ પામ્યો છે. જ્ઞાનીના અભિપ્રાય પ્રત્યે જોઇને પામ્યો નથી જે જીવ જ્ઞાનીના અભિપ્રાયથી બોધ પામ્યો છે, તે જીવને સમ્યગદર્શનની પ્રાપ્તિ થાય છે".

प्रबोधाय विवेकाय हिताय प्रशमाय च :
सम्यक तत्त्वोपयेशाय सत्ता सूकित: प्रवर्तते:
અર્થાત્ :-
સત્ પુરૂષોની ઉત્તમ વાણી જીવોને આત્મ જાગૃતિરૂપ પ્રકૃષ્ટજ્ઞાન, વિવેક, હિત, પ્રશમતા અને સમ્યક પ્રકારે તત્ત્વોનો ઉપદેશ થવા માટે પ્રવર્તે છે.

ખૂબ માર્મિક વાત આ પંક્તિમાં શ્રીમદ્જી કહે છે કે સંસારનાં તમામ ક્ષેત્રોમાં જીવે બધાંનો અભિપ્રાય સાંભળ્યો, માન્યો, સ્વીકાર્યો અને જીવનનો વિકાસ એ દોરણે કરવા માંડ્યો પણ શાસ્ત્રોનાં વચનોમાં જ્ઞાનીઓના અભિપ્રાયોમાં શ્રદ્ધા રાખી નહિ. વિશ્વાસ કર્યો નહિ અને અસંખ્ય ભવોથી જીવ રખડી પડ્યો છે. સમ્યગદર્શન પામવાનો સચોટ ઉપાય આપણી બુદ્ધિમાં ગમ પડે છે નહીં, છતાં આપણા આત્માના એકાંત હિત માટે જ્ઞાનીઓએ બતાવેલા માર્ગને સ્વીકારવું તે છે. મજાજનો યેન, ગતઃ સ પન્થાઃ જે માર્ગે આગળ

જ્ઞાનીઓએ આત્મકલ્યાણ કર્યું તે આત્માઓના માર્ગે આગળ વધવા, આત્મજાગૃતિ કેળવવા માટે સત્ પુરુષોએ ઉત્તમ વાણી દ્વારા ઉપદેશ આપ્યો છે.

એજ સત્શ્રુત છે. એજ પ્રકૃષ્ટ જ્ઞાન અથવા વિજ્ઞાન છે, એજ ધ્યાન છે અને એજ ઉત્તમ તપ છે જે જેને પામીને આ જીવ નિજ શુદ્ધ સહજાત્મ સ્વરૂપમાં લય પામે, સ્વરૂપનિષ્ઠ થાય આ શ્લોકની સાદી ભાષામાં સમજણ આપવી હોય તો કહી શકાય કે :

"જ્ઞાનસ્ય ફલં વિરતિ", "સા વિદ્યા યા વિમુકતયે"

આજ બોધપાઠ શ્રીમદ્જી એમના અને સચોટ શબ્દમાં અહીં સમજાવે છે. આત્મસ્વરૂપની અનુભૂતિ કરાવે, નિજાનંદના સ્વરૂપમાં રસ પમાડે, પોતાના આત્મસ્વરૂપમાં સ્થિર બનાવે તેજ શ્રુત સમ્યગ્ છે, તેજ જ્ઞાન જ્ઞેય, હેય, ઉપાદેય પદાર્થોનો વિવેક જગાડી આત્મહિત સમ્યગ્તપ અને શુભ ધ્યાનના માર્ગે આત્માને દોરી જાય છે.

આત્માના ૬ સ્થાન વિષેનો અને તેની માન્યતાનો સ્વીકાર સમ્યગદર્શન સાથે સંકળાયેલો છે તે વાત શ્રીમદ્જીએ ૨૫ મા વર્ષના ૩૦૫ માં પત્રમાં કહી છે તથા પત્ર ૩૨૪ માં ઉલ્લેખ છે કે :

આત્મભાવ યથાર્થ જેને સમજાય છે, નિશ્ચલ રહે છે, તેને સમાધિ પ્રાપ્ત હોય છે. સમ્યકદર્શનનું મુખ્ય લક્ષણ વીતરાગતા જાણીએ છીએ અને તેનો અનુભવ છે. 'આત્મા છે', એમ જે પ્રમાણથી જણાય આત્મા નિત્ય છે એમ જે પ્રમાણથી જણાય આત્મા ભોક્તા છે એમ જે પ્રમાણથીજણાય છે મોક્ષ છે એમ જે પ્રમાણથી જણાય, અને તેનો ઉપાય છે, એમ જે પ્રમાણથી જણાય, તે વારંવાર વિચારવાયોગ્ય છે. અધ્યાત્મસારમાં અથવા બીજા ગમે તે ગ્રંથમાં એ વાત હોય તો વિચારવામાં બાધ નથી. કલ્પનાનો ત્યાગ કરી વિચારણા

યોગ્ય છે. શ્રીમદ્જી સરળતાથી સમજી શકાય એ સમ્યગદષ્ટિ ઉપર પ્રકાશ પાથરતાં લખે છે કે સમ્યગદષ્ટિ એટલે ભલી દષ્ટિ અપક્ષપાતે સારાસારે વિચારવું તેનું નામ વિવેકદષ્ટિ અને વિવેકદષ્ટિ એટલે સમ્યગદષ્ટિ એમનું બોધવું તદ્દન ખરું જ છે. વિવેકદષ્ટિ વિના ખરું ક્યાંથી સૂઝે ? અને ખરું વિના પૂરું ગ્રહણ પણ ક્યાંથી થાય ? માટે સઘળા પ્રકારે સમ્યગદષ્ટિનો ઉપયોગ કરવો જોઇએ. જૈનદર્શનમાં શાસ્ત્રમાં વર્ણવેલ સદ્ દેવ તત્ત્વ, સદ્ગુરુ તત્ત્વ અને સદ્ધર્મ તત્ત્વ એ ત્રણ તત્ત્વ વ્રત ઉપર શ્રીમદ્જી સમજાવતાં શિક્ષા પાઠ ૮-૯-૧૧ માં નીચે મુજબ વિવેચન લખે છે.

શિક્ષાપાઠ-૮ સત્ દેવતત્ત્વ

જેઓને કૈવલ્યજ્ઞાન અને કૈવલ્યદર્શન પ્રાપ્ત થાય છે. કર્મના સમુદાય મહાઉગ્ર તપોધ્યાન વડે વિશોધન કરીને જેઓ બાળી નાખે છે. જેઓએ ચંદ્ર અને શંખથી ઉજ્જવળ એવું શુક્લ ધ્યાન પ્રાપ્ત કર્યું છે.

સંસારમાં મુખ્યતા ભોગવાતા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર કર્મ ભસ્મીભૂત કરીને જેઓ સ્વરૂપથી વિહાર કરે છે, સર્વ કર્મના મૂળને જેઓ બાળી નાખે છે, વીતરાગ થઇ કમ્રગ્રીષ્મથી અકળાતા પામર પ્રાણીઓને પરમ શાંતિ આપવા જેઓ શુદ્ધ બોધ બીજનો મેઘ ધારા વાણીથી ઉપદેશ કરે છે કર્મફળ ક્ષય કર્યા પ્રથમ શ્રી મુખવાણીથી જેઓ છદમસ્થતા ગણી ઉપદેશ કરતા નથી. અઢાર દૂષણથી રહિત, સચ્ચિદાનંદ સ્વરૂપથી વિરાજમાન અને મહાઉદ્યોતકર બાર ગુણ જેઓમાં પ્રગટે છે, જન્મ, મરણ અને અનંત સંસાર જેનો ગયો છે તે સત્ દેવ નિગ્રર્થ આગમમાં કહ્યા છે, તે દોષરહિત શુદ્ધ આત્મસ્વરૂપને પામેલ હોવાથી પરમેશ્વર કહેવાય છે.

## શિક્ષાપાઠ-૯ સત્ ધર્મતત્ત્વ

અધોગતિમાં પડતા આત્માને ધરી રાખનાર જે વસ્તુ તેનું નામ ધર્મ કહેવાય છે. એ ધર્મ તત્ત્વના સર્વજ્ઞ ભગવાને ભિન્ન ભિન્ન ભેદ કહ્યા છે. તેમાંના મુખ્યત્વે ભેદ છે :

૧) વ્યવહારધર્મ, ૨) નિશ્ચયધર્મ

વ્યવહારધર્મમાં મુખ્ય દયા છે, બાકીનાં ચાર મહાવ્રતો દયાની સુરક્ષા માટે છે, દયાના ૮ ભેદ વ્યવહાર ધર્મમાં છે.

૧) દ્રવ્યદયા, ૨) ભાવદયા, ૩) સ્વદયા, ૪) પરદયા, ૫) સ્વરૂપદયા, ૬) અનુબંધદયા, ૭) વ્યવહારદયા, ૮) નિશ્ચયદયા.

એ આઠ પ્રકારની દયા વડે કરીને વ્યવહારધર્મ ભગવાને કહ્યો છે. એમાં સર્વ જીવનું સુખ, સંતોષ, અભયદાન સઘળું વિચારપૂર્વક જોતાં આવી જાય છે.

બીજો નિશ્ચયધર્મ પોતાના સ્વરૂપની ભ્રમણા ટાળવી, આત્માને આત્મભાવે ઓળખવો. આ સંસારમાં તે મારો નથી, હું એથી ભિન્ન પરમ અસંગ, સિદ્ધસદશ શુદ્ધ આત્મા છું એની આત્મસ્વભાવ વર્તના તે નિશ્ચય ધર્મ છે.

## શિક્ષાપાઠ-૧૧ સદ્‌ગુરુતત્ત્વ

સંસારરૂપી સમુદ્રને કાષ્ઠ સ્વરૂપી ગુરુ જ તરે છે, અને તારી શકે છે, જિનેશ્વર ભગવાનની ભાખેલી આજ્ઞાપણે આહાર જળ લેતા હોય, બાવીશ પ્રકારના પરિષહ સહન કરતા હોય, જ્ઞાત, દાંત, નિરારંભી અને જિતેન્દ્રિય હોય, સૈદ્ધાંતિક જ્ઞાનમાં નિમગ્ન હોય. ધર્મ માટે માત્ર શરીરનો નિર્વાહ કરતા હોય, ટૂંકમાં તેઓને કાષ્ઠ સ્વરૂપ સદ્‌ગુરુ જાણવા.

શાસ્ત્રકારોનો મત સમજાવતાં શ્રીમદ્જી કહે છે કે જે આવાં ઉત્તમ ત્રણ રત્નોને દેવ-ગુરુ-ધર્મને જ સ્વીકારે છે, તેમના ઉપર શ્રદ્ધા રાખે છે, તેમની આજ્ઞામાં રહે છે, એ જીવો નિયમા સમ્યગ્દર્શન પામેલા છે.

વ્યવહારદષ્ટિએ આ રીતે શ્રદ્ધાગુણસંપન્ન અને સમ્યકત્વ પામનારાને શ્રીમદ્જી લખે છે કે તેને સંસાર કેવો લાગે ?
"સંસાર સુખના એકમાં પણ જો દુઃખનું વેદન ન થાય
તો વેધસંવેધ પદ સમકિત પૂર્ણ પામ્યા ન કહેવાય".
શિક્ષાપાઠ-પર માં સંસારનું સ્વરૂપ સમજાવે છે.

જ્ઞાનીઓએ વૈરાગ્ય શા માટે બોધ્યો ? સંસાર કેવો છે ? જ્ઞાનીઓએ એને અનંત ખેદમય, અનંત દુઃખમય, અવ્યવસ્થિત ચળ - વિચળ અને અનિત્ય કહ્યો છે.

"અનંતભવનું પર્યટન, અનંતકાળનું અજ્ઞાન, અનંતજીવનનો વ્યાઘાત, અનંતમરણ, અનંતશોક એ વડે કરીને સંસારચક્રમાં આત્મા ભમ્યા કરે છે."

જ્ઞાનીઓ સંસારને ક્ષણભર પણ સુખરૂપ કહેતા નથી, તલ જેટલી જગ્યા પણ સંસારની ઝેર વિના રહી નથી.

અનંતપાપ, અનંતશોક, અનંતદુઃખ જોઇને જ્ઞાનીઓએ આ સંસારને અસાર કહ્યો છે, તે સત્ય છે, એ ભણી પાછું વાળી જોવા જેવું નથી, ત્યાં દુઃખ દુઃખને દુઃખ જ છે, દુઃખનો એ સમુદ્ર છે.

વૈરાગ્ય એજ અનંત સુખમાં લઇ જનાર ઉત્કૃષ્ટ ભોમિયો છે.

પત્ર-૪૦માં રાગ દ્વેષ અને મોહ એ ત્રણ દોષો વિશે સમજાવતાં શ્રીમદ્જી લખે છે કે :

અનાદિકાળના મહાશત્રુરૂપ રાગ, દ્વેષ અને મોહના બંધનમાં તે પોતાના સંબંધી વિચાર કરી શક્યા નથી, મનુષ્યત્વ, આર્યદેશ, ઉત્તમકુળ, શારીરિક સંપત્તિ એ અપેક્ષિત સાધન છે અને અંતરંગ સાધન માત્ર મુક્ત થવાની સાચી જિજ્ઞાસા એ છે અને સમકિત આવ્યા વિના રહે નહિ.

જિનપ્રતિમા અને જિનપૂજા વિષેનો હકારાત્મક અભિગમ જણાવતાં શ્રીમદ્જી લખે છે કે : મારી જિજ્ઞાસા વીતરાગદેવની આજ્ઞાના આરાધન ભણી છે. એમ સત્યતાને ખાતર કહી દર્શાવ્યું છે કે પ્રથમ પક્ષ સત્ય છે, એટલે જિનપ્રતિમા અને તેનું પૂજન શાસ્ત્રોક્ત, પ્રમાણોક્ત, અનુભવોક્ત અને અનુભવમાં લેવા યોગ્ય છે, મને તે પદાર્થોનો જે રૂપે બોધ થયો અથવા તે વિષય સંબંધી મને જે અલ્પ શંકા હતી તે નીકળી ગઇ, તે વસ્તુનું કંઇ પણ પ્રતિપાદન થવાથી કોઇપણ આત્મા તે સંબંધી વિચાર કરી શકશે, અને તે વસ્તુની સિદ્ધિ જણાય તો તે સંબંધી મતભેદ તેને ટળી જાય, તે સુલભ બોધિપણાનું કાર્ય થાય એમ ગણી ટૂંકમાં કેટલાક વિચારો પ્રતિમા સિદ્ધિ માટે દર્શાવું છું.

મારી પ્રતિમામાં શ્રદ્ધા છે, માટે તમે સઘળા કરો એ મારે કહેવું નથી, પણ વીર ભગવાનની આજ્ઞાનું આરાધન તેથી થતું જણાય તો તેમ કરવું.

સમ્યગદૃષ્ટિની પ્રાપ્તિ અંગે ગ્રંથિભેદનું શાસ્ત્રોક્ત સ્વરૂપનું વર્ણન કરતાં શ્રીમદ્જી લખે છે : વર્ષ ૨૨ પત્ર - ૪૭. આ પત્રમાં શ્રીમદ્જી સમજાવે છે કે, "અનંતાનુબંધી ક્રોધ, અનંતાનુબંધીમાન, અનંતાનુબંધીમાયા અને અનંતાનુબંધીલોભ એ ચાર તથા મિથ્યાત્વ મોહનીય, સમ્યકત્વ મોહનીય, મિશ્ર મોહનીય એ ત્રણ એમ એ સાત પ્રકૃતિ જ્યાં સુધી ક્ષયોપશમ, ઉપશમ

કે ક્ષય થતી નથી ત્યાં સુધી સમ્યકદષ્ટિ થવું સંભવતું નથી. એ સાત પ્રકૃતિ જેમ જેમ મંદતાને પામે તેમ તેમ સમ્યકત્વનો ઉદય થાય છે. તે પ્રકૃતિઓની ગ્રંથિ છેદવી પરમ દુર્લભ છે. જેની તે ગ્રંથિ છેદાઇ તેને આત્મા હસ્તગત થવો સુલભ છે. તત્ત્વજ્ઞાનીઓએ એજ ગ્રંથિને ભેદવાનો ફરીફરીને બોધ કર્યો છે, જે આત્મા, અપ્રમાદપણે તે ભેદવા ભણી દષ્ટિ આપશે તે આત્મા આત્મત્વને પામશે એ નિઃસંદેહ છે".

આગળ શ્રીમદ્‌જી જણાવે છે કે જગતમાં સત્પરમાત્માની ભક્તિ-સત્ગુરુ-સત્સંગ-સત્શાસ્ત્રાધ્યયન-સમ્યકદષ્ટિપણું અને સત્યોગ એ કોઇ કાળે પ્રાપ્ત થયા નથી. થયા હોત તો આવી દશા હોત નહીં પણ જાગ્યા ત્યાંથી પ્રભાત એમ રૂડા પુરુષોનો બોધ ધ્યાનમાં વિનયપૂર્વક આગ્રહી તે વસ્તુ માટે પ્રયત્ન કરવો એજ અનંતભવની નિષ્ફળતાનું એક ભવે સફળ થવું મને સમજાય છે.

ધર્મધ્યાનનું સ્વરૂપ વર્ષ-૨૨ જણાવતાં શ્રીમદ્‌જી લખે છે કે :
આ કાળમાં રૂપાતીત સુધી ધર્મધ્યાનની પ્રાપ્તિ કેટલાક સત્પુરુષોને સ્વભાવે, કેટલાકને સદ્‌ગુરુરૂપ નિરૂપમ નિમિત્તથી અને કેટલાકને સત્સંગ આદિ લઇ અનેક સાધનોથી થઇ શકે છે.

એ ધર્મધ્યાનમાં નીચેની ચાર ભાવનાથી ભૂષિત થવું સંભવે છે.
૧) મૈત્રી - સર્વ જગતના જીવ ભણી નિર્વેરબુદ્ધિ.
૨) પ્રમોદ - અંશમાત્ર પણ કોઇનો ગુણ નીરખીને રોમાંચિત ઉલ્લસવા.
૩) કરૂણા - જગતના જીવનાં દુઃખ દેખીને - અનુકંપિત થવું.
૪) મધ્યસ્થ કે ઉપેક્ષા - શુદ્ધ સમદષ્ટિના બળવીર્યને યોગ્ય થવું.

ચાર તેનાં આલંબન છે, ચાર તેની રુચિ છે, ચાર તેના પાયા છે, એમ અનેક ભેદે વહેંચાયેલું ધર્મધ્યાન છે. પ્રત્યેક દર્શનમાં આત્માનોજ બોધ છે

અને મોક્ષ માટે સર્વનો પ્રયત્ન છે તો પણ આટલું તો આપ પણ માન્ય કરી શકશો કે જે માર્ગથી આત્મા-આત્માત્વ, સમ્યકજ્ઞાન-યથાર્થદષ્ટિ પામે તે માર્ગ સત્પુરુષની આજ્ઞાનુસાર સમ્મંત કરવો જોઇએ. અહીં કોઇ પણ દર્શન માટે બોલવાની ઉચિતતા નથી કહી શકાય કે જે પુરુષ વચન પૂર્વાપર અખંડિત છે, તેનું બોધેલું દર્શન તે પૂર્વાપર હિતસ્વી છે, આત્મા જ્યાંથી યથાર્થ દષ્ટિ કિંવા વસ્તુધર્મ પામે ત્યાંથી સમ્યકજ્ઞાન સંપ્રાપ્ત થાય તે સર્વ માન્ય છે.

વર્ષ-૨૩ પત્ર ૧૦૫ માં શ્રીમદ્જી સમજાવે છે કે મહાવીરના બોધને પાત્ર કોણ ?

૧) સત્પુરુષનાં ચરણનો ઇચ્છુક
૨) સદેવ સૂક્ષ્મબોધનો અભિલાષી
૩) ગુણ પર પ્રશસ્તભાવ રાખનાર
૪) બ્રહ્મવ્રતમાં પ્રીતિમાન
૫) જ્યારે સ્વદોષ દેખે ત્યારે તેને છેદવાનો ઉપયોગ રાખનાર
૬) ઉપયોગથી એક પગલું પણ ભરનાર
૭) એકાંતવાસને વખાણનાર
૮) તીર્થાદિ પ્રવાસનો ઉછરંગી
૯) આહાર, વિહાર, નિહારનો નિયમી
૧૦) પોતાની ગુરુતા દાખવનાર

એવો કોઇપણ પુરુષ તે મહાવીરના બોધને પાત્ર છે, સમ્યકદશાને પાત્ર છે.

સમ્યકદશાનાં પાંચ લક્ષણો છે. જે વર્ષ ૨૩ - ૧૩૫ માં શ્રીમદ્જી જણાવે છે કે શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્થા.

ક્રોધાદિક કષાયોનું શમી જવું, ઉદય આવેલા કષાયોમાં મંદતા થવી, વાળી લેવાય તેવી આત્મદશા થવી, અથવા અનાદિકાળની વૃત્તિ શમી જવી તે શમ.

મુક્ત થવા સિવાય બીજી કોઇપણ પ્રકારની ઇચ્છા નહીં, અભિલાષા નહિ તે સંવેગ.

૧ યારથી એમ સમજાયું કે ભ્રાંતિમાં પરિભ્રમણ કર્યું ત્યારથી હવે ઘણી થઇ અરે જીવ, હવે થોભ એ નિર્વેદ.

મહાત્મય જેનું પરમ છે એવા નિસ્પૃહી પુરુષોનાં વચનમાં જ તલ્લીનતા ને શ્રધ્ધા આસ્થા.

એ સઘળા વડે જીવમાં સ્વાત્મતુલ્ય બુધ્ધિ તે અનુકંપા

આ લક્ષણો અવશ્ય મનન કરવા યોગ્ય છે. સ્મરવાયોગ્ય છે. ઇચ્છવા યોગ્ય છે. અનુભવવા યોગ્ય છે.

વીતરાગ - સર્વજ્ઞ તીર્થંકર ભગવંતોની ભક્તિનું વિશેષ મહત્ત્વ દર્શાવતા શ્રીમદ્જી જણાવે છે શિક્ષાપાઠ - ૧૩ મા જિનેશ્વરની ભક્તિ, ભાગ - ૧ માં લખે છે કે વિચક્ષણ કોઇ શંકરની, કોઇ બ્રહ્માની, કોઇ વિષ્ણુની, કોઇ અગ્નિની, કોઇ ભવાનીની, કોઇ પેગમ્બરની અને કોઇ ઇસુ ખ્રિસ્તની ભક્તિ કરે છે. તેઓ ભક્તિ કરીને શી આશા રાખતા હશે ? હે સત્યપ્રિય જિજ્ઞાસુ, તે ભાવિક મોક્ષ મેળવવાની પરમ આશાથી એ દેવોને ભજે છે. ત્યારે એથી તેઓ ઉત્તમ ગતિ પામે એમ તમારો મત છે ?

તેઓની ભક્તિ વડે તેઓ મોક્ષ પામે એમ હું કહી શકતો નથી. જેઓને તે પરમેશ્વર કહે છે તેઓ કંઇ મોક્ષને પામ્યા નથી. તો પછી ઉપાસકને એ મોક્ષ ક્યાંથી આપે ? શંકર વગેરે કર્મક્ષય કરી શક્યા નથી અને દૂષણ સહિત છે એથી તે પૂજવાયોગ્ય નથી.

એ દૂષણો ક્યાં ક્યાં તે કહો.

અજ્ઞાન, કામ, હાસ્ય, રતિ, અરતિ વગેરે મળીને અઢાર દૂષણમાંનું એક દૂષણ હોય તો પણ તે અપૂજ્ય છે, એમ સમર્થ પંડિતે પણ કહ્યું છે કે

"પરમેશ્વર છું એમ મિથ્યા રીતે મનાવનારા પુરુષો પોતે પોતાને ઠગે છે, કારણ, પડખામાં સ્ત્રી હોવાથી તેઓ વિષયી ઠરે છે, શસ્ત્ર ધારણ કરેલાં હોવાથી દ્વેષી ઠરે છે. જપમાળા ધારણ કર્યાથી તેઓનું ચિત્ત વ્યગ્ર છે, એમ ઠરે છે આમ છે તો પછી બીજાને તેઓ કેમ તારી શકે ? વળી કેટલાક અવતાર લેવા રૂપે પરમેશ્વર કહેવરાવે છે તો ત્યાં અમુક કર્મનું પ્રયોજન તે પરથી સિદ્ધ થાય છે".

અજ્ઞાન, નિંદા, મિથ્યાત્વ, રાગ, દ્વેષ, અવિરતિ, ભય, શોક, જુગુપ્સા, દાનાંતરાય, લાભાંતરાય, વીર્યાંતરાય અને ઉપભોગાંતરાય કામ, હાસ્ય, રતિ અને અરતિ એ અઢાર દૂષણોનું વર્ણન શાસ્ત્રમાં આવે છે.

ત્યારે પૂજ્ય કોણ અને ભક્તિ કોની કરવી કે જે વડે આત્મા સ્વશક્તિનો પ્રકાશ કરે. શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપ - 'અનંતસિદ્ધની' ભક્તિથી તેમજ સર્વદૂષણ રહિત કર્મ - મલહીન, મુક્ત, નીરાગી, સકળભયરહિત, સર્વજ્ઞ, સર્વદર્શી જિનેશ્વર ભગવાનની ભક્તિથી આત્મશક્તિ પ્રકાશ પામે છે.

તે અનંતજ્ઞાની ભગવાન તો નીરાગી અને નિર્વિકાર છે અને સ્તુતિ, નિંદાનું આપણને કંઇ ફળ આપવાનું પ્રયોજન નથી, આપણો આત્મા જે કર્મદળથી ઘેરાયેલો છે તેમજ અજ્ઞાની અને મોહાંધ થયેલો છે તે ટાળવા અનુપમ પુરુષાર્થની આવશ્યકતા છે, સર્વ કર્મદળ ક્ષય કરી અનંતજીવન, અનંતવીર્ય, અનંતજ્ઞાન અને અનંતદર્શનથી સ્વરૂપમય થયા એવા જિનેશ્વરનું સ્વરૂપ આત્માની નિશ્ચયનયે રિદ્ધિ હોવાથી એ પુરુષાર્થતા આપે છે, વિકારથી વિરક્ત કરે છે, શાંતિ અને નિર્જરા આપે છે, તલવાર હાથમાં લેવાથી જેમ શૌર્ય અને ભાંગથી નશો ઉત્પન્ન થાય છે, તેમ એ ગુણ ચિંતવનથી આત્મા સ્વસ્વરૂપાનંદની શ્રેણીએ ચઢતો જાય છે, દર્પણ હાથમાં લેતાં જેમ મુખાકૃતિનું ભાન થાય છે તેમ સિદ્ધ કે જિનેશ્વર સ્વરૂપનાં ચિંતવનરૂપ દર્પણથી આત્મસ્વરૂપનું ભાન થાય છે.

ચાર પ્રકારના નિક્ષેપોનો ઉલ્લેખ કરતાં શ્રીમદ્જી નામ સ્થાપનાનું મહત્ત્વ શિક્ષા પાઠ-૧૪ માં જણાવે છે કે :

સિદ્ધસ્વરૂપ પામેલા તે જિનેશ્વરો તો સઘળા પૂજ્ય છે ત્યારે નામથી ભક્તિ કરવાની કંઇ જરૂર છે ?

હા, અવશ્ય છે, અનંત સિદ્ધ સ્વરૂપને ધ્યાતાં જે શુદ્ધ સ્વરૂપના વિચાર થાય તે તો કાર્ય પરંતુ એ જે જે વડે તે સ્વરૂપને પામ્યા તે કારણ કયું ? એ વિચારતા ઉગ્ર તપ, મહાન વૈરાગ્ય, અનંતદયા, મહાનધ્યાન, એ સઘળાનું સ્મરણ થશે, તેઓના અર્હત્ તીર્થંકરપદમાં જે નામથી તેઓ વિહાર કરતાં હતાં તે નામથી તેઓના પવિત્ર આચાર અને પવિત્ર ચરિત્ર, અંતઃકરણમાં ઉદય પામશે, જે ઉદય પરિણામે મહાલાભદાયક છે, જેમ મહાવીરનું પવિત્ર નામ સ્મરણ કરવાથી તેઓ કોણ, ક્યારે કેવા પ્રકારે સિદ્ધિ પામ્યા, એ ચરિત્રોની સ્મૃતિ થશે અને એથી આપણે વૈરાગ્ય, વિવેક, ઇત્યાદિકનો ઉદય પામીએ.

શિક્ષાપાઠ ૧૮ ચાર ગતિ

શાતાવેદનીય - અશાતાવેદનીય વેદતાં શુભાશુભ કર્મનાં ફળ ભોગવવા આ સંસારવનમાં જીવ ચાર ગતિમાં ભમ્યા કરે છે. એ ચાર ગતિ ખચિત જાણવી જોઇએ.

૧) નરકની ગતિ - મહારંભ - મદિરાપાન, માંસભક્ષણ ઇત્યાદિક. તીવ્ર હિંસાના કરનારા જીવો અઘોર નરકમાં પડે છે ત્યાં લેશ પણ સાતા, વિશ્રામ કે સુખ નથી. મહાઅંધકાર વ્યાપ્ત છે. અંગછેદન સહન કરવું પડે છે. અગ્નિમાં બળવું પડે છે અને છરપલાની ધાર જેવું જળ પીવું પડે છે. અનંત દુઃખથી કરીને જ્યાં પ્રાણીભૂતે સંકડાશ, અશાતા, અને વલવલાટ સહન કરવાં પડે

છે જે દુઃખને કેવળજ્ઞાનીઓ પણ કહી શકતા નથી અહોહો તે દુઃખ અનંતીવાર આ આત્માએ ભોગવ્યા છે.

૨) તિર્યંચ ગતિ - છલ, જૂઠ, પ્રપંચ, ઇત્યાદિક કરીને જીવ સિંહ, વાઘ, હાથી, મૃગ, ગાય, ભેંસ, બળદ, ઇત્યાદિક શરીર ધારણ કરે છે તે તિર્યંચ ગતિમાં ભૂખ, તરસ, તાપ, વધબંધન, તાડન, ભારવહન કરવા ઇત્યાદિકનાં દુઃખને સહન કરે છે.

૩) મનુષ્ય ગતિ - ખાદ્ય, અખાદ્ય વિષે વિવેકરહિત છે, લજ્જાહીન માતા પુત્રી સાથે કામગમન કરવામાં જેને પાપાપાપનું ભાન નથી, નિરંતર માંસભક્ષણ, ચોરી, પરસ્ત્રીગમન, વગેરે મહાપાતક કર્યા કરે છે, એ તો જાણે અનાર્ય દેશનાં અનાર્ય મનુષ્ય છે. આર્યદેશમાં પણ ક્ષત્રિય, બ્રાહ્મણ, વૈશ્ય, પ્રમુખ મતિહીન, દરિદ્રી, અજ્ઞાન અને રોગથી પીડિત મનુષ્યો છે, માન-અપમાન ઇત્યાદિક અનેક પ્રકારનાં દુઃખ તેઓ ભોગવી રહ્યા છે.

દેવગતિ - પરસ્પર, વેર, ઝેર, ક્લેશ, શોક, મત્સર, કામામદ, ક્ષુધા, ઇત્યાદિકથી દેવતાઓ પણ આયુષ્ય વ્યતીત કરી રહ્યાં છે, તે દેવગતિ.
એમ ચાર ગતિ સામાન્યરૂપે કહી આ ચારે ગતિમાં પણ કેટલાય દુઃખ અને આત્મસાધનામાં અંતરાયો છે.

હવે સંક્ષેપમાં શ્રીમદ્જીએ એમના પ્રકાશન - સર્જન - ચિંતન - વિવેચનમાં નીચેના વિષયોનો સમાવેશ કરેલો છે.

શિક્ષા પાઠ - ૨૧૧૨ ભાવનાનું સ્વરૂપ
શિક્ષા પાઠ - ૩૫ નવકાર મંત્રનું સ્વરૂપ અને મહાત્મ્ય
શિક્ષા પાઠ - ૩૭ સામાયિક વિચાર
શિક્ષા પાઠ - ૪૦ પ્રતિક્રમણ વિચાર
શિક્ષા પાઠ - ૫૩ પ્રભુ મહાવીરના જીવનનું અને જૈન-શાસનનું વર્ણન

શિક્ષા પાઠ - ૫૯ બ્રહ્મચર્યની નવવાડનું વિવેચન
શિક્ષા પાઠ - ૭૪ ૪ પ્રકારના ધ્યાનનું સ્વરૂપ
શિક્ષા પાઠ - ૮૧ પંચમકાળ અને ૬ આરાનું વર્ણન
શિક્ષા પાઠ - ૮૨ સ્યાદ્‌વાદ અને અનેકાંતવાદની સમજ
શિક્ષા પાઠ - ૯૩ નવતત્ત્વનું સ્વરૂપ
શિક્ષા પાઠ - ૧૨૯ પ્રશ્નોત્તરી રૂપે કર્મવાદ
શિક્ષા પાઠ - ૧૦૩ ૧૪ ગુણસ્થાનકોની સમજ

આ લિસ્ટ પણ લાંબુ થવા જાય છે. ટૂંકમાં શ્રી શ્રીમદ્‌જીએ જૈન તત્ત્વજ્ઞાનના તમામ વિષયો ઉપર અવસરે અવસરે સાહિત્ય સર્જન કર્યું છે.

જૈન દર્શનના મુખ્ય ગ્રંથો ૪૫ આગમોમાં તત્ત્વજ્ઞાનના અનેક વિષયોનું નિરૂપણ જોવા મળે છે. આ ગ્રંથોનો અભ્યાસ બાળજીવો માટે દુર્લભ છે અને એ વિષયો ઉપર પત્રો કે પુસ્તકોના પ્રકાશન દ્વારા ગદ્ય પદ્ય અને પ્રશ્નોત્તરી શૈલીમાં શ્રીમદ્‌જીએ સંક્ષિપ્તમાં સરળ ભાષામાં વિવેચન કરી જૈન-શાસનની ખૂબ પ્રશંસનીય પ્રભાવના કરી છે, એમ અભ્યાસ પૂર્ણ ચિંતન કરતા ચોક્કસ પણે કહી શકાય અને ઉદાર મનથી વિચારીએ તો, શાસ્ત્ર વફાદારી પૂર્વક શાસ્ત્રાજ્ઞા મુજબ એમણે જૈન દર્શનના તત્ત્વજ્ઞાનને વિશાળ જૈન સમુદાય સુધી પહોંચાડ્યું છે.

## આચાર્ય કુન્દકુન્દ

**-ડૉ. શેખરચંદ્ર જૈન**

(અમદાવાદથી પ્રસિદ્ધ થતાં 'તીર્થંકરવાણી' સામયિકના વિદ્વાન તંત્રી, દેશવિદેશમાં અવારનવાર જૈનધર્મ પર પ્રવચનો આપે છે. જૈનધર્મની અનેક સંસ્થા સાથે સંકળાયેલા છે, આશાપુરા જૈન મેડિકલ ટ્રસ્ટના ટ્રસ્ટી છે.)

દિગમ્બર આમ્નાયમાં આચાર્ય કુન્દકુન્દનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે.દિગંબર પરંપરામાં તો ભગવાન મહાવીર અને ગૌતમ ગણધર પછી કુન્દકુન્દાચાર્યને જ વંદના કરવામાં આવે છે. વંદનાનો આ શ્લોક નીચે મજબ છે:

मंगलं भगवान वीरो मंगलं गौतमो गणी ।
मंगलं कुन्दकुन्दाद्यो जैनधर्मोऽस्तु मंगलम् ।।

આનો અર્થ છે કે ભગવાન મહાવીર, ગૌતમ પ્રભુ અને ધર્મની સાથે કુન્દકુન્દાચાર્ય પણ મંગળ સ્વરૂપ છે. જો સંપૂર્ણ જૈન સાહિત્ય ઉપર દ્રષ્ટિ કરીએ તો દ્રવ્યાનુયોગ અથાર્ત્ દર્શનના આટલા મોટા ગજાના વિદ્વાન અન્યત્ર દેખાતા નથી.

જ્યાં સુધી તેમની ઐતિહાસિકતાનો પ્રશ્ન છે તેના વિષે પૂર્ણ જાણકારી પ્રપ્ત થતી નથી. આપણે જાણીએ છીએ કે પ્રાચીન સાહિત્ય કે ગ્રંથોમાં આચાર્ય કે કવિઓ પોતાના નામનો ઉલ્લેખ ખૂબ જ ઓછો કે નહિવત કરતા હતા. આવું જ શ્રી કુન્દકુન્દાચાર્ય સાથે પણ થયું હશે. આ કારણે જ આપણે નિશ્ચિત રૂપે તેમના વિષે વિશેષ નક્કર માહિતી પ્રાપ્ત કરી શકતા નથી. જો કે 'બારસઅણુવેક્ખા' ગ્રંથમાં એમના નામનો ઉલ્લેખ પ્રથમ વખત જ જોવા મળે છે.

इदि णिच्छय-ववहारं जं भणियं कुन्दकुन्दमुणिणाहे ।
जो भावइ सुद्धमणो सो पावइ परमणिव्वाणं ।।

ભાવાર્થ એ કે કુન્દકુન્દાચાર્યે નિશ્ચય અને વ્યવહાર સંબંધે જે કથન કર્યું છે તેને શુદ્ધ હૃદયથી સ્વીકારનાર પરમનિર્વાણને પ્રપ્ત કરે છે. આ પરિપ્રેક્ષ્યમાં

કુન્દકુન્દાચાર્યના ટીકાકાર જયસેન અને શ્રુતસાગરસૂરીએ પણ 'બારસઅણુવેક્ખા' ગ્રંથને કુન્દકુન્દની કૃતિ સ્વીકાર કરી છે. 'બોધપાહુડમાં' આચાર્ય કુન્દકુન્દાચાર્યે પોતાના ગુરુનું નામ ભદ્રબાહુ દર્શાવ્યું છે. તેમને એનેક ગાથાઓના આધારે એ સ્પષ્ટ થાય છે કે આચાર્ય કુન્દકુન્દના ગુરુ શ્રુતકેવલી ભદ્રબાહુ સ્વામી હતા. 'તીર્થંકર મહાવીર ઔર ઉનકી આચાર્ય પરંપરા' ગ્રંથમાં ઉલ્લેખ છે કે ઈન્દ્રનન્દીએ પોતાના શ્રુતાવસારમાં 'કષાયપાહુડ' અને 'ષટ્ખંડાગમ' નામના સિદ્ધાંત ગ્રથોની રચના વિષે ઉલ્લેખ કર્યા પશ્ચાત્ લખ્યું છે કે આ બન્ને સિદ્ધાંતગ્રંથો 'કોન્ડકુન્દપુર' માં પદ્મનન્દિ મુનિમહારાજને પ્રાપ્ત થયા એને તેઓએ 'ષટ્ખંડાગમ' ના પ્રથમ ત્રણ ખંડો ઉપર સાઈઠ હજાર શ્લોક પ્રમાણ 'પરિકર્મ'નામક ગ્રંથની રચના કરી. આચાર્ય દેવસેને પણ આચાર્ય પદ્મનન્દિની પ્રશંસા 'દર્શનસાર' ગ્રંથમાં કરી છે.

जइ पउमणंदिणाहो सीमंधरसामिदिव्वणाणेण ।
ण विबोहइ तो समणा कहं सुमग्गं पयाणंति ।।

જ્યારે આપણે કુન્દકુન્દાચાર્યના ગ્રંથની ચર્ચા કરીએ છીએ ત્યારે આપણી સમક્ષ તેમના મુખ્ય બે ભાષ્યકારો કે ટીકાકારો અમૃતચંદ્રસૂરી અને જયસેનાચાર્યના નામ તરી આવે છે. જો કે અમૃતચંદ્રસૂરીએ તેમના મૂલગ્રંથકર્તાના સંદર્ભ વિષે કોઈ નિર્દેશ કર્યો નથી. પણ જયસેનજી લખે છે કે 'પદ્મનન્દિ જયવંત હો, જેઓએ મહાન તત્ત્વોના કથન કરનાર સમયપ્રાવૃત્ત રૂપી પર્વતની વૃદ્ધિ... ઉદ્ધાર કરીને ભવ્ય જીવોને અર્પણ કરી છે.' (સમયસાર સ્યાદ્વાદાધિકાર) પોતે જયસેનજીએ પંચાસ્તિકાયની ટીકામાં કુન્દકુન્દાચાર્યનું અપર નામ પદ્મનન્દિ દર્શાવ્યું છે. એમના મતે તો કુન્દકુન્દાચાર્ય કુમારનંદિ સિદ્ધાંતદેવના શિષ્ય બતાવવામાં આવ્યા છે.

આચાર્ય કુન્દકુન્દ વિષે એવી કિંવદંતી (લોકવાયકા) છે કે તેઓએ વિદેહક્ષેત્રમાં જઈ સીમંધર સ્વામીના દર્શન કર્યા હતા. અને તેમની દિવ્યવાણી સાંભળીને આધ્યાત્મ તત્ત્વ ગ્રહણ કરીને પાછા ફર્યા હતા, અને આધ્યાત્મના જિજ્ઞાસુ માટે પંચાસ્તિકાય ગ્રંથની રચના કરી હતી. આચાર્ય કુન્દકુન્દ વિષે દિગમ્બર સંપ્રદાયમાં બે કથાઓનો વિશેષ રૂપે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

એક કથામાં તેમના પૂર્વજન્મની એ કથા છે કે જે ભવમાં તે ભીલ હતા અને શાસ્ત્રોની રક્ષા કરવાને કારણે તેમને પુણ્યોદયથી આ જ્ઞાન પ્રાપ્ત થયું હતું. બીજી કથાનો ઉલ્લેખ પં નાથુરામ પ્રેમીએ કરતા લખ્યું છે કે માલવ દેશના ધારાપુર નગરમાં કુમુદચંદ્ર નામનો રાજા રાજ્ય કરતો હતો. તેમની રાણીનું નામ કુમુદચંદ્રિકા હતું. આ રાજાના રાજ્યમાં કુન્દશ્રેષ્ઠી પોતાની પત્ની કુંદલતા સાથે નિવાસ કરતા હતા. તેમને કુન્દકુન્દ નામનો પુત્ર ઉત્પન્ન થયો. આ બાળક નાનપણથી જ ગંભીર, ચિંતનશીલ અને પ્રગતિશીલ હતો.જ્યારે તે અગિયાર વર્ષનો થયો તે સમયે નગરના ઉદ્યાનમાં એક મુનિરાજ પધાર્યા. તેમના ઉપદેશ સાંભળવા માટે નગરજનો એકત્ર થયા.કુન્દકુન્દ પણ તેમાં સંમિલિત થયા. મુનિરાજનો ઉપદેશ સાંભળીને તેઓ વિરક્ત થઈ ગયા અને દિગમ્બર દીક્ષા ધારણ કરી મુનિ બની ગયા. તેંત્રીસ વર્ષની આયુમાં તેમને આચાર્યપદ પ્રાપ્ત થયું. તેમના ગુરુનું નામ જિનચંદ્ર વર્ણવવામાં આવ્યું છે.

એવી જ રીતે બીજી કથા આ પ્રમાણે છે કે જ્યારે તેઓ આગમગ્રંથનો સ્વાધ્યાય કરી રહ્યા હતા ત્યારે તેમના મનમાં કિંઈ શંકા ઉત્પન્ન થઈ અને ધ્યાનસ્થ થતા જ તેઓ વિદેહ ક્ષેત્રમાં સીમંધર સ્વામીના સમોવશરણમાં પહોંચી ગયા. ત્યાં એક અઠવાડિયા સુધી રહી પોતાની શંકાઓનું સમાધાન પ્રાપ્ત કર્યું. કહેવાય છે કે જ્યારે તેઓને આકાશમાર્ગથી લઈ જવામાં આવી રહ્યા હતા ત્યારે તેમની મયૂરપિચ્છી પડી જવાથી તેઓએ થોડાક સમયસુધી ગૃદ્ધપિચ્છીથી કામ ચલાવ્યું અને તેથી જ એમનું એક નામ ગૃદ્ધપિચ્છ પણ મળે છે.

એક એવી પણ કથા પ્રાપ્ત થાય છે કે એક વખત ગિરનાર યાત્રા સમયે તેમનો કોઈ શ્વેતાંબર સાધુ સાથે જૈનધર્મની પ્રાચીન પરંપરા વિષે વાદ-વિવાદ થયેલો. કહે છે કે બ્રાહ્મીદેવીના મુખથી એવું કહેવામાં આવ્યું કે દિગમ્બર નિર્ગ્રન્થ માર્ગ જ પ્રાચીન છે. આ રીતે તેમની શક્તિ અને દિગમ્બર પરંપરાની પ્રાચીનતાનો ઉલ્લેખ કુન્દકુન્દસ્વામી સાથે જોડાયેલો છે. જો કે આ બધી ઘટનાઓનો ઉલ્લેખ દિગમ્બર શાસ્ત્રોમાં જ છે. જેના અન્ય કોઈ પ્રમાણ ઉપલબ્ધ નથી. લોકો આ કથાઓ કુન્દકુન્દાચાર્ય સાથે જોડીને તેમની પ્રામાણિકતા સિદ્ધ કરે છે.

કુન્દકુન્દાચાર્ય દક્ષિણ ભારતના નિવાસી હતા અને જે ઉલ્લેખો પ્રાપ્ત થયા છે તે પ્રમાણે તેમના પિતાનું નામ કર્મન્ડુ અને માતાનું નામ શ્રીમતી હતું. તેમના જન્મસ્થાનું નામ કૌન્ડકુન્દપુર માનવામાં આવે છે. એવી માન્યતા પણ છે કે એમના માતા-પિતાને એમની પ્રાપ્તિ, ઋષિને દાન આપવાના પ્રભાવથી થઈ હતી અને સમય જતા ગામના નામ પરથી જ તેમનું નામ કુન્દકુન્દ પ્રસિદ્ધ થયું. નાનપણથી જ તેઓ બુધ્ધિમાં કુશળ અને વૈરાગ્ય ભાવોથી ભરેલા હતા અને આ કારણે જ તેઓએ યુવાવસ્થામાં જ દીક્ષા ગ્રહણ કરી અને પોતાના ઉચ્ચ ચરિત્ર અને વિશાળ અધ્યયનને કારણે આચાર્યપદે પ્રતિષ્ઠિત થયા. આપણે ઉપર જાણ્યું તેમ તેમના ત્રણ-ચાર નામોનો ઉલ્લેખ પ્રપ્ત થાય છે.દ્વાદશ અનુપ્રેક્ષાની ગાથાથી એમનું નામ કુન્દકુન્દ મળે છે તો જયસેનાચાર્યની ટીકામાં તેમનું નામ પદ્મનન્દિ માનવામાં આવ્યું છે અને ક્યાંય ગૃદ્ધપિચ્છધારી પણ મળે છે. શ્રવણબેલગોલામાં શિલાલેખ નં ૪૦, ૪૨, ૪૩, ૪૭, ૫૦ માં આ કથનોની પુનરાવૃત્તિ જોવા મળે છે. (જૈનશિલાલેખ સંગ્રહ, સૌજન્ય : તી.મહાવીર ઔર ઉનકી આચાર્ય પરંપરા) તે ઉપરાંત વક્રગ્રીવ અને ઐલાચાર્ય નામ પણ પ્રાપ્ત થયા છે. વિજયનગરના એક અભિલેખમાં તેમનાં પાંચ નામોનો ઉલ્લેખ નિમ્ન પ્રકારે છે.

आचार्यः कुन्दकुन्दाख्यो वक्रग्रीवो महामुनिः ।
एलाचार्यो गृद्धपिच्छ इति तन्नाम पंचधा ।।

ડૉ. હાર્નલે આ પાંચ નામનો ઉલ્લેખ કર્યો છે. જો કે શિલાલેખોમાં વક્રગ્રીવ, ઐલાચાર્ય કે ગૃદ્ધપિચ્છ નામનો ઉલ્લેખ મળતો નથી અને શ્રવણ બેલગોલાના અધિલેખ નં. ૫૪માં વક્રગ્રીવ નામ પ્રાપ્ત થાય છે. તેનાથી તે કુન્દકુન્દના નામનું પર્યાયવાચી સિદ્ધ થતું નથી. અન્યથા શિલાલેખ નં ૩૪૬, ૩૪૯માં વક્રગ્રીવ નામ અંકિત છે. પણ તેનાથી પણ કુન્દકુન્દના નામ સાથે કોઈ મેળ બેસતો નથી. માત્ર કુન્દકુન્દસ્વામીનું અપરનામ પદ્મનન્દિ જરૂર પ્રમાણિત થાય છે.

જે પ્રમાણે તેમના નામ અને જન્મસ્થાનની વાસ્તવિક પરિચય સત્યરૂપે

ઉપલબ્ધ નથી તે પ્રમાણે જ તેમના ગુરૂ વિષે પણ લોકોએ વિવિધ નામો પ્રસ્તુત કર્યા છે. આચાર્ય જયસેનના મતાનુસાર તેઓ કુમારનંદી સિદ્ધાંતદેવના શિષ્ય હતા. જ્યારે નંદી સંઘની પટ્ટાવલી મુજબ કુન્દકુન્દના ગુરુ જિનચંદ્ર હતા. કુન્દકુન્દાચાર્યે પોતે પોતાના ગુરુ તરીકે ભદ્રબાહુ સ્વામીના નામનો ઉલ્લેખ કરેલો છે. જો કે વિદ્વાનોએ અનેક સાક્ષ્યોના આધારે એમ પણ માન્યું છે કે કુમારનંદીનું ગુરુશિષ્યત્વ કુન્દકુન્દ સાથે ઘટિત થતું નથી. 'તીર્થંકર મહાવીર ઔર ઉનકી આચાર્ય પરંપરા' માં આ પ્રમાણેનો ઉલ્લેખ છે કે નંદી સંઘની પટ્ટવલીમાં માઘનંદી, જિનચંદ્ર અને કુમુદચંદ્રના નામોનો ક્રમશઃ ઉલ્લેખ છે. આનાથી ફલિત થાય છે કે માઘનંદી પછી જિનચંદ્ર અને જિનચંદ્ર યછી કુન્દકુન્દને ઉત્તરાધિકાર પ્રાપ્ત થયો હશે. માટે અમારૂ અનુમાન છે કે કુન્દકુન્દના ગુરૂનું નામ જિનચંદ્ર હોવું જોઈએ. આ જ ગ્રંથમાં કુન્દકુન્દાચાર્ય દ્વારા પોતે જ બદ્રબાહુના શિષ્ય હોવાનો સંદર્ભ બોધપાહુડ ગ્રંથની બે ગાથાઓમાં પ્રસ્તુત છે.

सद्दवियारो हूओ भासासुत्तसु जं जिणे कहियं ।
सो तह कहियं णायं सीसेण य भद्दबाहुस्स ।।
बारसअंगवियाणं चउदसपुव्वगविउलवित्थरणं ।
सुयणाणिभद्दबाहू गमयगुरू भयवओ जयऊ ।।

આચાર્ય જુગલકિશોર મુખ્તારજીએ બંને ગાથાઓમાં પ્રથમ ગાથાનો સંબંધ ભદ્રબાહુ બીજા સાથે એને દ્વિતીય ગાથાનો સંબંધ શ્રુતકેવલી ભદ્રબાહુ સાથે પ્રસ્તુત કર્યો છે. તેમને તેઓ 'ગમક ગુરૂ'
માને છે. અહીં ગમક ગુરૂનો ભાવાર્થ છે-જ્ઞાન, પ્રેરણા અને આનો પ્રયોગ પરંપરાગત શ્રુતકેવલી માટે જ થયો છે. બે ભદ્રબાહુઓની કલ્પના સંભવ નથી. પં. કૈલાશચંદ્ર શાસ્ત્રી પણ આ તથ્યની પુષ્ટિ કરે છે. આ ચર્ચાથી આટલું સ્પષ્ટ થાય છે કે કુન્દકુન્દાચાર્ય મૂલસંઘના આચાર્ય હતા, દક્ષિણ ભારતના નિવાસી હતા અને શ્રુતકેવલી ભદ્રબાહુની પરંપરા તેમને પ્રાપ્ત થઈ હતી અને માટે જ તેમના તે તેમના 'ગમક ગુરૂ' કહેવાયા અને પટ્ટાવલી તેમના ગુરૂનું નામ જિનચંદ્ર અને દાદાગુરુનું નામ માઘનંદી હતું.

અમોએ ઉપર તેમની જીવનની ઘટનાઓ વિષે જે ઉલ્લેખ કરેલો છે

તે ઉલ્લેખ આચાર્ય જયસેને 'પંચાસ્તિકાય ટીકા' માં પણ કરેલો છે અને આચાર્ય શુભચંદ્રની ગર્વાવલીમાં પણ પ્રાપ્ત થાય છે કે આચાર્ય પદ્મનંદીએ ઉર્જયન્તગિરિ ઉપર પાષાણની સરસ્વતીની મૂર્તિને પણ વાચાલ બનાવી દીધી હતી. તેનાથી સારસ્વત ગચ્છનો જન્મ થયો. આવી જ માન્યતા કવિ વૃંદાવને ફણ સ્વીકારી છે. પં. નાથૂરામ પ્રેમીએ પણ સ્વીકાર કર્યું છે કે ગિરનાર પર્વત પર દિગમ્બર અને શ્વેતામ્બરો વચ્ચે કોઈ વિવાદ અવશ્ય થયો હશે. (જૈન સાહિત્ય ઔર ઈતિહાસ)

આચાર્ય કુન્દકુન્દનો સમય પ્રેમીજીના મતે વિક્રમની ત્રીજી શતાબ્દીનું અંતિમ ચરણ છે. તેમનો તર્ક છે કે વીર નિર્વાણ સવંતના ૬૮૩ વર્ષ પશ્ચાત કુન્દકુન્દ થયા. ધરસેન, ઉચ્ચારણાચાર્ય વગેરેના સમયને ૫૦-૫૦ વર્ષ માની લઈએ તો કુન્દકુન્દનો સમય વિક્રમની ત્રીજી શતાબ્દીના અંતિમ ચરણ સિદ્ધ થાય છે. ભગવાન 'મહાવીર ઔર ઉનકી આચાર્ય પરંપરા' માં ડૉ. નેમિચંદ જૈને ઉલ્લેખ પ્રસ્તુત કર્યો છે કે ડૉ. પાઠકને રાષ્ટ્રકૂટ નરેશ ગોવિંદરાજ તૃતીયના જ બે તામ્રપત્રો પ્રાપ્ત થયાં છે. તેમાંથી એક શક્ સવંત ૭૧૯નો છે અને બીજો શક્ સવંત ૭૨૪નો છે. આ તામ્રપત્રોમાં કૌન્ડકોન્દાન્વયના તૌર્ણાચાર્યના શિષ્ય પુષ્પનંદિ અને તેમના શિષ્યના નામનો નિર્દેશ છે. એમના મતે પ્રભાચંદ્ર શક્ સવંત ૭૧૯માં અને તેમના દાદા ગુરૂ તૌર્ણાચાર્ય શક્ સવંત ૬૦૦માં થયા હશે. કુન્દકુન્દને તેમનાથી ૧૫૦ વર્ષ પૂર્વ માની શકાય. આ દૃષ્ટિએ કુન્દકુન્દનો સમય શક્ સવંત ૪૫૦ની આસપાસ હોય શકે. એ પ્રમાણેનો ઉલ્લેખ પણ મળે છે કે કુન્દકુન્દાચાર્યે પંચાસ્તિકાયની રચના શિવકુમાર મહારાજના સંબોધન માટે કરી હતી. આ શિવકુમાર મહારાજનો સમય શક્ સવંત ૪૫૦ની આસપાસ માનવામાં આવે છે . આ પ્રમાણે પણ તેમનો કાલ ઈ.સ. ૫૨૮ માની શકાય છે. પ્રો. એ. ચક્રવર્તીએ ડૉ. હાર્નલે દ્વારા પ્રકાશિત સરસ્વતીગચ્છની દિગંબર પટ્ટાવલીના આધારે કુન્દકુન્દના આચાર્યપદે પ્રતિષ્ઠિત થવાનો કાલ ઈસા પૂર્વે ૮ માને છે અને તેમનો જન્મ ઈસા પૂર્વ ૫૨ કહ્યો છે. આચાર્ય જુગલકિશોરમુખ્તારે સ્વીકાર્યું છે કે કુન્દકુાન્દાચાર્ય વીરનિર્વાણ સવંત ૬૮૩ પહેલા થયા નથી પણ પછી થયા

છે. તઓએ સંપૂર્ણ પટ્ટાવલીના વર્ષોની ગણતરી કરીને આ ગણના પ્રસ્તુત કરી છે.તેમના મતાનુસાર કુન્દકુન્દ વીર નિર્વાણ સંવત ૬૧૭ની આસપાસ થયા હશે. ડૉ. એ.એન. ઉપાધ્યાયે લખ્યું છે કે અમોએ નિમ્ન તથ્યોના આધારે અનેક તર્કો વિષે વિચાર કરીને અને એમના ગ્રંથોના રચનાના પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત કર્યું છે કે કુન્દકુન્દનો સમય વીર નિર્વાણ સવંત ૬૮૩ પૂર્વે પણ માની શકાય છે. તેઓએ પોતાના તર્કોની સાથે અન્ય વિદ્વાનોના તર્કો પર અનેક તર્કો પ્રસ્તુત કર્યા છે. તેમના મતે કુરલ કાવ્ય વગેરેના પરિપ્રેક્ષ્યમાં તેમને પ્રથમ શતાબ્દીમાં સ્વીકાર કરી શકાય છે. ડૉ. જ્યોતિપ્રસાદજી પણ આ કાળનો સ્વીકાર કરે છે. આ બધી ચર્ચાઓને ધ્યાનમાં રાખીને એટલું કહી શકાય કે આચાર્ય કુન્દકુન્દનો સમય પ્રથમથી તૃતીય શતાબ્દી વચ્ચે હોઈ શકે છે . આપણે આચાર્ય કુન્દકુન્દના સમય કે તેમની અન્ય વિષયગત વિવિધ માન્યતાઓ ઉપર વિચાર ન પણ કરીએ પણ જો તેમની રચનાઓ ઉપર વિચાર કરીએ તો તેઓએ જૈન સાહિત્યને જે કૃતિઓ પ્રદાન કરી છે તે જૈન સિદ્ધાંતોને પ્રસ્તુત કરનાર મહાનકૃતિઓ છે. આ ગ્રંથોનું પઠન કર્યા પછી એવું લાગે છે કે તેમનો મૂળ ઉદ્દેશ્ય દ્રવ્યાનુયોગ રહ્યો છે. તે ઉપરાંત પ્રસંગાનુસાર અન્ય વિષયો પણ સમાહિત થયા છે. અહીં આપણે તેમની કૃતિઓનાં નામ માત્ર રજૂ કરીશું. દરેક રચના ઉપર લખવું સંભવ નથી. આચાર્ય કુન્દકુન્દ દ્વારા ચોર્યાસી પાહુડની રચનાના ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. પણ આજે માત્ર આઠ પાહુડ ગ્રંથ જ ઉપલબ્ધ છે. કુરલ કાવ્યના કર્તા તેમને જ માનવામાં આવે છે. પણ તેમની કાલજયી રચનાઓમાં સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય. નિયમસાર, બારસઅણુવેક્ખા, ચારિત્રપાહુડ, રયણસાર વગેરે છે.અષ્ટપાહુડમાં દંશપાહુડ, ચારિત્રપાહુડ, સુત્તપાહુડ, બોહપાહુડ, ભાવપાહુડ, મોક્ખપાહુડ, લિંગપાહુડ પ્રમુખ છે. આ પાહુડ ગ્રંથોમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનું વિશદ્ વર્ણન છે. સુત્ત પાહુડમાં આગમની મહત્તા પ્રસ્તાપિત કરે છે તો બોધપાહુડમાં ચૈત્યગૃહ, જિનપ્રતિમા, દર્શન, દેવ, તીર્થ, પ્રવ્રજ્યા વગેરેનાં વર્ણન છે. ભાવપાહુડ ચિત્તની શુદ્ધિની મહત્તાનું વર્ણન કરે છે તો મોક્ષપાહુડમાં મોક્ષના સ્વરૂપનું વર્ણન કરવામાં

આવ્યું છે.આત્માના બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા આ ત્રણ ભેદોને સમજાવવામાં આવ્યા છે. લિંગપાહુડમાં મુનિધર્મની નિરૂપણા કરવામાં આવી છે.

પ્રવચનસાર, સમયસારમાં મૂળતત્ત્વોનું વર્ણન છે. પ્રવચનસારમાં મુખ્ય ત્રણ અધિકાર છે-જ્ઞાન, જ્ઞેય અને ચારિત્ર. જ્ઞાનાધિકારમાં આત્મા અને જ્ઞાનના એકત્વ શુભ-અશુભ શુદ્ધોપયોગ મોક્ષ, ક્ષયનું વર્ણન છે તો જ્ઞેયાધિકારમાં દ્રવ્ય, ગુણ, પર્યાય, કર્મફલ વગેરેનું વર્ણન છે અને ચારિત્રાધિકારમાં શ્રમણધર્મની ચર્ચા છે. સમયસાર સર્વોત્કૃષ્ટ રચના છે. જેમાં વ્યવહાર અને નિશ્ચયનું વર્ણન કરતા નિશ્ચયની મહત્તાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. તેમાં જીવાજીવ અધિકાર , કર્તા-કર્મ અધિકાર, પુણ્ય-પાપ અધિકાર વગેરેમાં સમસ્ત તત્ત્વોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આમ તો સંપૂર્ણ ગ્રંથમાં સપ્ત તત્ત્વોનું જ વિવેચન છે અને નિષ્કર્ષ રૂપે આત્માનો શુદ્ધસ્વરૂપે જ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષમાં સ્થિત થવાનું છે.

પંચાસ્તિકાયમાં જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને આકાશ આ પાંચ અસ્તિકાયોનું ખૂબ જ વિશદ્ અને વૈજ્ઞાનિક વર્ણન કરવામાં આવ્યું છે. સાથોસાથ નવતત્ત્વોનું વર્ણન કરીને અંતિમ લક્ષ્ય તો મોક્ષને જ મહત્તા આપવામાં આવી છે. નિયમસારમાં ત્રિરત્નને જ મોક્ષના માર્ગ તરીકે પ્રસ્તુત કરવામાં આવ્યું છે. બારસઅણુવેક્ખા અંતર્ગત બાર ભાવનાઓનું વર્ણન છે. જેમનું ચિંતવન કરતા-કરતા વૈરાગ્ય તરફ અગ્રસર થતા સાધક મુક્તિના પથે અગ્રેસર થઈ શકે છે. રયણસારમાં મુનિ અને ગ્રહસ્થોના રત્નત્રય પાલન વિષે નિર્દેશ છે.આ ઉપરાંત સિદ્ધ ભક્તિ, સુદભક્તિ, ચારિત્રભક્તિ, જોઈભક્તિ, આયરિયભક્તિ, ણિવાણણભક્તિ, પંચગુરુભક્તિ, થોસ્સામિસુદિ વગેરે તેમની કૃતિઓ છે. આ સર્વે કૃતિઓમાં આચાર્યે સિદ્ધોની દ્વાદશાંગવાણીના ચારિત્ર્યપાલનથી યોગીઓની રિદ્ધિ-સિદ્ધિ, ગુરુઓ વિષે અને પંચપરમેષ્ઠીના ગુણોનું નિરૂપણ કરતા પ્રસ્તુત કર્યું છે કે જીવ બહિરાત્માથી અંતરાત્મામાં પ્રવેશ કરીને પરમાર્થ તત્ત્વને પ્રાપ્ત કરવા હેતુ નિશ્ચય એટલે કે આત્મામાં રમણ કરે.

કુન્દકુન્દાચાર્યનું સાહિત્ય ખૂબ જ ગૂઢ અને લગભગ દરેક વિષય ઉપર આધ્યાત્મિક રૂપે પ્રસ્તુત કરવામાં આવ્યું છે. કુન્દકુન્દાચાર્યના ગ્રંથોના એક-એક શ્લોક પર બૃહદ ટીકાઓ લખાઈ છે. સમયસાર પર અનેક આચાર્યો અને આધુનિક વિદ્વાનોએ પણ ટીકા લખી છે. આચાર્ય કુન્દકુન્દના સમયસારે તો જાણે યુગમાં ક્રાંતિ જ કરી છે. ૭



# સમયસારમાં મોક્ષ અધિકાર

-પ્રા. અરુણ જોષી

(પ્રા. અરુણ જોષી :- એમ. એ. સંસ્કૃત - અર્ધમાગધી ભાષા સાથે બનારસ યુનિ., ૩૮ વર્ષનો શૈક્ષણિક અનુભવ. ભિન્ન ભિન્ન સામાયિકોમાં લેખો પ્રસિદ્ધ. અનેક અધિવેશનમાં પેપર રીડિંગ, પુસ્તક પ્રકાશન, કટારલેખન, અનુવાદક તેમજ ગુજરાત રાજ્ય સંસ્કૃત અકેડમીના સભ્ય.)

'સમયસાર' ને જૈનો એક અલૌકિક ગ્રંથ માને છે. આ ગ્રંથના કર્તા શ્રી કુન્દકુન્દાચાર્યને દિગંબર સંપ્રદાયમાં ભગવાન શ્રી મહાવીર અને ગણધર શ્રી ગૌતમ પછીનું માનભર્યું સ્થાન પ્રાપ્ત થયું છે. ઈ.સ.ની શરૂઆતમાં અવિભાર્વ પામેલા આ આચાર્યશ્રીના ત્રણ ગ્રંથો - પંચાસ્તિકાય, પ્રવચનસાર અને સમયસાર - 'નાટકત્રય' તરીકે ઓળખાય છે. અધ્યાત્મવિદ્યાનો પરિચય આપતા આ ગ્રંથોને નાટક કેમ કહેવામાં આવ્યા હશે ? આમ કહેવા પાછળ એવો આશય જણાય છે કે સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ પુરુષોની સભામાં જીવ, અજીવ, પાપ, પુણ્ય, મોક્ષ આદિ અમૂર્ત પાત્રો વેષ ધારણ કરીને આવે છે. સમ્યગદષ્ટિ તો આ પાત્રોના શુદ્ધ સ્વભાવને જાણતો હોય છે પણ મિથ્યાદષ્ટિ યથાર્થરૂપથી અનભિજ્ઞ છે. કર્તા આ નાટક દ્વારા મિથ્યાદષ્ટિ ઉપર અનુગ્રહ કરે છે, તેનો ભ્રમ ભાંગે છે અને અલૌકિક શાંતરસમાં લીન બનાવી મિથ્યાદષ્ટિવાળાને પણ સમ્યગદષ્ટિવાળો બનાવે છે. આ અલૌકિક ગ્રંથમાં મોક્ષતત્ત્વનું નિરૂપણ શુદ્ધ નયની દષ્ટિએ કરવામાં આવ્યું છે.

શ્રી કુન્દકુન્દાચાર્યે 'બંધ' તત્ત્વની ચર્ચા કરતી વખતે જણાવ્યું છે કે જ્ઞાન પ્રગટ થતાં રાગાદિક રહેતા નથી પછી 'બંધ' પણ રહે નહિ. આમ જ્ઞાન નિરાવરણ થતાં પ્રકાશપણાને પામે છે. ત્યાર પછી કર્તાએ મોક્ષ તત્ત્વનું નિરૂપણ આપ્યું છે.

રાગાદિકથી થતા બંધના સ્વરૂપને માત્ર જાણવાથી મોક્ષની પ્રાપ્તિ થતી નથી. બંધનો છેદ કરવો અત્યંત જરૂરી છે. રાગાદિકથી મુક્ત થનાર

જ મોક્ષ પામી શકે છે. બંધના સ્વરૂપને જાણવા માત્રથી તે કપાતો નથી, પણ તેને કાપવાથી જ મોક્ષ મળે છે. આ બાબત સ્પષ્ટ કરવા માટે દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. બેડીમાં પુરાયેલો માનવી બેડી વિશે બધું જાણતો હોય છે પણ તેથી તે કાંઈ મુક્ત થતો નથી. મુક્ત થવા માટે તો બેડી કાપવી જ પડે. આમ બંધને છોડવો અત્યંત જરૂરી છે. આત્માના સ્વભાવને જાણનારો બંધોથી વિરમે છે અને અકળ કાર્યોમાંથી મોક્ષ મેળવે છે. પણ તે માટે આત્મા અને બંધને છૂટા પાડવા પડે એ પ્રથમ કર્તવ્ય બની રહે છે. આમ કઈ રીતે થાય ? અજ્ઞાનીના મનમાં આત્મા અને બંધ બાબત મોટો વ્યામોહ રહેલો છે તેને તો આત્મા અને બંધનો ભેદ જ દેખાતો નથી. આત્મા પણ અમૂર્તિક છે અને બંધ પણ સૂક્ષ્મ પુદ્ગલ પરમાણુનો સ્કંધ છે. આમ બન્ને સૂક્ષ્મ હોવાથી એકપિંડરૂપ ભાસતા હોવાથી અજ્ઞાની ભ્રમિત બની જાય છે. પરંતુ ઉપકારક સદ્ગુરુઓના સંગથી અજ્ઞાન નાશ પામે છે. પછી તેને ભાન થાય છે કે આત્માનું લક્ષણ ચૈતન્ય પાત્ર છે અને બંધનું લક્ષણ રાગાદિક છે. આમ તફાવત સમજતાં, આચાર્યશ્રી કહે છે કે પ્રજ્ઞારૂપી છીણીની જરૂર પડર છે. આ છીણીથી પ્રહાર કરવાથી આત્મા અને બંધને જુદા પાડી શકાય છે. એ બન્ને જુદા થયા પછી ઈષ્ટના સ્વીકાર અને અનિષ્ટના ત્યાગની જરૂર પડે છે. એટલે કે શુદ્ધ આત્માને ગ્રહણ કરવાનો અને બંધનો ત્યાગ કરવાનો રહે છે. ગ્રંથમાં પ્રજ્ઞા માટેનું વિશેષણ 'ભગવતી' આપવામાં આવ્યું છે. જેના દ્વારા પ્રજ્ઞાનું મહાત્મ્ય વ્યક્ત થાય છે. આ સામાન્ય પ્રજ્ઞા નથી.

એવો પ્રશ્ન સ્વાભાવિક રીતે થાય કે આત્માનું ગ્રહણ કઈ રીતે થાય ? આચાર્યશ્રી જણાવે છે કે જેમ પ્રજ્ઞાથી આત્માને ભિન્ન પાડવામાં આવ્યો તેમ પ્રજ્ઞાથી જ તેનું ગ્રહણ કરવાનું છે. હું તો શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવ છું એવી પ્રતીતિ થતાં આત્માનું ગ્રહણ થાય છે. સાથે સાતે જેમનું સ્વલક્ષણ ચૈતન્ય નથી એવા પરભાવો મારાથી ભિન્ન છે.એવો પણ અનુભવ કરવો જોઈએ. આમ ચેતનાનો અનુભવ જરૂરી છે. સ્વદ્રવ્યમાં જે સંવૃત્ત રહે છે તે સંતુષ્ટ છે અને નિરપરાધી ગણાય છે. જ્યારે પરદ્રવ્યનો ગ્રહણ કરનારો અપરાધી બને છે. આટલી ચર્ચા કર્યા બાદ 'અપરાધ' શબ્દની સમજૂતી આપવામાં

આવી છે. 'રાધ' એટલે આરાધના. પ્રસન્નતા, સિદ્ધિ, પૂર્ણતા વગેરે જે રાધથી રહિત છે તે અપરાધ. અપરાધવાળો આત્મા હમેશ અનંત પુદ્‌ગલ પરમાણુરૂપ કર્મોથી બંધાય છે.જ્યારે નિરપરાધ આત્મા કદાપિ બંધનને સ્પર્શતો જ નથી. નિરાપરાધ થવા માટે પ્રતિક્રમણ વગેરે જરૂરી ગણાય. પરંતુ શ્રી કુંદકુંદાચાર્યના લખાણમાં નિશ્ચયનયની પ્રધાનતા જોવા મળે છે. વ્યવહારનય કરતાં આ નય સાવ ભિન્ન છે. તેથી પ્રતિક્રમણ વગેરેને પણ વિષ કુંભ ગણેલ છે. કર્તાપણાની બુદ્ધિથી રહિત અપ્રતિક્રમણને આચાર્યશ્રીએ અમૃતકુંભ ગણેલ છે. નિશ્ચયનય અથવા શુદ્ધ નયથી કોઈ અજ્ઞાની પ્રતિક્રમણાદિનો ત્યાગ ન કરે એવી સ્પષ્ટતા અહીં જરૂરી છે. પ્રમાદનો નાશ અતિ આવશ્યક છે. ત્યાર પછી જ શુદ્ધ ભાવ પામીને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

ઉપર જણાવેલ નિરૂપણને અતિ સંક્ષેપમાં રજૂ કરતાં કહેવામાં આવ્યું છે કે જે પુરુષ અશુદ્ધિ કરનાર પરદ્રવ્યને છોડીને પોતે પોતાના સ્વદ્રવ્યમાં લીન થાય છે તે પુરુષ સર્વ અપરાધોથી મુક્ત થઈ બંધનો નાશ કરીને સ્વજ્યોતિથી ચૈતન્યરૂપ અમૃતના પ્રવાહમાં શુદ્ધ થઈને મુક્ત બને છે. આમ અત્મસ્વરૂપમાં લીન થવું એટલે જ મોક્ષ પામવો.

લગભગ વીશેક ગાથાઓમાં શ્રી કુંદકુંદાચાર્યે આ ગહન વિષયની રજુઆત કરી છે. વિષયની જેટલી ગહનતા છે એટલી જ સરળતા તેમની ગાથાઓમાં જોવા મળે છે. ઉદાહરણ તરીકે કેટલીક ગાથાઓ જોઈએ :

जई ण वि कुणइ च्छेदं ण मुच्चए तेण बंधणवसो सं ।
कालने उ बहुएण वि न सो जणो पावइ विमोक्खं ।।

એટલે કે જે માનવ બંધનો છેદ ન કરે તો તે મુક્ત થાય નહિ. બંધનવશ જ રહે. ઘણો સમય પસાર થાય તો પણ તેને મોક્ષ મળે નહીં.

जह बंधे चिंतेतो बंधणबद्धो न पावई विमोक्खं ।
तह बंधे चिंतेतो जीवो वि पावइ न विमोक्खं ।।

એટલે કે બેડીમાં પુરાયેલો માણસ જેમ બેડીને કાપવાથી મુક્ત થાય છે તેમ બંધને કાપવાથી જીવ મુક્ત થાય છે.

આમ અતિસરળ ગાથાઓનો વિનિયોગ કરીને શ્રી કુંદકુંદાચાર્યે

માનવીના ઉદ્ધાર માટે આ આગમરૂપ ગ્રંથની રચના કરી છે. મોક્ષ અંગે અહીં જે રીતે જે વિચારણા થઈ છે તે હિંદુધર્મના ગ્રંથોમાં આ જ વિષયની ચર્ચા સાથે સરખાવવી રસપ્રદ થઈ શકશે. શિવગીતા(૧૬-૩૨)માં કહેવામાં આવ્યું છે કે:

मोक्षस्य न हि वासोऽस्ति न ग्रामांतरमेव वा ।
अज्ञानहृदयग्रंथिनाशो हि मोक्षः इति स्मृतः ।।

(મોક્ષ એ અમુક રહેઠાણમાં છે અથવા બીજા કોઈ ગામમાં છે એમ નથી. હૃદયની અજ્ઞાન ગ્રંથીનો નાશ એજ મોક્ષ)

ભગવદ્ગીતામાં પણ જણાવવામાં આવ્યું છે કે :

अभितः ब्रह्मनिर्वाणं वर्तने विदितात्मनाम् । (૮૫.૨૬)

એટલે કે જેને આત્માનું જ્ઞાન થયું છે તેને બ્રહ્મનિર્વાણરૂપ મોક્ષ પ્રાપ્ત થાય છે. મુંડક ઉપનિષદમાં પણ આ જ હકીકતનું સમર્થન કરતા શબ્દો મળે છે. તેમાં કહેલ છે કે :

ब्रह्म वदे ब्रह्म भवति ।

એટલે કે બ્રહ્મ જાણનાર બ્રહ્મ થાય છે.

આમ માનવ આત્માની જ્ઞાન દૃષ્ટિએ જે આ પૂર્ણ અવસ્થા છે તેને મોક્ષ કહેવામાં આવે છે.પછી 'एकं सद् विप्रा बहुधा वदन्ति' અનુસાર તેને બ્રાહ્મી સ્થિતિ પણ કહેવાય. સ્થિતપ્રજ્ઞની અવસ્થા પણ કહેવાય. ભક્તની અને ત્રિગુણાતીતની અવસ્થા પણ કહેવાય. શ્રી રાધાકૃષ્ણના શબ્દો જોઈએ તો 'માનવને થતો ઊંચામાં અનુભવ એ જ મોક્ષ'.

# શ્રીમદ્‌ની કવિતા-એક સંક્ષિપ્ત દર્શન

-ડૉ. જયંત મહેતા

(ડૉ જયંત મહેતા :-રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી અને લોકસાહિત્ય પર પીએચ.ડી, કર્યું છે. પાંચ પુસ્તકો પ્રસિદ્ધ થયા છે. 'દશાશ્રીમાળી' ના તંત્રી તરીકે સેવા આપે છે. જૈન અને જૈનેતર સાહિત્યના અભ્યાસી છે.)

સાહિત્યસર્જનને ક્ષેત્રે શ્રીમદ્ રાજચંદ્રની એક આગવી પ્રતિભા ઉપસે છે અને સાહિત્યકીય દ્રષ્ટિએ ખાસ કરીને એમની કવિતા અને કેટલુંક ગદ્ય ખરેખર ઊંચી કક્ષાનું છે એવી પ્રતીતિ થાય છે. શ્રીમદ્‌ના સાહિત્યનું મૂલ્યાંકન આજ પર્યંત ઘણું ઓછું થયું છે.જોકે શ્રીમદ્‌ના સાહિત્ય વિષે આપણા સારસ્વતોએ પ્રસંગોપાત્ત ઉલ્લેખો કર્યા છે ખરા. આવા ઉલ્લેખો કરનારાઓમાં ગાંધીજી, પંડિત સુખલાલજી, પંડિત બેચરદાસજી, આનંદશંકર ધ્રુવ, કાકાસાહેબ કાલેલકર, મુનિશ્રી પુણ્યવિજયજી, રસિકલાલ પરીખ, નર્મદાશંકર મહેતા, વિમલા ઠકાર જેવી પ્રતિષ્ઠિત વ્યક્તિઓએ ભાવભીની વાણીમાં શ્રીમદ્‌ની પ્રશંસા કરી છે એ નોંધનીય છે. પરંતુ એમનું સાહિત્યિક મૂલ્યાંકન કે વિશદ સમીક્ષા જોવા મળતી નથી.

ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં પણ શ્રીમદે્ સાહિત્યક્ષેત્રે કરેલા અર્પણની કોઈ વિશિષ્ટ નોંધ જોવા મળતી નથી . શ્રીમદ્‌ને ગાંધીજી કવિ તરીકે સંબોધન કરતાં અને એમના કેટલાક મિત્રો પણ એમને કવિ કહેતા. આ સંબોધન તેમણે સાર્થક કર્યું છે.

આઠ વર્ષની નાની વયે તેમણે કવિતા લખવાની શરૂઆત કરી. નવ વર્ષની વયે રામાયણ અને મહાભારત સંક્ષિપ્ત કથા પદ્યમાં લખી . અગિયાર વર્ષની વયે તો એમની કૃતિઓ તત્કાલીન પ્રતિષ્ઠિત સામાયિકોમાં પ્રગટ થવા લાગી. સોળ વર્ષની વયે 'મોક્ષમાળા' જેવું જૈન દર્શનના સાર રૂપ માનવ ધર્મ અને આત્મધર્મનું સ્વરૂપ આલેખનું એક પ્રેરક પુસ્તક લખ્યું

જેમાં તેમણે તત્ત્વજ્ઞાનના ગહન વિષયને સરળ શૈલીમાં અને દ્રષ્ટાંતોને સહારે સુગમ બનાવ્યો છે.

અહીં તેમના કેટલાંક કાવ્યો વિશે સંક્ષિપ્ત સમીક્ષા કરવાની છે. એમની પુખ્ત વયે 'અપૂર્વ અવસર' અને 'આત્મસિદ્ધિશાસ્ત્ર' જેવા અત્યુત્તમ કાવ્યો લખાયાં છે. આજે એક શતાબ્દી પછી પણ આ બે કાવ્યો આંતરબાહ્ય દ્રષ્ટિએ ઉત્તમ રચનાઓ તરીકે સિદ્ધ થયેલ છે. ૨૮ વર્ષની વયે સં. ૧૯૫૨ના આસો વદ એકમને દિવસે એમણે 'શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર' જેવા તત્ત્વજ્ઞાનના ગહન વિષયને સ્પર્શતું કાવ્ય લખ્યું. ૨૯ વર્ષની વયે 'અપૂર્વ અવસર' જેવું અનેક કાવ્યગુણોથી સભર કાવ્ય લખ્યું. આ સિવાય તેમણે અનેક કાવ્યોનું સર્જન કર્યું છે. આ કાવ્યોમાં ખાસ ગણનાપાત્ર કાવ્યો - આ પ્રમાણે છે: 'અમૂલ્ય તત્ત્વવિચાર', 'જિનેશ્વરની વાણી', 'પ્રભુ પ્રાર્થના', 'ધર્મ વિશે', 'સામાન્ય મનોરથ', 'તૃષ્ણાની વિચિત્રતા', 'હે, પ્રભુ! હે પ્રભુ!', 'જિનવર કહે છે' અને કેટલાંક મુક્તકો તેમજ હિંદી ભાષામાં લખેલાં કાવ્યોનો સમાવેશ થાય છે.

અપૂર્વ અવસરઃ આ એક ભાવવાહી સુંદર ગેય કાવ્ય છે. એકવીસ ગાથામાં રૂમઝૂમ કરતું ઝરણું વહેતું હોય એવી ગતિશીલ ભાવવાહિતાપૂર્વક એની પ્રત્યેક પંક્તિઓનું આયોજન થયું છે. કોઈ પણ પંક્તિમાં લયભંગ થતો નથી અને કોઈ પણ પંક્તિ આયાસપૂર્વક લખાઈ હોય એવું જણાતું નથી એમના પદ્યમાં આવી વિશેષતા છે.

કાવ્યના આરંભમાં એવી સબળ બે પંક્તિઓ તેઓ મૂકે છે કે આરંભથી તે અંત સુધી આ કાવ્યનો અર્થવિસ્તાર સાદ્યંત આસ્વાદ્ય બને છે. આ પંક્તિઓ છે :

*અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?*
*ક્યારે થઈશું બાહ્યાંતર નિગ્રંથ જો ?*

આત્મસ્થિતિને - નિજ સ્વરૂપને પામવા માટે બાહ્યાંતર નિગ્રંથ થવાની અહીં શ્રીમદ્ વાત કરે છે અને ત્યાર પછીની પંક્તિઓમાં નિરંજન ચૈતન્યમૂર્તિ સહજપદરૂપ પ્રપ્ત કરવા માટેનો માર્ગ પ્રબોધ્યો છે. આ કાવ્યમાં જે સ્વરૂપનું

વર્ણન છે તેને વાણી વ્યક્ત કરી શકે નહિ અને એથી એનું વર્ણન પર્યાપ્ત બની શકે નહિ કારણકે આ જ્ઞાન માત્ર અનુભવને આધારે જ પ્રપ્ત થઈ શકે એવી વાત નીચેની પંક્તિમાં તેમણે કરી છે.

*'જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,*
*કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;*
*તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?*
*અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો'.*

<u>શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર</u> :- વિશિષ્ટ કાવ્યગુણોથી ઓપતું આ માત્ર કાવ્ય જ નથી પણ ફક્ત ૧૪૨ ગાથામાં આત્મસ્વરૂપને સમજાવતું એક ગહન વિષયને નિરૂપતું પદ્યાત્મક શાસ્ત્ર છે. કાવ્યની વિશિષ્ટ પ્રકારની યોજના છે. એમાં મતાર્થી અને આત્માર્થીનાં લક્ષણો કહ્યાં છે. અને આ બન્નેનાં વર્ણનમાં શ્રીમદ્દે ખૂબીપૂર્વક ઉપર્યુક્ત શબ્દોને સહારે આ રહસ્યને સમજાવ્યું છે. વચ્ચે વચ્ચે કરુણાસભર ઉપાલંભની વાણી પણ કેવી આર્દ્રતાથી ઉપસે છે તે નીચેની પંક્તિઓમાં અનુભવાય છે:

*'કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ;*
*માને મારગ મોક્ષનો, કરુણા ઉપજે જોઈ'.*

આ કાવ્યમાં એક બીજું રસપ્રદ આયોજન શ્રીમદ્દે કર્યું છે, તે છે સદ્ગુરુ અને શિષ્ય વચ્ચેનો સંવાદ. આ સંવાદમાં શિષ્યની શંકાના ગુરુ ઉત્તરો આપે છે. અને એમાં ષટ્દર્શનની વાત પણ મુમુક્ષુને - હૃદયંગમ થાય તે રીતે તેમણે મૂકી છે :

'આત્મા છે' , 'તે નિત્ય છે', 'છે કર્તા નિજકર્મ', 'છે ભોક્તા', વળી 'મોક્ષ છે', 'મોક્ષ ઉપાય સુધર્મ', કાવ્યના અંતભાગમાં એમણે આત્મસિદ્ધિશાસ્ત્રનો સાર છેલ્લી બે પંક્તિઓમાં અત્યંત લાઘવથી વ્યક્ત કર્યો છે:

*'દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;*
*તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત'.*

આ સમગ્ર કાવ્ય આત્મજ્ઞાનના ગહનતમ પ્રદેશમાં ભાવકને લઈ જાય છે અને આત્મસિદ્ધિ કઈ રીતે પ્રાપ્ત કરી શકાય એનો માર્ગ દર્શાવે છે. ગુજરાતી સાહિત્યમાં આત્મદર્શનના નરસિંહ મહેતાથી માંડીને જે જે કાવ્યાત્મક પ્રયોગો થયા છે તેમાં શ્રીમદ્‌નું 'આત્મસિદ્ધિ શાસ્ત્ર' ઉચ્ચ સ્થાનનું અધિકારી છે.

'અમૂલ્ય તત્ત્વવિચાર' પણ શ્રીમદ્‌નું એક ઉત્તમ ગેય કાવ્ય છે: 'બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો' એવી પંક્તિઓથી શરૂ થતું આ કાવ્ય મીરાંબાઈના 'નહિ એસો જનમ બારબાર' સાથે તુલના કરવા જેવું છે. આ કાવ્યનું ઉત્તુંગ શિખર છે:

*હું કોણ છું ? ક્યાંથી થયો ?*
*શું સ્વરૂપ છે મારું ખરું ?*
*કોના સંબંધે વળગણા છે ?*
*રાખું કે એ પરહરું*

આધ્યાત્મિક વિષયના આવા ગહન કાવ્યો સિવાય શ્રીમદે સામાજિક સુધારાવાદી દ્રષ્ટિએ પણ કેટલાંક કાવ્યો લખ્યાં છે તેની બહુ નોંધ લેવાઈ નથી. લગભગ પંદર વર્ષથી માંડીને આરંભમાં તેમણે આ પ્રકારનાં કાવ્યો લખેલાં છે એમાં કવિ દલપતરામ તથા નર્મદાની કાવ્ય શૈલીનાં કેટલાંક લક્ષણો જોવા મળે છે. સં. ૧૯૪૦માં તેમણે "સ્ત્રીનીતિ બોધક (ગરબાવળી)" પ્રગટ કરી એમાં સ્વદેશ પ્રેમ તથા સ્ત્રી કેળવણી દ્વારા મહિલાસમાજમાં સુધારા પ્રેરવાની તેમની અદમ્ય ઈચ્છા પ્રગટ થાય છે જેમ કે;

*"થવા દેશ આબાદ સૌ હોંશ ધારો,*
*ભણાવી ગણાવી વનિતા સુધારો,*
*થતી આર્યભૂમિ વિષે જેહ હાનિ,*
*કરો દૂર તેને તમે હિત માની"*

દલપતરામની મનહર છંદમાં રચાયેલી સુધારા અંગેની કવિતા જેવી તેમણે અનેક કવિતાઓ લખી છે, એમાંની "સ્ત્રી નીતિ બોધક" કવિતા મુખ્ય છે:

*"સુધારાની સામી જેણે કમર કસી છે હસી,*
*નિત્ય નિત્ય કુસંપ જે, લાવવાને ધ્યાન ધરે,*
*તેને કાઢવાને તમે, નાર-કેળવણી આપો,*
*કુચાલો નઠારા કાઢો, બીજા જે બહુ નડે,*
*રાયચંદ પ્રેમે કહે, સ્વદેશી સુજાણ જનો,*
*દેશહિત કામ હવે, કેમ નહિ આદરે ?"* દલપતશૈલીની કટાક્ષ અને રમૂજભરી મનહર છંદમાં આલેખાતી કવિતા જેવી શ્રીમદ્‌ની અગંભીર કવિતા પણ નોંધપાત્ર છે. "તૃષ્ણાની વિચિત્રતા" માં શ્રીમદ્‌નો વિનોદ કેવો અસરકારક રીતે પ્રગટ થયો છે તે જોઈએ:

*કરચલી પડી દાઢી ડાચાંતણો દાટ વળ્યો,*
*કાળી કેશપેટી વિષે શ્વેતતા છવાઈ ગઈ,*

સૂંઘવું, સાંભળવું, ને દેખવું તે માંડી વાળ્યું,તેમ દાંત આવલી તે, ખરી કે ખવાઈ ગઈ શ્રીમદ્ શંકરાચાર્યની 'અંગમ્ ગલિતમ્ પલિતમ્ મુંડમ્...' જેવી પંક્તિઓ અહીં સાંભરે.

શ્રીમદ્‌ના કાવ્ય 'જિનેશ્વરની વાણી' માં પણ દલપત શૈલીના મનહર છંદની એક અસરકારક છટા ઝિલાઈ છે.

*અહો! રાજચંદ્ર બાળ ખ્યાલ નથી પામતા એ,*
*જિનેશ્વર તણી વાણી જાણી તેણે જાણી છે.*

આ પંક્તિઓ આપણને દલપતરામની પેલી વિખ્યાત પંક્તિઓનું સ્મરણ કરાવે છે:

ગુજરાતી શાણી રાણી વાણીનો વકીલ છું.

આ રીતે પ્રવાહી મનહર છંદમાં પ્રાસાનુપ્રાસ અને સરળ બાનીનું શ્રીમદ્દે કેટલાંક કાવ્યોમાં આલેખન કર્યું છે.

શ્રીમદ્‌ની કેટલીક પંક્તિઓમાં મધુર પદાવલિ, પ્રાસાનુપ્રાસની આહ્લાદક રચના તેમજ શબ્દસૌંદર્ય તથા મુગ્ધકર લયવાહિતાનો હૃદયગમ અનુભવ થાય છે .

*નિત્ય નિરંજન નિત્ય છો, ગંજન ગંજ ગુમાન.*
*અભિવંદન અભિવંદના, ભયભંજન ભગવાન,*
*ધર્મધરણ તારણતરણ, શરણ ચરણ સન્માન,*
*વિઘ્નહરણ પાવનકરણ, ભયભંજન ભગવાન,*

(પ્રભુ પ્રાર્થના)

*આભૂષણોથી ઓપતા ભાગ્યા મરણને જોઈને,*
*જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કાઈને,*

(કાળ કોઈને નહીં મૂકે)

*ધર્મ વિના પ્રીત નહીં, ધર્મ વિના રીત નહીં,*
*ધર્મ વિના હિત નહીં, કથું જન કામનું,*
*ધર્મ વિના ટેક નહીં, ધર્મ વિના નેક નહીં,*
*ધર્મ વિના ઐક્ય નહીં, ધર્મ ધામ રામનું,*

(ધર્મ વિષે)

શ્રીમદ્‌નાં કાવ્યોનું આ સંક્ષિપ્ત અવલોકન શ્રીમદ્‌ની સમગ્ર કવિતાની વિશદ સમીક્ષા કરવા પ્રેરે એવો અહીં આશય રખાયો છે અને ગુજરાતી કાવ્ય સાહિત્યમાં શ્રીમદ્‌ની કવિતાનું આગવું સ્થાન પ્રસ્થાપિત થાય તે અત્યંત આવશ્યક છે.



## શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક ગાથા

લે. પ્રકાશ શાહ

(જૈનદર્શનના અને ખાસ કરીને શ્રીમદ્ રાજચંદ્રજીના સાહિત્યના અભ્યાસુ છે. સત્સંગ અને સ્વાધ્યાય તેમની પ્રવૃત્તિનું મુખ્ય અંગ છે.)

૧) જન્મ તથા અધ્યાત્મયોગી :-

આત્મજ્યોતિને અજવાળે, ધર્મનો પ્રકાશ પાથરનાર શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ વવાણીઆ ગામના વણિક કુટુંબમાં થયો હતો. વિ.સ.૧૯૨૪ની કારતકી પૂનમ રવિવાર તા. ૯-૧૧-૧૮૬૭ નો તે ધન્ય દિવસ હતો. તેમના પિતાનું નામ રવજીભાઇ પંચાણભાઇ મહેતા હતું. તેમની માતાનું નામ દેવબાઇ હતું. બાલયોગી શ્રીમદ્નું જીવન સાત વર્ષ સુધી રમતગમતમાં પસાર થયું. જન્મથી જ યોગીશ્વર જેવી નિરપરાધી વૈરાગ્યમય દશા હતી. જે ઊંમરે બાળક અતિ ચંચળ હોય ત્યારે આ તો સ્હેજે જાણે મન-વચન-કાયાના યોગરહિત કોઇ શાંત મુનિની જેમ વર્તતા હતા. બાળ શ્રીમદ્ એક શક્તિશાળી નામાંકિત વિદ્યાર્થી તરીકે પ્રખ્યાત થયા. શ્રીમદ્ને અલ્પવયમાં ક્યારેક રાજેશ્વર જેવી ઊંચી પદવી મેળવવાની જિજ્ઞાસા થતી હતી. ૧ વર્ષમાં ૪ ધોરણ સુધીનો તથા બીજા વર્ષે સાત ધોરણ સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યો. તેઓની અસાધારણશક્તિથી સ્કૂલમાં તથા પરીક્ષક બંનેની પ્રશંસાને પાત્ર બન્યા.

૨) જાતિસ્મરણજ્ઞાન :-

સાત વર્ષના શ્રીમદ્ના જીવનમાં એક અદ્ભુત ઘટના બને છે. વવાણીઆમાં અમીચંદભાઇ નામના યુવાનનું સર્પદંશથી મૃત્યુ થયું. તેમના અગ્નિસંસ્કાર વિધિ પ્રસંગે પ્રજવલિત ચિતાને શ્રીમદ્જીએ નજરોનજર ઝાડ પરથી જોઇ. તેઓને થયું કે એવું કયું તત્ત્વ છે કે જે ચાલ્યું ગયું. શરીર તો એવું જ છે. આમ વિચારની શ્રેણીએ ચડતા-ચડતા અંતરમાં તેજ ફેલાયું, પૂર્વજન્મોની સ્મૃતિ વચ્ચે રહેલું આવરણ ટળી ગયું. જાણે પડદો હટી ગયો. કેટલાય પૂર્વજન્મોનું સ્મરણ થયું. તેઓને જાતિસ્મરણ જ્ઞાન થયું. ભવિષ્યમાં

જૂનાગઢનો ગઢ જોતાં તેમાં અનેકગણી વૃદ્ધિ થઇ અને અંતે પૂર્વના ૯૦૦ ભવ શ્રીમદ્‌ને જાણવામાં આવ્યા. આ જ્ઞાનને કારણે જ શ્રીમદ્ સાત વર્ષની નાની ઉંમરમાં અદ્‌ભુત વૈરાગ્યરસ અનુભવવા લાગ્યા. એક બાહ્યઘટના નિમિત્ત બની અને અંતરમાં વૈરાગ્યની ચિનગારીનો સ્પર્શ થયો. જાતિસ્મરણજ્ઞાન એ મતિજ્ઞાનના ધારણા નામના ભેદમાં સમાય છે. તેનાથી પાછલા ભવ જાણી શકાય છે. શ્રીમદ્‌જી કહે છે 'પૂર્વજન્મ છે - જરૂર છે એ માટે હું અનુભવથી હા કહેવામાં અચળ છું'.

૩) શતાવધાની કવિ તથા વિરલ તત્ત્વવેતા :

આઠ વર્ષની વયે તેમણે કવિતા લખવાની શરૂઆત કરી. આઠમા વર્ષે તેઓએ જુદા-જુદા વિષયો પર ૫૦૦૦ શ્લોકો લખ્યા. ૯ મા વર્ષે રામાયણ તથા મહાભારત પદ્યમાં સંક્ષિપ્તરૂપે લખ્યાં. ૧૦ મા વર્ષે તેઓની વાક્છટા તથા અનુપમ લખાણોને કારણે રાજદરબારમાં પણ આદરને પાત્ર બન્યા. ૧૩ મા વર્ષથી અનેક ધર્મગ્રંથો, મહાપુરુષોનાં જીવનચરિત્રો વગેરેનું પઠન કરી ૧૫ મા વર્ષ સુધીમાં તો ઘણા વિષયો સંબંધી જ્ઞાન મેળવી લીધું. ત્યારબાદ જૈન, બૌદ્ધ, વેદાંત, સાંખ્ય, યોગ અને ચાર્વાક એમ ૬ એ દર્શનોનાં મુખ્યગ્રંથોને અવલોકી ગયા. જૈનધર્મ પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા થઇ તેના ફળ સ્વરૂપ ૧૬ વર્ષ અને ૫ માસની ઊંમરે મોરબીમાં શ્રીમદ્‌ે ત્રણ દિવસમાં 'મોક્ષ માળા' નામનો ૧૦૮ પાઠોનો ગ્રંથ લખીને પ્રગટ કર્યો. જેમાં જૈનધર્મના સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવવાનો પ્રયત્ન કરેલ છે. ૧૬ મા વર્ષથી અવધાન કરી બતાવ્યા. ત્યારબાદ ૧૨, ૧૬, તથા ૫૨ અવધાન કરી 'હિન્દના હીરા' નું બિરુદ મેળવ્યું. ૧૯ માં વર્ષે મુંબઇમાં ૧૦૦ અવધાન હજારો મહાનુભાવો સમક્ષ કરી પ્રજાને મંત્રમુગ્ધ કરી દીધી. 'સાક્ષાત સરસ્વતી'નું બિરુદ પામ્યા. શ્રીમદ્‌જીના યશ-કીર્તિનો સુવર્ણ સૂર્ય ચોમેર પ્રકાશવા લાગ્યો. તેઓ શીઘ્રકવિ, વિદ્વાન, ઉપરાંત શતાવધાની તરીકે જગપ્રસિદ્ધ થયાં પરંતુ આ ક્ષણે શ્રીમદ્‌ના મનમાં વિચાર-મંથન ચાલ્યું કે આ બધાથી લૌકિક સિદ્ધિ તથા પ્રતિષ્ઠા તો મળશે પરંતુ આત્મસાધનામાં તે બાધારૂપ થશે માટે તેઓ

આ રિદ્ધિ-સિદ્ધિની પાછળ રહેલા જોખમને સમજી ગયા. ૨૯ મા વર્ષે અપૂર્વ એવા 'આત્મસિદ્ધિ શાસ્ત્ર'ની માત્ર દોઢ કલાકમાં એક જ બેઠકે પદ્યરચના કરીને શ્રીમદ્ે ૧૪ પૂર્વનો સાર વિશ્વને આપ્યો. મુનિશ્રી લલ્લુજી ઉપર લખાયેલા છ પદના પત્રનું પદ્યમાં રૂપાંતર શ્રી સૌભાગ્યભાઇની વિનંતીથી થયું. આ ઉપરાંત તેઓએ અપૂર્વઅવસર, મૂળમાર્ગ, બહુપુણ્ય કેરાપૂંજથી, એવા અનેક અદ્ભુત કાવ્યોની રચના કરી તેમજ લગભગ ૧ હજાર પત્રોનો પૂંજ આત્માર્થી જીવોના નિમિત્તે લખી ભવ્યોનું કલ્યાણ કરતાં ગયા. દશવૈકાલિકસૂત્રમાં કથન છે કે જેણે જીવ અજીવના ભાવ નથી જાણ્યા તે અબુધ સંયમમાં સ્થિર કેમ રહી શકશે ? સ્યાદવાદ શૈલી અનુપમ અને અનંત ભેદભાવથી ભરેલી છે જેનું તત્ત્વજ્ઞાન ઉત્તમ અને સૂક્ષ્મ છે. નવ તત્ત્વનું કાળભેદે જે સત્પુરુષો જાણે છે મહાપુણ્યશાળી તેમજ ધન્યવાદને પાત્ર છે.

૪) ગાંધીજીના પથદર્શક :

મહાત્મા ગાંધીજી કહે છે કે, 'મારા જીવન પર શ્રી રાયચંદભાઇનો એવો સ્થાયી પ્રભાવ પડ્યો છે કે હું એનું વર્ણન કરી શકતો નથી. હું કેટલાય વર્ષોથી ધાર્મિક પુરુષની શોધમાં છું, પરંતુ એમના જેવા ધાર્મિક પુરુષ હિંદમાં હજુ સુધી મેં જોયા નથી.'

૫) આત્મહિતનાં શ્રેષ્ઠ સાધન :

આ લોક ત્રિવિધ તાપથી વ્યાપ્ત છે. બાહ્ય ઉપાધિ અને પ્રબળ વ્યાધિ જીવતા માનવીને માટે શ્રીમદ્નું જીવન સમતાનો શીતળ છાયડો બની ગયું છે. ભાનભૂલીને ભટકતા માનવીને આત્મશ્રેયાર્થે તેમનાં વચનો દીવાદાંડીરૂપ બની ગયાં છે. શ્રીમદ્જીએ ભવ્યજીવોના કલ્યાણને અર્થે જે માર્ગ દર્શાવ્યો છે તેમાં ૧) સત્ય તથા અહિંસામય જીવન, ૨( સત્પુરુષની શોધ, ૩) પ્રત્યક્ષ સદ્ગુરુનું મહાતમ્ય અને ૪) અસંગતા એ મુખ્યપણે જણાવ્યા છે. તેઓ લખે છે કે જે મુમુક્ષુ ગૃહસ્થ વ્યવહારમાં હોય તેણે તો અખંડ નીતિનું મૂળ પ્રથમ આત્મામાં સ્થાપવું જોઇએ, નહી તો ઉપદેશાદિનું નિષ્ફળપણું થાય છે. દ્રવ્યાદિ

ઉત્પન્ન કરવાં આદિમાં સાંગોપાંગ ન્યાયસંપન્ન રહેવું તેનું નામ નીતિ છે. પરહિત એજ નિજહિત સમજવું, પરદુઃખ એ પોતાનું દુઃખ સમજવું. જ્યાં કોઇ પ્રાણીનું દુઃખ, અહિત કે અસંતોષ રહ્યા છે ત્યાં દયા નથી, અને દયા નથી ત્યાં ધર્મ નથી. વ્યાપારાદિમાં તેમની પ્રામાણિકતા અજોડ હતી. આ દૂષમકાળનાં દુર્ભાગી જીવો માટે શ્રીમદ્ અનંત ઉપકાર કરી આત્મહિત કરવાની અહાલેક જગાવી છે. તેઓ લખે છે કે બીજું કાંઇ શોધમાં, માત્ર એક સત્પુરુષને શોધી લે અને તેના ચરણકમળમાં વર્ત્યો જા, પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લે જે. તેઓ એ પ્રત્યક્ષ સત્પુરુષની ભક્તિને આત્મહિત માટેનું એક અનિવાર્ય કારણ દર્શાવ્યું છે. તેમના દરેક લખાણમાં સત્પુરુષોનાં સમાગમ અને સત્સમાગમથી થતા આત્મકલ્યાણનો ઉલ્લેખ છે. સંસારપરિભ્રમણનું મુખ્ય કારણ અજ્ઞાન છે અને અજ્ઞાનને ટાળવા સત્સંગ એ એક પરમ ઔષધિ છે. સત્ સંગની એક ઘડી જે લાભ દે છે તે કુસંગના કોટ્યાધિવર્ષ પણ લાભ ન દઇ શકતા અધોગતિમય મહાપાપો કરાવે છે. તેમજ આત્માને મલિન કરે છે. તરવું હોય તો તારનારને ઓળખવો જોઇએ. આત્માને સત્યરંગ ચઢાવે તે સત્ સંગ. પ્રત્યક્ષ સત્ સંગની તો બલિહારી છે અને તે પુણ્યાનુબંધી પુણ્યનું ફળ છે. સર્વ પરમાર્થના સાધનમાં પરમ સાધન તે સત્ સંગ છે. બધા કાળમાં તેવું દુર્લભપણું છે અને આવા વિષમકાળમાં તેનું પરમ દુર્લભપણું છે. બાજરી અથવા ઘઉંનો દાણો લાખ વર્ષ સુધી રાખી મુક્યાં હોય પણ જો તેને પાણી - માટી આદિનો સંયોગ ન મળે તો ઉગવાનો સંભવ નથી તેમ સતસંગ અને વિચાનો યોગ ન મળે તો આત્મગુણ પ્રગટ થતો નથી. ભૂતકાળની ભ્રમણાને છોડીને વર્તમાને વિધમાન એવા સત્ પુરુષના સત્ સંગનું માહાત્મય તેઓએ દર્શાવ્યું છે. અસંગ એવું આત્મસ્વરૂપ સત્ સંગના યોગે સુલભપણે જાણવા યોગ્ય છે. નિર્દોષ આદત વિના સત્યાર્થ આગમ શી રીતે પ્રગટ થાય ? માન અને મતાગ્રહ માર્ગમાં સ્થંભરૂપ છે. જ્ઞાનીની આજ્ઞા આરાધનામાં વિઘ્નરૂપ મિથ્યાગ્રહ, સ્વછંદ, ઇન્દ્રિય વિષયો, કષાયો, પ્રમાદ આદિ દોષોના ત્યાગ માટે સત્ સંગને જ ઉત્કટ પણે વર્ણવ્યો છે. શાસ્ત્રમાં માર્ગ કરવો છે, મર્મ કહ્યો નથી, મર્મ તો સત્ પુરુષનાં અંતરાત્મામાં

રહ્યો છે. અનંતકાળ સુધી જીવ બીજછંદે ચાલી પરિશ્રમ કરે તો પણ પોતે પોતાથી જ્ઞાન પામે છે. પરંતુ જ્ઞાનીની આજ્ઞાનો આરાધક અંતર્મુહૂર્તમાં પણ કેવળજ્ઞાન પામે. જ્ઞાની આસાનું આરાધન એ સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય છે. જેને જ્ઞાનીનો આશ્રય મળ્યો છે તે સિંહનાં સંતાન જેવા છે.

*"રે ! સિંહનાં સંતાનને શિયાળ શું કરનાર છે ?*
*મરણાંત સંકટમાં ટકે તે, ટકે ના ધરનાર છે"*

ભક્તિ વગર, જ્ઞાન થાય નહીં. ભક્તિ મુક્તિ મેળવવાનો સુગમ ઉપાય છે. સત પુરુષોનાં ગુણોમાં પ્રેમભક્તિ છે. શ્રીમદ્જી લખે છે કે ભક્તિ સર્વદોષનો ક્ષય કરવાવાળી છે, માટે તે સર્વોત્કૃષ્ટ છે. તેઓએ અસંગપણાને ત્યજવાની પણ શિક્ષા આપી છે. અસંગપણું એટલે આત્માર્થ સિવાયના સંગ-પ્રસંગમાં પડવું નહીં. શ્રીમદ્જી આ સંસારમાં આવ્યા, ભણ્યા-ગણ્યા, વેપારાદિ કર્યા, કુટુંબમાં રહ્યા છતાં જળકમળવત્ અસંસારી બનીને જીવ્યા, તેઓની આ એક અદ્ભુત વિશિષ્ટતા હતી. સર્વસંગ પરિત્યાગની પ્રબળ ભાવના હોવા છતાં તે શક્ય ન બનતાં અખંડ અસંગપણે જીવન વિતાવી ગયા. જ્ઞાનીઓ જગતને તૃણવત ગણે છે. હીરા-માણેકના આ વ્યાપારીને લાખોના માણેક તથા હીરા કાળકૂટ વિષ સમાન લાગતા હતા, કેવી અદ્ભુત હશે તેમની અંતર દશા ! જનક રાજા રાજ્ય કરતા હતા પણ જેમ વિદેહી પ્રમાણે વર્તતા હતા ત્યાં ભરત ચક્વર્તી પણ છ ખંડની સામ્રાજ્યની ઉપાધિ વહન કરતા હતા, છતાં વૈરાગ્યના બળે આત્મદશામાં લીન થઇ અલિપ્તભાવે રહી શકતા હતા, તેમ શ્રીમદ્જી પણ સંસારમાં રહીને અપૂર્વ અંતરંગચર્ચાથી રાગ-દ્વેષનો પરાજય કરી અસંગપણાને ભજતાં હતા. સમસ્ત જગત જેણે એંઠ જેવું જાણ્યું છે અથવા સ્વપ્ન જેવું જગત જેને જ્ઞાનમાં વર્તે છે તે જ્ઞાનીની દશા છે.

૬) ઉત્તમ સમાધિમરણ :

સવંત ૧૯૫૭ ના ચૈત્રવદી પંચમીના દિને મંગળવારે બપોરના બે વાગે રાજકોટમાં આ પરમ મંગલમૂર્તિ, પરમદિવ્યજ્યોતિ રાજચંદ્રનો આ રાજચંદ્રનામધારી દેહ પર્યાય છૂટી ગયો અને આ પરમ અમૃત રાજચંદ્રની

દિવ્ય શાશ્વતજ્યોતિ ઊર્ધ્વગમન કરી ગઇ. પરંતુ એ જ્યોતિએ પ્રગટાવેલો આત્મપ્રકાશ જગતની અનેક વ્યક્તિઓ માટે આત્મશ્રેયનું નિમિત્ત બન્યો. હવે આપણે કોનું અવલંબન રહ્યું ? માત્ર તેઓશ્રીનાં વચનામૃતો અને તેમના સદ્‌વર્તનનું અનુકરણ કરવું તે જ ઈચ્છનીય છે. અપાર કરૂણાસિન્ધુ એવા આપે અમ જીવો પર અનંત ઉપકાર કરી જે જડ-ચૈતન્યનો ભેદ દર્શાવ્યો છે તે ઉપકારનો બદલો કોટિ-કોટિ નમસ્કાર સિવાય બીજી શી રીતે વાળી શકીએ ?

*"સત્‌પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો".*



## અષ્ટકપ્રકરણમ્‌ની કેટલીક વિશેષતાઓ

લે. જવાહર શાહ

(એમ એસ. સી, એમ. એ. , એમ. ફિલ, જૈનોલોજી વિષય સાથે એમ. એ. અને એમ ફિલ કર્યું છે. પુદ્‌ગલ પર પીએચ. ડી. કરી રહ્યા છે. ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદમાં જૈનધર્મના વ્યાખ્યાતા લેખો, સંપાદન વગેરેમાં સક્રિય છે.)

પ્રાસ્તાવિક :

વિક્રમની આઠમી શતાબ્દીમાં થયેલા મહાન શ્રુતધર આચાર્ય શ્રી હરિભદ્રસૂરિનું જૈન સાહિત્યમાં ઘણું મોટું પ્રદાન છે. પૂર્વાશ્રમમાં તેઓ બ્રાહ્મણ પંડિત અને ચિત્તોડના રાજા જિતારીના રાજપુરોહિત હતા. તેઓ પારંગત વેદવિદ્યાના પંડિત હોવા છતાં પણ જ્ઞાનપિપાસુ હતા. આ જ્ઞાનપિપાસા તેમને આર્યા યાકિની મહત્તરાના આગ્રહથી આચાર્ય જિનભદ્રસૂરિ સુધી લઇ આવી. જૈનાગમોના પઠનની તાલાવેલીમાં તેમણે દીક્ષા લીધી અને તેમાં પણ તેઓ શ્રુતપારગામી બન્યા અને હરિભદ્રસૂરિ તરીકે પ્રખ્યાત થયા. આમ તેમનામાં રહેલા બ્રાહ્મણ સંસ્કારો ઉપર શ્રમણ પરંપરાનો પુટ ચડ્યો. તેમાંથી જે સાહિત્ય નવનીત પ્રગટ્યું તેનો જૈન સાહિત્યમાં જોટો જડે તેમ નથી. પરંપરાનુસાર તેમણે ૧૪૪૪ ગ્રંથોની રચના કરી હતી પણ તેમાંના ઘણાં અત્યારે મળતા નથી. તેમના મુદ્રિતગ્રંથોની સંખ્યા લગભગ સીત્તેરની થાય છે, જેમાં તેમણે જૈન અને પાલિ, ષડ્‌-દર્શનો, બૌદ્ધ અને લાકોયતદર્શનો, અધ્યાત્મ, યોગ, અનેકાંત, નય-પ્રમાણ અને આગમિક ટીકા સાહિત્યના વિષયો આવરી લીધા છે. તેઓએ પ્રાકૃત સાહિત્યમાં પણ યોગવિંશિકા અને યોગશતક, સમરાઇચ્ચ કહા, પંચસૂત્ર વ. ની રચના કરી છે.

આપણે જે કૃતિ વિષે અવલોકન કરવાનું છે તે 'અષ્ટક પ્રકરણમ્‌' તેમની મહત્ત્વની કૃતિ છે જેમાં આઠ-આઠ શ્લોકોના એક-એક પ્રકરણ એમ બત્રીસ પ્રકરણોનો સંગ્રહ છે. આ સંસ્કૃતમાં રચાયેલી કૃતિ છે અને તેમાં બત્રીસ

વિષયોનું સંક્ષિપ્ત આલેખન પ્રકરણવાર કરવામાં આવ્યું છે. તેનું અંતિમ પ્રકરણ દસ શ્લોકોનું છે. આમ કુલ ૨૫૮ શ્લોક પ્રમાણ આ ગ્રંથ છે.

પ્રસ્તુત કૃતિનું દરેક પ્રકરણ એક એક સ્વતંત્ર એકમ છે, જોકે તેમાં એક પ્રકારનું સુગ્રંથિતપણું જોવા મળે છે. આ ગ્રંથમાં મુખ્યત્વે જૈન આચારમાં રહેલા વ્યાવહારિક પક્ષનું નિરૂપણ થયું છે પરંતુ પ્રસંગોપાત તેમાં જૈનેતર દર્શનોના મતની સમીક્ષા, ગ્રંથનિર્દેશ કે લેખક નિર્દેશ પણ થયેલા છે. ક્યાંક ક્યાંક દાર્શનિક તુલના પણ કરવામાં આવી છે અને શ્રી હરિભદ્રસૂરિએ પોતાના પક્ષનું યુક્તિપુરઃ સર મંડન અને પરમત ખંડન પણ કરેલ છે. આ ખંડન-મંડનમાં તેમની તાર્કિકતા જ દૃષ્ટિગોચર થાય છે, સ્વમતનો અભિનિવેશ નહિ એ નોંધવું ઘટે. જૈનેતર દર્શનોના કેટલાંયે ઉદાહરણો અને સંદર્ભો પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે જોવા મળે છે. ક્યાંક ક્યાંક કર્તાનો નામસંકેત પણ થયેલ છે.

પ્રકરણો સંક્ષિપ્ત છે અને આઠ શ્લોકોમાં જ કર્તાને પોતાનું કથયિતત્વ પૂરૂં કરવાનું હોવાથી તે મર્યાદા ક્યારેક આપણને સ્પષ્ટીકરણ માટે બાધારૂપ બને છે છતાં આ રચના સુશ્લિષ્ટ કૃતિ છે અને તેની વિશેષતા દર્શાવવાનો મારો પ્રયાસ છે. ક્રમશઃ તેની વિશેષતાઓ તપાસીએ.

પ્રથમ અષ્ટકનું નામ છે : महादेवाष्टकम्

તેમાં હરિભદ્રસૂરિએ મહાદેવની સ્તુતિથી મંગલાચરણ કર્યું છે. તેમણે આ સ્તુતિમાં વીતરાગ, સર્વજ્ઞ, શાશ્વત સુખેશ્વર, ક્લિષ્ટ કર્માતીત, નિષ્કલ, સર્વદેવપૂજ્ય, સર્વયોગીધ્યેય, સર્વનીતિ સૃષ્ટા, પરંજ્યોતિ. ત્રિકોડી દોષ વર્જિત આદિ વિશેષણોથી મહાદેવ અલંકૃત કર્યા છે. આ વર્ણન શ્રી ઋષભદેવ - પ્રથમ તીર્થંકરને લાગુ પડે છે. હરિભદ્રસૂરિના સમયમાં તેઓ મહાદેવ તરીકે પણ ઓળખાવા લાગ્યા હતા. મહાભારતથી લઇને

'જિનસહસ્ત્રનામસ્તોત્રમાં' આદિનાથ ઋષભદેવ અને મહાદેવ શિવના નામોનો સમાંતરે ઉલ્લેખ મળવા લાગે છે. આમ શ્રી હરિભદ્રસૂરિજીએ અહીં બન્નેના વ્યક્તિત્વમાં રહેલી એકરૂપતાને સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે. અંતિમ શ્લોકમાં તેઓ કહે છે :

एवंभूताय शान्ताय कृतकृत्याय धीमते ।
महादेववाय सततं सम्यक्भक्त्या नमोनमः ॥८॥

આ પ્રકારના સ્વરૂપવાળા શાંત, કૃતકૃત્ય, ધીમાન મહાદેવને સમ્યક્ ભક્તિપૂર્વક સદૈવ વંદન હો !

અહીં આપણને કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય રચિત મહાદેવ સ્તોત્રની યાદ આવી જાય. તેમણે સોમનાથ મંદિરની પ્રતિષ્ઠા પ્રસંગે મહાદેવ સ્તોત્રની રચના કરી હતી અને તેમાં મહાદેવના સાચા સ્વરૂપનું દર્શન કરાવ્યું હતું. શ્રી હરિભદ્રસૂરિ આ અષ્ટક દ્વારા તેમના પણ પુરોગામી છે તે નોંધપાત્ર છે. શ્રી હરિભદ્રસૂરિની આ સમન્વયશીલતા તે પછીની કૃતિમાં એમ પણ બોલવા પ્રેરે છે કે બુદ્ધ કપિલ આદિ પણ ભવરોગના ભિષગ્વર છે.

સ્નાનનો મહિમા બ્રાહ્મણ પરંપરામાં ઘણો પ્રચલિત છે. તે વિના દિવસનો પ્રારંભ પણ થઇ શકે નહિ, જ્યારે જૈનદર્શનમાં માન્ય સ્નાન કેવું હોઇ શકે તેની વાત બીજા અષ્ટક- स्नानाष्टकम् માં કરવામાં આવી છે. દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારના સ્નાન દર્શાવી ભાવ સ્નાનની મુખ્યતા તેમણે વર્ણવી છે, પરંતુ દ્રવ્ય એ ભાવનું કારણ (નિમિત્ત) હોવાથી દ્રવ્ય-નયની ઉપેક્ષા કરી શકાય નહિ, તેમ ગૃહસ્થ માટે તેમનું વિધાન છે. દેવપૂજા માટે દ્રવ્ય-સ્નાન શારીરિક છે અને ભાવ સ્નાન - ભાવરૂપી જળથી કર્મરૂપી મળની શુદ્ધિનું કારણ છે. સમસ્ત મળથી રહિત અને ફરી મલિન ન થાય તે જ વાસ્તવિક સ્નાતક છે.

भूयो न लिप्यते तेन स्नातकः परमार्थत : ।

ત્રીજા 'पूजाष्टकम्' માં તેમણે પુષ્પ આદિ દ્વારા કરેલી પૂજાને અશુદ્ધ ગણાવી છે. શુદ્ધ પૂજાનો નિર્દેશ આઠ પ્રકારના અવનવાં પુષ્પો - અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, ગુરુભક્તિ, તપ અને જ્ઞાન - એ શબ્દો દ્વારા કર્યો છે, અને તેને ભાવપૂજા કહી છે. અહીં અષ્ટપ્રકારી- જળ, ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, અક્ષત, નૈવેદ્ય અને ફળ - પૂજાઓનો નિષેધ કર્યો નથી પરંતુ તે પૂજા કિંચિત હિંસા દોષથી યુક્ત હોવાથી તેને અશુદ્ધ કહેલ છે તે યાદ રાખવું ઘટે. જો કે દ્રવ્યપૂજા શુભ-ભાવની ઉત્પત્તિ અને પુણ્યબંધનું નિમિત્ત છે તેમ દર્શાવી તેને સ્વર્ગના સાધનરૂપ ગણાવેલ છે ત્યારે ભાવસુમન દ્વારા શુદ્ધ પૂજાનું વિધાન કરતા તેને કર્મક્ષય અને નિર્વાણના કારણરૂપ કહી છે. આમ તેમનું લક્ષ્ય દ્રવ્યથી ભાવ તરફ છે.

ચોથા अग्निकरिकाष्टकम् માં યજ્ઞ અને આહૂતિ આદિને સાંસારિક ઉપલબ્ધિઓના સાધન તરીકે જણાવી પરમપદની પ્રાપ્તિ તો જ્ઞાન અને ધ્યાનથી થાય છે, તે આહૂતિથી સિદ્ધ ન થાય તેમ પ્રતિપાદન કરતાં તેમણે શિવધર્મોત્તરપુરાણનો શ્લોક ટાંક્યો છે :

पूज्या विपुलं राज्यमग्निकार्येण संपदः ।
तपः पापविशुद्धयर्थं ज्ञानं ध्यानं च मुक्तिदं ।। ३ ।।

પૂજાથી વિશાળ રાજ્ય, યજ્ઞથી સમૃદ્ધિ અને તપથી પાપ વિશુદ્ધ થાય છે. જ્ઞાન અને ધ્યાન મુક્તિ આપનાર છે. જો કે શિવપુરાણમાં આ શ્લોક જોવામાં આવ્યો નથી પરંતુ સંભવ છે કે તેમનું આ કથન શિવપુરાણમાંથી હોય.

ભિક્ષાચર્યા એ સંન્યાસીનું કે શ્રમણજીવનનું આવશ્યક કર્તવ્ય છે. તેના વ્યવહારધર્મને લક્ષમાં લઇ તેના ત્રણ પ્રકાર હરિભદ્રસૂરિએ દર્શાવ્યા છે : ૧) સર્વસંપત્કરી, ૨) પૌરુષઘ્ની અને ૩) વૃત્તિભિક્ષા.

પ્રથમ ભિક્ષા ઉત્તમ છે, બીજી ભિક્ષા ફક્ત ઉદરપૂર્તિ માટેનું ધ્યેય રાખતી અને પુરુષાર્થનો નાશ કરનાર અને ત્રીજી ભિક્ષા - ગરીબો, અંધો, પાંગળાઓ, અશક્ત કે વૃદ્ધ દ્વારા કરવામાં આવે છે. આ ભિક્ષા બીજી

પૌરુષઘ્ની જેવી નિંદનીય નથી કે સર્વસંપત્કરી જેવી પ્રશસ્ત નથી. સર્વસંપત્કરી ભિક્ષાનું પ્રચ્છન્નભોજન કરવું તે હિતકારી છે તેમ આચાર્યશ્રીએ જણાવ્યું છે.

શ્રી હરિભદ્રસૂરિના સમયમાં ચૈત્યવાસી સાધુઓનું પ્રભાવક સ્થાન હતું. આ સાધુઓ સુવિહિત આચારોથી વિમુખ થઇને ચૈત્યને જ મઠ બનાવી રહેતા અને ભક્તો અનુયાયીઓને ભય અને લાલચ વડે વશકરી તેમની પાસેથી વિવિધ વસ્તુઓ અને ભોજન કરતા. તેના બદલામાં તેઓ જ્યોતિષ કે વૈદ કરી આપતા. તેમની ભિક્ષાને શ્રી હરિભદ્રસૂરિએ પૌરુષઘ્ની કહી છે. સુવિહિત આચારવાન સાધુની ભિક્ષાને જ તેઓ સર્વસંપત્કરી ગણાવે છે અને તેની પ્રશસ્તિ કરે છે. આ ઐતિહાસિક વસ્તુનું પ્રતિબિંબ આ અષ્ટકમાં પડે છે.

સર્વસંપત્કરી ભિક્ષાના અનુસંધાનમાં એક જૈનતર તર્ક એ હતો કે તે ભિક્ષાને અનુરૂપ વિશુદ્ધ પિંડદાન વ્યાવહારિક નથી. વિશુદ્ધ પિંડદાનના અભાવમાં ચારિત્રધર્મ પણ શુદ્ધ રહી શકે નહિ. આમ અંતતોગત્વા સર્વજ્ઞપણું પણ બાધિત થઇ જાય છે. આચાર્યશ્રીએ અહીં પિંડ વિશુદ્ધિને વ્યાવહારિક ગણાવેલ છે.

શ્રી હરિભદ્રસૂરિએ અગિયારમા અષ્ટકમાં કેટલાક મતોનો નિર્દેશ કર્યા છે જે તપને દુઃખાત્મક ગણે છે. અહીં તેમનો ઇશારો ચાર્વાક જેવા નાસ્તિક અને બૌદ્ધ મત તરફ છે. જેમાં પ્રથમ ભોગવિલાસને ઉપાદેય ગણે છે અને તપને અવગણે છે જ્યારે બીજો મત તપ અને ભોગવિલાસ વચ્ચેના મધ્યમમાર્ગની હિમાયત કરે છે. તેમના મતે દુઃખ કર્મના ઉદયથી આવે છે, તપને કારણે નહિ. મન, ઇન્દ્રિયો અને યોગોની હાનિ ન થાય તેવી તપની મર્યાદા બાંધવાનું તેમણે સૂચવ્યું છે. તેમણે એવો તર્ક કર્યો છે કે જો તપ અને દુઃખ સરખા જ હોય તો બધાં જ દુઃખી પ્રાણીઓ તપસ્વીછે, અર્થાત્ નારકો પરમ તપસ્વી છે અને સમતારસમાં નિમગ્ન યોગી તપસ્વી છે. આ કઇ રીતે સંભવી શકે ?

આ કૃતિના બારમા અને તેરમા અષ્ટકમાં વાદના ત્રણ પ્રકાર દર્શાવ્યા છે.

૧)શુષ્કવાદ, ૨) વિવાદ, ૩) ધર્મવાદ

નિર્ગ્રન્થોનો અભિમાની, ક્રૂર, દોષી અને મૂર્ખ સાથેનો વાદ શુષ્ક, નિરર્થક અને અનર્થકર છે. બીજા પ્રકારના વાદમાં વાકછળ અને જાતિની પ્રદાનતાને કારણે નિર્ગ્રન્થને વિવાદમાં જીતવું મુશ્કેલ થઇ પડે છે. શ્રમણે ઉપરના બન્ને પ્રકારના વાદથી દૂર રહી રહી ધર્મવાદ - મધ્યસ્થભાવ યુક્ત અને તત્ત્વજ્ઞ જિજ્ઞાસુ સાથેના વાદનું સમર્થન કરેલ છે. આ ધર્મવાદ સંવાદનો સર્જક છે.

માંસભક્ષણનાં દૂષણોનાં બે અષ્ટકો છે. પ્રથમ અષ્ટકમાં તેમણે બૌદ્ધમતની સમીક્ષા અને પરિહાર કરેલ છે જ્યારે બીજા અષ્ટકમાં મનુસ્મૃતિ આદિના વૈદિક ઉલ્લેખોનું નિરસન કર્યું છે.

શુષ્ક બુદ્ધિવાદી બૌદ્ધો ભાત અને માંસને સરખા જ ભક્ષણીય માને છે, જ્યારે જૈનદર્શનમાં વનસ્પતિ આદિને પણ સજીવ ગણેલ છે. અન્ન અને માંસ બન્ને સજીવનાં જ અંગો છે તેથી બનન્ને સરખા જ ભક્ષણીય છે એવા કુતર્કનો ઉત્તર હરિભદ્રસૂરિએ આપતા જણાવ્યું કે ભક્ષ્યાભક્ષ્યની મર્યાદા શાસ્ત્ર અને લોકવ્યવહાર પર આધારિત છે અને તે મનોવૃત્તિની અપેક્ષાએ છે. ભાત અને માંસ સજીવના અંગ રૂપ છે. તે કથન યુક્તિસંગત નથી. શાસ્ત્ર અને લોક વ્યવહારથી-પ્રાણીથી મળતું દૂધ ભક્ષ્ય છે જ્યારે તેના રૂધિર, મળ મૂત્ર અભક્ષ્ય છે. માંસ પ્રાણીનું અંગ હોવાથી અભક્ષ્ય છે તેમ જૈનદર્શન કહેતું નથી પણ માંસ સ્વયં જીવોના પિંડરૂપ અને શાસ્ત્રમાં માંસને અભક્ષ્ય ગણ્યું છે તેથી તેનો જૈનો અસ્વીકાર કરે છે.

બ્રાહ્મણમતની સમીક્ષામાં મનુસ્મૃતિમાં વચન ટાંકતાં :-

न मांस भक्षणे दोषो, न मद्ये न च मैथुने
प्रवृत्ति रेषा भूतानां निवृत्तिस्तु महाफला ।। २ ।।

માંસભક્ષણ, મદ્યસેવન અને મૈથુનમાં દોષ નથી કેમ કે તે જીવોની સ્વાભાવિક પ્રવૃત્તિ છે. પરંતુ તેનો ત્યાગ મહાન ફલદાયક છે.

અભિમંત્રિત માંસ કે બ્રાહ્મણવાંછિત માંસ અર્થાત્ બ્રાહ્મણની પ્રસાદીરૂપ તથા પ્રાણરક્ષા માટે - શાસ્ત્રોક્ત રીતે ગ્રહણીય છે. જે શાસ્ત્રવિહિત માંસભક્ષણ નથી કરતો તે પરલોકમાં ૨૧ ભવ સુધી પશુ થાય છે. બીજી તરફ તેની નિવૃત્તિને મહાફલદાયક દર્શાવી બ્રાહ્મણ મતમાં રહેલા વિરોધને તેમણે પ્રગટ કર્યો છે અને પરિવ્રાજકતાને માંસભક્ષણ ત્યાગ રૂપ ગણાવી છે. મદ્યપાનદૂષણાષ્ટકમમાં આચાર્યશ્રીએ મદ્યપાનનો ત્યાગ દર્શાવવા હિંદુ પુરાણોમાંથી પ્રાપ્ત ઋષિના દૃષ્ટાંતને પાંચ શ્લોકોમાં ટાંક્યું છે અને તેને દોષોની ખાણ સમાન કહ્યું છે.

મૈથુનદૂષણાષ્ટકમ્માં રાગને મૈથુનના કારણભૂત ગણી તેનો નિષેધ કર્યો છે. વૈદિક મત અનુસાર ધર્મ માટે, પુત્ર કે વંશ ટકાવવા માટે કરેલું સ્વપત્ની સાથેનું મૈથુન દોષરહિત છે.

धर्मार्थ पुत्रकामस्य स्वदारेष्वधिकारिण : ।
ऋतुकाले विघानेन यत्स्यादोषो न तत्र चेत् ।। २ ।।

શ્રી હરિભદ્રસૂરિએ તેને અપવાદમાર્ગ કહી તેના દ્વારા મૈથુનની નિર્દોષતા સિદ્ધ થતી નથી એમ જણાવ્યું છે. આજનું વિજ્ઞાન પણ મૈથુનમાં લાખોની સંખ્યામાં સ્પર્શની હિંસા થાય છે તેમ માને છે, જે જૈન સિદ્ધાંત સાથે સુસંગત છે.

શ્રી હરિભદ્રસૂરિ કહે છે કે ધર્માચરણ સૂક્ષ્મબુદ્ધિ અને વિવેકપૂર્વકનું હોવું જોઇએ. વિચાર વગરની ધર્મબુદ્ધિ ધર્મનો જ નાશ કરે છે. સમ્યક્ વિચારના અભાવમાં પરોપકારની બુદ્ધિ પણ અહિતકર થઇ જાય છે. જેમ રોગી માણસને દવા આપવાની પ્રતિજ્ઞા કરનાર માનવ કોઇ રોગી ન મળવાથી પોતાની પ્રતિજ્ઞા પાળી ન શકવાથી શોકાકુલ થતો રહે તે કેવું ?

વાસ્તવિક રીતે નીરોગી હોવું તે જ આદર્શ સ્થિતિ છે તે વિચારનો અભાવ બુદ્ધિને અહિતકારી બનાવે છે. આ જ રીતે દાન પણ વિવેકયુક્ત અને શાસ્ત્રીય મર્યાદાનું પાલન કરીને કરવું જોઇએ.

તર્કસંગતતાનો આદર હરિભદ્રસૂરિની કૃતિઓમાં ઠેરઠેર જોવા મળે છે. એક જગ્યાએ તો તેમણે યુક્તિયુક્ત વચનને કારણે જ વીરવચનને ગ્રાહ્ય ગણ્યું છે તેવી ઘોષણા કરે છે.

पक्षपातो न मे वीरें, न द्वेष : कपिलादिषु ।
युक्तिमत् वचनं यस्य, कार्य तस्य परिग्रह : ।

ભાવવિશુદ્ધિ વિચારાષ્ટકમાં ભાવવિશુદ્ધિને મોક્ષમાર્ગનું અનુસરણ કરનાર ગણાવી છે. સદ્ગુણોના આદર કરનાર શ્રમણ ભાવ વિશુદ્ધિ પ્રાપ્ત કરે છે. પછીનાં અષ્ટકોમાં શુભબંધની મહત્તા વર્ણવી છે અને તેમણે ગુરુજનોનું વૈયાવૃત્ય અને માતા-પિતાની સેવા ઉત્તમ મંગલ રૂપ ગણાવેલ છે. શુભ બંધથી સર્વોત્તમ પદ તીર્થંકરત્વની પ્રાપ્તિ થાય છે.

ચોવીસમા તીર્થંકર મહાવીર દ્વારા પ્રવ્રજ્યા સમયે દીધેલું દાન તે સમયે મહાન કહેવાતું હતું. બૌદ્ધ દાર્શનિકો કહે છે કે બૌદ્ધ પિટકોમાં બોધિસત્વનું દાન અસંખ્ય ગણેલું છે જ્યારે જૈન આગમોમાં તીર્થંકર દ્વારા થતા વર્ષીદાનની ચોક્કસ સંખ્યા (૩,૮૮,૮૦,૦૦,૦૦૦) છે તેથી તે મહાન નથી. આનું ખંડન કરતા હરિભદ્રસૂરિએ દર્શાવ્યું કે ભ. મહાવીરનું દાન બે દૃષ્ટિએ શ્રેષ્ઠ છે. એક યાચક તેમાં દાન વગરનો રહેતો નથી અને બીજું એવી ઘોષણા કે - "દાન માંગો, દાન માંગો (વરવરિકા)." એક સરસ પંક્તિ આપણને અહીં મળે છે.

जगद्गुरुत्वमखिलं सर्वं हि महतां महत् ।। ३ ।।

મહાન પુરુષોનું બધું જ મહાન હોય છે, આમ તેમનું સંપૂર્ણ જગદ્ગુરુત્વ યુક્તિસંગત છે.

પછીના અષ્ટકમાં તીર્થંકરનું દાન તેઓ તદ્ભવ મોક્ષગામી હોવાથી તેનું પ્રયોજન શું ? એ પ્રશ્નનો ઉત્તર આપતા હરિભદ્રસૂરિ તેને તીર્થંકર નામકર્મના ઉદય વશ અને ધર્મના અંગભૂત અનુકંપાના હેતુરૂપ ગણે છે.

સામાયિકના સ્વરૂપ નિરૂપણમાં તેને वासी चन्दनकल्पा नामुक्तमे तन्महात्मनाम् -કાપવાવાળી કરવતને પણ સુગંધિત કરનાર ચંદનવૃક્ષસમાન મહાત્માને જ - તે પ્રાપ્ત થાય છે - તેવી પ્રશસ્તિ જોવા મળે છે. એની સરખામણી કુશલચિત્તયુક્ત અને ઉદાર વ્યક્તિ સાથે થઇ શકે નહિ. બોધિસત્ત્વ બુદ્ધે કહ્યું - જગતના જીવોના બદા જ દુષ્ચરિત્ર મારામાં આવી જાય અને મારા સુચરિતના યોગથી બધાં પ્રાણીઓને મોક્ષ મળે. પરંતુ બુદ્ધનું પિટક અનુસાર મહાપરિનિર્વાણ થયેલ છે - તેથી આ વસ્તુ અસંભવવિત છે.

આ ચિંતનને હરિભદ્રસૂરિએ પરમાર્થથી મોહયુક્ત કહ્યું છે પરંતુ સાધક અવસ્થા - શરણ અવસ્થામાં તે સંભવી શકે છે. જેમ બોધિલાભ માટે પ્રાર્થના કરવામાં આવે છે તેમ આ પ્રાર્થના પણ સંભવિત છે. આમ સામાયિકથી ભિન્ન અવસ્થામાં પણ ચિત્ત ભદ્ર (કલ્યાણપ્રદ) હોઇ શકે છે પણ સમભાવની સાધના (સામાયિક) તો પૂર્ણ અને એકાંતે ભદ્ર છે.

તે પછીનાં બે અષ્ટોમાં કેવલજ્ઞાનનું સ્વરૂપ અને તીર્થંકર દેશના વર્ણવેલ છે. અંતિમ મોક્ષાષ્ટકમમાં મોક્ષ કે પરમપદનું સ્વરૂપદર્શન તથા તેના સુખને કેવલી માટે અનુભવગમ્ય અને બીજાને શ્રવણગમ્ય કહ્યું છે. તે અનુપમેય છે. અંતિમ શ્લોકની પૂર્ણાહૂતિ જોઇએ :

अष्टकारव्यं प्रकरणं कृत्वा यत्पुण्यर्जितम् ।
विरहात्तेन पापस्य भवन्तु सुखिनो जना : ।।१० ।।

અષ્ટકપ્રકરણની રચના કરી જે પુણ્ય મેળવ્યું છે તે પુણ્ય દ્વારા પાપ-વિરહના (વિનાશ) વડે લોકો સુખી થાઓ.

# ધ્યાનના સંદર્ભે જૈન સાધનાપદ્ધતિ

-રશ્મિભાઈ ઝવેરી

(પ્રેક્ષાધ્યાની, જૈનદર્શનના અભ્યાસુ વિદ્વાન, 'જન્મભૂમિ', 'જૈનજગત', 'જિવદયા', ભારત જૈન મહામંડળના જૈનજગતના ગુજરાતી વિભાગના સંપાદક છે, તેરાપંત યુવક સભા સહિત જૈનોની અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. ૬૭ વર્ષની ઉમરે ખૂબજ ખંતથી જૈનધર્મના વિષય પર પીએચ. ડી કરી રહ્યા છે.)

-અઅઅ (૧) જૈન સાધનાપદ્ધતિ:

૧.૧) જૈનધર્મની અસલ સાધનાપદ્ધતિ 'મુક્તિમાર્ગ' તરીકે જાણીતી હતી. એના ત્રણ અંગ છે:

(૧) સમ્યગદર્શન (૨) સમ્યગજ્ઞાન (૩)સમ્યકચારિત્ર

૧.૨) સાંખ્યદર્શનની સાધનાપદ્ધતિ છે - મહર્ષિ પતંજલિએ દર્શાવેલી અષ્ટાંગયોગ. એનાં આઠ અંગો છે- યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ.

૧.૩) જૈનધર્મની સાધનાપદ્ધતિમાં આમાંથી પ્રાણાયામ, ધારણા અને સમાધિનો સ્પષ્ટ સ્વીકાર કરવામાં નથી આવ્યો. બાકીના અંગો પણ યોગદર્શનની જેમ ક્રમવાર પ્રતિપાદિત થયેલાં નથી. આમ જૈનધર્મની સાધનાપદ્ધતિ સ્વતંત્ર છે.તેથી તેની વ્યવસ્થા જુદી રીતની છે.

(૨) ભગવાન મહાવીરની ધ્યાનસાધના

૨.૧) ભગવાન મહાવીરે કેવળજ્ઞાનની પ્રાપ્તિ માટે સાડાબાર વર્ષ સુધી ધ્યાનની સાધના કરી હતી.

૨.૨) આસન: ભગવાન લગભગ ઊભા ઊભા જ ધ્યાન કરતા. શરીરને સીધું અને આગળની તરફ થોડું ઝુકેલું રાખતા. આ સિવાય પદ્માસન, પર્યંકાસન, વીરાસન, ગોદોહિક આસન તથા ઉત્કટિકામાં ધ્યાન કરતા.

૨.૩) પ્રકારો: સ્વાવલંબન અને નિરાલંબન બન્ને પ્રકારનું ધ્યાન તેઓ કરતા. ભીંત પર પ્રહરો સુધી અનિમેષ (ત્રાટક) ધ્યાન કરી એમણે મનની એકાગ્રતા અને આંખોની તેજસ્વીતા મેળવી હતી. લાંબા સમય સુધી કાયિક ધ્યાન કર્યા પછી ભગવાન વાચિક અને માનસિક ધ્યાન પણ કરતા. આ ઉપરાંત તેઓ ઊર્ધ્વ, અધો અને તિર્યક્ એમ ત્રણે પ્રકારનું ધ્યાન પણ કરતા.

કોઈવાર એક પુદ્‌ગલ ઉપર નજર ટેકાવી, આંખો સ્થિર કરી, ઈન્દ્રિયોને વિસર્જિત કરી ધ્યાનમાં લીન થઈ જતાં. અભયસાધના અને દેહાધ્યાસના વિસર્જન માટેની આ ઉત્તમ સાધના તેઓ કરતા.

૨.૪) પ્રતિમાઓની સાધના: ભગવાને ભદ્રપ્રતિમા, મહાભદ્ર પ્રતિમા અને સર્વતોભદ્ર પ્રતિમાની સોળ દિવસ અને સોળ રાત સુધી સાધના કરી હતી.

૨.૫) ધ્યેય: ભગવાન પરિવર્તનયુક્ત ધ્યેય તથા નિત્યધ્યેયવાળું ધ્યાન કરતા. તેમના ધ્યેયો નીચે મુજબ હતા.

૧) ઊર્ધ્વગામી, અધ:ગામી અને તિર્યક્‌ગામીકર્મ

૨) બંધન, બંધનહેતુ અને બંધન પરિણામ

૩) મોક્ષ, મોક્ષહેતુ અને મોક્ષસુખ

૪) માથું, નાભિ અને પગના અંગૂઠા

૫) દ્રવ્ય, ગુણ અને પર્યાય

૬) નિત્ય અને અનિત્ય

૭) સ્થૂળ.......સંપૂર્ણ જગત

૮) સૂક્ષ્મ.......પરમાણુ

૯) પ્રજ્ઞા દ્વારા આત્મનિરીક્ષણ

૨.૬) ભાવના: ભગવાન ધ્યાનની મધ્યાવધિમાં એકત્વ, અનિત્ય અને અશરણ ભાવનાનો અભ્યાસ કરતા.

ધ્યાનની સાધનાના કાળમાં ભગવાને મૌનની, નિદ્રાવિજયની અને ભૂખ-તૃષા વિજયની પણ અદ્‌ભુત સાધના કરી હતી. મન-વચન-કાયાથી નીરવ થઈ ધ્યાનના સ્વરમાં વિલીન થઈ જતા.

(૩) આગમમાં સાધનાપદ્ધતિ :

સૌથી પ્રાચીન આગમ આચારાંગમાં સાધનાપદ્ધતિનું અતિ સૂક્ષ્મ અને માર્મિક પ્રતિપાદન થયેલું. સૂત્રકૃતાંગ, ભગવતી અને સ્થાનાંગમાં પ્રકીર્ણરૂપે ભાવના, આસન, ધ્યાન વગેરેનો નિર્દેશ મળે છે. ઔપપાતિકમાં તપોયોગનું વ્યવસ્થિત પ્રતિપાદન થયેલું છે જે સમ્યક્ચારિત્રનો જ એક પ્રકાર છે. ઉત્તરવર્તી આગમોમાં ઉત્તરાધ્યયનના ૨૮મા અધ્યયનમાં સંક્ષિપ્ત પણ વ્યવસ્થિત મુકતિમાર્ગનું પ્રતિપાદન છે તથા ૨૯, ૩૦ અને ૩૨મા અધ્યયનમાં સાધનામાર્ગનો નિર્દેશ છે. આમ આગમ સાહિત્યમાં સાધના-તત્ત્વોના બીજ મળે છે, પણ એનો વિસ્તાર અને પ્રક્રિયાનો ઉલ્લેખ નથી. શ્રી ભદ્રબાહુસ્વામીએ બાર વર્ષ સુધી 'મહાપ્રાણધ્યાન' ની સાધના કરી હતી.

(૪) જૈનયોગ - ઐતિહાસિક સંદર્ભ

૪.૧) આચાર્ય કુંદકુંદે સમયસાર આદિ ગ્રંથોમાં અને ઉમાસ્વાતિએ તત્ત્વાર્થસૂત્રમાં મોક્ષમાર્ગનું સમગ્રતાથી પ્રતિપાદન કર્યું છે. દ્વિતીય ભદ્રબાહુસ્વામી રચિત આવશ્યકનિર્યુક્તિના 'કાયોત્સર્ગ' અધ્યયનમાં સાધનાની પ્રક્રિયા મળે છે.

૪.૨) વિક્રમની છઠ્ઠી સદીમાં જિનભદ્રગણિએ ધ્યાનશતકમાં જૈનધ્યાનપદ્ધતિનું તલપસ્પર્શી વિવેચન કર્યું છે, જે યોગદર્શન અથવા હઠયોગના ગ્રંથોથૌ પ્રભાવિત નથી, પણ જૈનપરંપરાનું સ્વતંત્ર ચિંતન દર્શાવે છે.

૪.૩) વિક્રમની ચોથી-પાંચમી શતાબ્દીમાં પૂજ્યપાદ દેવનંદીના 'સમાધિતંત્ર' અને ઈષ્ટોપદેશમાં આધ્યાત્મિક અનુભૂતિનું અસ્ખલિત જ્ઞાન જોવા મળે છે

૪.૪) ત્યારબાદ આઠમી શતાબ્દીમાં આ. હરિભદ્રસૂરીએ જૈનયોગમાં નવા અધ્યયનો સૂત્રપાત કર્યો. એમણે તત્કાલીન યોગ પદ્ધતિ અને પરિભાષાઓનો જૈન પદ્ધતિએ સમન્વય કરી જૈન યોગને નવી દિશા, જે એમના જાણીતા ગ્રંથો- યોગબિંદુ, યોગદષ્ટિસમુચ્ચય, યોગશતક, યોગવિંશિકા,આદિમાં જોવા મળે છે. એમણે કરેલું વર્ગીકરણ સ્વતંત્ર છે. એના પાંચ પ્રકાર છે- અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષેપ (યોગબિંદુ - ૩૧)

૪.૫) વિક્રમની અગિયારમી સદીમાં આચાર્ય શુભચંદ્રે જ્ઞાનાર્ણવની રચના કરી. આ શતાબ્દીમાં જૈનયોગ અષ્ટાંગયોગ, હઠયોગ અને તંત્રશાસ્ત્રથી પ્રભાવિત થયેલો જોવા મળે છે. પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત - એમ ચાર પ્રકારના ધ્યાનો વિષે 'નવચક્રેશ્વર ચંત્ર', 'ગુરુગીતા', આદિમાં વર્ણન મળે છે. 'નવચક્રેશ્વર ચંત્ર'માં ચાર પ્રકારના ધ્યાનને જાણનારને ગુરુ કહેવામાં આવ્યા હતાઃ-

પિંડ પદં તથા રૂપં, રૂપાતીત ચતુષ્ટયમ્;
યો વા સમ્યગ્ વિજાનાતિ, સગરુઃ પરિકીર્તિતઃ .

ગુરુગીતામાં પિંડનો અર્થ કુંડલિનીશક્તિ, પદનો અર્થ હંસ, રૂપનો અર્થ બિંદુ અને રૂપાતીતનો અર્થ નિરંજન કરવામાં આવ્યો છે.

પિંડ કુંડલિની શક્તિઃ, પદં હંસઃ પ્રકીર્તિત
રૂપં બિંદુરીતિ જ્ઞેયં, રૂપાતીતં નિરંજનમ્.

જૈન આચાર્યોએ આ ચાર પ્રકારના વર્ગીકરણનો સ્વીકાર કર્યો છે, પણ એનો અર્થ પોતાની પરિભાષા અનુસાર કર્યો છે. "ચૈત્યવંદન-ભાષ્ય" માં કહ્યું છે-

"ભાવેજ્જ અવત્થતિયં, પિંડત્થ પયત્થ રૂવરહિયત્તં;
છઉમત્થ કેવલિત્તં, સિદ્ધત્થં ચેવ તસ્સત્થો."ભાષ્યકારે આમાં છદ્મસ્થ, કેવલી અને સિદ્ધ - આ ત્રણ ધ્યેય માન્યા છે અને એ વિષયના ધ્યાનને ક્રમશઃ પિંડસ્થ, પદસ્થ અને રૂપાતીત કહ્યાં છે.

૪.૬) વિક્રમની અગિયારમી અથવા બારમી સદીમાં સ્વામી કુમારે 'કાર્તિકેયાનુ પ્રેક્ષા' માં બાર ભાવનાઓ - અનુપ્રેક્ષાઓનું સુંદર પ્રતિપાદન કર્યું છે જે આજે પણ વૈરાગ્યની ભાવનાઓ માટે અદ્વિતીય માનવામાં આવે છે.

૪.૭) બારમી સદીમાં આચાર્ય હેમચંદ્રના યોગશસ્ત્રમાં યોગ અને રત્નત્રયીની એકાત્મકતા પ્રતિપાદિત કરવામાં આવી છે (યોગશાસ્ત્ર- ૧/૧૫). ૧૮મી સદીમાં ઉપાધ્યાય વિનયવિજયજીના 'શાંતસુધારસ' માં 'ભાવનાનુયોગ' નું સુંદર પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આજ સમયમાં ઉ. યશોવિજયજીએ 'અધ્યાત્મોપનિષદ', 'અધ્યાત્મસાર', 'યોગાવતાર', 'દ્વાત્રિંશિકા' આદિ ગ્રંથોમાં તથા પાતંજલિ યોગસૂત્ર ઉપરના વિવેચનમાં જૈનયોગનો તુલનાત્મક અભ્યાસ પ્રસ્તુત કર્યો છે.

૪.૮) ૧૯મી સદીમાં તેરાપંથ સંઘના ચતુર્થાચાર્ય શ્રીમજ્જયાચાર્યજીએ ધ્યાન પર ઘણું ચિંતન કર્યું હતું તે લખ્યું હતું . એમણે પણ પદસ્થ, પિંડસ્થ, રૂપસ્થ અને રૂપાતીત ધ્યાનનો ઉલ્લેખ કર્યો છે. એમની કૃતિઓમાં વિશેષ ઉલ્લેખનીય છે:-

૧) બડાધ્યાન ૧) શ્વાસસ્મૃતિ અને સોડહંનું ધ્યાન
૨) રંગસહિત તીર્થંકરોના ધ્યાનનો પ્રયોગ
૩) સિદ્ધ ભગવંતોનું ધ્યાન (૪૬ પ્રકારના આત્માના ગુણ)
૪) કર્મ- વિપાકનું ધ્યાન

૨) છોટાધ્યાન - પાંચ પદનું (નવકાર) ધ્યાન

૩) ધ્યાનવિધિ - કાયોત્સર્ગ - પદસ્થ ધ્યાન આદિ

૪) માનસિક દુઃખની ચિકિત્સાનું ધ્યાન

૨૦મી સદીમાં આચાર્યશ્રી તુલસીએ 'મનોનુશાસનમ્' ની રચના કરી જેમા જૈનયોગની નવ શૈલીનું પ્રતિપાદન છે.

૪.૯) ઉપરના બધાજ ગ્રંથોનો તલસ્પર્શી અભ્યાસ કરીને તથા આગમમાં ઉપલબ્ધ ધ્યાન અને યોગ વિષયોનું દોહન કરીને આચાર્ય શ્રી મહાપ્રજ્ઞજીએ

પ્રક્ષાધ્યાનની પદ્ધતિ પ્રતિપાદિત કરી છે જે એક સંપૂર્ણ જૈન સાધનાપદ્ધતિ છે. એમણે પોતાના શરીરને રસાયણશાળા બનાવી, અનેક જાતના પ્રયોગો કરી, સ્વાનુભવથી આ ધ્યાન-પદ્ધતિ વિકસાવી છે

(૫) પ્રેક્ષાધ્યાન પદ્ધતિ :

૫.૧) વ્યક્તિત્વના સર્વાંગીણ વિકાસની આ પદ્ધતિ સંપૂર્ણપણે જૈનદર્શન અને આધુનિક મેડીકલ વિજ્ઞાન પર આધારિત છે. અધ્યાત્મ અને વિજ્ઞાનના સમન્વય રૂપ આ ધ્યાનપદ્ધતિ, આ શતાબ્દીની શ્રેષ્ઠ સાધનાપદ્ધતિ છે.

૫.૨) અર્થ-વ્યંજના: પ્રેક્ષા શબ્દ 'ઈક્ષ' ધાતુથી બન્યો છે. એનો અર્થ છે - જોવું. પ્ર+ઈક્ષા=પ્રેક્ષા, એટલે કે ઊંડાણથી જોવું. વિપશ્યના અને પ્રેક્ષા - બન્નેનો અર્થ એક જ છે અને જૈન સાહિત્યમાં ધ્યાન માટે આ બન્ને શબ્દના પ્રયોગો મળે છે. પરંતુ 'વિપશ્યના-ધ્યાન' બૌદ્ધ ધ્યાન-પદ્ધતિ માટે પ્રચલિત છે, એટલે જૈન ધ્યાનપદ્ધતિ માટે 'પ્રેક્ષાધ્યાન' નામ પસંદ કરવામાં આવ્યું છે.

૫.૩) દશવૈકાલિક સૂત્રમાં કહેવામાં આવ્યું છે કે 'સંપિક્ખએ અપ્પગમપ્પએણં' - આત્મા દ્વારા આત્માની પ્રેક્ષા કરી, આત્માને જુઓ - સ્થૂળ ચેતના દ્વારા સૂક્ષ્મ ચેતનાને જુઓ. મહાવીરની સાધનાનું સૂત્ર છે - 'જાણો અને જુઓ ', આત્મા શરીરમાં જ રહે છે માટે સ્થૂળ શરીરની પ્રેક્ષા કરો, શ્વાસની પ્રેક્ષા કરો, શરીરની અંદર થતાં સ્પંદનો, કંપનો, હલનચલનનો અનુભવ કરો. એને જોતાં જોતાં મન તન્મય બને પછી મન-વચન-કાયાની ક્રિયાનો નિરોધ કરી શુદ્ધ ચેતનાનો અનુભવ કરો.

૫.૪) આધાર :પ્રેક્ષાધ્યાનનો આધાર છે - વર્તમાનમાં જીવવું. ભૂતકાળની સ્મૃતિઓ અને ભવિષ્યકાળની કલ્પનાઓમાં રાચવાને બદલે ફક્ત વર્તમાનકાળની ક્ષણમાં જીવવાનું અને ફક્ત જોવાનું - અનુભવવાનું. રાગ-દ્વેષ વગર જોવાનું. જ્યારે મન શાંત અને શરીર સ્થિર થઈ જશે ત્યારે ચેતના સક્રિય બનશે અને ત્યારે પ્રિયતા-અપ્રિયતા, રાગ-દ્વેષ આદિ દ્વન્દ્વો ઓગળી જશે. શુદ્ધ દષ્ટાભાવનો અનુભવ થશે. જડ અને ચેતનના ભેદજ્ઞાનની પ્રતીતિ થશે.

૫.૫) પૂર્વ તૈયારી : પ્રેક્ષાધ્યાનની સાધના માટે પૂર્વ તૈયારીના રૂપમાં નીચેની સાધના કરવી આવશ્યક છે -

(૧) મૈત્રીભાવનો વિકાસ.

(૨) ભાવ-ક્રિયા અર્થાત્ વર્તમાનમાં જીવવું. જે સમયે જે ક્રિયા કરો તેમાં સંપૂર્ણ ઓતપ્રોત થઈ જવું. ( Undivided Attention - total concentration)

(૩) પ્રતિક્રિયા-વિરતિ અર્થાત્ કોઈની પણ ક્રિયાની પ્રતિક્રિયા ન કરવી. બીજાના કહેવાથી કે કરવાથી પોતાની શાંતિનો-સમતાનો ભંગ કરી, અવિવેકપૂર્વક એનો જવાબ ન આપવો. (Control over our reaction - retaliation) અન્યની કઠપૂતળી ન બનવું(૪) મિતાહાર

(૫) મિતભાષણ

આ પૂર્વસાધનાનો સંકલ્પ કર્યા પછી -

૫.૬) પ્રાથમિક સાધના : પ્રેક્ષાધ્યાનમાં પ્રવેશ કરવા પ્રાથમિક સાધના રૂપે -

(૧) આસન (સુખાસન, પદ્માસન, વજ્રાસન, આદિ.)

(૨) મુદ્રા (જ્ઞાનમુદ્રા-બ્રહ્મમુદ્રા)

(૩) મહાપ્રાણધ્વનિ અથવા 'અર્હં' યા 'ઓમ્'નો ધ્વનિ (કવચ નિર્માણ)

(૪) ધ્યેય - સંકલ્પનો સ્વીકાર

"હું ચિત્તની શુદ્ધિ માટે, નિર્મળતા માટે, પવિત્રતા માટે, પ્રેક્ષાધ્યાનનો પ્રયોગ કરી રહ્યો છુ."

(૫) આગમસૂત્રનું ઉચ્ચારણ -

સંપિક્ખએ અપ્પગમપ્પએણં

(આત્મા દ્વારા આત્માને જુઓ)

૫.૭) સાધના-ક્રમ: પ્રેક્ષાધ્યાનની સાધના માટેનો ક્રમ છે:

(૧) કાયોત્સર્ગ (૪) શરીર પ્રેક્ષા

(૨) અંતર્યાત્રા (૫) ચૈતન્ય કેન્દ્ર પ્રેક્ષા

(૩) શ્વાસ પ્રેક્ષા (૬) લેશ્યાધ્યાન
(૭) અનુપ્રેક્ષા - ભાવનાઓ

૫.૮) ભાવના- અનુપ્રેક્ષાધ્યાનઃ અંતિમચરણમાં અનુપ્રેક્ષા દ્વારા નીચેની ભાવનાઓથી આત્માને ભાવિત કરવાનો હોય છે :- અનિત્ય, એકત્વ, અશરણ, આદિ. ત્યાર પછી અત્યંત એકાગ્ર બનીને પવિત્રતાની ભાવના, સમતાની ભાવના અને અંતે જ્ઞાતા-દૃષ્ટા ભાવથી આત્માનો-ચેતનાનો સાક્ષાત્કાર કરી આત્માના ગુણો - જ્ઞાન, આનંદ અને શક્તિનો અનુભવ કરવો.

૫.૯) પ્રેક્ષાધ્યાનની નિષ્પત્તિઃ પ્રેક્ષાધ્યાન સાધનાપદ્ધતિથી ચિત્તની નિર્મળતા, વિચારોની પવિત્રતા અને સમતાનો વિકાસ થાય છે. આદિ-વ્યાધિ-ઉપાધિમાંથી સમાધિ તરફ પ્રસ્થાન થાય છે. આ ઉપરાંત નફામાં શારીરિક સ્વાસ્થ્ય, મનની શાંતિ, કુટેવોનો ત્યાગ, સ્વભાવમાં અને આદતોમાં પરિવર્તન થઈ શકે છે. ટૂંકમાં સંપૂર્ણ વ્યક્તિત્વનું રૂપાંતરણ થઈ જવાથી સાધક પવિત્ર, શાંત, સમતામય અને આધ્યાત્મિક જીવનનો આનંદ માણી શકે છે.

(૬) આભ્યંતર તપ અને સાધનામાં ધ્યાનઃ

૬.૧) તપ અને ધ્યાનઃ જૈન આચારમીમાંસામાં તપનું સ્થાન અત્યંત મહત્ત્વનું છે. ભગવાન મહાવીરે મોક્ષમાર્ગની સાધના માટે તપને એક સશક્ત સાધન માન્યું છે, કારણ કે આત્મશુદ્ધિનો એ શક્તિશાળી ઉપાય છે. એના મુખ્ય બે ભેદ છે. બાહ્ય તપ અને આભ્યંતર તપ. આભ્યંતર તપના ૬ પ્રકાર છે :

પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ધ્યાન અને વ્યુત્સર્ગ.

૬.૨) ધ્યાનની પરિભાષાઃ આવશ્યકનિર્યુક્તિમાં શરીર, વાણી અને મનની એકાગ્ર પ્રવૃત્તિને ધ્યાન કહેવામાં આવ્યું છે. ધ્યાનશતકમાં ધ્યાનને સ્થિર અધ્યવસાય ગણવામાં આવ્યું છે. તત્ત્વાર્થસૂત્રમાં વાચક ઉમાસ્વાતિએ ધ્યાનની પરિભાષા કરી છે. 'ઉત્તમ સંહનનસ્યૈકાગ્રચિંતા નિરોધો ધ્યાનમાન્તમુહૂર્તાત્'(૭/૨૭). જૈન સિદ્ધાંત દીપિકામાં ગુરુદેવ તુલસીએ

ધ્યાનની વ્યાખ્યા કરી છે. 'એકાગ્ર મનઃસન્નિવેશનં યોગનિરોધો વા ધ્યાનમ્' (૬/૪૧). આના ઉપરથી એમ જાણવા મળે છે કે જૈન પરંપરામાં ધ્યાનનો સંબંધ ફક્ત મન સાથે નહીં પણ ત્રણે યોગ - મન, વચન, અને કાયા સાથે છે. આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે નિરંજન દશા, નિષ્પ્રકંપ દશાને ધ્યાન કહેવાય છે (૧૪૬૭-૭૮). કેવલજ્ઞાનીને ફક્ત નિરોધાત્મક ધ્યાન થાય છે જ્યારે અન્યને એકાગ્રાત્મક અને નિરોધાત્મક એમ બન્ને પ્રકારના ધ્યાન થાય છે.

૬.૩) ધ્યાનના અધિકારીઃ વાચક ઉમાસ્વાતિજીએ તત્ત્વાર્થસૂત્રમાં ધ્યાનની પરિભાષા કરી છે તે મુજબ ૪ વાત નોંધવા જેવી છે.

(૧) ઉત્તમસંહનનધારી (જેની દેહરચના ઉત્તમ છે) પુરુષ ધ્યાતા છે.

(૨) એકાગ્ર ચિંતા અથવા યોગનિરોધ ધ્યાન છે.

(૩) જે એક વિષયને મુખ્ય બનાવે, જેના પર ચિત્ત એકાગ્ર થાય તે ધ્યેય છે અને

(૪) અન્તર્મુહૂર્ત એ ધ્યાનનો ઉત્કૃષ્ટ સમય છે. શરીરધારીને વધુમાં વધુ ૪૮ મિનિટ સુધી ધ્યાન ટકી શકે છે અને અન્ય શરીરને એનાથી ઓછા સમય સુધી ધ્યાન રહી શકે છે.

અષ્ટપ્રાભૃતના મોક્ષપ્રાભૃતમાં કહ્યું છે કે જીવ આજે પણ રત્નત્રયી દ્વારા શુદ્ધાત્માનું ધ્યાન કરીને સ્વર્ગલોક યા લોકાંતિક દેવત્વ પ્રાપ્ત કરી ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ પ્રાપ્ત કરી શકે છે (ગાથા ૭૭), એટલે કે અનુત્તમ સંહનનવાળા જીવો પણ ધ્યાન કરી શકે છે.

૬.૪) ધ્યાનના પ્રકાર :ધ્યાનના મુખ્ય બે પ્રકાર છેઃ અપ્રશસ્ત એટલે અશુભધ્યાન અને પ્રશસ્ત એટલે શુભધ્યાન. અપ્રશસ્ત ધ્યાનના બે ભેદ છેઃ આર્ત્તધ્યાન અને રૌદ્ર ધ્યાન તથા પ્રશસ્ત ધ્યાનના બે ભેદ છે. ધર્મધ્યાન અને શુક્લ ધ્યાન. આમાં આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન કર્મબંધના કારણ છે જ્યારે ધર્મધ્યાન અને શુક્લધ્યાન કર્મ નિર્જરાના કારણ છે.

૬.૫) ધર્મ્યધ્યાન : આભ્યંતર તપ સાધના માટે ધર્મ્યધ્યાનની સાધના કરવાની હોય છે. એ યાદ રાખવું જોઈએ કે આ ધ્યાનનું નામ ધર્મધ્યાન નથી પણ ધર્મ્યધ્યાન છે. એની પરિભાષા તત્ત્વાર્થસૂત્રમાં આ પ્રમાણે કરી છે:-

" આજ્ઞા - અપાય - વિપાક - સંસ્થાન વિચય - ધમ્યર્મ "

(૯/૩૬) આમ ધર્મ્યધ્યાન ૪ પ્રકારના છે :

(૧) આજ્ઞાવિચય - આગમની પ્રમાણતાથી અર્થનો વિચાર કરવો. એટલે કે આગમશ્રુતમાં પ્રતિપાદિત તત્ત્વને ધ્યેય બનાવી એમાં એકાગ્ર થઈ જવું.

(૨) અપાયવિચય -સંસારી જીવોના દઃખોનું અને એમાંથી છૂટવાના ઉપાયનું ધ્યાન કરવું. આ ધ્યાનમાં રાગ-દ્વેષ આદિ દોષોના ઉત્પત્તિ હેતુ અને એના ઉપાય હેતુને ધ્યેય બનાવી એકાગ્ર થઈ જવાનું હોય છે.

(૩) વિપાકવિચય - કર્મોના ફળનો વિચાર કરી એને ધ્યેય બનાવી એકાગ્ર થવું.

(૪) સંસ્થાનવિચય- લોકના આકારનો તથા દ્રવ્યની વિવિધ આકૃતિઓ તથા પર્યાયોને ધ્યેય બનાવી એનો એકાગ્રતાથી વિચાર કરવો.

ધર્મનો અર્થ છે - વસ્તુનો સ્વભાવ, ઉપર મુજબ ધ્યેય ઉપર વિચાર કરતી વખતે સ્વસન્મુખતાને લીધે જેટલી આત્મપરિણામોની શુદ્ધતા થાય તે નિશ્ચય ધર્મધ્યાન છે. પણ જે વ્યવહાર ધર્મધ્યાન છે તે શુભભાવ છે. શુભપરિણામરૂપ ધર્મધ્યાનથી ચિત્તની ઉચ્છૃંખલતા પર અંકુશ લાગે છે. એ સત્યનો સાક્ષાત્કાર કરવાની પ્રક્રિયા છે. આત્માનુશાસનને ઉજાગર કરવાનું પ્રબળ સાધન છે.

૬.૬) શુક્લધ્યાન : તત્ત્વાર્થસૂત્રમાં એની પરિભાષા કરવામાં આવી છે; પૃથક્ત્વ એકત્વવિતર્ક સૂક્ષ્મક્રિયા પ્રતિપાતિ વ્યુપરતક્રિયા નિવર્તીનિ (૯/૯), જૈન સિદ્ધાંતદીપિકામાં પણ એની વ્યાખ્યા કરવામાં આવી છે: " પૃથક્ત્વવિતર્કવિચાર, એકત્વવિતર્ક અવિચાર, સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ, સંમૂર્ચ્છિનક્રિયા અનિવૃત્તિની શુકલમ્ "

(૬/૪૪)

નિર્મલ પ્રણિધાન - સમાધિ અવસ્થાને શુક્લધ્યાન કહેવાય છે. ઉપરમાંથી પ્રથમ બે પ્રકારનું શુક્લધ્યાન પૂર્વજ્ઞાનધારી શ્રુતકેવલીને થાય છે. બાકી બે માત્ર કેવલી ભગવાનને થાય છે.

આ ચાર ભેદો આ પ્રમાણે છે :

૧) પૃથક્ત્વવિતર્ક સવિચાર - કોઈ પણ એક વસ્તુને ધ્યેય બનાવીને બીજા બધા પદાર્થો એનાથી ભિન્ન છે એમ ચિંતન કરવું એ પૃથક્ત્વવિતર્ક છે. એમાં અર્થ, શબ્દ અને યોગ પર પરિવર્તન (એકમાંથી બીજા પર જવું) થવાથી એ સવિચાર કહેવાયછે. એ ત્રણે યોગવાળાને થાય છે.

૨)એકત્વવિતર્ક અવિચાર - એકત્વનું ચિંતન કરવું, જેમાં કોઈ પરિવર્તન નથી થતું એટલે એ અવિચાર ધ્યાન છે.

સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ - ૧૩મા ગુણસ્થાનની અંત ભાગમાં જે ઉચ્છવાસ નિઃશ્વાસની સૂક્ષ્મક્રિયા બાકી રહે છે, જેનું પતન નથી થતું. એમાં માત્ર કાયયોગ હોય છે.

૪) સંમૂર્છિનક્રિયા અનિવૃત્તિ - આમાં ત્રીજા પ્રકારની સૂક્ષ્મક્રિયા પણ નથી રહેતી - વિચ્છિન્ન થઈ જાય છે. આમાં અયોગી અવસ્થા, જેની નિવ-ત્તિ નથી હોતી, તે પ્રાપ્ત થાય છે.

(૭) ચઉવીસત્થવ અને ધ્યાન

7.1) 'ચતુવિશતિસ્તવ' - આવશ્યક સૂત્રમાં 'ચઉવીસત્થવ' ધ્યાનનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. એમાં ચોવીસ તીર્થંકરોની સ્તુતિ છે, એટલે એને ' ઉક્કિતણં-ઉત્કીર્ત્તનમ્'પણ કહેવામાં આવે છે. એમાં પહેલો શબ્દ 'લોગસ્સ' હોવાથી લોકભાષામાં એને માટે એજ પ્રચલિત શબ્દ ઉપયોગમાં લેવામાં આવે છે. સામાન્ય વિધિ અનુસાર 'લોગસ્સ'નું ધ્યાન કાયોત્સર્ગ (કાઉસગ્ગં)ની મુદ્રામાં કરવામાં આવે છે.

૭.૨ કાયોત્સર્ગ અને ધ્યાન -

કાયોત્સર્ગ એટલે કાયાનો ઉત્સર્ગ કરવો. શરીરની પ્રવૃત્તિઓને સ્થિર કરવી. ધ્યાન અને કાયોત્સર્ગમાં ફરક છે. ધ્યાનનું મુખ્ય ધ્યેય મનને એકાગ્ર કરવાનું

છે અને -કાયોત્સર્ગનું મુખ્ય ધ્યેય કાયાની ચંચળતા - અસ્થિરતાને રોકવાનું છે. ગૌણ રૂપથી જોવામાં આવે તો ધ્યાન અને કાયોત્સર્ગનો પારસ્પરિક સંબંધ છે. જેમકે - ધ્યાનાવસ્થામાં શરીરને સ્થિર રાખવું આવશ્યક છે તો કાયોત્સર્ગમાં મનની એકાગ્રતા પણ એટલી જ જરૂરી છે.

૭.૩) લોગસ્સ શા માટે :

લોગસ્સનું ધ્યાન કરતા પહેલાં એનો હેતુ દર્શાવવા 'ઈર્યાપથિક' સૂત્ર અને 'કાયોત્સર્ગ - પ્રતિજ્ઞા' (તસ્સ ઊત્તરી...) પાઠોનું વિધાન છે. ઈર્યાપથિક સૂત્રમાં જીવહિંસાના પાપથી નિવૃત્ત થવા માટેનો સંકલ્પ છે. રસ્તામાં ચાલતા સમયે મેં ત્રસ અથવા સ્થાવર જીવની કોઈપણ પ્રકારે વિરાધના કરી હોય, દુઃખી કર્યા હોય, મૃતઃપ્રાય કર્યા હોય, ભયભીત કર્યા હોય, યાવત્ પ્રાણથી રહિત કર્યા હોય, તો મારા એ પાપોનું ફળ નિષ્ફળ થાઓ, પોતે કરેલાં પાપોનું ખરા હૃદયથી પ્રાયશ્ચિત કરવા માટે આ સૂત્રમાં હૃદયગ્રાહી ઉપદેશ છે.

"પરંતુ ફક્ત 'મિચ્છામિ દુક્કડં' કહેવાથી જ મારો આત્મા નિર્મળ ન થયો હોય તો એને (તસ્સ) અધિક નિર્મળ કરવા માટે, શ્રેષ્ઠ-ઉત્કૃષ્ટ બનાવવા માટે (ઊત્તરી કરણેણં), પ્રાયશ્ચિત - આલોચના કરવા માટે ( પાયચ્છિત્ત કરણેણં), પાપ - કર્મોનો નાશ કરવા માટે (પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ) હું કાયોત્સર્ગ કરું છું." ૭.૪) ત્યારબાદ ચોવીસ ભગવાનની સ્તુતિનો નિર્દેશ છે જે કાયોત્સર્ગ - ધ્યાનાવસ્થામાં કરવાની હોય છે. એમાં ભાવના ભાવવાની છે કે : "(વિહુઅરયમલા) - પાપ તથા રાગ-દ્વેષ રૂપી રજ રહિત અને કષાયરૂપી મલ રહિત હે તીર્થંકર ભગવાન મારા કીર્તન, વંદન અને પૂજનથી પ્રસન્ન થાઓ. મને આરોગ્ય - સમ્યક્ત્વનો લાભ આપો અને આધિ, વ્યાધિ, ઉપાધિથી સમાધિ તરફ જઈ શકું એવું શ્રેષ્ઠ વરદાન આપો.મારામાં ચારિત્રની નિર્મળતા, આત્માની ઉજ્જવળતા અને ગુણોની ગંભીરતા પ્રગટ થાય."

૭.૫) શક્રસ્તુતિ (સક્કથુઈ) :

ઉપર પ્રમાણે સિદ્ધ ભગવાન આપણા અભ્યુદયના હેતુ બને છે, આલંબન બને છે. ત્યારબાદ શક્રસ્તુતિ (નમુત્થુણં) માં અરિહંત ભગવાન અને સિદ્ધોના ગુણોનું સુંદર ઉપમાયુક્ત વર્ણન કરી એમને નમસ્કાર કરવામાં આવે છે.

આ આપણી પરંપરાગત ધ્યાનની પદ્ધતિ છે જે પંચ- પ્રતિક્રમણમાં અનિવાર્ય રૂપે કરવામાં આવે છે.

# જૈન પરંપરામાં ધ્યાનસાધના

ડૉ. કોકિલા શાહ
(એમ. એ પીએચ. ડી. (ગોલ્ડમેડાલિસ્ટ) ઘાટકોપરની ઝૂનઝૂનવાલા કોલેજના ફિલોસોફી વિભાગના અધ્યક્ષ અને રીડર છે. જૈનોલોજી પર પીએચ.ડી કર્યું છે અને મુંબઇ યુનિ. એ, પીએચ. ડી ગાઇડ તરીકે માન્યતા આપી છે.)

*"ધ્યાન અભ્યાસી જો નર હોય*
*તાકું દુ:ખ ઉપજે નવિ કોય*
*ઈંદ્રાદિક પૂજે તસ પાય,*
*ઋદ્ધિ સિદ્ધિ પ્રગટે ઘટ આય"*

(ચિદાનંદકૃત સર્વોદયજ્ઞાન-૬)

જૈનધર્મમાં વિશદતાથી જ્ઞાનની ચર્ચા જોવા મળે છે. જૈનાચાર્યોએ ધ્યાનનો અર્થ ચિંતનનું એકાગ્રીકરણ કરવું એમ માન્યું છે. આચાર્ય ઉમાસ્વાતિ જ્ઞાનની પરિભાષા આપતાં કહે છે - "એકાગ્રચિન્તાનિરોધો ધ્યાનમ્"(તત્ત્વાર્થસૂત્ર ૧/૨૭) આવશ્યક નિર્યુક્તિ ચિત્તને કોઈ એક લક્ષપર સિદ્ધ કરવું એને ધ્યાન માને છે. તત્ત્વાનુશાસનમાં પણ કહ્યું છે કે ચિત્તને વિષયવિશેષ પર કેન્દ્રિત કરવું એ જ ધ્યાન છે. ભગવતી આરાધનાની ટીકામાં ધ્યાનના સ્વરૂપ પર પ્રકાશ પાડતા કહ્યું છે - રાગ દ્વેષ તથા મિથ્યાત્વથી રહિત પદાર્થના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન એજ જ ધ્યાન છે. ઈન્દ્રિય અને મનોગુપ્તિ પ્રાપ્ત કરનાર ધ્યાતા છે. વસ્તુ યથાસ્થિતમ્ અર્થાત્ નિજજ્ઞાયકભાવ ધ્યેય છે - અને તેમાં એકાગ્રતા તે ધ્યાન છે.તેનું ફળ સંવર અને નિર્જરા છે. જૈન ધર્મનું મૂળ આત્માનુભૂતિ છે તેથી આત્મધ્યાનનું મહત્ત્વ છે. કહ્યું છે કે જે કોઈ સિદ્ધ થયા છે, સિદ્ધ થાય છે અને હવે પછી થશે તે સર્વે શુભઆશયવાળા

'ध्यानम् प्रशस्ताप्रशस्त भेदेनद्विविधं ।'

પ્રકૃતિઅનુસાર ધ્યાનના બે ભેદ છે

(૧) પ્રશસ્ત (૨) અપ્રશસ્ત

જે શુભ પરિણામ માટે તથા વસ્તુના યથાર્થ સ્વરૂપના ચિંતનથી છે તે પ્રશસ્ત ધ્યાન છે. જ્યારે જે ધ્યાન અશુભ પરિણામોની પૂર્તિ માટે તથા તત્ત્વના યથાર્થ ભ્રમથી ઉત્પન્ન થાય છે તે અપ્રશસ્ત ધ્યાન છે. પ્રશસ્ત ધ્યાન મોક્ષમાં સહાયક છે. પ્રશસ્ત અને અપ્રશસ્ત બંને ધ્યાનના બે પ્રકાર છે -

અપ્રશસ્ત ધ્યાન : (૧) આર્તધ્યાન (૨) રૌદ્રધ્યાન

અને પ્રશસ્ત ધ્યાનઃ (૧) ધર્મધ્યાન (૨) શુક્લધ્યાન

સ્થાનાંગસૂત્રમાં આ ચાર ધ્યાનની ચર્ચા કરવામાં આવી છે. કોઈપણ સંસારી જીવને અનંતકાળ દરમ્યાન જે શુભાશુભ અધ્યવસાયો અથવા વ્યક્ત અવ્યક્ત માનસિક વિચારો આવે છે તે સર્વ વિચારોનો આ ચાર પ્રકારના ધ્યાનમાં સમાવેશ થાય છેઃ

(૧) આર્તધ્યાન - આર્તધ્યાન એટલે દુઃખથી પીડિત ચિત્ત

(૨) રૌદ્રધ્યાન - રૌદ્રધ્યાન એટલે દુષ્ટ-હિંસક ભાવોવાળું ચિત્ત

(૩) ધર્મધ્યાન એટલે શ્રુત, ચારિત્રના વિચારોનું ચિંતન કરનાર ચિત્ત

(૪) શુક્લધ્યાન એટલે ઉજ્જવળ આત્મપરિણામોવાળું ચિત્ત

આ ચાર પ્રકારના ધ્યાનોમાં આર્ત અને રૌદ્ર ધ્યાન અશુભ છે, છોડવા યોગ્ય છે. અનંતકાળથી અજ્ઞાનને કારણે પરપદાર્થની અનુકૂળતામાં આત્મા જે સુખ માને છે તે આર્તધ્યાન છે. રૌદ્ર ધ્યાનથી બચવું શક્ય છે પણ આર્તધ્યાનથી બચવું મુશ્કેલ છે. આ બંને ધ્યાન સંસાર અને દુર્ગતિના કારણો છે. મહત્ત્વ છે ધર્મધ્યાન તપ વડે જ સિદ્ધપણું પામે છે એમ જાણવું - ધ્યાન એક આંતરિકસાધના છે જે આપણામાં રહેલા સિદ્ધત્વના બીજને વિકાસ કરવાના સાધન રૂપ છે. દ્રવ્યસંગ્રહમાં ધ્યાનની મહત્તા સિદ્ધ કરતાં કહ્યું છે કે નિયમપૂર્વક ધ્યાનથી સાધક નિશ્ચયઅને વ્યવહાર બંને પ્રકારે મોક્ષમાર્ગ પામે છે. અને *શુક્લધ્યાનનું જેનો અંતરંગ તપમાં સમાવેશ થાય છે* - આવા ધ્યાનને સર્વોત્કૃષ્ટ તપ માનવામાં આવે છે. આચાર્ય જયસેન તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકામાં તપની પરિભાષા આપતા કહે છે : समस्तरागादिपरभावेच्छात्यागेन् स्वस्वरूपे प्रतपत्तं विजयनं तपः।સમસ્ત રાગાદિ

પરભાવોની ઈચ્છાના ત્યાગ વડે સ્વરૂપમાં વિજયન કરવું એ તપ છે. આચાર્ય અમૃતચંદ્રે પણ તત્ત્વદીપિકામાં આ જ કહ્યું છે - ધ્યાન તપ પામી આત્મા પરમાત્મા બની શકે છે. પુરૂષાર્થ સિદ્ધિ ઉપાયમાં અમૃતચંદ્ર એકાગ્ર ચિત્તે પંચપરમેષ્ઠી અને આત્માનું ધ્યાન કરવું તેને ધ્યાન કહે છે. ધર્મધ્યાન શુભ ધ્યાન છે અને શુક્લ ધ્યાન શુભ અને શુદ્ધ ધ્યાન છે.

આચાર્ય હરિભદ્રસૂરીએ કહ્યું છે - સાતમી પ્રભાદષ્ટિ ધ્યાન પ્રિયા હોય છે અને યથાર્થ આત્માનુભવયુક્ત હોય છે - (યોગદષ્ટિ સમુચ્ચય)

જૈનધર્મની સાધનાનું કેન્દ્રબિંદુ છે - આત્મા. ધ્યાનસાધનાથી આત્મશક્તિ પ્રગટ થતી જાય છે, અનેક પ્રકારના અનુભવો થાય છે અને લબ્ધિઓ પ્રગટે છે અને અનંત ભવના બાંધેલાં કર્મોનો પણ ક્ષય થાય છે(ધ્યાનાગ્નિના દહયતે કર્મ)

માટે મોક્ષાર્થી જીવોએ ધર્મધ્યાન અને શુક્લધ્યાનની સાધના અવશ્ય કરવી જોઈએ. જૈન દર્શનનો સાધનામાર્ગ આચારાંગમાં જોવા મળે છે, શ્રી હેમચંદ્રાચાર્યે આચાર્ય હરિભદ્રે ધ્યાન વિષે વિવેચન કર્યું છે. ત્યાર પછી આનંદઘનજી, ચિદાનંદજી, યશોવિજયજી, રાજચંદ્ર જ્ઞાનના અભ્યાસી હતા. શુભચંદ્રે જ્ઞાનાર્ણવના પ્રારંભમાં ઋષભદેવને એક યોગી તરીકે વંદન કર્યા છે. ઉપમિતિભવપ્રપંચમાં ધ્યાનયોગને દ્વાદશાંગીનો સાર કહ્યો છે.

ધર્મધ્યાન :-આત્માને આત્મસ્વરૂપનું ચિંતન અથવા એ ચિંતનની અનુકૂળતામાં કારણરૂપ દેવગુરૂધર્મની આરાધના એ ધર્મધ્યાન છે. ધર્મક્રિયાઓ જેવી કે સામાયિક, દેવદર્શન પૂજન વગેરે કરવા છતાં ધર્મધ્યાન જીવનમાં દુષ્કર છે - અનાદિકાળથી વર્તતી અજ્ઞાનદશાને કારણે આત્માને આત્મા તરફ લક્ષ થતું નથી. જે ક્ષણે આત્માને પોતાના ઘરનું ભાન થવા માટે બીજા રોપણ થાય છે તે ક્ષણથી ધર્મધ્યાનની શરૂઆત થાય છે. આ પ્રકારનું ધ્યાન આત્મિક શક્તિ પર આધારિતછે. ધર્મધ્યાન વડે આત્મા સંવર અને સકામ નિર્જરા કરે છે, પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરે છે અને શુક્લ ધ્યાનનો અધિકારી બને છે. ધર્મધ્યાનના પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત એ ચાર ભેદ છે.

(૧) પિંડસ્થ - પિંડસ્થ એટલે શરીર અને તેમાં રહેનાર અમૂર્ત આત્માનું ધ્યાન. જૈનશાસ્ત્રોમાં પિંડસ્થ ધ્યાન કરવાનું વિધિવિધાન છે.જેના આશ્રય થકી આત્મા પોતાના સ્વભાવમાં આવે છે.
(૨) પદસ્થ - એટલે મંત્રનું પદ - જેનું ધ્યાન ધરવાથી શક્તિ જાગૃત થાય છે. દા.ત. ૐકારનું ધ્યાન
(૩) રૂપસ્થ ધ્યાન - આ ધ્યાનનો વિષય મૂર્તિ, ચિત્ર ઈત્યાદિ છે. જેના પર મનને એકાગ્ર કરી ધ્યાન કરવાનું છે
(૪) રૂપાતીત ધ્યાન : એટલે અમૂર્ત, અનંતજ્ઞાની સિદ્ધ પરમાત્માનું ધ્યાન આમ ધ્યાન ધરતા સાધક સિદ્ધાત્મામાં લીન થઈ જાય છે. શુદ્ધ આત્મસ્વરૂપ શુક્લ ધ્યાન તરફ આ અવસ્થા લઈ જાય છે.

શુક્લ ધ્યાનઃ- શ્રુતના આલંબનથી અથવા આલંબન વિના, દ્રવ્યો અને તેના પર્યાયોના યથાર્થ ચિંતનમાં એકાગ્રતા તેમ જ આત્મા આત્માને આત્મા વડે જાણે તે શુક્લધ્યાન છે તે અંતે મોક્ષનું કારણ છે તેથી ચરમ કોટિનું ધ્યાન છે.

ધ્યાનથી શાંતિ, સ્થિરતા વગેરે પ્રાપ્ત થાય છે, તનાવમુક્તિ થાય છે. ઐહિક લબ્ધિઓ ધ્યાનીને સહજ પ્રાપ્ત થાય છે. ધ્યાનનું ખરું મહત્ત્વ એ છે કે ધ્યાન ઓછી વધુ એકાગ્રતાથી થાય તો પણ તે વખતે મનનો ઉપયોગ શુભભાવમાં હોવાથી શુભ આશ્રવ થાય છે. ધ્યાનનું ફળ સમતા છે. ધ્યાનીને તે સ્વાભાવિક પ્રાપ્ત થાય છે. વર્તમાન કાળે ચોથાથી સાતમા ગુણસ્થાનક સુધી ધર્મધ્યાન હોય છે. પછી શ્રેણી શરૂ થાય છે.ભગવાન મહાવીર પરમ ધ્યાનયોગી હતા. આત્મામાં પ્રતિષ્ઠિત થવા માટે ધ્યાન છે. એ માટે જરૂરી છે આત્મજ્ઞાન. વ્યક્તિ શરીરથી પોતાની ભિન્નતા સાબિત કરી આત્મામાં સ્થિત થઈ જાય.

વર્તમાનકાળે પ્રેક્ષાધ્યાન પદ્ધતિના પ્રયોગ ચાલી રહ્યા છે . પ્રેક્ષાધ્યાન ભેદવિજ્ઞાનના બોધ માટે મહત્ત્વનું છે. વળી અનુપ્રેક્ષા ધ્યાન એ પ્રેક્ષા ધ્યાનનું

મહત્ત્વપૂર્ણ અંગ છે. પ્રેક્ષાધ્યાનની પદ્ધતિ જનસમૂહ સમક્ષ મૂકવાનું શ્રેય આચાર્ય તુલસીને અને આચાર્ય મહાપ્રજ્ઞને જાય છે. પ્રેક્ષા એટલે જોવું. પ્રેક્ષાધ્યાનનો ઉપદેશ છે આત્માનો સાક્ષાત્કાર. તેમાં શ્વાસપ્રેક્ષા, લેશ્યાધ્યાન, શરીરપ્રેક્ષા વગેરેના પ્રયોગો કરવામાં આવે છે. આ ધ્યાન કાયોત્સર્ગ પર આધારિત છે.

અરિહંતચેઈયાણં સૂત્રમાં કાયોત્સર્ગ કઈ રીતે કરાય તેનું માર્ગદર્શન છે. કાયોત્સર્ગ એ માત્ર સૂત્રો બોલી જવાની સામાન્ય ક્રિયા નથી પરંતુ મનમાં બોલતા શબ્દના મર્મને પકડી તેમાં એકાગ્ર થઈ જવા માટેની એક વિશિષ્ટ પ્રક્રિયા છે. કાયોત્સર્ગ શ્રદ્ધાથી કરવાનો છે પરંતુ જડતાથી નહીં. આ સૂત્રમાં પરમાત્માની ભક્તિ આદિના ફળ રૂપે બોધિ અને બોધિના ફળરૂપે મોક્ષને પ્રાપ્ત કરવા પ્રણિધ્યાનપૂર્વક કાઉસગ્ગમાં કેમ રહેવું તેનો સંકલ્પ કરાયો છે. જેમ શ્રદ્ધા, મેધા, ધૃતિ, ધારણા, ભક્તિ વગેરેનો સમાવેશ થાય છે. ચૈત્યવંદન એટલે અપેક્ષાએ એકાગ્રતાપૂર્વક શુભધ્યાનમાં લીન થવાની ક્રિયા - જે કાયોત્સર્ગ જ છે. તેથી કહ્યું છે કે જ્યારે સાધક પરમાત્મા સાથે તાદાત્મ્ય ભાવ સાધવા પ્રયત્ન કરે છે ત્યારે મહાઆનંદ પ્રાપ્ત કરે છે અને અનુભૂતિ કરે છે -

*"હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં ધ્યાનમેં ...*
*બીસર ગઈ દુવિધા તન-મન કી, અચિરાસુતગુણગાન મેં..."*

એમ પણ કહ્યું છે -

આતમ ધ્યાન ભરતચક્રી લહ્યો ભવન અરિસા જ્ઞાન . વળી તેઓ એમ પણ કહે છે

*"અજપા જાપ સોહં સુસમરન*
*કર અનુભવ રસપાન".*

(ચિદાનંદ બહોંતેરી)

*"કેમકે આપ આપ વિચારતા મન પામે વિસરામ*
*રસસ્વાદ સુખ ઉપજે અનુભવ તકો નામ (પદ ૨૪)"*

તેઓ અન્યત્ર કહે છે 'એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં '. શ્રીમદ્ રાજચંદ્ર પરમધ્યાની રહસ્યવાદી હતા . તેઓ ઈડરના અલૌકિક પહાડો અને જંગલોમાં, પ્રાચીન ગુફામાં ધ્યાન કરતાં જ્યાં તેમણે મુનિઓને સદ્બોધ આપ્યો હોવાનું કહેવાય છે.

વિવિધ ધ્યાનોમાં સિદ્ધિ મેળવાને અથર્ઈ ચિત્ત જો સ્થિર થયેલું ઈચ્છતા હો તો ઈષ્ટ અને અનિષ્ટ વિષયોમાં મોહ ન કરો, રાગ દ્વેષ ન કરો, કોઈ પણ પ્રકારના વિષય પર ધ્યાન કરતા, સાધુ સ્વરૂપ સ્થિતરૂપ એકાગ્રતા પ્રાપ્ત કરી સકામવૃત્તિઓથી રહિત થઈ શકે ત્યારે તેને સાચું ધ્યાન પ્રાપ્ત થયું કહેવાય. આત્મા આત્મામાં લીન બની જાય તો પરમ ધ્યાન થાય (૫૬)

તેઓ ઈડરમાં ધ્યાન કરતા અભય ફરતાં અને 'ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહીં 'એવી પ્રસન્નતા અનુભવતા.

છેલ્લે, ચિદાનંદજી અધ્યાત્મબાવનીમાં કહે છે

*"આતમધ્યાને રમણતાં, રમતા આત્મસ્વભાવ*
*અષ્ટ કર્મ દૂરે કરે પ્રગટે શુદ્ધ સ્વભાવ" (૨૬)*

*"ધર્મ ધ્યાનકા હેતુ યહ શિવસાધન કે ખેત*
*એસો અવસર કબ મિલે ચેત શકે તો ચેત" (૪૮)*

અંતમાં, આપણે પણ ધ્યાનની સમ્યક્ સાધના કરી અવિનાશી સુખ પ્રાપ્ત કરીએ.



# મંત્ર અને મંત્રમાં ૐકાર

ડૉ. રેખા વોરા

(બી. એ. સમાજશાસ્ત્ર, એમ. એ. સમાજશાસ્ત્ર તથા એમ. એ. અર્થશાસ્ત્ર સાથે કરેલ છે. જૈનસ્તોત્રસાહિત્ય અને ભક્તામર સ્તોત્ર વિષય ઉપર મુંબઇ યુનિ. એ પીએચ. ડી. ની ડીગ્રી એનાયત કરેલ છે. ૧૩ વર્ષથી એક્યુપ્રેશરની પ્રેક્ટીસ, મેગ્નેટ થેરાપી, નેચરોપથી, મસાજ થેરાપી, હાર્ટ થેરેપી વગેરેનો અભ્યાસ. દેશ વિદેશમાં અનેકને શિબિરો યોજી લાભ આપ્યો છે. વિદેશમાં અનેક સ્થળે લેક્ચર માટે નિમંત્રણો મળે છે.)

મંત્ર શબ્દ સંસ્કૃત ભાષાનો છે. મંત્ર શબ્દ મન ધાતુમાં ત્રન તથા ધમ્ પ્રત્યય લાગીને બને છે. આ વ્યુત્પત્તિ અનુસાર એનો અર્થ થાય છે જેના દ્વારા આત્માના આદેશનો સાક્ષાત્કાર કરવામાં આવે છે તે મંત્ર છે. બીજી વ્યુત્પત્તિમાં મન્ ધાતુનો વિચાર પરક એવો અંર્થ કરવામાં આવે છે ત્યારે તેનો અર્થ એવો થાય છે જેના દ્વારા આત્માની વિશુદ્ધતા પર વિચાર થઇ શકે છે તે મંત્ર છે. ત્રીજી વ્યુત્પત્તિમાં મન્ ધાતુને સત્કારાર્થમાં લેતાં તેનો અર્થ થાય છે, જેના દ્વારા મહાન આત્માઓનો સત્કારકરવામાં આવે છે, તે મંત્ર છે. ચોથા અર્થમાં જ્યારે મન્ ને શબ્દ માનીને 'ત્ર' પ્રત્યય લગાવીને મંત્ર શબ્દ બનાવવાથી એ અર્થ પ્રગટ છે કે મંત્ર એ શબ્દશક્તિ છે જેનાથી માનવીને લૌકિક - પરલૌકિક રટણ મળે છે.

વ્યુત્પત્તિની દષ્ટિએ પોતાની ઇષ્ટ સિદ્ધિ માટે જે શબ્દ કે શબ્દરાશિનું ફરી ફરીને ગુણરીતે આવર્તન કરાય છે તે મંત્ર છે. વર્ણનસમૂહ અથવા તો શબ્દસમૂહમાં નિશ્ચિત આવર્તનથી જીવ, બ્રહ્મ અને બ્રહ્માંડનું ઐક્ય જાણવાની શક્તિ મંત્ર વડે મળે છે. જેના મનનથી સંસારના પાશબંધનથી પ્રાપ્ત થનારી જીવદશાની મુક્ત સાધ્ય બને છે તે મંત્ર છે અને જેના જયથી ધર્મ, અર્થ, કામ તથા મોક્ષાદિ ચાતુર્વર્ગની સિદ્ધિ પ્રાપ્ત થાય છે તે પણ મંત્ર છે.

મંત્ર-યંત્ર-તંત્ર વિદ્યાનું જ્ઞાન, ગુપ્તજ્ઞાન તરીકે, રહસ્યમય વિદ્યા તરીકે ભારતના સંસ્કૃત સાહિત્યના રોમરોમમાં ફેલાયેલું જોવા મળે છે. જૈનશાસ્ત્રના સાહિત્યમાં તેનો અખૂટ ભંડાર છે. જૈન ધર્મના પાયાનું મૂળભૂત સ્તોત્ર નવકાર મંત્ર એ મહામંત્ર છે, પ્રાણ મંત્ર છે, તેને ચૌદ પૂર્વનો સાર ગણવામાં આવ્યો છે અને તેનો સીધો સંબંધ પંચપરમેષ્ઠિના ગુણોની ઉપાસના સાથે છે. આ નમસ્કાર મહામંત્રના વિસ્તારરૂપે અનેક બીજા મંત્રો રચાયા છે.

મંત્ર એવું વિજ્ઞાન છે જેનાથી શક્તિનો ઉદ્ભવ થાય છે. જેનાથી મનમાં રહેલા અજ્ઞાનરૂપી અંધકારનો નાશ થાય છે મંત્ર એવી મનોભૂમિ તૈયાર કરે છે જેમાં ભગવાનની સત્તા કેન્દ્રભૂત થાય છે અને આ મંત્રશક્તિ દ્વારા ભગવાનનો સાક્ષાત્કાર થાય છે. અર્થાત્ મંત્રમાં એટલી દિવ્યશક્તિ રહેલી છે કે ભક્તને ભગવાન સાથે તાદાત્મયતા સાધવામાં અને તેમાં એકાકાર થવામાં મદદ કરે છે.

મંત્ર હંમેશાં ગુરુ પાસેથી ગ્રહણ કરવામાં આવે છે. મંત્ર ગ્રહણ કરવા માટે સાધકની કેટલી તીવ્ર ઇચ્છા કે ભક્તિ છે તે પરથી મંત્રનું ફળ મળે છે. જે મંત્ર ગ્રહણ કરવામાં સાધકની પ્રબળ ઇચ્છા અને દૃઢ ભક્તિ હોય તે મંત્ર સાધકને માટે ઉત્તમ મંત્ર છે.

મંત્રનું દૃઢભક્તિ અને સંપૂર્ણ શ્રદ્ધા સાથે જો મનન ધ્યાન કે જપ કરવામાં આવે તો ચોક્કસ ફળ આપે છે. મંત્રોની આરાધના સંબંધમાં જે વાત ખાસ ધ્યાનમાં રાખવાની જરૂરિયાત એ છે કે મંત્રોની આરાધના બહુ જ શુદ્ધિપૂર્વક કરવી જોઇએ. અક્ષરના ઉચ્ચારણમાં હ્રસ્વ, દીર્ઘ આદિનો સંપૂર્ણ વિચાર કરીને ઉચ્ચાર કરવો જોઇએ, કારણ અશુદ્ધ મંત્રથી કોઇપણ કાર્ય સિદ્ધ થતું નથી.

જૈનધર્મમાં મંત્ર શાસ્ત્રનો અભ્યાસ જ્ઞાનની પ્રાપ્તિ અર્થે થતો હતો. જૈન સમાજમાં અનેક મંત્રવાદીઓ થયા છે, જેમાં માનવદેવસૂરિ, સિદ્ધસેનદિવાકરસૂરિ, માનતુંગસૂરિ, હરિભદ્રસૂરિ, આચાર્ય ખપુટાચાર્ય, કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય, જિનદત્તસૂરિ આદિની ગણના થાય છે. જૈનાચાર્યોનો મંત્ર જપનો મુખ્ય હેતુ કર્મનિર્જરાનો હતો. જૈનોના મંત્ર તદ્દન પવિત્ર અને નિર્દોષ વિધિ સાધ્ય હોવાથીમંત્રવાદ જૈન આચાર્યોમાં વિકૃતિ ઉત્પન્ન કરી શક્યો નથી.

મંત્રના બીજાક્ષરો

જેમ બીજમાં સૂક્ષ્મ સ્વરૂપે વટવૃક્ષ છૂપાયેલું હોય છે તેમ બીજાક્ષરોમાં સૂક્ષ્મરૂપે શક્તિ છૂપાયેલી હોય છે. મંત્રવિજ્ઞાનનો અતિ મહત્ત્વનો ભાગ આવા બીજાક્ષરો છે. દરેક બીજાક્ષરોની શક્તિ અલગ અલગ હોય છે તેથી તે દરેકનો પ્રભાવ પણ અલગ અને વિશિષ્ટ હોય છે.

ૐ, હ્રીં, હ્રીં, હ્રીં, ક્લીં , ષ્લું, સઃ, ઠ, ઍ, સ્વાહા વગેરે અનેક બીજાક્ષરો છે. આ સર્વમાં ૐકાર પ્રથમ સ્થાને છે. ૐકાર એ બ્રહ્મના મુખમાંથી નીકળેલો શબ્દ માનવામાં આવે છે. પુરાણમાં ૐકારને ભગવાન વિષ્ણુનો વાચક ગણવામાં આવ્યો છે. જૈનધર્મમાં પણ ૐકારને પરમેષ્ઠીરૂપ માનવામાં આવ્યો છે. શ્રી સમંતભદ્રાચાર્યે ૐકારનો મહિમા દર્શાવવા માટે બાર શ્લોકથી શોભતું એક સુંદર સ્તોત્ર બનાવ્યું છે.

જૈનધર્મમાં એવું મંતવ્ય યુગાદિથી ચાલ્યું આવે છે કે આ જગત અનાદિ છે, જૈનધર્મ પણ અનાદિ છે અને સતત સ્મરણ કરવા યોગ્ય પંચપરમેષ્ઠી પણ અનાદિ છે. આ પંચપરમેષ્ઠીના પ્રથમ અક્ષરોનું સંયોજન થવાથી ૐ એવો એકાક્ષરી મંત્રનું સંકલન થયેલું છે. તેથી જ તે પંચપરમેષ્ઠી જેટલો જ પવિત્ર છે.

આ નમસ્કાર મહામંત્રના વિસ્તાર રૂપે અનેક બીજા મંત્રો રચાયા છે જેને 'નવસ્મરણ' ગણવામાં આવ્યાં છે. તે નવકાર મંત્ર સિવાયના બીજા આઠ સ્મરણ ઉવસગ્ગહરં સ્તોત્ર, સંતિકરમ્ સ્તોત્ર, નમિઉણસ્તોત્ર, તિજયપહુત્ત સ્તોત્ર, અજિતશાંતિ સ્તોત્ર, ભક્તામર સ્તોત્ર, કલ્યાણમંદિર સ્તોત્ર અને બૃહદ્ શાંતિ સ્તોત્ર. આ સર્વે નવકાર મંત્રના વિસ્તાર રૂપ સ્તોત્ર છે. જેમાં પંચપરમેષ્ઠીમાંથી કોઇપણ એકને લઇને તેના ગુણોનું વર્ણન કરવામાં આવ્યું છે. આ બધાજ સ્તોત્રમાં મંત્રનો સમાવેશ થયેલો છે અને તેની આરાધના કરવાથી કર્મની નિર્જરા થાય છે. આત્મા પર લાગેલાં કર્મનાં આવરણોને દૂર કરવામાં મદદરૂપ થાય છે. તેમ જ મંત્રોની ઉપાસના દ્વારા સર્વકાર્ય સિદ્ધ થાય છે. મુશ્કેલીઓમાંથી માર્ગ મળે છે અને આવેલી મુસીબતો સમસ્યાઓ, ઉપસર્ગોમાંથી મુક્તિ મળે છે. અર્થાત્ મંત્ર માનવીનું આધિ, વ્યાધિ અને ઉપાધિ એ ત્રણેયની સામે રક્ષણ કરે છે.

### ૐકારની ઉત્પત્તિ

ૐકારની ઉત્પત્તિ કોઇ દૈવી તત્ત્વો સાથે સંબંધ ધરાવે છે. ૐકાર સહુથી પ્રથમ બ્રહ્માજીનો કંઠ ભેદીને નીકળ્યો છે, તેથી તે માંગલિક છે. ૐકાર માટે બીજો ઉલ્લેખ એવો છે કે ૐકાર સહુથી પ્રથમ શિવજીના મુખમાંથી નીકળેલો છે અને તેમના સ્વરૂપનો બોધ કરાવનારો છે.

પરમાત્મા, પરમેશ્વર કે શિવરૂપી સનાતન તત્ત્વમાંથી શક્તિ પ્રકટ થાય છે ત્યારે સંપૂર્ણ અવસ્થા પ્રાપ્ત થઇ ગણાય છે. શક્તિતંત્રોની ભાષામાં એને વર્ણવીએ તો 'પરમાનંદ વિભવશિવ' માં જ્યારે નાનાત્વ વિસ્તારની ઇચ્છા થાય છે, ત્યારે તે સકલ શિવ અને શક્તિનાં રૂપમાં પોતાને દ્વિધા વિભક્ત કરી લે છે અને તે બંનેની અભિન્ન શક્તિ અહંતાપ્રધાન 'નાદ' તથા ઇદંતા પ્રધાન 'બિંદુ' માં પ્રકાશિત થાય છે. આ બંનેને જ 'ઇચ્છાશક્તિ' અને 'ક્રિયાશક્તિ' કહે છે. પરમ શિવની જ્ઞાનશક્તિ વડે તે બંને એકી સાથે ઊઠે

છે. વાસ્તવમાં શિવ અને શક્તિ એકબીજાથી અભિન્ન છે. જેમ ચંદ્ર અને તેની ચાંદનીમાં ભિન્નતા હોતી નથી તેમ શિવ મતે શક્તિમાં કોઇ ભેદ નથી.

ધ્વન્યાત્મક પ્રણવમાંથી વર્ણનાત્મક-વાણીમય ૐકારની ઉત્પત્તિ થયેલી છે, પરંતુ સમયાંતરે પ્રણવ એટલે ૐ અને ૐ એટલે પ્રણવ એવો વ્યવહાર રૂઢ બની ગયો છે.પ્રણવને ૐમાં વાણીરૂપે પરિવર્તિત કરવાનું કાર્ય સામાન્ય માણસ દ્વારા નહીં પરંતુ દૈવી તત્ત્વો દ્વારા થયેલું છે અને તેથી જ તે આધ્યાત્મવાદનો ગુઢ સંકેત બની ગયો છે.

ૐકારનો અર્થ

ૐકાર એ સિદ્ધિ સાધન છે, મહિમાશાળી મંત્ર છે. ભાષાવિશારદોએ ૐકારની ઉત્પત્તિ 'अव रक्षणे' ધાતુ પરથી માની છે અને તેથી अवति रक्षति संसारसागरात् स ओम् જે સંસારસાગરમાંથી રક્ષા કરે, તે ओमकार એવો અર્થ કર્યો છે.

માંડૂક્યોપનિદમાં કહ્યું છે કે :

सोऽयमात्माध्यक्षरमोङ्कारोऽधिमात्रम् ।
पादा मात्रा : । मांत्राश्च पादा : । अकार उकार मकार इति ।।

અર્થાત્ તે આ આત્મા બ્રહ્મને અધિકૃત અક્ષર ૐકારમાં છે અને તે ૐકાર માત્રાઓમાં વિરાજમાન છે. તે આત્માના ત્રણેય પદ માત્રારૂપ છે અને માત્રાઓ પાદરૂપ છે, તે अ કાર, उ કાર અને म કાર છે.

ૐકારનો મુખ્ય અર્થ પરબ્રહ્મ, પરમેશ્વર કે પરમાત્મા છે. તેજ રીતે ૐકારના ત્રણ અક્ષરોમાં अ આધ્યાત્મ, उ ઉન્નતિ અને म મુક્તિ એટલે આધ્યાત્મિક ઉન્નતિ વડે મુક્તિ - પરમપદ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

ૐકારનાં વિવિધ નામો

ૐકારને શાસ્ત્રકારોએ વિવિધ નામે ઓળખાવ્યો છે. જેમ પરમેશ્વરનાં વિવિધ નામો છે તેમ ૐકારના આ નામો તેની વિશેષતાને દર્શાવનારા છે.

ૐકાર પોતાના આરાધકોને સંસારરૂપી સાગરમાંથી તારે છે માટે તેને તાર તરીકે ઓળખાવ્યો છે.

ૐકાર સૂક્ષ્મ સ્વરૂપે બિંદુ જેવો હોય છે અને આકાર ગોળ હોવાથી તે વર્તુળ કહેવાય છે.

ૐકાર બધા મંત્રોમાં પહેલો છે, તેથી તેને 'મન્ત્રાદ્ય' કહેવામાં આવે છે.

ૐકારને સત્ય કહેવામાં આવે છે કારણ કે જગત મિથ્યા છે અને બ્રહ્મ સત્ય છે.

ૐકારમાં બિંદુ એટલે શિવની મૂળભૂત શક્તિ રહેલી છે, તેથી તેને 'બિંદુ શક્તિ' કહેવામાં આવે છે.

આ ઉપરાંત, ૐકારને ત્રિદૈવત, સર્વબીજોત્પાદક, ત્રિક, ત્રિશિળ, ત્રિગુણ, આદિબીજ, વેદસાર, અનાદિ, પ્રભુ, ભવનાશન, ભક્તિ, વિનય, પ્રદીપ પણ કહેવામાં આવે છે.

પ્રણવ કલ્પમાં ૐકારનાં ૧૦૮ નામો જણાવેલાં છે. અનેક નામવાળા ૐકારને નિત્ય ભજાય છે.

ૐકારની ઉપાસના

જગતની સૌથી પ્રાચીન આર્ય સંસ્કૃતિ ગંગાના પવિત્ર ત્રિવેણી સંગમ જેવી છે. આ પ્રચીન સંસ્કૃતિમાં વૈદિક, જૈન તથા બૌદ્ધ એવા ત્રણ મહાન ધર્મો સમાયેલા છે. આ ત્રણેય ધર્મોએ અધ્યાત્મવાદ તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું છે અને મોક્ષપ્રાપ્તિના ધ્યેયને સ્વીકાર્યો છે. જપ-ધ્યાનને ઇહલોક-પરલોકના કલ્યાણ અર્થે જરૂરી સાધન માને છે. મંત્રોપાસના એક સાધન છે અને તેમાં ૐ, હ્રીં, શ્રીં, ક્લીં આદિ મંત્રોના મૂળભૂત બીજાક્ષરોનો સ્વીકાર

કરે છે અને તેનો જપ-ધ્યાન, સાધના કે ઉપાસનામાં મંત્ર રૂપે ઉપયોગ કરે છે.

અરિહંતનો અ, સિદ્ધ એટલે અશરીરી તેથી તેનો અ અર્થાત્ અ+અ=આ, આચાર્યનો આ, આ+આ=આ થાય છે. તેમાં ઉપાધ્યાયનો ઉ જોડીએ તો આ ઉ ઓ થાય છે અને તેમાં મુનિનો મ્ જોડીએ તો ઓ+મ્=ઓમ્ એવો એકાક્ષરી પવિત્ર મંત્ર બને છે.

જૈનધર્મના મૂળભૂત મહામંત્ર નવકાર મંત્રમાં આ પાંચ પરમેષ્ઠીને જ નમસ્કાર કરવામાં આવે છે. તાત્પર્ય કે જૈનધર્મે ૐકારને સતત જાપ કરવા યોગ્ય, ધ્યાન ધરવા યોગ્ય પંચપરમેષ્ઠી તુલ્ય માનીને તેને ઊંચું સ્થાન આપેલું છે.

જૈનધર્મે ૐકાર સર્વ મંત્રોની આદિમાં બોલવા યોગ્ય છે એ વાતનો સ્વીકાર કર્યો છે. આને સમર્થન આપતાં શ્રી મેરુતુંગસૂરિ 'સૂરિમુખ્યમંત્રકલ્પ'માં જણાવે છે કે :

सर्वत्र स्तुत्यादौ प्रणवा : स्वपरेषु शान्तितुष्टिकृते ।

અર્થાત્ સર્વત્ર સ્તુતિ આદિમાં સ્વપરના કલ્યાણ નિમિત્તે થતાં શાંતિકર્મ અને તુષ્ટિકર્મમાં પ્રણવો હોય છે.

મંત્રવિશારદ શ્રી સિંહતિલકસૂરિએ શ્રીમંત્રરાજ રહસ્યમાં કહ્યું છે કે :

अंर्हद देह्राचार्योपाध्यायमुनीन्द्रपूर्वपर्णोत्थ : ।
प्रणव: सर्वत्रादौशेय : परमेष्ठि - संस्मृत्यै ।।

અર્થાત્ અર્હત્, અદેહ (અશરીરી-સિદ્ધ), આચાર્ય, ઉપાધ્યાય અને મુનીન્દ્રના પૂર્વ વર્ણોથી બનેલો પ્રણવ અર્થાત્ ૐકાર પરમેષ્ઠીના સ્મરણ અર્થે સર્વત્ર આદિમાં ભણવો.

જૈનધર્મમાં ૐકારનું ધ્યાન કરવાનો ઉપદેશ પણ અપાયેલો છે. તે અંગે શ્રી હેમચંદ્રાચાર્યજીએ યોગશાસ્ત્રના આઠમાં પ્રકાશમાં જણાવ્યું છે કે : હૃદય કમલમાં રહેલા સમગ્ર શબ્દબ્રહ્મની ઉત્પત્તિનું એક કારણ, સ્વર તથા વ્યંજનરહિત પંચપરમેષ્ઠી પદવાચક તથા મસ્તકમાં રહેલી ચંદ્રકલામાંથી ઝરતા અમૃતના રસે કરી ભીંજાતા મહામંત્ર પ્રણવને કુંભક કરીને અર્થાત્ શ્વાસોચ્છવાસ રોકીને ચિંતવવો.

જૈનમંત્રોમાં ૐકારનો બીજ અને સેતુ તરીકે વ્યાપક ઉપયોગ થયો છે. સાધુ ભગવંતો ૐકારની વિશિષ્ટ ઉપાસના કરે છે અને તે દ્વારા તેઓ શીઘ્રકાવ્યત્વ આદિ શક્તિઓ પ્રાપ્ત કરે છે. શાસ્ત્રોમાં એમ પણ કહેવાયું છે તે અંત સમયે શુદ્ધ ભાવથી નવકાર મંત્ર ગણવો, તેવી સ્થિતિ ન હોય તો પંચપરમેષ્ઠીના પ્રથમ પાંચ અક્ષર :

अ सि आ उ सा

નું સ્મરણ કરવું અને તે કરવાનું પણ અનુકૂળ ન હોય તો માત્ર ૐકારનું ધ્યાન કરવું, જપ કરવો, કારણકે તે પંચ પરમેષ્ઠી સ્વરૂપ જ છે.

શ્રી સમંતભદ્રાચાર્યે ૐકારનો મહિમા દર્શાવવા માટે બાર શ્લોક નું એક સુંદર સ્તોત્ર બનાવ્યું છે જે આ પ્રમાણે છે :

**ૐકાર સ્તોત્ર :-**

प्रणवस्तवं परब्रह्मन् लोकनाथो जिनेश्वर : ।
कामदस्तवं मोक्षदस्त्वं ॐकाराय नमो नमः ।। १ ।।

હે ૐકાર ! તું પ્રણવ છે, તું પરબ્રહ્મ છે, લોકનાથ છે અને તું જ જિનેશ્વર છે. વળી સંસારની સર્વ કામનાઓ પૂરી કરનારો છે તથા મોક્ષસુખને આપનારો છે. એવા તને મારો પુનઃ પુનઃ નમસ્કાર હો.

पीतवर्ण : श्वेतवर्णो रक्तवर्णो हरिहर : ।
कृष्णवर्णो मले देव : ॐकाराय नमो नमः ।। २ ।।

હે ૐકાર ! તુ પીતવર્ણનો, શ્વેતવર્ણનો, રક્તવર્ણનો, ધૂમ્રવર્ણનો તથા

**કૃષ્ણવર્ણનો એમ પાંચ વર્ણનો દેવ મનાયેલો છે, તને મારો પુનઃ પુનઃ નમસ્કાર હો.**

नमस्त्रिभुवनेशाय रजोऽपोहाय भावतः ।
पञ्चदेवाय शुद्धाय ॐकाराय नमो नमः ।। ३ ।।

**હે ॐકાર ! તું ત્રિભુવનનો સ્વામી છે અને ભાવથી કર્મરૂપી રજનું હરણ કરનારો છે. વળી તું પંચદેવ તરીકે વિખ્યાત છે અને અતિ શુદ્ધ છે. એવા તને મારો પુનઃ પુનઃ નમસ્કાર હો.**

मायादये नमोऽन्ताय प्रणवान्तर्मयाय च ।
बीजराजाय हे देव ! ॐकाराय नमो नमः ।। ४ ।।

**હે દેવ ! તું માયાબીજની એટલે કે હ્રીંકારની આદિમાં રહેનારો છે, તારા છેડે નમઃ પદ લાગે છે અને તું પ્રણવમય છે. એવા બીજ રાજસ્વરૂપ તને મારા પુનઃ પુનઃ નમસ્કાર હો.**

धनान्धकारनाशाय चरते गगनेऽपि च ।
तालुरन्ध्रसमायाते सम्प्राप्ताय नमो नमः ।। ५ ।।

**હે ॐકાર ! તું અજ્ઞાનરૂપી ગાઢ અંધકારનો નાશ કરનારો છે અને બ્રહ્મરંધ્રમાં પણ વિચરણ કરે છે, અને જેઓ જપ-સ્મરણ વડે તાલુરંધ્રમાં લાવે છે, તેમને તું પ્રાપ્ત થાય છે, એવા તને મારા પુનઃ પુનઃ નમસ્કાર હો.**

गर्जन्तं मुखरन्ध्रेण ललटान्तरसंम्यितम् ।
विधानं कर्णरंध्रेण प्रणवं तं वय नुमः ।। ६ ।।

**વળી મુખરંધ્રમાં ગર્જતા, લલાટના મધ્ય ભાગમાં સ્થિર થતા અને કર્ણરંધ્રથી ઢંકાતા એવા હે પ્રણવ ! તને અમે નમસ્કાર કરીએ છીએ.**

श्वेते शन्तिकपुट्यारव्यांऽनवद्यादिकराय च ।
पीते लक्ष्मीकरायापि ॐकाराय नमो नमः ।। ७ ।।

**હે ॐકાર ! શ્વેતવર્ણથી ધ્યાન ધરતાં નિર્દોષ શાંતિ, તૃપ્તિ અને પુષ્ટિ કરનાર તથા પીત વર્ણથી ધ્યાન ધરતાં લક્ષ્મી આપનાર એવા તને મારા પુનઃ પુનઃ નમસ્કાર હો.**

रक्ते वश्यकरायापि कृष्णे शत्रुक्षयकृते ।
धूम्रवर्णे स्तम्भनाय ॐकाराय नमो नमः ।।८ ।।

**હે ૐકાર ! રક્તવર્ણથી ધ્યાન ધરતાં વશીકરણ કરનાર, કૃષ્ણવર્ણથી ધ્યાન ધરતાં શત્રુનો નાશ કરનાર તથા ધૂમવર્ણથી ધ્યાન ધરતાં સ્તંભન કરનાર, એવો તને મારા પુનઃ પુનઃ નમસ્કાર હો.**

ब्रम्हा विष्णु : शिवो देवो गणेशो वासवस्तथा ।
सूर्यचन्द्रस्त्वमेवातः ॐकाराय नमो नमः ।।९ ।।

**હે ૐકાર ! તું જ બ્રહ્મા છે, તું જ વિષ્ણુ છે, તું જ શિવ છે, તું જ દેવ છે, તું જ ગણેશ છે, તું જ ઇન્દ્ર છે, તું જ સૂર્ય છે અને તું જ ચન્દ્ર છે. એવા તને મારા પુનઃ પુનઃ નમસ્કાર હો.**

न जपो न तपो दानं न व्रतं संयमो न च ।
सर्वेषां मूलहेतुस्त्वं ॐकाराय नमो नमः ।।१० ।।

**સર્વ સિદ્ધિઓનું મૂળ જપ નથી, તપ નથી, દાન નથી, વ્રત નથી, સંયમ નથી, પણ હે ૐકાર ! તું જ છે. એવા તને મારા પુનઃ પુનઃ નમસ્કાર હો.**

इति स्तोत्रं जपन् वाडपि पठन् विद्यामिमां पराम् ।
स्वर्गं मोक्षपदं धत्ते विद्येयं फलदायिनी ।।१२ ।।

**આ સ્તોત્રને જપતો અથવા પરમ વિદ્યાનો પાઠ કરતો મનુષ્ય સ્વર્ગ અથવા મોક્ષપદને પામે છે. ખરેખર ! આ ૐકાર વિદ્યા શ્રેષ્ઠફલને આપનારી છે.**

करोति मानवं विज्ञमक्षं मानविवर्जितम् ।
समानं स्यात् पंचसुगुरोर्विद्यैका सुखदा परा ।।१२ ।।

**આ ૐકાર વિદ્યા અજ્ઞાન મનુષ્યને વિદ્વાન કરે છે તથા માનવિહીનને માનવાળો કરે છે. પંચ સુગુરુઓના પ્રથમાક્ષરોથી નિષ્પન્ન થયેલી આ વિદ્યા અદ્વિતીય અને પરમ સુખદાયક છે.**

**કોઇપણ ધર્મ કે સંપ્રદાયનો માનવ, ૐકારને પોતાના ઇષ્ટદેવ માની તેનો જપ, ધ્યાન, ઉપાસના કરે તો તેને તે પ્રકારનું ફળ મળે છે અને જીવન કૃતાર્થ થઇ જાય છે. ૐકારની આ મોટામાં મોટી ખૂબી છે.**

ૐકારનો જાપ નિત્ય અને નિયમિત થાય તે અત્યંત ઇચ્છનીય છે. મુશ્કેલી કે તકલીફના સમાયમાં પણ દૃઢ સંકલ્પ પૂર્વક ૐકારનો જપ કરતાં રહેવાથી માનવજીવનને સાર્થક કરી શકાય છે અને આવેલી વિપત્તિમાંથી મુક્તિ મેળવી શકાય છે.

એક મંત્રવિશારદે કહ્યું છે કે, ૐ એ સર્વ મંત્રોનો રાજા છે.

એ એક જ મંત્ર એવો છે કે જેને સમસ્ત સંસારના સર્વ ધર્મોએ ઉચ્ચ આસન આપ્યું છે. આ લોક અને પરલોકની કોઇપણ કામના એવી નથી કે જે ૐ મંત્રના જપથી પૂર્ણ થાય નહિ. એના જપથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પ્રાપ્ત થાય છે અને મનુષ્ય દેવતા બની જાય છે.

ૐકારના ઉપાસકને બધા જ પ્રકારના ભયોમાંથી મુક્તિ મળે છે. ભયોની સામે રક્ષણ મળે છે. ૐકારનો સતત જપ કરવાથી શરીર નીરોગી રહે છે, મનની સ્ફુર્તિ વધે છે અને બુદ્ધિ નિર્મળ બનતાં કોઇપણ કાર્ય માટે સાચો નિર્ણય થઇ શકે છે. નોકરી-ધંધામાં યશ મળે છે, કોઇથી પરાભવ પામવો પડતો નથી, મહત્ત્વકાંક્ષાઓ પૂરી થાય છે.

ૐકાર પંચ પરમેષ્ઠીરૂપ મંત્ર છે. અનાદિકાળથી છે. તેથીજ ૐકારની ઉપાસના પ્રાચીન કાળમાં હતી, વર્તમાનમાં પણ છે અને ભવિષ્યમાં પણ રહેશે.

# જૈનદર્શન અને યોગ

- બીના ગાંધી

(બીના ગાંધીઃ બી.એ. કોમ્પ્યુટર વિજ્ઞાન, યોગિક કલ્ચર અને યોગિક શિક્ષણમાં ડીપ્લોમા કોર્સ કર્યો છે, તથા નેચરોરોપથીનો પણ ડીપ્લોમા અભ્યાસ, ૧૪ વર્ષથી યોગ શીખવે છે, નિર્મલા નિકેતન કોલેજમાં 'કાઉન્સેલર' છે, વિવિધ સામાયિકોમાં લેખ પ્રસિદ્ધ થયા છે. પ્રમોદાબેન 'ચિત્રભાનુ' પાસે જૈનદર્શનનો અભ્યાસ કરે છે.)

ભારતમાં છ દર્શન છે (ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, પૂર્વમીમાંસા, ઉત્તર મીમાંસા). આ દરેકમાં ઈશ્વરને સર્વસ્વ કર્તાહર્તા માન્યા છે. બીજી બાજુ જૈન, બૌદ્ધ અને ચાર્વાક છે જે નાસ્તિક ગણાય છે કારણ કે તેઓ ઈશ્વરને કર્તા નથી માનતા. તો પછી પ્રશ્ન થાય કે શું જૈનદર્શનમાં 'યોગ' માન્ય છે ?

યોગદર્શન એ એક પ્રેક્ટિકલ સાધનાપદ્ધતિ છે, જેને બાકીનાં દર્શનોએ એક યા બીજી રીતે અપનાવેલ છે. પતંજલિ રચિત યોગશાસ્ત્ર, જેમાં અષ્ટાંગયોગ પ્રધાન છે, એને જૈનદર્શન કઈ રીતે મૂલવે છે ?શું ક્યાંય આનો ઉલ્લેખ છે ? આમાં હેમચંદ્રાચાર્ય રચિત યોગશાસ્ત્ર છે. આચાર્યદેવશ્રી હરિભદ્રસૂરિશ્વરજીના યોગવિષયક મુખ્ય ચાર ગ્રંથો છે. યોગબિંદુ, યોગદષ્ટિસમુચ્ચય, યોગશતક અને યોગવિંશિકા. શ્રી આનંદઘનજીનાં પદોમાં પણ યોગજ્ઞાન ભરેલું છે. આ ગ્રંથોનો આધાર લઈ નીચેની વાતો ફલિત થાય છે.

- સંસારપ્રવાહ અનાદિ છે છતાં તેનો અંત પુરૂષાર્થથી લાવી શકાય છે.
- પુરૂષાર્થ કરવાનો છે-અધ્યાત્મ આદિ યોગની સાધનાનો
- યોગાધિકાર પ્રાપ્ત કરવા. પૂર્વ તૈયારીમાં ચાર વાતો બતાવી છે.

(૧)ગુરૂ-દેવ આદિનું પૂજન, (શ્ર) સદાચાર, (૩) તપ, (૪) મુક્તિ પ્રત્યે આકર્ષણ.

- યોગના પાંચ પ્રકાર બતાવ્યા છે:
(૧)અધ્યાત્મયોગ, (૨) ભાવનાયોગ, (૩) ધ્યાનયોગ, (૪) સમતાયોગ, (૫) વૃત્તિસંક્ષેપયોગ
- યોગનો ક્રમિક વિકાસ દર્શાવતી આઠ દૃષ્ટિ બતાવી છે.
(૧) મિત્રા, (૨) તારા, (૩) બલા, (૪) દીપ્રા
(૫) સ્થિરા, (૬)કાન્તા, (૭) પ્રભા, (૮) પરા
- આ આઠ દૃષ્ટિ સાથે એક-એક ગુણોનો વિકાસ થાય છે અને એક-એક દોષનો હ્રાસ થાય છે. આ આઠ દૃષ્ટિ સાથે પતંજલિ કૃત અષ્ટાંગયોગનો સંબંધ બતાવ્યો છે.
- સમ્યગ્-દર્શન, સમ્યગ્-જ્ઞાન, સમ્યક્-ચારિત્ર આ રત્નત્રયીને પતંજલિના યોગની તુલનામાં જૈનયોગ કહી શકાય.
- જૈનયોગ અને જૈન માનસશાસ્ત્ર અતિ વિશાળ તથા ખાસ અભ્યાસ કરવાલાયક છે. મનને અને યોગને કેવો સંબંધ છે, ચિત્તનો નોરોધ ક્યારેકરવો, કરવો કે નહિ, વિશિષ્ટ દશામાં મનને કેમ પ્રવર્તાવવું, વગેરે અનેક અગત્યના પ્રશ્નોનું નિરાકરણ મળે છે.

એક ઘણા વિદ્વાન મહાત્મા સાથે યોગની વાત કરતાં તેઓએ પોતાની અજ્ઞાનતા દર્શાવી પરંતુ તેમનું વ્યાખ્યાન સાંભળતા, તેઓ જે બોલતા હતા તે સર્વ યોગની જ વાત હતી એમ જણાયું. આમ હજી લોકો યોગ શબ્દથી ડરે છે. યોગમાં કરવા જેવું કંઈ નથી તેમ આ વિષય બેદરકારીથી હાથ ધરવા યોગ્ય પણ નથી.
- શ્રી હેમચંદ્રાચાર્યે કુમારપાળ મહારાજની પ્રાર્થનાથી 'યોગશાસ્ત્ર' ની રચના કરી. આ યોગશાસ્ત્ર કુમારપાળ રાજાને કંઠસ્થ હતું અને તેઓ દિવસમાં એકવાર નિરંતર સ્વાધ્યાય તરીકે તેનું સ્મરણ કરતાં હતાં. આ ગ્રંથનો મુખ્ય વિષય મન, વચન, કાયાના યોગોને સ્થિર કરી મુમુક્ષુઓને મોક્ષ માર્ગ બતાવવાનો છે. આના પ્રથમ શ્લોકમાં 'યોગ' નો સાર છે:

नमो दुर्वाररागादि, वैरिवार निवारिणे ।
अर्हते योगिनाथाय, महावीराय तायिने ।। (१)    અર્થાત્ ઘણી મહેનતે દૂર

કરી શકાય એવા રાગાદિ શત્રુઓનાં સમૂહનું નિવારણ કરનાર અર્હત, યોગીઓનાં સ્વામી અને જગતનાં જીવનું રક્ષણ કરનાર મહાવીરદેવને નમસ્કાર કરું છું.

માણસ બહાર બધાંને જીતી લે છે પછી પોતાની પાસે આવીને હારી જાય છે, પછી સિકંદર હોય કે નેપોલિયન. પોતાને જીતવા માટે યોગની જરૂર છે. તો પછી આપણે શા માટે યોગ નથી કરતા ? બાળપણથી કહેવામાં આવે છે કે એ તો યોગી, વૈરાગી, સન્યાસી કરે.માણસ બીજા દરેકમાં ભગવાન જુએ છે, સંત જુએ છે પણ પોતાને અધમ માને છે અથવા પોતાના અહમથી ખૂબજ અહંકારી બની જાય છે. એ પોતાને હલકો માને અથવા સુપીરિયર માને; આ બન્ને દશામાં એ પુરૂષાર્થ કેવી રીતે કરી શકે ? પોતાનામાં ભગવાન બનવાની ક્ષમતા છે, એ પાત્રતા જાણે તે અર્હત. જે શોધું છું તે હું જ છું એ અનુભૂતિથી જાણવું તે યોગ. આપણી પાત્રતા જાણશું તો જ પુરૂષાર્થ કરશું કારણ પુરૂષાર્થ માટે આંતરિક બળ જોઈએ છે. આજકાલ યોગમાં શું બતાવે છે ? - થોડાં આસન, પ્રાણાયામ, ધ્યાન. આની પણ જરૂર છે પણ એમાં અટકવાનું નથી. આસન નહીં કરીએ તો શરીર અક્કડ બનશે, રોગોનું ઘર બનશે પણ એનાથી આગળ જવા માટે આચાર્યશ્રી હરિભદ્રસૂરિશ્વરજીએ યોગવિંશિકામાં કહ્યું, જે ધર્મપ્રવૃત્તિ મોક્ષની સાથે જોડી આપે તે યોગ કહેવાય. મોક્ષના કારણભૂત આત્મ-પ્રવૃત્તિ, તે યોગ છે. મન, વચન અને કાયાને જોડવા - શેમાં ? જિનેશ્વરમાં. મન, વચન, કાયાથી થતી ધર્મક્રિયા, ભાવક્રિયા સાથે કરવી. સમ્યગજ્ઞાન, સમ્યગદર્શન અને સમ્યગચારિત્ર -આ ત્રણેનો આત્મા સાથે સંબંધ થવો તેનું નામ યોગ. આ ત્રણેનો આત્મા સાથે સંબંધ થાય તો જ આત્માનો મોક્ષ સાથે સંબંધ થાય.(સર્વ કર્મનો ક્ષય થાય તેનું જ નામ મોક્ષ) આમ પતંજલિ યોગમાં 'ચિત્તવૃત્તિ નિરોધ' એ યોગનું લક્ષણ છે. જૈનદર્શનમાં 'મોક્ષનો સંયોગ' એ યોગનું લક્ષણ છે.આમ મૂળમાં ચિત્તશુદ્ધિમાંથી નિપજતો જીવનધર્મ જીવને મોક્ષ તરફ લઈ જાય. ચિત્તનું અકિલષ્ટપણું તો જરૂરી છે જ. આમ લક્ષ્ય તો એક જ છે. જૈન દર્શનમાં બીજી વાત છે - યોગ એટલે ઉપયોગ. આ કાર્ય/પ્રવૃત્તિ હું શું કામ કરું છું ? મારો

આશય શું છે ? આ રીતે ઉપયોગમાં રહેવું તે યોગ. જે વ્યક્તિ ઉપયોગમાં રહે તે બિમાર ન પડે, મનથી દુઃખી નથાય, એની ચેતના કલુષિત ન થાય. માટે મન, વચન કાયાનો યોગ એટલે જ ઉપયોગ. સ્વયંમાં સ્થિર થવું. એ માટે કોઈ જ્ઞાનીએ કહ્યું છે,

खाना, पीना, सोना, मिलना, वचन-विलास

ज्यों ज्यों पाँच घटाइयें, त्यों त्यों ध्यान प्रकाश આપણે, ખાવામાં, પીવામાં, સૂવામાં, લોકોને મળવામાં, વાણી-વિલાસમાં એટલો સમય વ્યર્થ કરીએ છીએ એ જેમ જેમ ઉપયોગમાં રહી ઓછું થશે તેમ તેમ ધ્યાનનો પ્રકાશ વધશે. ચિત્તવૃત્તિનિરોધ અને મોક્ષમાર્ગ પર આગળ વધાશે.

યોગની પૂર્વભૂમિકા ચાર પ્રકારની છે:

(૧) ગુરુ, દેવ વગેરેનું પૂજન :-

ગુરુજનોને પ્રણામ કરવા, વિનય રાખવો, દેવપૂજનમાં ફૂલ ઈત્યાદિથી દ્રવ્યપૂજા થાય છે પણ ભાવપૂર્ણ સ્તોત્રો દ્વારા ભાવપૂજા શુદ્ધિપૂર્વક અને શ્રદ્ધાપૂર્વક કરવી જોઈએ. દીન અનાથને દાન આપવું

(૨) સદાચારોનું પાલનઃ-

લોકોમાં નિંદા થાય એવું કોઈ પણ કાર્ય ન કરવું. દરિદ્ર, અનાથ, વ્યાધિગ્રસ્ત જીવોનાં દુઃખ દૂર કરવા, સર્વત્ર નિંદાનો ત્યાગ, સદાચારીની પ્રશંસા, આપત્તિમાં અદીનતા રાખવી, સંપત્તિમાં નમ્રતા રાખવી, મિતકારી-હિતકારી બોલવું, વ્રત-નિયમનું પાલન કરવું, ખોટા ખર્ચા ન કરવા, મદ્યપાન વગેરે પ્રમાદોનો ત્યાગ કરવો, યોગ્યકાર્યમાં ખર્ચ કરવો વગેરે.

(૩) તપશ્ચર્યાઃ-

શુક્લપક્ષમાં એક-એક કોળિયો વધારવો- કૃષ્ણપક્ષમાં એક-એક કોળિયો ઘટાડવો (ચાન્દ્રાયણ તપ), ઉપવાસ-આયંબિલ (કૃચ્છતપ), મૃત્યુંજયમંત્રનું સ્મરણ (મૃત્યુઘ્ન તપ), ૐ હ્રીં અસિઆઉસા નમઃ તથા બીજા પણ મંત્રોનો જાપ (પાપસૂદન તપ)

(૪) મુક્તિ પ્રત્યે અદ્વેષઃ

મોક્ષ પ્રત્યે દ્વેષ-અરૂચિ ન જોઈએ. મુક્તિ-દ્વેષને બહુ જ મોટો દોષ બતાવવામાં આવ્યો છે. આ દોષ સાથે કરાતી મોટી-મોટી ધર્મક્રિયાઓને પણ જ્ઞાનીપુરૂષો અર્થહીન કહે છે.

ગ્રંથકારે મુખ્ય પાંચ યોગનું વર્ણન કર્યું છે.

(૧) અધ્યાત્મયોગઃ

ઔચિત્યપૂર્ણ પ્રવૃત્તિ, અણુવ્રતપાલન અથવા મહાવ્રતપાલન, જીવો પ્રત્યે મૈત્રી, પ્રમોદ, કરૂણા, માધ્યસ્થ ભાવનાઓ. આ ચાર વાતો હોય તે અધ્યાત્મયોગી કહેવાય. આ યોગથી પાપકર્મો ક્ષય થાય છે. સતત્ત્વની વૃદ્ધિ થાય છે. ચિત્તવૃત્તિ સમાધિ પ્રાપ્ત થાય છે. આ વાસ્તવમાં અનુભવસિદ્ધ અમૃત જ છે.

(૨) ભાવનાયોગઃ-

ચિત્તનિરોધયુક્ત જે અભ્યાસ પુનઃ પુનઃ થાય તે ભાવનાયોગ અથાત્ અધ્યાત્મની પ્રતિદિવસ વૃદ્ધિ થાય તે. આના ફળ રૂપે રાગ દ્વેષ - અશુભ અભ્યાસથી નિવૃત્તિ તેમ જ શુભ અભ્યાસની અનુકૂળતા, શુદ્ધ ચિત્તવૃત્તિની વૃદ્ધિ થાય છે.

(૩) ધ્યાનયોગઃ-

ચિત્તની પ્રશસ્ત એક અર્થ- વિષયક એકાગ્રતા તેધ્યાન. ચિત્ત શુભ પદાર્થનાં ઉચિત ચિંતનમાં (ધર્મધ્યાનમાં) સ્થિર રહે તે ધ્યાન-યોગ છે. આનાં ફળ રૂપે સર્વ કાર્યોમાં સ્વાધીનતા, ભાવોની સ્થિરતા તથા કર્મ બંધનો અભાવ રહે છે.

(૪) સમતાયોગઃ-

મનના ઈષ્ટ-અનિષ્ટ, પ્રિય-અપ્રિય વિષયો તરફ ભાવનારૂપ વિવેકથી ચિંતન કરી (જેમ કે કંઈ જ ઈષ્ટ નથી કે કંઈ અનિષ્ટ નથી...બધી મિથ્યા કલ્પના છે) મનની સમતા ધારણ કરવી તે સમતાયોગ. ઈષ્ટ-અનિષ્ટની કલ્પનાથી મનને મુક્ત કરવું. બધા જ વિષયો તરફ તુલ્યાભાનાં ધારણ કરવો તે. આવા ફળરૂપે સૂક્ષ્મઘાતીકર્મોનો ક્ષય થાય, કર્મબંધનાં હેતુરૂપ અપેક્ષાનો સર્વથા વિચ્છેદ થાય છે.

(૫) વૃત્તિસંક્ષેપ યોગઃ-

મનમાં કે ચિત્તમાં જે વૃત્તિઓ કે વિકલ્પો દેખાય છે તે અન્ય તત્ત્વનાં સંયોગથી છે. આ વૃત્તિઓનો નિરોધ તે વૃત્તિસંક્ષેપ યોગ. આના ફળ રૂપે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

યોગદૃષ્ટિ

આત્માના ક્રમિક વિકાસ (૧૪ ગુણસ્થાનકને) ધ્યાનમાં રાખીને આચાર્ય શ્રી હરિભદ્રસૂરિશ્વરજીએ યોગની આઠ દૃષ્ટિ બતાવી છે. દૃષ્ટિ એટલે સમ્યક્ શ્રદ્ધા સાથેનો અવબોધ. આનાથી અસત્ પ્રવૃત્તિ નાશ પામે છે અને સત્ પ્રવૃત્તિની પ્રાપ્તિ થાય. યોગી પુરૂષોને આવી બોધલક્ષણા આઠ દૃષ્ટિ હોય.

(૧) મિત્રા દૃષ્ટિ :

આમાં તત્ત્વબોધ તણખલાના અગ્નિકણ જેટલો અલ્પ હોય છે. અહિંસા આદિ 'યમ' નું પાલન કરવાની ઈચ્છા હોય છે. ગુરૂ-દેવ પૂજનમાં ખેદ-થાક નથી હોતો અને જે જીવો દેવપૂજાદિ નથી કરતાં તેમના પ્રત્યે દ્વેષ નથી હોતો. તે જિનને નમસ્કાર કરે છે. ઔષધદાન-શસ્ત્રદાન આપે છે. મૈત્રી આદિ ભાવનાઓનું ચિંતન-મનન કરે છે. જે કોઈ ધર્મક્રિયા કરે તો પરલોકનાં ફળની અપેક્ષાથી નથી કરતો. આહારાદિ સંજ્ઞાઓનો નિગ્રહ કરવા પ્રયત્ન રહે છે.

(૨) તારા દૃષ્ટિઃ-

યોગ બીજાનો સંગ્રહ કરી સમ્યગ્બોધ પ્રાપ્ત કરવા સમર્થ બને છે. યોગીપુરૂષો પ્રત્યે બહુમાન થાય છે.શૌચ વગેરે નિયમોનું પાલન કરે છે. આત્મહિતની પ્રવૃત્તિમાં ઉદ્વેગ નથી થતો અને તત્ત્વની જિજ્ઞાસા જાગૃત થાય છે. તે આત્મચિંતા કરે છે. ઉચિત કર્તવ્ય પાલનમાં એ જાગૃત રહે છે. તેમ છતાં વૃત્તિઓ શુભ હોવા છતાં ક્યારેક અજ્ઞાન પ્રવૃત્તિમાં ભૂલો કરી બેસે છે.

(૩) બલા દૃષ્ટિ :-

આમાં યોગી 'સુખાસન' યુક્ત હોય. એ વિવિધ આસનોનો સહારો લઈને

ચારિત્ર વિકાસની બધી ક્રિયાઓ આળસ વિના કરતો રહે છે. સમતા ભાવનો વિકાસ થાય છે. યોગસાધનામાં એને કોઈ પ્રકારનો વિક્ષેપ નથી આવતો અને શાસ્ત્રશ્રવણમાં આનંદની અનુભૂતિ કરે છે.

(૪) દીપ્રા દૃષ્ટિઃ

આમાં 'પ્રાણાયામ' સિદ્ધ થાય છે. તે તત્ત્વશ્રવણ કરે છે પણ ક્યારેક મિથ્યાત્વના ઉદયથી તત્ત્વબોધના જ્ઞાનમાં અવરોધ આવી શકે. તન-મન સ્થિર રહે. વિવેકશક્તિની વૃદ્ધિ થાય. જ્ઞાન કેન્દ્રિત થાય છે.

(૫) સ્થિરાદૃષ્ટિઃ-

સાધકને કોઈ ભ્રાંતિ રહેતી નથી અને ઈન્દ્રિયોનો 'પ્રત્યાહાર' કરવા સમર્થ બને છે. તેને સૂક્ષ્મબોધની પ્રાપ્તિ થાય છે. મોક્ષનું સાચું સ્વરૂપ સમજાય છે. તે આન્તર આત્માનંદની અનુભૂતિ કરે છે.

(૬) કાન્તાદૃષ્ટિઃ-

તે 'ધારણા' નામના યોગાંગને સિદ્ધ કરે છે. તે પોતાના ચિત્તને યોગી, વિશુદ્ધ આત્મતત્ત્વ સાથે જોડી દે છે. તે બીજા જીવોને પ્રિય બને છે. એના ચિત્તમાં હિતકારી એવા તત્ત્વવિચાર જ ચાલતા રહે છે. તે ભવમાં ભટકાવનારાં કર્મ બાંધતો નથી ભોગસુખોને અનાસક્ત બનીને ભોગવે છે અને પરમપદને પામે છે. 'અન્યમુદ્' નામનો દોષ રહેતો નથી અર્થાત્ મનમાં મોહનો ઉદ્ભવ જ સંભવિત નથી હોતો અને તત્ત્વમીમાંસામાં મનને સ્થિર રાખી શકે છે.

(૭) પ્રભાદૃષ્ટિઃ-

તે 'ધ્યાન' સુખનો અનુભવ કરે છે. આત્મદર્શનથી આત્મવિભોર બની જાય છે. તેનું ચિત્ત નીરોગી બની ગયું હોય છે. કોઈ પણ વિકાર નથી. કર્મમળ લગભગ નાશ પામી ગયા હોય છે. તેને સ્વાધીન સુખ હોય છે.

(૭) પરાદૃષ્ટિઃ-

આમાં આઠમું અંગ 'સમાધિ' પ્રાપ્ત થાય છે. આસંગ-દોષ દૂર થઈ જાય છે. તે નિરાચાર બને છે. પ્રતિક્રમણ આદિ આચારો હોતા નથી કારણ કે આ દૃષ્ટિમાં યોગીને કોઈ જ અતિચાર લાગતો નથી. જીવ ક્ષપક શ્રેણી માંડે છે.

ક્ષાયિક ગુણોની પ્રાપ્તિ થાય છે. અહીં યોગી કેવળજ્ઞાની બને છે. આત્મા સર્વજ્ઞ બને છે.

આમ જૈન દર્શનમાં યોગ, ધ્યાન, અધ્યાત્મની ખૂબ ઊંડી સમજણ છે, પરંતુ સમજના અભાવે લોકો ગેરમાર્ગે દોરવાઈ જાય છે. જૈન-દર્શન આત્માની શુદ્ધિ કરનારી ક્રિયાઓને યોગના રૂપે ઓળખે છે. મન-વચન-કાયાની ક્રિયાઓનો નિરોધ એ જ સંવર અને એ જ યોગ છે. જૈન યોગસાધનામાં ચિત્તની સ્થિરતા માટે અમુક જ આસન પ્રયોગમાં લાવવા જોઈએ એવા કોઈ એકાંગી નિયમ નથી બલ્કે જે જે આસન કરવાથી મન સ્થિર બનતું હોય એ આસનનો ઉપયોગ ધ્યાન કરવા માટે ઉપયુક્ત છે. યોગનો આધાર મન અને શરીર ઉપર વર્ચસ્વ જમાવવા માટે લેવાનો છે. યોગસાધનામાં પ્રાણાયામ આવશ્યક છે અને પ્રાણાયામ માટે આસન સિદ્ધ થવું જરૂરી છે કારણકે મનમાં નિગ્રહ માટે પ્રાણ-શ્વાસનું નિયંત્રણ અને આધ્યાત્મિક વિકાસ માટે મનનો નિગ્રહ આવશ્યક છે. મહર્ષિ પતંજલિએ પણ આજ વાત કહી છે. પ્રત્યાહારના સિદ્ધ થવાથી ચિત્ત નિરૂધ થઈ જાય છે. સંપૂર્ણ રાગ-દ્વેષથી મનને અળગું કરીને આત્મામાં કેંદ્રિત કરી લેવું એ જ પ્રત્યાહાર છે. ચિત્તનું કોઈ એક સ્થાન પર (નાભિ, હૃદય, નાસિકાનો અગ્ર ભાગ, કપાળ, ભ્રુકુટિ, નેત્ર, મુખ, વગેરે) એકાગ્ર થવું એ જ ધારણા છે. આત્મચિંતન કરતાં કરતાં ઈશ્વરના જ એક પ્રત્યયમાં તલ્લીન બની જવું એ જ ધ્યાન છે. જૈનદર્શનમાં સંયમ અથવા ચારિત્ર શુદ્ધિ અને વૃદ્ધિના માટે ધ્યાનને સર્વોત્તમ સાધન માનવામાં આવે છે. ધ્યાનને નિર્જરા અને સંવરનું કારણ પણ બતાવ્યું છે અને સંવર અને નિર્જરા દ્વારા કર્મોનો સંપૂર્ણ ઉચ્છેદ એ જ મોક્ષ છે. સંપૂર્ણ કર્મોનો ક્ષય થવાથી આત્મા સ્વયં જ સિદ્ધાવસ્થાને પ્રાપ્ત કરે છે.આમ,જૈન-દર્શનમાં યોગનું ખૂબ મહત્ત્વનું સ્થાન છે.

# જૈનધર્મનો પ્રચાર-પ્રસાર, આધુનિક માધ્યમો

-ડૉ. બિપિન દોશી

(મુંબઇ યુનિ. ના જૈનોલોજી કોર્સના મુખ્ય સંયોજક, દેશવિદેશમાં જૈનધર્મ પર અનેક સેમિનારમાં ભાગ લીધો છે, વિરાયતન દ્વારા ચાલતા જૈનધર્મના અભ્યાસક્રમના કાર્ય સાથે સંકળાયેલા છે.)

આ વિષય ઉપર ચર્ચા કરતાં અમુક પાયાના પ્રશ્નો ઉદ્ભવે છે. જ્યાં સુધી "ધર્મ-પ્રચાર-પ્રસાર" એટલે શું તે સમજ ન હોય ત્યાં સુધી લક્ષ અને પરિણામ બન્નેમાં સરવાળે મીંડુ આવે. ધર્મ પ્રચાર અને પ્રસાર, બાળકોને ધર્મ-શિક્ષણ, બદલાયેલા વૈજ્ઞાનિક યુગમાં ધર્મની વ્યાખ્યા - વગેરે વિષયો ખૂબજ ચર્ચા અને સમજ માંગે છે. લખાણની મર્યાદાને ધ્યાનમાં લઈ અહીં થોડા પ્રશ્નો, થોડા જવાબ અને ઘણાબધા ઉકેલી ન શકાય તેવા મુદ્દાઓ રજૂ કરું છું સહુને આ વિશે ચિંતન કરવા વિનંતિ. વાચકોના વિચારો મને મળે તો પણ ખૂબ આનંદ થશે.

નીચેના મુદ્દાઓ તપાસીએ.

(૧) ધર્મ-પ્રસાર એટલે શું? શેનો પ્રચાર કરવાનો છે? આ પ્રશ્નનો સરળ જવાબ એ હોઈ શકે કે જૈનકુળમાં જન્મેલ પ્રત્યેક વ્યેક વ્યક્તિ જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંતોને જાણે અને તેની ક્રિયાઓ શ્રદ્ધાપૂર્વક કરે. ખૂબ કઠિન જવાબ એ પણ હોય કે પ્રભુ મહાવીરનો ધર્મ તો વિશ્વધર્મ છે - દુનિયાની દરેક વ્યક્તિ આ ધર્મ અંગીકાર કરે? ઈતિહાસમાં ધર્મ-પરિવર્તન માટેના મુદ્દાઓ અને ધર્મઝનૂનનાં ભયાનક પરિણામો સ્પષ્ટ રીતે લખ્યાં છે. જન્મથી મળેલો ધર્મ એ જ શ્રેષ્ઠ ધર્મ, એ જ મારો ધર્મ અને એ જ વિશ્વધર્મછે એ દરેક શ્રદ્ધાપૂર્વક માને છે તેથી દરેક ધર્મ સીમિત થઈ જાય છે - કોઈ પણ ધર્મ જોડવાનું નહીં પણ તોડવાનું કામ કરે. હકીકતમાં આમ જ બન્યું છે. ધર્મનું જીવનમાં શું પ્રયોજન, ધર્મથી જીવનને શું લાભ અને ધર્મ સહુને કેમ જોડે એવા પ્રશ્નો ઉપર કોઇનું લક્ષ નથી. સહુનું ધ્યાન પોતાના ધર્મને શ્રેષ્ઠ કહીને

બીજાના ધર્મને ઊતારી પાડવામાં છે. દરેક ધર્મનું અંતિમ લક્ષ પરમ સુખ છે. જો કે પરમ સુખની પરિભાષા દરેકની અલગ અલગ છે. આ ચર્ચામાં પડવાથી ફાયદા કરતા નુકસાન વધારે છે. લેખકના મત મુજબ કોઈ પણ ધર્મના ત્રણ વ્યાવહારિક અંગ છે.

(૧) ધર્મ આપણને સુખ આપે.

(૨) ધર્મ આપણને દુઃખથી બચાવે.

(૩)ધર્મ આપણને પરમાર્થી બનાવે.

પ્રચારના પ્રથમ મુદ્દા ઉપરોક્ત જ હોવા જોઈએ. ધર્મથી જો સંસ્કાર સીંચન થાય અને સમતા પ્રાપ્ત થાય તો અનુકૂળ હોય કે પ્રતિકૂળ, દરેક સંજોગોમાં વ્યક્તિ સુખી રહે, દુઃખથી બચે અને કદાચ પરમાર્થી બને. અન્ય ધર્મીઓને ફક્ત ફક્ત એટલું જ કહી શકાય કે તીર્થંકરોએ અહિંસા, અપરિગ્રહ અને અનેકાંતના જે સિદ્ધાંત આપ્યા છે તેનાથી વિશ્વમાં સુખ વધે, દુઃખ ઘટે અને પરમાર્થી થવાય. પ્રચાર પ્રભુની વાણીનો કરવાનો છે મૂર્તિનો નહીં, તેના પરમ સત્ત્વનો કરવાનો છે પૂજાનો નહીં, તેના કથનનો કરવાનો છે ક્રિયાનો નહીં. ખરૂં જોતા ગંગા ઊલટી વહે છે. મૂર્તિપૂજા કે ક્રિયાનો કોઈ વિરોધ નથી - ખૂબ મહત્ત્વના અને જરૂરી પણ ખરા, આમ છતાં લક્ષને સમજ્યા વગર રસ્તા પરની દોર યાત્રા ન રહે પણ રઝળપાટ થઈ જાય. સાધુ-સંતો, જૈનધર્મના અભ્યાસી લોકો અને જૈન ધર્મનું સાહિત્ય જીવનવ્યવહારને લક્ષીને લખાય તે વધારે મહત્ત્વનું છે.આજના સમયની આ તાતી જરૂરિયાત છે. મારું એક માત્ર લક્ષ "મોક્ષ" થી એવી શરૂઆત ધર્મપ્રત્યેની રુચિને ત્થા ધર્મના ખૂબજ ઉપયોગી પાસાથી આપણને દૂર લઈ જાય છે.

કડવી દવા ગળવા માટે તેના ઉપર સાકરનું પડ જરૂરી છે. નવી પેઢી માટે જૈન ધર્મના અમૂલ્ય સિદ્ધાંતો જીવન વ્યવહારમાં અને વિશ્વવ્યવસ્થામાં કેટલા ઉપયોગી છે તેની સમજથી ધર્મ-પ્રચારની શરૂઆત કરવી પડે, અહિંસામાં અન્યની રક્ષા, પર્યાવરણની રક્ષા અને પરની સેવાના

સિદ્ધાંતો રહેલા છે. અપરિગ્રહમાં આર્થિક સમતુલન તથા ધનની વાત છે જ્યારે અનેકાંતમાં સરળ, ક્લેશમુક્ત પારસ્પારિક વૈચારિક સમજણ અને સમાધાનની વાત છે. ટૂંકમાં આ બધું જીવન જીવવા અગત્યનું છે. આ ઉપરાંત શારીરિક સ્વાસ્થ્ય, માનસિક સંતુલન અને આધ્યાત્મિક વિકારની અમૂલ્ય વાતો જૈન તત્ત્વજ્ઞાન અને સાહિત્યમાંથી મળી આવે. વ્યક્તિના દુઃખનું કારણ અન્ય કરતાં પોતાની વૃત્તિઓ હોય છે. ક્રોધ, માન, માયા અને લોભને આંતરિક શત્રુ ગણીએ અને જીવનમાં આ સાવચેતી સતત રાખીએ તો ભૌતિક સુખ વગર પણ વ્યક્તિ પરમ સુખનો આનંદ મેળવે. જો ક્રોધ, માન, માયા અને લોભ હશે તો ગમે તેટલી સાહ્યબી દુઃખના કારણ બને. આવી અનેક વાતોથી ધર્મ સમજાવવાની શરૂઆત કરવી પડે. ગાથા, સૂત્ર, ક્રિયા, જડ માન્યતાઓ વગેરેને કારણે નવી પેઢીનો હોંશિયાર બાળક ધર્મ વિમુખ થાય છે અથવા તો ધર્મને પોતાની લોભ-તૃપ્તિ કે કાર્યતૃપ્તિ માટે આશીર્વાદનું સાધન માને છે. આ તો નરી અંધશ્રદ્ધા છે. ટૂંકમાં ભગવાન મહાવીરના અહિંસા, પ્રેમ, કરૂણા ત્થા દયાના સંદેશને નવી પેઢી સમક્ષ મૂકવાના છે. ખાસ કરીને જૈનકુળના બાળકો માટે. અન્યધર્મીઓ કદાચ પોતાના ધર્મમાં આ બધું છે તેમ માની જૈન ધર્મને કોઈ વિશેષ રીતે ન સ્વીકારે ....ખરે આ માથાકુટમાં પડવાની જરૂર નથી . જૈનકુળમાં જન્મેલને પોતાના ધર્મની ખબર ન હોય તે યોગ્ય નથી. માટે પ્રચારનું પ્રથમ ચરણ છે જૈન ધર્મના મૂળભૂતજીવન ઉપયોગી સિદ્ધાંતોની જૈન યુવક-યુવતીઓને સમજ.

હવે પ્રશ્ન એ ઊભો થાય છે તો પછી ક્રિયાઓનું શું? શું ફક્ત અહિંસા, અપરિગ્રહ અને અનેકાંતની જ વાતો કરવાની? ક્રિયા, પૂજા, વ્રત, તપ વગેરેનું શું?

ક્રિયા, પૂજા, વ્રત, તપ વગેરેનું અંતિમ ધ્યેય વિકારશુદ્ધિ જ હોવું જોઈએ.મન નિર્મળ બને, સરળ બને, સંતોષી બને તો જ પરમસુખ પ્રાપ્ત થાય - જે એક અર્થમાં મોક્ષ છે. ભૌતિક ભોગની અપેક્ષાએ ધર્મ કરવો એ તો ભગવાનને લાંચ આપવા બરાબર છે. જૈન દર્શન કર્મવાદમાં માને - કોઈના આર્શીવાદ કે અંધશ્રદ્ધામાં નહીં.

ટૂંકમાં શેનો પ્રચાર કરવો છે ? કોના માટે કરવો છે ? - એ બે પ્રશ્નનો ચિંતન કરીએ તો જ ગાડી આગળ ચાલે.

(૨)હવે બીજો પ્રશ્ન છે માધ્યમનોઃ

મારું લક્ષ મોક્ષ છે, સૂક્ષ્મ જીવોની હિંસાને લક્ષમાં લઈ માઈક, ટીવી, કોમ્પ્યુટર મલ્ટીમીડિયા, નાટક વગેરે પ્રકારના અસરકારક માધ્યમથી આપણે દૂર રહ્યા છીએ અથવા તો સાધુ-સંતો તરફથી આ પ્રકારના પ્રચારને જલ્દીથી સ્વીકારેલ નથી. હમણાં એક સમાચાર જાણ્યા છે કે ઈંગ્લેંડમાં હવે કોમ્પ્યુટર ઉપર "થ્રી ડાયમેન્શન ચર્ચ" જોવા મળશે તેની સામે વ્યક્તિ પૂજા-પ્રાર્થના વગેરે કરી શકશે. ચર્ચમાં જવાની જરૂર નહીં પડે.એક રીતે આ એક પ્રકારની ક્રાંતિ હશે.નવી પેઢી પણ હવે તીર્થંકરની પૂજા કોમ્પ્યુટર સામે કરશે ? પથ્થરયુગમાં પથ્થર ઉપરના લખાણથી અને ત્યારબાદ કાગળયુગમાં પુસ્તક રૂપે પ્રગટ થયું. હવે આ જ્ઞાન ટી.વી, કોમ્પ્યુટર અને મલ્ટીમીડિયા સ્વરૂપે પરિવર્તન પામી રહ્યું છે. આપણે સ્વીકારીએ કે નહી છેવટે તો સમયના બદલતા વહેણમાં પરિવર્તન આવ્યા વગર રહેશે નહીં. અમુક વ્યક્તિ જલ્દી સ્વીકારે છે જ્યારે અમુક વર્ગ તેનો જલ્દી સ્વીકાર કરતો નથી. થોડા પ્રતિકાર સાથે હળવે હળવે સ્વીકાર કરે છે. તીર્થંકર મહાવીરના સંદેશને વિશ્વના ફલક ઉપર મુકવો હશે તો નવા આધુનિક માધ્યમોનો સ્વીકાર કરવો અનિવાર્ય થઈ જશે. સાધુ-સંતો પંચમહાવ્રતથી બંધાયેલા છે માટે આવા આધુનિક માધ્યમોનો સ્વીકાર ન કરે પણ પ્રશ્ન એ થાય છે કે સમાજ ઉપર પક્કડ કોની હોય ? જૈન હોય કે અજૈન હોય જો વાતને સમજાવવી હોય તો આ કામ સાધુ-સંતો વધારે અસરકારક કરી શકે. મારાં નીચેનાં સૂચનો વિચારવા લાયક છે.

(અ) પ્રચારનો વિષય તીર્થંકર મહાવીરના "વિશ્વ શાંતિ" અને "વિશ્વકલ્યાણ" ના નિયમોનો હોવો જોઈએ.

(બ) ધર્મ સંસ્કાર માટે પૂજા, વ્રત, તપ, ક્રિયા ઈત્યાદિને ઓછું પ્રાધાન્ય આપી જૈન સિદ્ધાંતો સુખી, સમૃદ્ધ અને સંતોષી જીવન જીવવાની અનુપમ કળા છે તેનો પ્રચાર કરવો.

(ક) શૈક્ષણિક સંસ્થાઓ, ટીવી, કોમ્પ્યુટર, મલ્ટીમીડિયા, નાટક, સંગીત, સાહિત્ય વગેરેનો સહારો લઈ જૈન પેઢીને આપણો અમૂલ્ય વારસો આપવો.
(ડ) વિશ્વ કલ્યાણના પ્રવાહમાં જૈન સમાજે જોડવાનો પ્રયત્ન કરવો પડશે. નવી પેઢી કોઈપણ સંજોગોમાં માનવસેવાને ધર્મથી અળગી નહીં માની શકે. સહુની ધર્મ તરફ જવાની પ્રાથમિક ભૂમિકા "માનવસેવા" હોવી જરૂરી બને. મોક્ષ, આત્મકલ્યાણ, સંયમ વગેરે શબ્દોની ગુંચવણ નવા યુગમાં - નવી પેઢીને - નવા વિચારોની સાથે કેટલી સુસંગત રહેશે? વાત મોક્ષને નહીં માનવાની નથી પણ ધર્મમાં સમજ આવે અને સાથે સાથે જીવનમાં એ ઉપયોગી બને તે વધારે જરૂરી છે. આ દિશામાં પ્રત્યનો શરૂ થઈ ગયા છે અને આધુનિક જીવનમાં ધર્મના બદલાતા પ્રવાહમાં જડતાને સ્થાન નથી પણ પરિવર્તનને અવકાશ છે. પરિવર્તનથી ધર્મને નુકસાન થશે એવી દહેશત અસ્થાને છે - કોઈ સ્વીકારે નહીં "પરિવર્તન એ સૃષ્ટિનો નિયમ છે."



# જૈનાચાર અને તત્ત્વજ્ઞાનના પ્રચાર - પ્રસાર માટે સમૂહમાધ્યમો (મીડિયાનો) વિવેકપૂર્ણ ઉપયોગ અને ભૂમિકા

-ડૉ. ઉત્પલા કાન્તિલાલ મોદી

(ડૉ ઉત્પલાબહેન મોદી : એમ.એ; પીએચ.ડી. ભવન્સ હજારીમલ સોમાણી કોલેજમાં ૨૫ વર્ષથી સેવા આપે છે- ફિલોસોફી વિભાગમાં અધ્યક્ષ, ઉપરાંત જૈનોલોજીના સર્ટિફિકેટ તથા ડીપ્લોમા કોર્સના પણ પ્રાધ્યાપક છે. રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફીસર તરીકે ૧૬ વર્ષથી વિવિધ સામાજિક સેવા પ્રવૃત્તિ કરે છે. વિશ્વધર્મના અભ્યાસી, જૈન ધર્મ પર અનેક પ્રવચનો આપ્યાં છે. નવકારમંત્ર, ભક્તામર સ્તોત્ર અને રત્નાકર પચ્ચીશી પર નિબંધ લખેલ છે. લાડનુ યુનિ. ના પીએચ.ડી. ના માર્ગદર્શક (ગાઈડ) છે.)

"જ્ઞાની પહલે સોચતે હૈ, પીછે કાર્ય કરતે હૈ
અજ્ઞાની પહલે કાર્ય કરતે હૈ, પીછે સોચતે હૈ
સોચના તો દોનોં કો પડતા હી હૈ
સિર્ફ પહલે ઔર પીછેકા હી ફર્ક હોતા હૈ."

ભગવાન મહાવીરે કહ્યું છે " પઢમં નાણં તઓ દયા". અર્થાત્ "પ્રથમ જ્ઞાન પછી દયા". જીવનમાં જ્ઞાનનો પ્રકાશ પથરાતાં અજ્ઞાન આપોઆપ દૂર થઈ જશે. આજના "No Time" ના યુગમાં પણ માનવીના જીવનમાં બનતા અનેકવિધ અણધાર્યા વિચિત્ર પ્રસંગોથી માનવી ધર્મના માર્ગે આગળ વધે તે માટે જૈનાચાર અને તત્ત્વજ્ઞાનના પ્રસાર માટે સમૂહ માધ્યમોનો અમૂલ્ય ફાળો છે.

મોબાઈલ મારફત ઈન્સટન્ટ ન્યુઝ મેળવી, આખી દુનિયાને હાથમાં રાખી જાતને અલ્ટ્રા મોડર્ન માનનારો આજનો માનવીને તત્ત્વજ્ઞાનના રસાસ્વાદનાં પાન દ્વારા આધ્યાત્મિકતાની નવી દિશા ખોલવી જરૂરી છે.

જૈનાચાર એટલે શું? જૈનોના આચાર. આચાર એટલે નીતિ નિયમો

વર્તણૂંક જેને અંગ્રેજીમાં ethics અથવા code of conduct કહેવામાં આવે છે. તત્ત્વજ્ઞાન એટલે તત્ત્વ વિષેનું જ્ઞાન એટલે "fundamentals of jainism" કાઈપણ સમાજની ઉન્નતિનો મુખ્ય આધાર તેનાં બાળકો પર છે, અને તેના સંસ્કારો પર છે. ઉત્તમ સંસ્કારનું મૂળ ઉત્તમ શિક્ષણ છે. ઉત્તમ શિક્ષણની વાત આવે ત્યારે સ્વાભાવિક પ્રશ્ન થાય કે ઉત્તમ શિક્ષણ કોને કહેવું ઉત્તમ શિક્ષણનો ઉત્તર સ્પષ્ટ છે કે માનવીને ઊર્ધ્વગામી બનાવે તેવા શિક્ષણને ઉત્તમ કહી શકાય છે. આ વિશ્વમાં માનવીને ઊર્ધ્વગામી બનાવનાર શિક્ષણ કોઈ હોય તો તે ધાર્મિકશિક્ષણ છે.

અંગ્રેજી શિક્ષણના ઘોડાપૂરમાં તણાતાં તણાતાં આપણે આપણાં ધર્મશિક્ષણની મહત્તા સમજી શક્યા નથી કે નથી આપણાં બાળકોને તેની ઉપયોગિતા સમજાવી શક્યાં. આપણા બાળકોમાં જૈનાચાર અને તત્ત્વજ્ઞાન પ્રત્યે રસ, રુચિ અને ઉત્સાહ જાગૃત થાય તેવી કોઈ તકેદારી આજ સુધી આપણે કેળવી શક્યા નથી. આજના યુગમાં માતાપિતા, વડીલો બાળકોને શાળાનું જ્ઞાન, તેમાં પણ અંગ્રેજી માધ્યમની શાળનું જ્ઞાન આપવા જેટલાં ઉત્સુક છે, તેટલા આધ્યાત્મિક ક્ષેત્રે નથી. બાળકોને શાળકીય જ્ઞાનની જેટલી જરૂર છે, એનાથી વિશેષ ધાર્મિક જ્ઞાનની પણ જરૂર છે, ધર્મને આપણે ઉત્કૃષ્ટ-મંગલરૂપ માનીએ છીએ, આલોક અને પરલોકનું કલ્યાણ કરનાર સમજીએ છીએ, પરંતુ બાળકોના ધાર્મિક શિક્ષણના પ્રશ્ને આપણે એટલા સજાગ રહ્યા નથી.

પ્રસાર માટેનાં સમૂહ માધ્યમો press, cinema, T.V. , electronics, media, computer, internet, વર્તમાનપત્રો, મેગેઝીન, પત્રિકા, સત્સંગ, પાઠશાળા અથવા જૈનશાળા છે. બીજી અગત્યની વાત છે કોનામાં પ્રચાર કરવો છે ? જૈનોમાં કે અજૈનોમાં ? કઈ વાતનો ૨૧મી સદીમાં પ્રચાર કરવો છે ? મિનીમમ પ્રોગ્રામ શું છે ?તીર્થંકરોના ઉપદેશનો પ્રચાર કરવો છે ? કેવી રીતે પ્રચાર કરવો છે ? Academically ન થાય ત્યાં સુધી કાંઈ મતલબ નથી, આ આગળની વાત થઈ. અત્યારની પેઢીને શું કહેશો ? નવી પેઢીને કેવી રીતે કહીશું ? કઈ ભાષામાં ? આગમ, અર્ધમાગધી, સંસ્કૃત, પ્રાકૃત ભાષામાં

વાંચી અને સમજી શકશે? આપણે પણ અત્યારે અર્ધમાગધી , સંસ્કૃત કે પ્રાકૃત ભાષામાં પારંગત નથી તો તેમનું શું કહેવું? વર્તમાન પેઢીને તેની ભાષામાં ભણાવવું પડશે.

આજના કોમ્પ્યુટરના યુગમાં જો ટકી રહેવું હોય તો ધાર્મિક શિક્ષણની મહત્તા-ઉપયોગ સમજવા પડશે. આપણે જો સમજશું તો અન્યને સમજાવી શકીશું. એક દીપક પ્રગટશે તો અન્ય દીપક પ્રજ્વલિત થશે. જૈનાચાર અને તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસાર માટે જૈનશાળા પણ અગત્યનો ભાગ ભજવે છે પણ માધ્યમ તો લોકો જે ભાષામાં સમજે તે ભાષા જ રાખવું પડશે.

આપણે શું જૈનાચાર અને તત્ત્વજ્ઞાન સમજવા માટે રોજનો એક કલાક પણ ન ફાળવી શકીએ ? વર્તમાન સમયમાં ધર્મ પ્રતિ ઉદાસીનતાનું પ્રમાણ વધતું જ જાય છે. જૈનશાળામાં અપાતાં શિક્ષણમાં પણ હવે ક્રાંતિ લાવવાની જરૂર છે. જૈનશાળામાં સૂત્રો ગોખાવવામાં આવે છે, તેનાં કરતા એક સૂત્ર કંઠસ્થની સાથે એનો અર્થ સમજાવવામાં આવે તે પછી જ બીજું સૂત્ર હાથ ધરાય તેમ કરવું જોઈએ. વળી જૈન આચાર અને તત્ત્વજ્ઞાન અને જૈનદર્શનનું પ્રાથમિક જ્ઞાન વિશે તીર્થંકરો, દેવ, ગુરૂ, ધર્મ, શ્રાવકાચાર, શ્રમણાચાર, પર્વો, પચ્ચખાણ વગેરે વિશે પૂરું જ્ઞાન અને સમજ વખતોવખત અપાવા જોઈએ.

જૈનદર્શન, જૈનધર્મ પ્રત્યે રસ-રુચિ કેળવતું કરવું અતિ આવશ્યક નહિ પણ અનિવાર્ય પણ છે. સંસ્કાર તો માનવીનું ઘરેણું છે. માનવ પોતાના દેહ અને આત્માને સંસ્કારો વડે શણગારે છે.

સમૂહમાધ્યમમાં નાટક, ફિલ્મ પણ છે. રામાયણ, મહાભારત સ્તબ્ધ થઈને જોતા હતા. ભક્તિ, સૌંદર્ય, કૃષ્ણલીલા, આનંદ, મનોરંજન રસપ્રદ કેવી રીતે બનાવવું? આપણે શું કરી શકીએ? વર્તમાન યુગમાં ક્યા ક્યા પ્રદાર અને પ્રસારનાં માધ્યોમોમાં રેડિયો, ટીવી, ઈન્ટરનેટ, ધર્મસ્થાનકો - ઘણાં બધાં કામ કરી રહ્યા છે. જૈન સોશ્યલ ગ્રુપ, જૈન જાગૃતિ સેંટર, જૈન અધ્યાત્મ સ્ટડી સર્કલ, જૈન ફુડ.

## મહાત્માગાંધીજી, આચાર્ય વિનોબાજી અને સંતબાલજીનાં સર્વધર્મ સમભાવ તથા સર્વધર્મઉપાસના વિશેનાં મંતવ્યો

ડૉ. રસિક મહેતા.

(એમ. એ. પીએચ. ડી. સાહિત્યરત્ન, ગુજરાત સરકારની જુદી જુદી કોલેજોમાં ૩૨ વર્ષ અધ્યાપક તરીકે સેવાઓ આપી, ગુજરાત કોલેજ, અમદાવાદથી ગુજરાતી વિભાગના અધ્યક્ષપદેથી નિવૃત્ત. સાહિત્ય, ધર્મ અને યુવાપ્રવૃત્તિમાં વિશેષ રુચિ. સર્જક ઝવેરચંદ મેઘાણી પર પીએચ. ડી કર્યું છે. જૈન આગમ સાહિત્યમાં પણ રુચિ. કોઇપણ ધર્મ કે સંપ્રદાયના સંત-સતીજીને ભાષા-તત્ત્વજ્ઞાન શીખવવામાં રુચિ. જૈન સંત- સતીજીને એમ.એ., પીએચ.ડી. ના અભ્યાસ માટે માર્ગદર્શન. વિશ્વધર્મનો તુલનાત્મક અભ્યાસ- અનેક સંપાદનો )

ભારતની ભૂમિ અધ્યાત્મભૂમિ છે. આ ભૂમિ વિશ્વધર્મની પ્રયોગશાળા છે. આ ધરતીના લોકોને સર્વધર્મસમભાવનું વિશિષ્ટ વાતાવરણ મળ્યું છે. ધર્મ પ્રત્યેની ઉદારતા અને પરમત સહિષ્ણુતા આ દેશના લોકોની સ્વાભાવિક પ્રવૃત્તિ છે. મહાત્મા ગાંધીજીએ ચિંતન-મનન, પછી એ સત્ય તારવ્યું હતું કે 'વ્યાપક ધર્મભાવના' આ દેશને માટે ખૂબ ઉપકારક બની રહેશે. તેઓ લખે છે, "બધા ધર્મો ઇશ્વરદત્ત છે પણ તે મનુષ્યકલ્પિત હોવાથી, મનુષ્ય તેનો પ્રચાર કરતો હોવાથી, તે અપૂર્ણ છે.....તેથી જ આપણે બધા ધર્મ પ્રત્યે સમભાવ રાખીએ. આમાં પોતાના ધર્મ પ્રત્યે ઉદાસીનતા નથી આવતી. પણ પોતાના ધર્મ પ્રત્યેનો પ્રેમ આંધળો મટી જ્ઞાનમય થાય છે, તેથી વધારે સાત્ત્વિક, નિર્મળ બને છે".

મહાત્મા ગાંધીજીને કિશોરાવસ્થાથી સર્વધર્મના સંસ્કારો પ્રાપ્ત થયા છે. વચનપાલન, સમયપાલન, વડીલો પ્રત્યે આદર વગેરે ગુણો વિકસતા જાય છે. હરિશ્ચંદ્રાખ્યાન વાંચે અને સતવાદી બનવાની ઇચ્છા થાય, વ્રતનિષ્ઠ માતા પાસેથી પ્રતિજ્ઞાપાલન માટેની આશિષ મેળવે. દાઇ રંભાએ પઢાવેલા રામનામમાંથી જીવનમાંથી જીવનભરનો અભયમંત્ર મળી જાય. કુટુંબની

ધાર્મિક ઉદારતાને કારણે પોરબંદર અને રાજકોટમાં એમને, વિવિધ ધર્મો વિશે ઘણું સાંભળવા-જાણવા મળ્યું હતું. તેથી જ તેઓ દર્શાવે છે.

"આખી માનવજાતિ જોડે આત્મીયતા સાધ્યા વિના મારી ધર્મભાવના સંતોષાય એમ નથી. એટલું જ નહીં, ઇશ્વર આપણા બધાંમાં છે તેથી અનેક છતાં આપણે એક જ છીએ એ સત્યનું દર્શન હું તો પ્રતિક્ષણ કરું છું".

'ધર્મ વિના હું એક ક્ષણ પણ જીવી ન શકું'.

એવું ખૂબ સ્પષ્ટરીતે દર્શાવનાર, મહાત્મા ગાંધીજીને ધર્મે લોકાભિમુખ-આત્માભિમુખ બનાવ્યા છે. સત્યને-પરમસત્યને શોધવું એ એમની સાધના હતી. તેથી તેઓ દશાર્વે છે-

"ભલે મારા જેવા અનેકોનો ક્ષય થાઓ પણ એક સત્યનો જય થાઓ. અલ્પાત્માને માપવાને સારું સત્યનો ગજ કદી ટૂંકો ન બનો."

સત્યને - પરમસત્યને શોધવું એ ગાંધીજીની મુખ્ય સાધના હતી. સત્ય, અહિંસા અને અભયના ગુણો ઉત્તરોત્તર વિકસતા રહે એવો પુરુષાર્થ પ્રત્યેક વ્યક્તિએ કરવો જોઇએ, એવી તેમની દૃઢ માન્યતા હતી. તેથી તેઓ લખે છે - 'હું સત્યનો નમ્ર પણ પ્રયત્નશીલ શોધક છું.'

સત્યાગ્રહ, રચનાત્મક કાર્યો અને એકાદશવ્રત એમ ત્રણેયનું તેઓને એક સરખું મહત્ત્વ લાગ્યું છે અને તેઓ દૃઢપણે માને છે કે ત્રણેય એકબીજા વિના અધૂરા છે. દુનિયાના કોઇપણ ધર્મ સામે એમનો વિરોધ ન હતો. વિશ્વધર્મનો એમણે અભ્યાસ કર્યો હતો અને ખ્રિસ્તીધર્મ માટે એમને વિશેષ આકર્ષણ પણ થયું હતું પરંતુ શ્રીમદ્ રાજચંદ્રજી સાથેના પત્રવ્યવહારથી એમના મનનું સમાધાન થયું હતું અને ધર્મપરિવર્તનનો વિચાર હંમેશ માટે બંધ થઇ ગયો હતો. તેઓએ નોંધ્યું છે - "મારે ખુલ્લે દિલે કહેવું પડે છે કે કુરાન, બાઇબલ અને દુનિયાના બીજા ધર્મગ્રંથો માટે મને ખૂબ માન હોવા છતાં, તે મને કૃષ્ણની ગીતા અને તુલસીદાસના રામાયણ જેટલી અસર નથી કરતા. બધા ધર્મોનો આત્મા એક છે પણ તે અનેક આકૃતિઓમાં મૂર્તિમાન થાય છે.

આ વસ્તુ કાળના અંત સુધી કાયમ રહેશે."

સત્ય એ કોઇ પણ એક ધર્મગ્રંથની એકાંતિક સંપત્તિ નથી, એવું સ્વીકારવામાં આવે તેમાં જ માનવજાતનું મહાકલ્યાણ છે. આવી વિશુદ્ધ માન્યતા માનવજાતને કલ્યાણને પંથે દોરી જશે અને એનામાં સર્વધર્મસમભાવની અને સર્વધર્મઉપાસનાની ભાવના જાગૃત કરશે. માનવ - માનવ વચ્ચે ધર્મને નામે ફેલાતી ગેરસમજ દૂર થશે.

ગાંધીજી કોઇ એક ધર્મમાં રસ ધરાવતા હોય તો તે માનવધર્મ અથવા સેવાધર્મ છે. ધર્મ એટલે સંપ્રદાય નહીં. કોઇ પણ પ્રકારના ક્રિયાકાંડ કે માનવ-માનવ વચ્ચે વિસંવાદીતા-ગેરસમજણ કે મુશ્કેલીઓ ઊભી કરે તે ધર્મ હોઇ શકે જ નહીં. કોઇનું શોષણ નહીં. કોઇથી ડરવાનું નહીં કે કોઇ પ્રત્યે વૈર કે અભાવ નહીં એ જ સાચી ધાર્મિક માન્યતા છે.

ધર્મ અધિકારનો ભૂખ્યો નથી, ધર્મ સંયમનો - અંકુશનો ભૂખ્યો છે. ધર્મ જાણનાર અને જાળવનાર "આ મારા હકો છે" એવો વિચાર નથી કરતો. "આ મારું કર્તવ્ય છે" એમ વિચારે છે. સમાજની સેવા એ મોટો ધર્મ છે. સૃષ્ટિની સેવા એ ઇશ્વરની સેવા છે.

"માણસનું અંતિમધ્યેય ઇશ્વરનો સાક્ષાત્કાર છે અને એની સામાજિક, રાજકીય, ધાર્મિક બધી પ્રવૃત્તિઓ ઇશ્વરદર્શનના અંતિમ ધ્યેયને અનુલક્ષીને થવી જોઇએ" આવી વ્યાપક ધર્મભાવનાને સ્વીકારનાર ગાંધીજીને બધા ધર્મો માટે આદર અને માનની લાગણી હતી. વિશ્વના જીવમાત્ર સાથે મૈત્રીભાવ હતો. "આપણે સત્ય, અહિંસાને માત્ર વ્યક્તિના આચરણ લગતી જ બાબતો નહીં પણ જનસમૂહો, કોમો અને રાષ્ટ્રોના આચરણલાયક બનાવવી છે. એ સ્વપ્નને સિદ્ધ કરવા પ્રયત્ન કરતાં કરતાં જ હું જીવીશ અને મરીશ."

લોકકલ્યાણના હિમાયતી અને જગતના એકેએક માનવીના હિતની

ચિંતા કરનાર મહાત્માગાંધીજીએ સર્વધર્મઉપાસનાનો સહુ કોઇને ગમી જાય તેવો માર્ગ દર્શાવ્યો છે. એમણે આપેલા અગિયાર વ્રત કોઇપણ ધર્મ કે સંપ્રદાયના કોઇપણને આચરવા ગમે તેવાં છે. ઉપરાંત, તેઓની સવાર અને સાંજની પ્રાર્થનામાં, સર્વધર્મપ્રાર્થના જ પસંદ કરી છે. તેવો માર્ગ દર્શાવ્યો છે. એમણે આપેલા અગિયારવ્રત કોઈપણ ધમકે નાત-જાત, કોમ કે ધર્મને નામે સર્જાતી નાનામાં નાની ગેરસમજણ કે અશાંતિ તેમને પ્રિય ન હતી. વિશ્વશાંતિ એમને ખૂબ પ્રિય હતી, એ માટેનો એમને પ્રચંડ પુરુષાર્થ હતો, એમણે જીવનભર આચરેલ સર્વધર્મ અને સર્વધર્મઉપાસનાનો આપણે સ્વીકાર કરીએ તો આજના અશાંત વિશ્વમાં-ધર્મને નામે ચાલતી અધાર્મિક પ્રવૃત્તિઓને દૂર કરી શકાશે અને વિશ્વનાગરિક બનવાની ભાવના મૂર્તિમંત સ્વરૂપ ધારણ કરશે.

આચાર્ય વિનોબા ભાવેના વિચારો

ગાંધીજીના વિચારો અને આદર્શોને પોતાના જીવન અને કાર્યથી શોભાવનાર વિનોબા ભાવેએ, ૧૦ વર્ષની નાની વયે બ્રહ્મચર્યવ્રત પાળીને દેશસેવા કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. હાઇસ્કૂલના અભ્યાસ દરમિયાન શ્રીમદ્ ભગવતગીતાનો છંદ લાગ્યો, સંસ્કૃતનો જાતે અભ્યાસ કર્યો, વેદાંત અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવાનો નિર્ણય કરે છે. ક્રમશઃ તેઓની ધર્મજિજ્ઞાસા વધતી રહી અને તેમણે ઉપનિષદો, ગીતા, બ્રહ્મસૂત્ર અને શાંકરભાષ્ય, મનુસ્મૃતિ, પાંતજલયોગદર્શન વગેરેનો અભ્યાસ તો કર્યો જ ભારતના મુખ્ય ધર્મોનો - ધર્મગ્રંથોનો અને જગતના મુખ્ય ધર્મોનો પણ અભ્યાસ કર્યો.

તુલનાત્મક અભ્યાસથી એમની ધાર્મિક માન્યતા ખૂબ ઉદાર અને સહિષ્ણુ બની. તેઓ દર્શાવે છે - ધર્મ આપણો ચતુર્વિધ સખા છે. વૈયક્તિક, સામાજિક, ઐહિક અને પરલૌકિક જીવનમાં એ મિત્રનું કામ કરે છે. ધર્મભાવના માનવીની વિશેષતા છે. સત્યપ્રેમ કરુણતા, વ્યક્તિએ જીવનમાં આચરવી જોઇએ. પોતાના જીવનમિશનને વર્ણવતાં તેઓ દર્શાવે છે : "હમ

કિસી ભી દેશ-વિશેષ કે અભિમાની નહીં, કિસી ભી શર્મ-વિશેષ કે આગ્રહી નહીં, કિસી ભી સંપ્રદાય યા જાતિ મેં બદ્ધ નહીં. વિશ્વ મેં ઉપલબ્ધ સદ્ વિચારોં કે ઉદ્યાન મેં વિહાર કરના યહ હમારા સ્વાધ્યાય. સદ્ વિચારોં કો આત્મસાત કરના યહ હમારા ધર્મ. વિવિધ વિશેષતાઓં મેં સામંજસ્ય પ્રસ્થાપિત કરના, વિશ્વવૃત્તિ કા વિકાસ કરના વહ હમારી સાધના". એમનાં 'ગીતા પ્રવચનો' આખા દેશને સારુ અને અમુક અંશે આખા જગત માટે હતા. આશ્રમના વ્રતોનું ઉત્તમ રીતે પાલન કરનાર સાધક, વિનોબાજી હતા.

ધર્મની વર્તમાન સ્થિતિથી તેઓ ખૂબ ચિંતિત હતા. આજે ધર્મ-ધર્મ નથી રહ્યઓો માત્ર પંથ કે સંપ્રદાય બની ગયેલ છે. પંથ કે સંપ્રદાયના દિવસો હવે પૂરા થયા છે. વિજ્ઞાનયુગમાં પંથ કે સંપ્રદાયને કોઇ સ્થાન નથી. સંપ્રદાયથી ઉપર ઉઠવાનું છે અને એક માત્ર માનવધર્મ વિકસાવવાનો છે. માનવધર્મની આરાધનાથી જ વ્યક્તિની તેમજ સમાજની પ્રગતિ થઇ શકશે. વિજ્ઞાનની ભૂમિકા પર જ સાચા ધર્મની સ્થાપના થઇ શકશે.

તેઓ દૃઢપણે માને છે કે ધર્મનું સતત શોધન થવું જોઇએ. ધર્મને ત્રિવિધ કેદમાંથી મુક્ત કરવાનો છે.

૧) ધર્મસંસ્થાઓના સકંજામાંથી,

૨) પાદરી-પુરોહિત - મુલ્લાઓના હાથમાંથી,

૩) મંદિર-મસ્જિદ, ચર્ચની ચાર દીવાલો અને કર્મકાંડની કેદમાંથી.

ધર્મ જન્મથી નહીં, પણ વ્યક્તિની યોગ્ય વય પછી જ નક્કી થવો જોઇએ. કૌટુંબિક પરંપરાથી નહીં પણ દરેકની પસંદગીથી નક્કી થાય તો કશું ખોટું નથી. એક જ ઘરમાં, જુદા જુદા ધર્મના અનુયાયીઓ, રહી શકે અને સારી રીતે જીવન વ્યતીત કરી શકે તો સર્વધર્મસમભાવ અને અને સર્વધર્મઉપાસનાનું કામ ખૂબ સરળ બની રહે.

કોઇ પણ વ્યક્તિને ધર્માંતરની છૂટ ન હોવી જોઇએ. આખા વિશ્વમાં ધર્માંતરની પ્રક્રિયાએ અનેક સમસ્યાઓ સર્જી છે, અશાંતિ અને વૈરભાવને વિકસાવેલ છે. માણસ-માણસ વચ્ચે ધર્મના નામે ભેદ ઊભા કરી દીધા છે. ધર્મ, સાધકને બદલે બાધક બની બેઠો છે. હકીકતે તો માણસની માણસાઇ વધારવી એ જ બધા ધર્મોનું કર્તવ્ય છે.

સર્વધર્મ આરાધના, માનવીનું જીવનધ્યેય બનવું જોઇએ. જો ધર્મ વિશેની સાચી સમજણ હશે તો જ સર્વધર્મઉપાસના કરી શકાશે અને વિશ્વના માનવને ઉત્તમ જીવન જીવવાની તક મળશે. પ્રજાજીવનનો આધારસ્તંભ, ધર્મ બની રહેશે. આપણો દેશ બીનસંપ્રદાયિક છે, એનો અર્થ એ નથી કે ધર્મહીન દેશ છે. 'સેક્યુલર' એટલે ધર્મહીનતા નહીં પણ 'પરિશુદ્ધ ધર્મભાવના'. આપણા દેશના બંધારણ મુજબ ધાર્મિક સ્વતંત્રતા આ દેશના પ્રત્યેક નાગરિકનો મૂળભૂત હક્ક છે. આવી ધાર્મિક સ્વતંત્રતા સહુ કોઇને મળે એ આવકાર્ય છે, પરંતુ ધર્માંધતા કે ધર્મઝનૂનને કદી અવકાશ હોઇ શકે નહીં. ધર્મને યથાર્થ રુપે સમજી, આચરણ કરવામાં જ સાચો આનંદ છે, પરમ શાંતિ છે.

સંતબાલજી

જૈનસંત સંતબાલજી, જગતસંત તરીકેનું બીરુદ પ્રાપ્ત કરે છે. ગાંધીજીની જેમ તેમને પણ ખૂબ નાની વયથી ઉદારમતવાદી ધર્મસંસ્કાર મળ્યા છે. તેઓના માતા મોતીબહેન પાસેથી ધાર્મિક-નૈતિક સંસ્કારો તો મળ્યા પરંતુ ટોળ ગામની મસ્જિદના ઇમામ અલીશાહ અને મંદિરના પૂજારી કરસનજીભાઇ દ્વારા નીતિ અને સદાચારના-ધર્મસહિષ્ણુતાના આદર્શોનું બીજારોપણ પણ થયું.

૧૩ વર્ષની નાની વયે સૌરાષ્ટ્રના નાનકડા ગામને છોડીને મુંબઇ કમાવા માટે જવું પડે છે. મુંબઇમાં તેઓનું વ્યક્તિત્વ સરસ રીતે વિકસે છે અને

અનેક સંસ્કારો ગ્રહણ કરે છે. જૈનસંત પૂ. સૌભાગ્યમલજી, પૂ. નાનચંદ્રજી મહારાજનાં પ્રવચનોની ઘેરી અસર પડે છે. રાષ્ટ્રીય નેતાઓ લોકમાન્ય તિલક, મહાત્મા ગાંધીજી આદિની લોકકલ્યાણ અને લોકસેવાની ભાવના પણ ખૂબ પ્રભાવ પાડે છે. 'ધર્માનુબંધી સમાજરચના' નાં કાર્યો આરંભે છે. જગતના બધા મુખ્ય ધર્મોનો અભ્યાસ કરે છે. "ધર્મ અમારો એકમાત્ર એ - સર્વધર્મ સેવા કરવી". એવું જીવનભર ગાનાર અને વધુમાં વધુ આચરણમાં મુકનાર સંતબાલજી કહે છે ધર્મ એક છે, રીતરિવાજ અનેક છે. જીવમાત્રની પીડા દૂર કરનાર ધર્મ છે, પંથ કે સંપ્રદાય શરીર છે, ધર્મ આત્મા છે. ધર્મ, આકાશમાંથી અવનિ પર વરસતું પાણી છે. જેમ વરસાદના પાણીમાં ક્યાંય ભેદ નથી, તેમ આધ્યાત્મિક આનંદરુપે ધર્મનું દર્શન પણ એક જ છે. ધર્મને વર્તમાનમાં આપણે સંકુચિત દીવાલોમાં પૂરી દીધો છે. સંકુચિતતા, કટ્ટરતા, ધર્મઝનૂન, ધર્માંધતા આજે ચારે બાજુ જોવા મળે છે.

### સ્વધર્મ-પરધર્મ

ક્રિયાકાંડના ઉપલક ખોખાં જાળવી રાખવા એ જ જાણે કે સ્વધર્મ છે. પરંપરાગત સંસ્કારોમાં પેસી ગયેલી રૂઢીને જ પોતાનો ધર્મ માનતો હોય અને તેથી ભિન્ન તે પરધર્મ આવો ઊલટો અર્થ, સહુ કોઇને માટે મુશ્કેલીઓ સર્જે છે.

કૂવાના દેડકાં માફક પોતાના સંપ્રદાયમાં જ પૂર્ણધર્મ છે અને તે પણ પોતે જેવો માને છે તેવો જ ધર્મ. આવી માન્યતાવાળા, પોતાના માની લીધેલા ધર્મને જાળવવા માટે કૈંક નિર્દોષ માનવોના સંહાર, અનેક જીવો પર અત્યાચાર કરવા, રાક્ષસોને શરમાવે તેવી નિર્દયતા બતાવવી, પોતાના હઠાગ્રહોને પોષવા માટે હિંસા, ચોરી, મારફાડ - આ બધું આજે તો ગુણમાં ખપે છે. આનાથી કેટલું નુકસાન થઇ રહ્યું છે - માણસ-માણસ વચ્ચે કેવી વિરાટ ખાઇ ખોદાઇ રહી છે તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. હકીકતે,

આપણે બધાં મનુષ્યો છીએ. મનુષ્યો સર્વ સરખા છે. કોઇ પણ ધર્મ કે સંપ્રદાયની વ્યક્તિ હોય પરંતુ મનુષ્યને નાતે તેની સાથે પ્રેમ રાખવો જોઇએ. તેના સુખ-દુઃખમાં સહભાગી થવું જોઇએ એ જ આત્મધર્મ છે.

સર્વધર્મસમન્વય - સર્વધર્મસમભાવ એ હકીકત સ્પષ્ટપણે દર્શાવે છે કે આ ધરતી પરના કોઇ પણ માનવને કે પ્રાણીને દુઃખ આપવાથી કોઇને સુખ મળે જ નહીં. લોકકલ્યાણ અને લોકમાંગલ્યની ઉત્તમ પ્રવૃત્તિ કરવાનું ધર્મ શીખવે છે. સંસારના જન્મમરણના ફેરામાંથી મુક્ત થવું હોય તો ઉદારમતવાદી બની, ઇન્સાનમાત્ર 'ખુદાના પુત્ર' છે એવું સમન્વયવાદી વલણ સ્વીકારવું જોઇએ.

વ્યવહારધર્મનો સ્વીકાર કરી, આપણા જીવનને સાર્થક કરવા માટે આપણે ૧) કુટુંબધર્મ, ૨) સમાજધર્મ, ૩) રાષ્ટ્રધર્મ, ૪) વિશ્વધર્મ પણ બજાવીએ અર્થાત્ - કુટુંબ પ્રત્યે સંપૂર્ણ કર્તવ્યપરાયણ રહેવું. સમાજની વ્યવસ્થામાં ઉપયોગી થવું અર્થાત્ સમાજના લોકોને સન્માર્ગે દોરવા. દેશપ્રેમ અને દેશકલ્યાણની પ્રવૃત્તિમાં પૂરો રસ લેવો અહિંસક રીતે બધી પ્રવૃત્તિઓ ચલાવવી, કદી પણ દેશદ્રોહી ન થવું.

આખા વિશ્વના પ્રાણીઓ આપણા બંધુઓ છે એવી સતત જાગૃતિ રાખીએ. કોઇને પણ, આપણી ક્રિયા, વાણી કે વર્તનથી દુઃખ ન પહોંચે તેની કાળજી રાખી માનવજીવનને સાર્થક કરીએ.

મહાત્મા ગાંધીજીની જેમ સંતબાલજીએ પણ સર્વધર્મપ્રાર્થના અને સવાર-સાંજની અલગ-અલગ પ્રાર્થના દ્વારા ધર્મઉપાસના કરવાનું દર્શાવેલ છે. બધા મુખ્ય ધર્મોના મહાન પ્રણેતાને વંદન - 'સાત વારની પ્રાર્થના' માં કર્યું છે. વિશ્વવાત્સલ્ય એમનું જીવનધ્યેય છે.

*"સકલ જગતની બની જનેતા, વત્સલતા સહુમાં રેડું*
*એ જ ભાવાનાના અનુયાયી બનવાનું સહુને તેડું"*

'સર્વજનહિતાય - સર્વજનસુખાય' ધર્મપ્રવૃત્તિ કરવી જોઇએ. સર્વધર્મ પ્રેમીઓ માટે આદર્શરૂપ ઉપાસનામાર્ગ, તેઓએ દર્શાવ્યો છે. ધાર્મિકતા માણસના વ્યક્તિત્વમાં અખંડ સ્વરુપે હોવી જોઇએ. નિઃસ્વાર્થતા, અર્પણતા અને પ્રેમ એ ત્રણે પાયા પર જે ક્રિયાથી જીવનનું ચણતર થાય એ ક્રિયાનું નામ ધર્મક્રિયા.

મહાત્મા ગાંધીજી, આચાર્ય વિનોબા ભાવે અને સંતબાલજીના સર્વધર્મસમભાવ અને સર્વધર્મઉપાસનાના વિચારોનું ખૂબ સંક્ષેપમાં વર્ણન થઇ શક્યું છે, ત્રણેયના વિચારમાં ખૂબ સામ્ય છે. માનવીના કલ્યાણ માટેની - સેવા માટેની વિશ્વમાંગલ્યની મંગલપ્રવૃત્તિ છે. આજના અશાંત વિશ્વને ધર્મને નામે ખેલાતી અનેકવિધ પ્રપંચલીલામાંથી શુભ માર્ગે દોરી જવાની અનોખી દશા અને દિશા બતાવી છે.



## સર્વધર્મ ઉપાસના અને સંતબાલજી

મલૂકચંદ રતિલાલ શાહ

(અમદાવાદની બી.ડી. આટર્સ કોલેજના પૂર્વ પ્રાધ્યાપક, દેશવિદેશમાં જૈનધર્મનાં પ્રચાર માટે અનેક પ્રવચનો આપ્યાં છે. છ પુસ્તકો પ્રગટ થયાં છે - તો બ્રહ્મચર્ય સરળ છે લોકપ્રિય પુસ્તક છે, જૈનધર્મના વિવિધ વિષયો પર તેમના લેખો અવારનવાર પ્રગટ થાય છે, વિશ્વવાત્સલ્યના તંત્રી મંડળ માં છે)

શુભાષિતકાર કહે છે

आहार निद्रा भय मैथुनं च । सामान्यमेततशु भिनराणाम् ।
धर्मोहितेषामधिफो विशेषो धर्मेण हीनाः पशुभिः समाना ।।

એટલે કે આહાર, નિદ્રા, ભય અને કામવૃત્તિ - આ ચારે સંજ્ઞા માનવી અને પશુમાં એક સમાન હોય છે. ધર્મતત્ત્વથી માણસ પશુથી જુદો પડે છે. જો માનવીમાં ધર્મનો આચાર ન હોય તો પછી માનવી પણ પશુવત છે.

આ રીતે માનવી તેના આદિ કાળથી ધર્મ સાથે જોડાયેલો છે. આપણે જોઇએ છીએ કે શું ભારતમાં કે શું વિદેશમાં દરેક વ્યક્તિ કોઇને કોઇ ધર્મસંપ્રદાય સાથે જોડાયેલી હોય છે. પરસ્પરોપગ્રહ જીવાનામ્ એ સૂત્ર મુજબ આ જગતની વ્યવસ્થા એકબીજાના સહકાર અને એ સહકાર જેના આધારે અમલમાં આવે છે તે સત્ય, અહિંસા, પ્રેમ-વાત્સલ્ય, ન્યાય, દયા, ભાતૃભાવ, વ. ના અસ્તિત્વ અને આધારથી જગતજીવન ચાલી રહ્યું છે.

વ્યક્તિ જે ધર્મ-સંપ્રદાયને માને છે તેને માટે તેને મમત્વ કે રાગ પેદા થાય છે. માનવીમાં રહેલો અહં પોતાના ધર્મ માટે સ્વાભિમાન ધરાવતો થાય છે. ત્યાં સુધી તો ઠીક પણ તેની અહંવૃત્તિથી બીજા ધર્મસંપ્રદાય કરતાં પોતાનો ધર્મ શ્રેષ્ઠ છે એમ ઘમંડથી તે માનતો થાય છે અને તેવી માન્યતામાં અન્યનો

ધર્મ ઉતરતો -હીણો છે એમ સમજાય છે. આથી અન્ય ધર્મમત વાળા સાથેના વ્યવહારમાં પોતાની અહંના ધર્મઝનૂનમાં ફેરવાઇને, સામેની વ્યક્તિને હીન કહીને, ધર્મને નામે જ તેની સાથે ઘૃણા, કે હિંસાચાર કરે છે. પોતાનો ધર્મ અહિંસા-ભાતૃભાવ શિખવે છે એ ભૂલીને, વ્યક્તિ એ ધર્મને નામે જ સામેની વ્યક્તિ પ્રત્યે હિંસાચાર કરે છે, આમ વ્યક્તિ કે આખી કોમ દા.ત. હિંદુ અને મુસ્લિમ એમ બન્ને કોમ અને રાષ્ટ્રો પણ ધર્મને નામે મોટા હુલ્લડો કે યુધ્ધો આદરીને હજારોની હત્યા કરી નાખે છે. જેમ ભારતમાં હિંદુ અને મુસ્લિમ તેમ યુરોપમાં ક્રિશ્ચિયન અને બિનક્રિશ્ચિયનો, કેથોલિક અને પ્રોટેસ્ટંટો - એ બધાં ધર્મને નામે જ લડીને ભયંકર અધર્મ આચરે છે, પોતાનો ધર્મ જ સાચો - એ ઝનૂનથી પ્રેરાઇને પરાણે ધર્મપરિવર્તન કરાવવાની ચાલતી પ્રવૃત્તિ પણ, તે પ્રવૃત્તિઓને દૂરથી જોનાર અન્ય લોકો કે અન્ય પ્રજાને ખૂદ ધર્મ કે ધર્મ સંપ્રદાયો પ્રત્યે જ અણગમો ઉત્પન્ન કરે છે.

આ ઉપરાંત ધર્મના નામે ખોટા તકસાધુઓ સમાજમાં જૂઠ, ફરેબ, લૂંટ, વ. ઘણા પાપાચાર ફેલાવતા હોય છે. આ બધાંને પરિણામે સર્વ ક્લેશનું મૂળ ધર્મસંપ્રદાય જાણીને, રશિયા અને ચીન જેવાએ - પોતાને ત્યાં ધર્મસંપ્રદાય જ ન જોઇએ એમ સામે છેડે પહોંચી જઇને - તેમની તમામ વસતી સામ્યવાદી બની ગઇ છે.

શાશ્વત મૂલ્ય ધરાવતા સત્ય, અહિંસા, પ્રેમ, દયા, પરોપકાર વગેરે જે ઉચ્ચ આદર્શોના પાયા ઉપર વિવિધ ધર્મસંપ્રદાયો સ્થપાયેલા છે તેમને જુદા તારવીને બધાં ધર્મસંપ્રદાયો વચ્ચે સમન્વય થવો જોઇએ. આવી સમન્વયી દૃષ્ટિ ખીલતાં, ધર્મઝનૂનનો પડદો હઠીને, બીજાં ધર્મોનાં સારા અને સમાન તત્ત્વોનું દર્શન થશે અને તેથી પરસ્પર વિરોધ કરીને લડી રહેલા બળો ભેગા થશે, એ રીતે ધર્મઝનૂનનું પહેલું અનિષ્ટ દૂર થશે અને અન્યધર્મ પ્રતિ દ્વેષથી જે યુધ્ધ કે હુલ્લડો થતાં તેમના વચ્ચે સંઘર્ષ દૂર થઇને, સમભાવ અને પ્રેમ

પ્રગટ થશે અને એમ થતાં ધર્મને ઝગડાનું કારણ સમજીને ધર્મને જ ફેંકી દઇને, નાસ્તિક બની ગયેલા સામ્યવાદી લોકો પણ ધર્મસંપ્રદાયનો આદર કરતાં થઇ જશે. આમ આ બન્ને છેડાના અનિષ્ટો દૂર થઇને સમન્વય અને સંવાદિતા સ્થપાશે. આ બધી પ્રક્રિયામાં એકતાને સ્થાપિત કરી શકે તેવું એક સત્ય સહુને સ્પર્શી જશે કે આપણાં બધાં ધર્મસંપ્રદાયોનું અંતિમ ધ્યેય તો એક જ મોક્ષ કે અવાલ મંજિલે પહોંચવાનું છે તો વાદવિવાદ શેના ? મતભેદ શાના ? એ બધું બિનજરૂરી છે.

ઉપરની રીતે સર્વધર્મસમન્વય સરળ લાગે છે તેમ છતાં તેના પ્રયત્નમાં મુખ્ય ત્રણ અપરાધનો સામનો કરવો પડે છે.

૧) ધર્મસંપ્રદાય, ૨) સાધુ કે ગુરુ, ૩) શ્રદ્ધા - અંધશ્રદ્ધા

ધર્મસંપ્રદાયની સાથે શ્રદ્ધા અને સાધુ બન્ને સંકળાયેલા છે. ધર્મસંપ્રદાયોની સમન્વયની વાત કરવા જતાં બીજાં ધર્મોની સારી વાતની સાથે ખરાબ વસ્તુ પણ આપણે સ્વીકારવી પડશે. એટલે કે તેમની મિથ્યા બાબતો, અંધવિશ્વાસ કે અનિષ્ઠોને પણ ટેકો આપવો પડશે કે તેમને ટેકો મળી જશે પરંતુ આ દલીલ કે ભય બરાબર નથી. જેમ દરેક મનુષ્યને ચાહો એમ કહેવાથી ચોર, ડાકુ, વિશ્વાસઘાતી, વ્યભિચારી, વગેરેના પાપોને ટેકો આપવો પડશે એમ ન મનાય તેમ દરેક ધર્મનો સમન્વય કરો એટલે કે તેમાંથી સત્ય, સારી બાબતો, તારવો અને તે ધર્મ પ્રતિ ઉદાર દૃષ્ટિએ વિચારો એમ સમજવાનું છે. દરેક નગરમાં ગંદીનાળીઓ કે ગટર હોય છે તેની સાથે સુંદર સ્વચ્છ રસ્તાઓ અને બાગબગીચા પણ હોય છે તો તેમાં ગંદકીનું નિરીક્ષણ એક કંઇ નગર નિરીક્ષણ નથી. એવી જ રીતે દરેક ધર્મસંપ્રદાયમાં કંઇને કંઇ સડો હોય છે પણ એજ કાંઇ તેનો ધર્મપ્રાણ હોતો નથી. તેના ધર્મપ્રાણરૂપે અહિંસા, સત્ય, વાત્સલ્ય, ભાતૃભાવ વગેરે ગુણો હોય છે એટલે ધર્મસમન્વયનો અર્થ એ પ્રમોદભાવનાની રીતે સુંદર ગુણોનો સમન્વય છે.

સર્વધર્મસમન્વય એટલે બધા ધર્મના લોકોને રાજી રાખવા એવો અર્થ પણ નથી. પરંતુ બધાં ધર્મોમાં નૈતિકતા અને લોકહિતના જે તત્ત્વો હોય તેનો સમન્વય કરીને, નાની નાની બાબતો ઉપરના મતભેદો તરફ દુર્લક્ષ કરી લોકોમાં પ્રેમ, ભાઇચારો અને શાંતિ પ્રસરાવવી એ માટે ધર્મસંપ્રદાયના સમન્વયની વાત છે.

ધર્મસમન્વયમાં બીજું બાધક તત્ત્વ સાધુ - ગુરુ પણ હોય છે. ગૃહસ્થ શ્રાવક તો સંસારના સમવિષમ વ્યવહારોમાં ઘડાઇને સમાધાન પ્રિય વૃત્તિવાળો બનેલો હોય છે, જ્યારે સાધુ - ગુરુ દુન્યવી જવાબદારીને અભાવે અક્કડ અને પોતાના ગુરુ પદને સલામત રાખવા પોતાના શ્રાવકોને અન્ય ગચ્છ કે ધર્મસંપ્રદાય પ્રત્યેના સંપર્ક કે સુમેળથી દૂર રાખવા ગુરુ તરીકે આદેશ આપે છે.

એક મુનિ સને ૯૧-૯૨ માં રાજસ્થાન સ્થા. જૈન સંઘનાં નિમંત્રણથી અમેરિકા દશ મહિના પ્રવચનો અર્થે રહેવાનું બન્યું. ત્યારે ત્યાં જૈનોના સ્થા. વાસી, દેરાવાસી, દિગંબર, વ. બધાં સાથે મળીને ધર્મઆરાધના કરતા જોવા મળેલા. ત્યારે ત્યાંના ધાર્મિક પ્રવાહોની લેખમાળામાં ત્યાં ગચ્છ - સંપ્રદાયોની એકતાના કારણો નોંધતા એક કારણ એ પણ જણાવેલ કે અમેરિકામાં જૈન સાધુ સંસ્થાનથી તેથી તેમના ધર્મઝનૂન આગ્રહોથી બચી જવાથી ત્યાંના શ્રાવકોમાં ધર્મસમન્વયનું અન્ય મત પ્રત્યે પણ ઉદારતાથી વર્તવાનું વધુ શક્ય બનેલ છે. આમ સાધુ કે ગુરુ પણ ધર્મસમન્વયમાં બાધક બનતા હોય છે.

શ્રદ્ધા - ધર્મગુરુઓ, ધર્મઝનૂનની વડીલો લોકોને કિશોરવયથી એવું ઠસાવતા રહે છે કે સામેનાને ત્યાં અમુક ધર્મવાળાને ત્યાં ન જવાય. તેઓ ખરાબ લોકો છે, છોકરાંને મારી નાખે છે. આમ ખોટી રીતે તેમનામાં સામેના ધર્મમત માટે દ્વેષ અને વેરની ભાવના જન્માવે છે અને પોતાના

ધર્મમાંની શ્રધ્ધાને યેનકેન પ્રકારે અંધશ્રદ્ધામાં ફેરવી નાખે છે. આથી આવા લોકો ધર્મસમન્વયની વાતને સમજી કે સ્વીકારી શકતા નથી.

આ જગતને પ્રભાવિત કરી રહેલા વિશ્વના મૂળભૂત તત્ત્વો સત્ય, અહિંસા, પરોપકાર, પ્રેમ, વગેરે મૂળભૂત ગુણોનો લાભ ઉઠાવી શકે તે માટે જે તે પ્રદેશના, જે તે સમયે વિવિધ મહાપુરુષોએ તે ગુણોમાંથી દેશ, કાળ પ્રમાણે પસંદગી કરીને ધર્મ સંપ્રદાયની રચના કરી જેથી લોકો એ મૂળભૂત ગુણોને જીવનમાં ધારણ કરી શકે. એ રીતે તપાસીએ તો દરેક ધર્મસંપ્રદાયમાં લગભગ એક સરખું બંધારણ જોવા મળે છે.

૧) એક તો તેનો તાત્ત્વિક સિદ્ધાંતોનો વિભાગ (જૈનદષ્ટિએ-દ્રવ્યાનુયોગ) - આમાં તે તે ધર્મના મૂળ સિદ્ધાંતો (જેવા કે સત્ય અહિંસા, વ.) ની વાત હોય છે - જે અપરિવર્તનશીલ અને શાશ્વત ટકનારી હોય છે.

૨) બીજા વિભાગમાં જે તે ધર્મના આચારો, ક્રિયાકાંડની રજુઆત હોય (ચરણકરણાનુયોગ) છે. પ્રદેશ અને સમય (દેશ, કાળ) પ્રમાણે - આમાં ભિન્નતા જોવા મળે છે. ખૂદ એકજ ધર્મસંપ્રદાયમાં પણ વખત જતાં કાળબળથી અસર પામીને તેમાં ફેરફાર થતાં રહે છે.

૩) દરેક ધર્મનો એક પુરાણ વિભાગ હોય છે (ધર્મકથાનુયોગ). તેમાં પોતાના ધાર્મિક સિદ્ધાંત લોકભાગ્ય બને તે માટે પૌરાણિક ધર્મકથાઓ આ વિભાગમાં હોય છે. તેની રજુઆત દ્વારા જે તે ધર્મના સિદ્ધાંતો સમજવા સુલભ બને છે. આમાં વિશ્વનું ભૌતિક સ્વરૂપ (ગણિતાનુયોગ) પણ રજૂ થયેલ હોય છે જેને આપણે વિશ્વની ભૂગોળ કહીએ શકીએ.

દરેક ધર્મસંપ્રદાયનો હેતુ તો માનવ માનવમાં પ્રેમભાવ વધારવાનો, માનવજાતનો કલ્યાણ કરવાનો જ રહ્યો છે, તો ધર્મને નામે જ તેથી વિપરિત,

હિંસા કે કોમી દંગલો કેમ કરી શકાય ? આટલું તો વિવેકબુદ્ધિથી પણ સમજી શકાય છે.

જ્યારે જુદા જુદા સંતો અને ભક્તો પોતાની અનુભૂતિથી પણ જણાવે છે કે બધાં ધર્મોનું તત્ત્વ એક જ છે અને તેથી પરસ્પર પ્રેમભાવ અને વિશ્વબંધુત્વ ખીલવવું એ જ સહુની ફરજ છે.

સ્વામીનારાયણ, પરમહંસ, સ્વામી વિવેકાનંદ, રમણમહર્ષિ, શ્રીમદ્ રાજચંદ્ર, મહાત્મા ગાંધી વગેરે, આવી એકતાની અનુભૂતિ રજૂ કરે છે. શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે કોટિજ્ઞાનીનો એક જ અભિપ્રાય છે.

ભારતીય સંસ્કૃતિ ધર્મપ્રધાન વલણવાળી હોય, દેશમાં ચાલતા કોમી દંગલો ને હઠાવવા મહાત્મા ગાંધીએ, સર્વધર્મસમન્વયનો ભાવ રજૂ કરતી, સમૂહ પ્રાર્થના શરૂ કરીને લોકોમાં ભ્રાતૃભાવ સ્થાપવા કોશિશ કરેલી.

ગાંધીયુગમાં સર્વધર્મસમન્વયની વિકાસરેખા પર પહોંચતી વખતે ક્રમશઃ સર્વધર્મસહિષ્ણુતા, સર્વધર્મસંગમ, સર્વધર્મસમભાવ, સર્વધર્મસમાદર, સર્વધર્મસમભાવ એમ સર્વધર્મસમન્વયની વાત પર પહોંચતા પૂર્વે આવી વિવિધ કક્ષામાંથી ચિંતન વિકાસ પામ્યું હતું. મુનિ સંતબાલજી સર્વધર્મસમન્વયથી પણ આગળ સર્વધર્મઉપાસનાની આવશ્યકતા સમજાવતા, ઉપરના બધાં વિચારપ્રવાહોને નીચે મુજબ સમજાવે છે :

સર્વધર્મ સહિષ્ણુતા - તેમાં અન્યધર્મની ઉપાસના કે આદર આવતા નથી. તેમાં પોતાનો ધર્મ શ્રેષ્ઠ એવી ભાવના પ્રગટ થાય છે. જાણે કે ન છૂટકે અન્ય ધર્મસંપ્રદાયનો પણ ધર્મ તરીકે સ્વીકાર કરાય છે.

સર્વધર્મસંગમ - તેમાં વિશ્વધર્મસંમેલન કે સર્વધર્મપરિષદ સમયે સહુ એકસાથે

સ્ટેજ પર બેઠેલા દેખાય - ત્યારે સહુ પોતાના ધર્મની મહત્તા વર્ણવે પણ અન્યધર્મના સારાં તત્ત્વોની કે પોતાની નબળાઇની વાત ન કરે. આમાં પ્રત્યક્ષ કોઇ ધર્મનું ખંડન ન થાય પરંતુ આમાં આડકતરી રીતે અન્યધર્મને ઊતારી પાડવામાં આવે એ ખામી રહે છે.

સર્વધર્મ સમભાવ - આમાં સમભાવનો એ અર્થ નથી કે વિવેકહીન થઇ ગોળ અને ખોળને સરખા ગણવા. સમભાવનો ખરો અર્થ એ છે કે પોતાનાજ ધર્મપ્રતિ મોહ, અંધશ્રદ્ધા કે પૂર્વાગ્રહ ન કેળવવા પણ બીજા ધર્મો પ્રતિ પણ સમદષ્ટિથી વિચારણા કરવી જોઇએ. સમભાવથી બીજા ધર્મો પ્રત્યે પોતાપણાનો ભાવ નીકળતો નથી.

સર્વધર્મસમાદર - તેમાં અન્ય ધર્મ પ્રતિ આદર વ્યક્ત થાય છે પણ તેથી અન્ય ધર્મ પ્રત્યેનો અલગતાવાદ હઠતો દેખાતો નથી.

સર્વધર્મમમભાવ - એમાં બધાં ધર્મો પ્રત્યે આત્મીયતાનો ભાવ પ્રગટ થાય છે જે વ્યવહારુ નથી બનતો. તેમાં અન્યધર્મમતની વિવેક વિનાની સ્વીકૃતિ હોય છે.

મુનિશ્રી સંતબાલજી સર્વધર્મ ઉપાસનાની આવશ્યકતા પર ભાર મૂકે છે. તેઓ કહે છે કે સર્વધર્મ ઉપાસનામાં ઉપર મુજબની દરેક પ્રકારની પ્રક્રિયાનો સમાવેશ થઇ જાય છે. વિશ્વવાત્સલ્ય સાધવા માટે સહુની સાથે હાર્દિક નિકટતા વધારવી પડે છે. તેનાં અન્વયે બધાં ધર્મો, ધર્મપુરુષો અને ધાર્મિક અનુયાયીઓનો પણ સમાવેશ થાય છે. સર્વધર્મ ઉપાસનામાં સર્વધર્મ સહિષ્ણુતા, સર્વધર્મ સંગમ, સર્વધર્મ સમાદર, સર્વધર્મ સમભાવ, સર્વધર્મમમભાવ અને સર્વધર્મસમન્વય આવી જાય છે. એ બધાં વિના સર્વધર્મ ઉપાસના અધૂરી ગણાય.

સર્વધર્મઉપાસનાનો સીધો અર્થ સમજાવતા સંતબાલજી કહે છે કે બધાં ધર્મગ્રંથોનું તત્ત્વ, સદાચારના નિયમો, ક્રિયાકાંડ, વગેરેનો અભ્યાસ કરી, તેમાંથી સારભૂત તત્ત્વોને શોધી તેનો સમન્વય કરવો અને તેની ઉપાસના કરવી, ઉપાસનામાં પોતાના અને પારકા - એવો ભેદ નહીં હોય.

આવી સર્વધર્મ ઉપાસનાથી વિશ્વવાત્સલ્ય અને વિશ્વશાંતિ પ્રાપ્ત થઇ શકશે - સ્વ અને સમષ્ટિ કલ્યાણ સધાશે.

## સર્વ-ધર્મ સમન્વય : પૂ. વિનોબાજીના વિચારોના સંદર્ભમાં

ડૉ. નિરંજના વોરા

(બૌદ્ધ દર્શન અને જૈનદર્શનના વિશેષ અભ્યાસી ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદમાં પ્રાધ્યાપક છે. ૧૫ પુસ્તકો પ્રકાશિત થયા છે. અનેક સેમિનારનું આયોજન કર્યું છે. હસ્તપ્રતોનું સંપાદનકાર્ય એમની પ્રિય પ્રવૃત્તિ છે.)

પૂ. વિનોબાજી સ્વભાવથી જ સમન્વયવાદી છે. તેમના વિચાર, તેમની દૃષ્ટિ, તેમનું કાર્ય, તેમની પ્રેરણા-સંક્ષેપમાં તેમનું સમગ્ર-જીવન સમન્વયપ્રેરિત છે, સર્વમાં સંવાદિતા સાધનારું છે. ઈહલોક અને પરલોક; વિચાર અને આચાર; જ્ઞાન, ભક્તિ અને કર્મ; સાધના અને સેવા; વ્યક્તિ અને સમાજ આદિ સર્વ ક્ષેત્રોમાં તથાકથિત ભેદ અને વિરોધનું નિરસન કરવું અને સમન્વય સ્થાપિત કરવો, તે જ તેમનું જીવનલક્ષ્ય હતું.

વિજ્ઞાનના વિકાસની સાથે સાથે આજે વિશ્વના દેશો વચ્ચેનું અંતર ઘટી રહ્યું છે, મનુષ્યની દૃષ્ટિ વિશાળ બનતી ગઈ છે. આજે કોઈ ધર્માનુયાયી પોતાને જ સર્વશ્રેષ્ઠ માનવાની ભૂલ કરી શકે નહિ, કરવી ન જોઈએ. જો કે આજે ધર્મ સંપ્રદાયોના રૂપમાં વિભાજિત થઈ ગયા છે અને મનુષ્યો વચ્ચેના સંબંધોને જોડવાને બદલે તોડવાનું કાર્ય કરી રહ્યા છે. તેમ છતાં ધર્મનો ત્યાગ કરી દેવો અથવા દુનિયામાંથી ધર્મમાત્રનું અસ્તિત્વ સમાપ્ત કરી દેવું તે ન તો સંભવિત છે કે ન તો ઈચ્છનીય. વિનોબાજી માને છે કે ધર્મોએ આપસમાં એકબીજાનો વિરોધ કરવાને બદલે સાથે મળીને જે અધર્મ છે - સર્વથા અહિત કરનારું છે તેનો વિરોધ અને તેનો ત્યાગ કરી દેવો જોઈએ. ધર્મનું જે શુભ તત્ત્વ છે, ઊર્ધ્વીકરણ કરનારું તત્ત્વ છે - દરેક ધર્મમાં જે સર્વ સામાન્ય તત્ત્વ છે તેના આધાર પર માનવધર્મનું નિર્માણ કરવું જોઈએ. ધર્મવિચારની મીમાંસાના સંદર્ભમાં જોઈએ તો ગાંધી-વિનોબાના જીવનદર્શનમાંથી એક નવો માનવધર્મ નિર્મિત થઈ રહ્યો છે. તેની વિશેષતા

એ છે કે સંન્યાસ અને કર્મયોગ - એ બંને ધર્મનીતિનું સંમિલન એમાં થાય છે. અહિંસાના સાધનથી જીવનની સર્વ સમસ્યાઓનું નિરાકરણ શોધવાની પ્રેરણા આ યુગની સર્વોત્કૃષ્ટ ધર્મપ્રેરણા છે.

વ્યક્તિધારણા, લોકસંગ્રહ અને ચિત્તશુદ્ધિ - આ જીવન વિષયક બુનિયાદી સમસ્યાઓનો ઉકેલ શોધવાનું કામ દરેક ધર્મે કર્યું છે. પરંતુ આ ત્રણનો સમન્વય સાધી શકાય તેવી રીતે શ્રદ્ધા અને વિવેકપૂર્ણ રીતે આચારનું આયોજન થઈ શકે તો જ જીવનયાત્રા સફળ બની શકે. કેવળ રૂઢ ધાર્મિક વિચારો અને ક્રિયાકાંડ અથવા કેવળ બુદ્ધિરૂપ તાર્કિક જીવનશૈલીથી સંઘર્ષનો જ પ્રાદુર્ભાવ થઈ શકે છે.

આ પૃષ્ઠભૂમિમાં જોઈએ તો વિનોબાજીનું ધર્મદર્શન કેવળ રૂઢિગત માન્યતાઓને સમર્થન નથી આપતું અને તે કેવળ બૌદ્ધિક તત્ત્વજ્ઞાનનું તાર્કિક દર્શન પણ નથી. તે એક જીવનસાધના છે, એક વિશેષ ધર્મવિચાર છે. ધર્મ અને સંપ્રદાય વચ્ચેનો તાત્ત્વિક ભેદ પણ તેમણે બતાવ્યો છે. ધારણાત્ ધર્મ : - ધર્મનું પાલન કરવા જ આપણે દેહ ધારણ કર્યો છે અને સંપ્રદાય તે તો પરમ તત્ત્વને પામવાના અનેક માર્ગોમાંનો એક માર્ગ માત્ર જ છે. ધર્મમાં પૂર્ણતાનો ભાવ સંનિહિત છે.

પૂ. વિનોબાજીની દૃષ્ટિએ ધર્મનાં મુખ્ય ચાર ચરણ છે : શ્રદ્ધા, પ્રેમ, સત્ય અને ત્યાગ.

આમાં જે પ્રથમ ચરણ શ્રદ્ધાનું છે, તે તો આજે પણ જનતામાં એટલું જ પ્રબળ છે. બાકીનાં ત્રણ ચરણ કે તત્ત્વોનો ક્રમશઃ ક્ષય થતો ગયો છે. આજે ધર્મ તેના આ એક ચરણ કે પગને આધારે ટકી રહ્યો છે. તેનાથી ધર્મકાર્યમાં પ્રગતિ થતી નથી. કેવળ શ્રદ્ધાને આધારે મનુષ્યો ટકી રહેવાનો પ્રયત્ન તો

કરે છે, પણ તેનાથી ગતિ-પ્રગતિ થઈ શકતી નથી. તેને માટે ધર્મનાં અન્ય ચરણોને પણ ગતિશીલ બનાવવા પડે.

તેમાં સૌ પ્રથમ મહત્ત્વ સત્યને આપવું જોઈએ. સમાજને સત્યના આધાર વગર ટકાવવાનું સંભવિત જ નથી. આજે લોકોએ અસત્યને જ સત્ય માની લીધું છે. સંપત્તિ અને ભૂમિની માલિકીને જ ધર્મ માની લીધો છે. પરંતુ જમીન અને સંપત્તિના માલિક વ્યક્તિ બની શકે છે, એ હકીકત અસત્ય છે. સત્ય એ છે કે સંપત્તિ અને જમીન ભગવાનનાં છે અને તેના પ્રતિનિધિસ્વરૂપે તે સમાજની માલિકીનાં છે. મંદિરોમાં આપણે નૈવેદ્ય ધરાવીએ છીએ પરંતુ ભૂખ્યા માનવની આપણે ચિંતા ન કરીએ અને જે ભગવાનને ભૂખ નથી લાગતી તેને છપ્પન ભોગ ધરાવીએ છીએ.

ધર્મનું બીજું ચરણ છે પ્રેમ. તેને દયા પણ કહી શકાય. આપણે ક્યારેક ક્યારેક દયાભાવથી પ્રેરાઈને સત્કાર્ય કરી લઈએ છીએ, પણ તેને આપણે નિત્યધર્મ બનાવ્યો નથી. બજારમાં ગયા કે પ્રેમભાવનો લોપ થઈ જાય છે, એકબીજાને ઠગવાનું શરૂ કરી દઈએ છીએ. દરેક ચીજની સાથે પૈસાને જોડી દેવામાં આવ્યા છે. વિદ્વાન વ્યક્તિઓ પણ - તેમનામાં જેટલી વધારે યોગ્યતા હોય છે, તેટલી વધારે અપેક્ષાઓ - પુરસ્કાર માટે રાખે છે. આદર્શ તો એ છે કે પ્રેમનો જે અનુભવ કુટુંબમાં આપણને થાય છે, તે સમગ્ર સમાજમાં થવો જોઈએ. દરિદ્રનારાયણને આપણા કુટુંબમાં આપણે સ્વીકારવા જોઈએ અને તેને ઘરનો જ એક સભ્ય માનીને હક આપવો જોઈએ. સૌની સાથે પ્રેમપૂર્ણ વ્યવહાર કરવાનું આપણું કર્તવ્ય છે, ધર્મ છે.

ધર્મનું અંતિમ ચરણ છે - ત્યાગ. ત્યાગ વગર સમાજનો વિકાર થઈ શકતો નથી. ત્યાગના અભ્યાસથી લક્ષ્મી પ્રાપ્ત થાય છે. ખેડૂત જ્યારે પોતાની પાસેના સારામાં સારાં બીજ જમીનમાં વાવી દેછે ત્યારે જ એને અનેકગણી ફસલ મળે છે. બીજને સાચવી રાખે તો ધાનના ઢગલા એ મેળવી શકે

નહિ. જો તે બીજને બચાવીને રાખી મૂકશે તો ખેતરમાં અનાજ નહિ પણ કેવળ ઘાસ જ ઊગશે. એક દાણાની સામે ભગવાન અનેક ગણકરીને આપે છે. કેરીની એક જ ગોટલી રોપવાથી એક જ નહિ, અનેક કેરીઓ મળે છે. ત્યાગથી જ લક્ષ્મી, ઐશ્વર્ય, શોભા અને વૈભવ પ્રાપ્ત થાય છે. ઈશાવાસ્ય ઉપનિષદમાં બે જ શબ્દોમાં અદ્ભુત ઉપદેશ આપ્યો છે. તેન ત્યક્તેન ભુંજીથા : - ત્યાગીને ભોગવો.

વિનોબાજીએ ધર્મનું વિશિષ્ટ સ્વરૂપ અહીં દર્શાવ્યું છે. સાંપ્રત-સમયની આવશ્યકતાઓને પારખીને તેમણે નવો માર્ગ ચીંધ્યો છે. અલબત્ત આ બધાં શ્રદ્ધા, પ્રેમ, સત્ય, ત્યાગ એ ધર્મનાં જ અંગો છે. એને સમયના સંદર્ભમાં તેમણે યોગ્ય રીતે જ સમજાવ્યાં છે.

વિનોબાજીએ વિજ્ઞાન અને ધર્મનો સમન્વય અને બંનેની આવશ્યકતા પણ સચોટ રીતે નિર્દેશી છે. સામે ઘેરો અંધકાર હોય તો ત્યાં પ્રકાશ કરવો તે વિજ્ઞાનનિષ્ઠા છે. અને સામે દ્વેષ કે વૈમનસ્યનું આધિક્ય હોય તો તેની સાથે પ્રેમપૂર્ણ વ્યવહાર કરવો તે ધર્મનિષ્ઠા છે. પરંતુ જ્યાં સુધી માનવસમાજમાં તેનો આવિર્ભાવ નહીં થઈ શકે, ત્યાં સુધી સત્ય, અહિંસા, શ્રદ્ધા વગેરે શ્રદ્ધારૂપે જ રહેશે, ધર્મરૂપે તે પ્રગટ નહિ થાય.

સાર્વભૌમ અને સનાતન એવા હિન્દુધર્મનું સ્વરૂપ પૂ. વિનોબાજીએ આ રીતે સમજાવ્યું છે :
જે વર્ણાશ્રમ વ્યવસ્થામાં આસ્થા રાખે છે, ગોભક્ત છે, વેદોને માતા સમાન માને છે, મૂર્તિપૂજાની અવજ્ઞા કરતો નથી, સર્વ ધર્મો પ્રત્યે સમાન આદર રાખે છે, પુનર્જન્મમાં વિશ્વાસ ધરાવે છે અને તેનાથી મુક્ત થવાની આકાંક્ષા રાખે છે, તથા પ્રાણીમાત્ર પ્રતિ અનુકૂળવૃત્તિ (તેમના હિત માટેની વૃત્તિ) રાખે છે, તેને જ હિન્દુ માનવો જોઈએ.

અન્યત્ર કહે છે :

હિન્દુ તે જ કહેવાય છે કે જેનું ચિત્ત હિંસાથી દુઃખી થાય છે. અહીં પૂ. વિનોબાજીએ હિન્દુ શબ્દનો તાત્પર્યાર્થ દર્શાવ્યો છે, તેમાં વિશ્વમાનવતાનો સંકેત જોવા મળે છે. સમગ્ર વિશ્વના માનવોનો ધર્મ પણ આ જ હોઈ શકે. તે ઉપરાંત સર્વધર્મમાં નીતિમૂલક જે સિદ્ધાંતો વર્ણવવામાં આવ્યા છે, તેમાં પણ વિસ્મયકારી સમાનતા જોવા મળે છે. સત્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ, બ્રહ્મચર્ય, પ્રેમ, મૈત્રી વગેરે ભાવનાઓનું પાલન એક કે બીજી રીતે શ્રીમદ્ ભાગવદ્ગીતા, કુરાન, બાઈબલ, ધમ્મપદ, આગમો કે શીખધર્મ અને અન્ય ધર્મોમાં પણ અનિવાર્ય મનાયું છે. સમતા અને શાંતિ સ્થાપવાનો એ જ એક માર્ગ સર્વધર્મોએ બતાવ્યો છે, ત્યાં વિરોધને માટે કે અન્યોન્ય કરવા માટેનો કોઈ અવકાશ રહેતો જ નથી. આ નૈતિકમૂલ્યો નિરપેક્ષ અને શાશ્વત છે. મનુષ્યમાં સમજદારીનો જે અભાવ છે, તે આ મૂલ્યોને અને ધર્મને પણ વિકૃતરૂપે રજૂ કરે છે.

વિનોબાજીએ સર્વોદયની વાત મુખ્યત્વે કરી છે. તે કહે છે કે ધર્મ-વિચારનો કોઈ સંકુચિત અર્થ આપણે ન કરીએ અને સમજવાનો પ્રયત્ન કરીએ કે સર્વથી શ્રેષ્ઠ અને સર્વથી નિર્દોષ કોઈ ધર્મ હોય તો તે સર્વોદય ધર્મ છે. જેમાં સર્વના ઉદયની વાત છે, પ્રત્યેકને સંપૂર્ણ પોષણ અને વિકાસની તક મળે, સર્વનું હિત જેમાં સમાન રીતે સાધી શકાય છે - તે સર્વોદય ધર્મ છે. અને આ જ મુખ્ય ધર્મ છે. વિનોબાજી જણાવે છે કે આ સર્વોદયની વિરુદ્ધ જે કાંઈ પણ હોય તે કેવળ અધર્મ છે... આ જે અલગ અલગ ધર્મના નામ છે તે તો નદીઓ છે, પણ સર્વોદય ધર્મ કોઈ નદી નથી, એ તો સમુદ્ર છે. ટૂંકમાં પ્રત્યેક પ્રાણીનું હિત સાધવા જે સમર્થ છે, તે જ વિનોબાજીની દૃષ્ટિએ સાચો ધર્મ છે, અને તે ધર્મ તે સર્વોદય ધર્મ છે.

વિનોબાજી ગાંધીજી તરફ આકર્ષાયા, તેના પાછળ બાપુમાં જે તત્વ રહ્યાં હશે તેની પ્રેરણા તો ખરી જ, પણ વિનોબામાં પોતાનામાં પણ એક

સમન્વયાત્મક દૃષ્ટિ, રચનાત્મક વૃત્તિ, સત્ય-શોધક અને જેને ભગવાન મહાવીરે સત્યાગ્રહિતા કહી છે તેવી મનોવૃત્તિ મૂળમાં જ હતી. આ વૃત્તિના સહજ પરિણામ સ્વરૂપે વિશ્વના તમામ મહાન ધર્મોના અધ્યયન તરફ એ વળ્યા. તત્ત્વતઃ વિશ્વના સર્વ ધર્મ સમાન છે એવી એમની સમજમાંથી આપણને કુરાનસાર, ખ્રિસ્તીધર્મસાર, ગીતાપ્રવચનો, જપુજી, ધમ્મપદ, ભાગવતધર્મસાર, તાઓ ઉપનિષદ્ - વગેરે અનેક ગ્રંથો મળ્યા છે. જૈનધર્મના અનેક ફાંટાઓ હોવાને કારણે તેનો સર્વસામાન્ય સાર આપવો મુશ્કેલ હતો, પણ પૂ. વિનોબાજીએ તે અતિ મુશ્કેલ કાર્ય પણ સમણસુત્તના સંપાદનની પ્રેરણા અને સમજ દ્વારા પાર પાડ્યું.

જગત પરિવર્તનશીલ છે. સમયના પ્રવાહની સાથે સાથે લોકોનાં જીવન, રૂઢિ, ભાષા વગેરે બદલાય છે. ભૂગોળ બદલાય છે અને ખગોળ પણ બદલાય છે. આ બધાંની વચ્ચે ન બદલાય તેવી એક વસ્તુ છે અને તે છે ધર્મ. ધર્મ એટલે વસ્તુનો સ્વભાવ. દરેક પદાર્થનો સહજ ગુણ, અર્થાત્ કુદરતના કાનૂન. એ તો સનાતન જ હોય.

ધર્મની બીજી પણ વ્યાખ્યા છે, ધર્મ એટલે કર્તવ્ય, આચારસંહિતા. જીવનના માર્ગદર્શક સિદ્ધાંતો. હજારો વર્ષ પહેલા અહિંસા, સત્ય, પ્રેમ, સંયમ, નમ્રતા જેવાં જીવન-મૂલ્યોની જેટલી મહત્તા હતી તેટલી જ આજે છે અને હજારો વર્ષ પછી પણ એની મહત્તા એટલી જ રહેશે. સત્ય હંમેશાં સત્ય જ છે. પ્રેમ કે કરુણા ભૂતકાળમાં જેટલા હતાં, તેટલાં જ આજે છે. સંયમની જરૂર પણ રહેવાની જ. ધર્મ આજે પણ પ્રસ્તુત છે, કારણ કે ધર્મ શાશ્વત છે. ધર્મના રૂપ અને પ્રકાર અનેક છે, તેની વ્યાખ્યાઓ વિવિધ છે. ઉપનિષદ્‌ની ઉક્તિ છે : 'એકં સદ્ વિપ્રા : બહુધા વદન્તિ' - એક જ સત્યને જ્ઞાનીઓ વિવિધરૂપે વર્ણવે છે. તત્વચિંતકો કોરી તત્વચર્ચા જ નથી કરતા, તેને અનુસરતી કોઈ જીવનચર્ચા પણ પ્રબોધતા હોય છે. આમ ચર્ચા અને ચર્ચા - એ બંને ભૂમિકાએ વિભિન્ન દૃષ્ટિકોણ ધરાવતી અનેક ધર્મપરંપરાઓ વિકસી છે. ભારતના

અર્વાચીન ઋષિસમાન શ્રી વિનોબાજીએ પારમાર્થિક અને આધ્યાત્મિક ભૂમિકામાં તથા વ્યવહારના ક્ષેત્રમાં આ ધર્મો વચ્ચે જે ભેદમૂલક વિભિન્નતાઓ જોવા મળે છે, તેને દૂર કરીને, સર્વધર્મના સ્વરૂપ સમન્વયવાદી સર્વોદયધર્મ પ્રબોધ્યો છે. પોતાના દેહગત અને આત્મગત એટલે કે અંદર - બહારના વિકારો ઉપર, ચિત્તની રાગદ્વેષાદિ મલિનતાઓ કે કષાયો ઉપર વિજય મેળવવો અને શ્રદ્ધાપૂર્વક વિવેકની આંખો વડે સૃષ્ટિનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરીને જીવનમાં ઉતારવું તે જ સાચા ધર્મનું લક્ષણ છે. સત્ય, અહિંસા, પ્રેમ, સંયમ, પરોપકાર, વિશાળ માનવભાવ ... આદિ ધર્મનાં સનાતન એવા ગુણોની કેળવણી અને વ્યવહારમાં તેનું પાલન કરવાની તેમણે જે પ્રેરણા આપી છે, તે તેમની સર્વધર્મ સમન્વયવાદી દૃષ્ટિનો જ પરિપાક છે. તેમણે પોતાની કઠોર સાધના, મૌલિક ચિંતન, નીતિ-નિષ્ઠા અને માનવ-જાતિનું સતત હિત વિચારતા સર્વધર્મના સમન્વય દ્વારા વ્યક્તિ અને સમષ્ટિના ઉત્કર્ષ માટે નવો જ રાહ ચીંધ્યો છે અને યુવાપેઢીને ઉત્તમ માર્ગદર્શન આપ્યું છે.

# સર્વધર્મ સમભાવથી સમધર્મ ઉપાસના
# મુનિશ્રી સંતબાલજી, સંત વિનોબાજી અને
# મહાત્મા ગાંધીજી સંદર્ભે

ડૉ. પૂર્ણિમા એસ. મહેતા

(આંતરરાષ્ટ્રીય જૈન અધ્યયન કેન્દ્ર ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ અનેક રાષ્ટ્રીય પરિસંવાદ અને જ્ઞાનસત્રો સાહિત્ય સમારોહમાં પૂર્ણિમાબેન અભ્યાસપૂર્ણ નિબંધો રજૂ કરે છે)

*દુર્લભમ્ ભારતે જન્મ, માનુષ્યમ્ તંત્ર દુર્લભમ્ -*
ભારતમાં જન્મ પ્રાપ્ત થાય એ જ એક સૌભાગ્યની વાત છે અને તેમાં પણ મનુષ્ય-જાતિમાં જન્મ એ વળી અહોભાગ્ય. મહાવીર, બુદ્ધ, રામ, કૃષ્ણ એવા અનેક મહાન પુરુષોના ચરણના સ્પર્શથી પાવન થયેલી આ માતૃભૂમિમાં એટલા મહાપુરુષ સાધક, શોધક, તત્ત્વચિંતક, સમાજસુધારક થઈ ગયા અને એમની પ્રતિભાએ એટલા ઊંચા નિશાન તાક્યા કે તે જોઈને કોઈ પણ આશ્ચર્યચકિત થઈ જાય. એમના ત્રણ મહાન વિભૂતિ, પૂ. સંતબાલ મુનિશ્રી, મહાત્મા ગાંધી અને વિનોબાજી જેઓ દેશ-સમાજ, માટે નવજાગૃતિનો નવનિર્માણમાં ઘણો મોટો ફાળો આપણને આપતા ગયા છે.

માનવ જીવનમાં ધર્મનું ઘણુ મહત્ત્વનું સ્થાન છે. ધર્મ વિનાના માનવ-જીવનની કલ્પના શક્ય નથી. કોઈ પણ એક ધર્મ જ શ્રેષ્ઠ છે અને અન્ય ધર્મ એની તુલનામાં નબળા છે એવી માન્યતામાંથી ધર્મ-ધર્મ વચ્ચેના સંઘર્ષ અને અશાંતિનું વાતાવરણ સર્જાય છે.

જગતના કોઈ પણ ધર્મ સનાતન જીવન મૂલ્ય, કમ નીતિ નિયમો, સત્ય અહિંસા અને વિશ્વ કલ્યાણના આદર્શથી વિમૂખ હોઈ શકે નહીં, કોઈ પણ વ્યક્તિ જન્મ લેતા પહેલા ધર્મને સ્વીકારીને જન્મ લેતો નથી, પરંતુ એ ધર્મ

તેને વારસામાં મલ્યો છે, અને મારો જ ધર્મ શ્રેષ્ઠ છે તે મિથ્યા છે, અભિમાન છે, આવી મિથ્યા માન્યતાનું ખંડન સર્વધર્મ સમભાવથી જ શક્ય બની શકે.

આજના યુગની જરૂરત - સર્વધર્મ સમભાવ

સર્વધર્મ સમભાવ આજના યુગની સૌથી મહત્ત્વની જરૂરત છે. સર્વધર્મ સમભાવ ધર્મ-ધર્મ વચ્ચેના ભેદભાવ દૂર કરે છે અને પ્રત્યેક ધર્મ પ્રત્યે સરખા આદરની અપેક્ષા રાખે છે. કોઈ પણ પ્રકારની ધાર્મિક અસહિષ્ણુતાને સ્થાન આપતું નથી, તે ધર્માંતરનો વિરોધ કરે છે અને પ્રતિપાદન કરે છે કે પ્રત્યેક ધર્મ સત્ય તરફ દોરી જાય છે અને પ્રત્યેક ધર્મ બીજા ધર્મમાંથી કઈંક શીખી શકે છે.

પૂ. મુનિશ્રી સંતબાલજી, સર્વ ધર્મોપાલનમાં દર્શાવે છે કે:
૧) નીતિ, ૨) સદાચાર, ૩) સ્વરૂપસાધના યોગ
આ ત્રણેયના આધારે જગતના સર્વ ધર્મોનું વર્ગીકરણ આ રીતે થઈ શકે. નીતિપ્રધાન ધર્મ રૂપે ઈસ્લામધર્મ, ખ્રિસ્તીધર્મ અને જરસ્થોસ્તી ધર્મને ગણાવી શકાય. વૈદિકધર્મ નીતિની સાથે સદાચાર પ્રધાન છે. બૌદ્ધધર્મ નીતિ, સદાચારની સાથે તત્ત્વજ્ઞાન પ્રધાન છે. જ્યારે જૈન ધર્મ નીતિ, સદાચાર અને તત્ત્વજ્ઞાન સાથે આત્મયોગ પ્રધાન છે. આગળ, સંતબાલજી કહે છે કે, કોઈપણ ધર્મને મૂલવવો હોય તો તેને તત્ત્વજ્ઞાન અને સદાચારની દૃષ્ટિએ જ મૂલવવો જોઈએ. તો જ દરેક ધર્મનો તફાવત સમજી શકાશે.

સર્વધર્મ પ્રત્યે આદર રાખનારાઓમાં ગાંધીજીની ગણના થાય છે. ગાંધીજીએ હિન્દુ, ખ્રિસ્તી, ઈસ્લામ વગેરે ધર્મોનું મૂળભાષામાં ઊંડુ અધ્યયન કર્યું હતું. ગાંધીજી પ્રાર્થનામાં કુરાનની આયાતો પણ બોલાવતા. તેઓ કહેતા કે કુરાનની વાતો ગીતાથી અલગ નથી, ગાંધીજી દરેકને કહેતા કે તમારો ધર્મ બીજાના ધર્મોથી જુદો નથી કે મહાન પણ નથી, બધા ધર્મો પ્રત્યે આદર કેળવો. તેમણે સર્વધર્મને સમાન માન મળે તેવો પ્રયત્ન કર્યો છે તેમણે લોકોને ધર્મની પવિત્ર ભાવના સમજાવી.

તેમણે લોકોને જણાવ્યું કે પોતાનો જ ધર્મ બીજા ધર્મો કરતાં ચડિયાતો છે અથવા એ એકજ સાચો ધર્મ છે એવી નીતિનું પરિણામ ખરાબ આવે તેથી નીતિ કે સદાચારના મૂળ સિદ્ધાંતો સર્વધર્મમાં સમાન છે, તેમ તેમણે કહ્યું.

બધા ધર્મોને ભેગા કરવાની દૃષ્ટિએ, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ સર્વધર્મ પ્રર્થના ચલાવી. ધર્મ આપણો ચતુરવિધ મિત્ર છે. (વ્યક્તિગત, સામાજિક, ઐહિક, પારલૌકિક) એ સંદર્ભમાં બધા ધર્મોનો સમન્વય કર્યો, તેઓ સર્વધર્મના લોકોને એક, માત્ર સલાહ આપવાનું કામ નહોતા કરતા, પરંતુ તમામ પ્રવૃત્તિમાં તેમણે પ્રત્યક્ષ ભાગ લીધો, અને સર્વના વ્યવહારૂ ઉકેલો શોધી બતાવ્યા - તેના પ્રત્યક્ષ ઉદાહરણ તરીકે જોઈએ તો ગુજરાતમાં અમદાવાદ શહેરમાં આવેલી ગુજરાત વિદ્યાપીઠ એ એક જ્વલંત ઉદાહરણ પુરું પાડે છે. જેમાં સહુ પ્રથમ ગાંધીજીએ બાઈબલ ખંડની સ્થાપના કરી, તેમા સર્વધર્મના લોકો ભેગા થતા અને પ્રાર્થના કરતા. આ બાઈબલ ખંડની અંદર જગતના અગિયાર ધર્મોની પ્રાર્થના તેમજ પ્રતીકો જોવા મળે છે. હાલમાં પણ ગુ. વિદ્યાપીઠમાં સર્વ ધર્મના લોકો એક સાથે પ્રાર્થના તેમજ શિક્ષણ કાર્ય કરી રહ્યા છે. ગાંધીજીના આ વિચારોને ... આદર્શોને.... મૂર્તિમંત સ્વરૂપ આપવાની સતત પ્રવૃત્તિ કરતા આચાર્યશ્રી વિનોબા ભાવેએ સર્વધર્મ સમભાવ પર વ્યાપક અને સરળ ચિંતન રજૂ કર્યું છે. વિનોબા ભાવે જણાવે છે કે સર્વધર્મ સમભાવમાં ચાર બાબતો જરૂરી છે.

૧) સર્વધર્મ નિષ્ઠા

૨) બીજા ધર્મ પ્રત્યે આદરની લાગણી

૩) સર્વધર્મની સુધારણા આવી સુધારણા કર્યા વિના માણસની પ્રગતિ શક્ય નથી.

૪) અધર્મનો વિરોધ

આ ચાર મુદ્દાઓનો સમન્વય સદાય ત્યારે સર્વધર્મની ભાવના-સિદ્ધ થાય છે. વ્યક્તિ - વ્યક્તિ વચ્ચેની કે ધર્મ-ધર્મ વચ્ચેની અશાંતિ આપોઆપ શમી

જાય છે. સર્વધર્મ સમભાવથી સમધર્મ ઉપાસના સાધી શકાય છે અને માનવકલ્યાણ માટેની સાચી દિશા પ્રાપ્ત થાય છે.

ગુજરાતની પુણ્યપવિત્ર ભૂમિ પર પૂ. મુનિશ્રી સંતબાલજીએ પણ લોકોને આ બાબતમાં પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડ્યું છે. તેઓ સર્વ ધર્મ પ્રત્યે આદર ભાવ જળવાય તેટલા માટે શિબિરોનું આયોજન પણ કરતા. સહુને શિસ્ત, શાંતિ અને મૈત્રીના ઊંડા ભાવ સમજાવતા. શુદ્રમાં શુદ્ર માણસને જેવું માંસ રૂધિરનું ખોળિયું મળ્યું છે, તેવુંજ ઘડીમાં સડી અને કહેવાય જાય તેવું ખોળિયું આપણને સહુને મળ્યું છે, તેથી જગતના સર્વ મનુષ્ય અને સહુનો ધર્મ એ ઈશ્વરની ભેટ છે, તેથી સર્વધર્મ એક સમાન માની દરેકના ધર્મને માન આપવું જોઈએ.

પૂ. મુનિશ્રી સંતબાલજીએ કેટલાંક યાદગાર કાવ્યોની પણ રચના કરી છે, જેમાં દરેક ધર્મને સંયોગીકરણ કરવાનો ભાવ જણાય છે, તેમની સાતવારની પ્રાર્થનામાં આપણે બધા ધર્મો માટેનો આદર અને સ્નેહ જોવા મળે છે, સોમવારે-રામ, મંગળવારે-મહાવીર, બુધવારે-બુદ્ધ, ગુરુવારે-કૃષ્ણ, શુક્રવારે-મોહમ્મદ સાહેબ, શનિવારે-અશોજરથુસ્ત્ર અને રવિવારે-ઈશુ. આમ આ સાતવારની સમૂહ પ્રાર્થનાનો અનોખો પ્રયોગ સર્વસ્થળે પૂજ્યશ્રીએ જાહેરમાં કર્યો અને લોકોના હૃદય પર અનોખું સ્થાન પ્રાપ્ત કર્યું. આ સાતવારની પ્રાર્થના સહુકોઈને અનેરો આનંદ આપે છે. તેમજ સર્વધર્મ સમભાવથી આદર, માનની ઉત્કટ ભાવના પ્રગટ થાય છે. આ ઉપરાંત તેમને સર્વધર્મના સંસ્થાપકોએ સંક્ષેપમાં સચોટતાથી વંદન કર્યા છે.

*પ્રાણીમાત્રને રક્ષણ આપ્યું, માન્યા પોતા સમ સહુને,*
*પૂર્ણ અહિંસા આચરનારા, નમન તપસ્વી મહાવીરને.*
*જન સેવાના પાઠ શિખવ્યા, મધ્યમ માર્ગ બતાવીને,*
*સન્યાસીનો ધર્મ ઉજાળ્યો, વંદન કરીએ બુદ્ધ તને.*
*એક પત્ની વ્રત પૂરણ પાળ્યું, ટેક વણી છે જીવતરમાં,*

*ન્યાય નીતિમય રામ રહેજો, સદા અમારા અંતરમાં,*
*સઘળાં કામો કર્યા છતાં જે, રહ્યાં હંમેશાં નિર્લેપી,*
*એવા યોગી કૃષ્ણ પ્રભુમાં, રહેજો અમ મનડા ખૂંપી,*
*પ્રેમરૂપ પ્રભુપુત્ર ઈશુ જે, ક્ષમા સિંધુ વંદન હો,*
*રહમનેકીના પરમ પ્રચારક, હજરત મહમ્મદ દિલે રહો,*
*જરથોસ્ત્રીના ધર્મગુરુની, પવિત્રતા ઘરમાં જાગો,*
*સર્વધર્મ સંસ્થાપક સ્મરણો, વિશ્વશાંતિમાં ખપ લાગો,*

આજના કોમી તોફાનો તથા અશાંત જગતને શાંતિનો શુભ સંદેશ આપવાની તાકાત આ કાવ્યમાં છે.

આ ઉપરાંત તેમણે આત્મચિંતનમાં લખ્યું છે. હાલમાં આધુનિક અશાંત વિશ્વમાં ધર્મના નામે જે, ભયંકર યુદ્ધો ખેલાઈ રહ્યાં છે, માનવ-માનવ વચ્ચે ધર્માંધતાની ઊંડી ખાઈ ખોદાઇ રહી છે અને માનવીની ક્રૂરહિંસા થઇ રહી છે ત્યારે વિશ્વવાત્સલ્યતા જગાડનાર એવા પૂજ્યશ્રીઓનો સર્વધર્મ સમભાવથી સમધર્મ ઉપાસના પરમ શાંતિના માર્ગેજ દોરી જાય છે.

અંતમાં ધર્મ તો ધર્મ જ હોય... ચાહે તે મહાવીરનો... બુદ્ધનો... મોહમ્મદનો કે ઈશુનો હોય ... ધર્મની ઉપાસના મંગલમય અને શુદ્ધતા તરફ જ લઈ જાય છે.

*ધમ્મો મંગલ મુક્કિટ્ઠ, અહિંસા સંજમો તવો*
*દેવાવિ તં નમંસંતિ, જસ્સ ધમ્મે સયામણો*

ધર્મ ઉત્કૃષ્ટ મંગળ રૂપ છે. તે અહિંસા સંયમ તપ એમ ત્રિપુટી રૂપે છે. જેનું મન હંમેશાં ધર્મમા લીન રહે છે તેને દેવતા તથા બીજા સમૃદ્ધશાળી પુરુષો પણ નમન કરે છે.

# ગાંધીજી વિચારના અનુસંધાનમાં સંતબાલ પ્રયોગ

ડૉ. શોભના આર. શાહ

(આંતરરાષ્ટ્રીય જૈન અધ્યયનકેન્દ્ર ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદના પ્રાધ્યાપક અનેક રાષ્ટ્રીય પરિસંવાદ અને જ્ઞાનસત્રો સાહિત્ય સમારોહમાં શોભનાબેન અભ્યાસપૂર્ણ નિબંધો રજૂ કરે છે)

વિશ્વવંદનીય મહાત્મા ગાંધીએ દેશને સ્વતંત્રતાની સાથે રચનાત્મક પ્રવૃત્તિ આપી. જેનાથી દેશના બહુજન સમાજને લાભ થયો. સામાન્ય માનવી, શોષિત, દલિત, આદિવાસીના જીવનપરિવર્તનમાં રચનાત્મક પ્રવૃત્તિનો મહામૂલો ફાળો રહ્યો. ગાંધી વિચારમાં સમગ્ર જીવન વિકાસની વાત છે. ગામડું અને શહેરમાં સમતોલ વિકાસ રહેલો છે. ગાંધી વિચાર ક્રાંતિકારી વિચાર છે. તેમણે સત્ય અહિંસાની અણમોલ ભેટ આપી. ગાંધી વિચારથી પ્રેરાઇને અનેક સેવકો અને સંતોએ પોતાના સમગ્ર જીવનને સમર્પિત કરી દીધા.

ગાંધી વિચારની સંતબાલ ઉપર ભારે અસર પડી. તેથી સંતબાલ પ્રયોગના અનુસંધાનમાં શરૂ થયો. ભાલ-નળકાંઠાના પ્રદેશમાં ૨૦૦ ગામમાં પ્રયોગ થયો. પ્રયોગની પ્રવૃત્તિ જોતાં તે રચનાત્મક કામો જ છે. તેથી ગાંધી અને સંતબાલના વિચારમાં ભારે સામ્ય છે. એક જૈન સાધુ તેના આગાર સાચવીને ગાંધી વિચારનું આટલું મોટું કામ કરે તે નવાઇ પમાડે તેવું છે. બન્નેના કાર્ય અને પ્રવૃત્તિમાં સામ્ય છે. કેન્દ્રમાં ગામડું - ગરીબ વર્ગ છે.

સંતબાલજીનું ધર્મદષ્ટિએ સમાજરચના કરવાનું ધ્યેય હતું. ક્રાંતિકારી સાધુ તેના સંઘેડા બહાર પણ મૂકાયા. ઘણું સહન કરવાનું આવ્યું. આખરે સંઘોને પણ સમજાયું. વિશ્વવાત્સલ્ય ૐ મૈયા તેમનો મંત્ર હતો. 'પ્રાણીમાત્રને રક્ષણ આપ્યું' અને 'ધર્મ અમારો એકમાત્ર એ સર્વધર્મ સેવા કરવી' સર્વથા સૌ

સુખી થાઓ પ્રાર્થનાની રચના જોતાં સંતબાલજીનું જોડાણ વિશ્વ સાથે હતું. સંતબાલજી નિયમિતતા, સમયપાલન અને ચોકસાઇ પર વિશેષ ભાર મુકતા.

ગાંધીજીના સત્યાગ્રહનું સ્વરૂપ સ્વતંત્રતાની સિદ્ધિ માટેનું હતું. સંતબાલ પ્રયોગમાં સ્વતંત્રતા પછી સત્યાગ્રહ સ્વરૂપ શુદ્ધિ પ્રયોગના સ્વરૂપે વિકસ્યું. અન્યાયના પ્રતિકાર માટે શુદ્ધિ પ્રયોગનો વિચાર આપ્યો. જે સાધન, શુદ્ધિ, સત્યને અહિંસાના પાયાપર હતું. હાલ નળકાંઠાના પ્રયોગે સિદ્ધ કરી બતાવ્યું કે ધર્મદષ્ટિએ સમાજરચના શક્ય છે. વિનોબા ભાવે જયજગતની સંકલ્પના સમાજ આગળ મૂકે છે.

ગાંધીજીની સર્વધર્મ પ્રાર્થના, વ્રતોની વાત, 'વૈષ્ણવજન તો તેને કહીએ' તેનું પ્રિય ભજન સત્ય-અહિંસા-સાધનશુદ્ધિનો આગ્રહ, પ્રાર્થના એ જીવનમંત્ર હતો.

યુગપુરુષ ગાંધીની વિચારસરણીના અનુસંધાનમાંજ સંતબાલપ્રયોગ છે. બન્નેની મૂળભૂત બાબત જનકલ્યાણ, વિશ્વવાત્સલ્ય, પ્રેમ, કરુણા, સત્ય, અહિંસા, સાધનશુદ્ધિ અન્યાયના પ્રતિકાર માટે સત્યાગ્રહ જીવનને સંતુલીત રાખવા માટે વ્રતો, જીવનના આંતરિક વિકાસ માટે પ્રાર્થના, સામૂહિક પ્રાર્થના વિકસાવી.

ગાંધીજી એટલે કર્મયોગી પુરુષ અને સંતબાલજી એટલે વાત્સલ્યની ભરપૂર મૂર્તિ. જે પોતે તરે અને બીજાને તારે. ગાંધીજી અને સંતબાલજીએ તેમની પ્રાર્થનામાં અગિયાર અને બાર વ્રતને વણી લીધાં છે. તે મોટે ભાગે આપણને સમાન જ જોવાં મળે છે. બન્ને મહાપુરુષોએ સમાજને આપેલા આ વ્રત ખૂબજ જાણીતા છે.

ગાંધીજીએ જણાવ્યું છે કે વ્રત એ સર્વ વ્યાપક વસ્તુ છે. વ્રતની આવશ્યકતા વિશે આપણાં મનમાં કદાપિ શંકા ન થવી જોઇએ. વ્રત લેવું એટલે તેનું સંપૂર્ણ પાલન કરવાનો પ્રમાણિક, દૃઢ પ્રયત્ન, મન, વચન અને કર્મથી મૃત્યુ સુધી કરવો. મહાવ્રતોને સંપૂર્ણતાએ ત્રણે કાળ પાળવા જે સમર્થ છે તેને આ જગતમાં કંઇ કરવા પણું નથી, તેથી ગાંધીજીએ આપણને મહાવ્રતોની ભેટ આપી જે આ પ્રમાણે છે -

*સત્ય, અહિંસા, ચોરી ન કરવી, વણ જોતું નવ સંઘરવું,*
*બ્રહ્મચર્યને જાતે મહેનત કોઇ અડે નવ અભડાવું.*
*અભય,સ્વદેશી, સ્વાદ ત્યાગને સર્વ ધર્મ સરખા ગણવા,*
*એ અગિયાર મહાવ્રત સમજી નમ્ર પણે દૃઢ આચરવા.*

આજ રીતે વિશ્વ શાંતિના ઉપાસક સંતબાલજીએ લોકકલ્યાણ અને આત્મ કલ્યાણ અર્થે શરૂઆતમાં જૈનધર્મના પાયાના પાંચ મહાવ્રતની ચર્ચા કરી છે અને ત્યારબાદ અગિયાર વ્રતોની ચર્ચા કરી છે. સત્ય, અહિંસા, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. તેમણે પ્રાર્થના સમયે ગવાતાં અગિયાર વ્રત આપ્યાં છે. તે નીચે પ્રમાણે છે.

*છે બ્રહ્મચર્ય જ સત્ય શ્રદ્ધા સર્વ ધર્મ ઉપાસના,*
*માલિકી હક વ્યવસાય મર્યાદા ન નિંદા શ્લાઘના;*
*વિભૂષા વ્યસન ખાનપાન શયન વિવેક ક્ષમાપના,*
*ને રાત્રિભોજન ત્યાગ જગવાત્સલ્ય એ વ્રત બારમા.*

તેમણે ઉપદેશ આપ્યો છે કે આપણે સૌ આ વ્રત અનુસાર જીવન જીવીએ અને અન્યને પણ સન્માર્ગે લાવવાની પ્રેરણા આપીએ. તેમના નીતિ, ધર્મ અને અહિંસા, સદાચાર વગેરે ઉત્તમ મૂલ્યોને સૌ સ્વીકારે એ માટેનો પ્રચંડ પુરુષાર્થ હતો.

જૈન સિદ્ધાંતો યુક્ત જૈનધર્મ તો સ્થૂળ શબ્દના અર્થ કરતાં પણ એના સૂક્ષ્મ ભાવ અર્થને વધુ મહત્ત્વ આપીને સ્થૂળ અને સૂક્ષ્મ એમ બંને દષ્ટિએ વ્રતનું પાલન કરવામાં માને છે.

૧) બ્રહ્મચર્ય - ગૃહસ્થનું ઉપાસ્ય તો બ્રહ્મચર્ય જ છે.

૨) સત્ય શ્રદ્ધા - મનુષ્ય પોતે પોતાના જીવનમાં પૂર્ણ સત્ય ન પરોવી શકે ત્યાં સુધી તેણે તેના પર અંતરની નિષ્ઠા રાખવી. સત્ય પર શ્રદ્ધા રાખનારો માણસ વહેમ અને લાલચથી રહિત હોય છે.

૩) સર્વધર્મ ઉપાસના - જગતના દરેક ધર્મમાં કોઇને કોઇ વિશિષ્ટ ગુણ રહેલો હોય છે. આપણા જીવન વિકાસમાં મુખ્યત્વે ત્રણ ભૂમિકાઓ રહેલી છે. નીતિ, ધર્મ અને યોગ.

નીતિ એ માનવ જીવન માટે અદ્‌ભુત સામગ્રી છે. જગતના બધાં જ ધર્મોનો હેતુ જગતને તેની પાછળ કાર્ય કરી રહેલા સનાતન નિયમને સમજી તેને અનુસરી પોતાના જીવનને સમૃદ્ધ કરવાનો છે. આપણે ધર્મના હાર્દને પકડવાનું ભૂલી ગયા છીએ. બહારના દેખાવને વળગી રહ્યા છીએ.

તેવા સમયે સર્વધર્મઉપાસનાની કલ્પના તેમના મનમાં થઇ. તેમણે જગતના બધા ધર્મોના મહાપુરુષોના જીવનમાંથી તેમના ગુણ ગ્રહણ કર્યા છે. હજરત મહંમદ પયગંબર સાહેબના જીવનમાંથી પ્રામાણિકતા અને ભ્રાતૃભાવ, અષોજરથુસ્ટ્ર મહાત્માના પવિત્ર જીવનમાંથી પરોપકાર, ઈશુખ્રિસ્તના જીવનમાંથી ક્ષમા અને અર્પણતા અને મહાવીરના જીવનમાંથી અહિંસાનું બળ.

આ રીતે જગતના બધા ધર્મોને આપણે સેવીએ છીએ. બિન સાંપ્રદાયિક છીએ. ધર્મ એટલે વિશુદ્ધ કરનાર ક્રિયા અને યોગ એટલે આત્મ પ્રકાશનો અનુભવ. આ રીતે બધા ધર્મોના ગુણ આપણને પ્યારા છે. છતાં આપણે એકનિષ્ઠ રહીએ છીએ.

૪) માલિકી હકની મર્યાદા - એના માટે પરિગ્રહ શબ્દ પણ વાપરી શકાય છે. સમાજમાં દરેક વ્યક્તિમાં કોઇને કોઇ પ્રકારની આશક્તિ રહેલી જ હોય છે. આ માલિકી હકની આશક્તિના પાપથી છોડાવી શકે છે. આ વ્રતમાં પોતાની પાસે હોય તેનાથી વધુ મર્યાદા કરવી તેના કરતા હોય તેનાથી ઓછી મર્યાદા કરવી અને બાકીનો સદુપયોગ કરવો એ ચડતીની નિશાની છે.

૫) વ્યવસાય મર્યાદા - માલિકી હકની મર્યાદાની જેમ વ્યવસાયની ધંધાદારીની પણ મર્યાદા હોવી જોઇએ. સાંજ પડયા પછી નિવૃત્તિમય જીવન ગાળવાનો કુદરતી આદેશ છે.

૬) નિંદા પ્રશંસા ત્યાગ વ્રત - આ સમાજમાં નિંદા અને પ્રશંસાનો બહુ મોટો રોગ ફેલાયો છે. માટે પોતાની બડાઇ કરવાથી અને પારકાની નિંદા-ટીકાથી દૂર રહેવું. એ પણ એક મહાન સેવા છે.

૭) વિભૂષા વિજય - અત્યારનો જમાનો ફેશન અને ટાપ-ટીપનો છે. જેની પાછળ આપણી અખૂટ શક્તિ અને સાધનસંપત્તિ વેડફાઇ જાય છે. તેથી કુદરતી રુપ રંગ જે મળ્યા છે તેને સ્વીકારી કૃત્રિમ ટાપ-ટીપનો ત્યાગ કરવો અને આપણી વ્યર્થ ઇચ્છાઓ ઉપર વિજય મેળવવો. જેથી શક્તિ અને સંપત્તિ બન્નેનો સદુપયોગ થાય.

૮) વ્યસનત્યાગ - ચા, તમાકુથી લઇને માંસાહાર, ચોરી, જુગાર, વ્યભિચાર, દારુ, વેશ્યાગમન, શિકાર, આ બધા વ્યસનોનો ત્યાગ કરવો. જેથી કેન્સર જેવા જીવલેણ રોગમાંથી બચી શકાય છે.

૯) ખાનપાન અને શયનમાં વિવેક - હાલના મોજ મજાના જમાનામાં લોકો બહારના ખાન પાન તરફ બહુ રુચિ ધરાવે છે એટલે તેનો ત્યાગ કરી સાદગી અપનાવવી.

૧૦) ક્ષમાપના - જૈન ધર્મમાં ક્ષમાને શ્રેષ્ઠ ગુણ ગણવામાં આવે છે. ક્ષમાપના પર્વ પણ ઉજવવામાં આવે છે. આપણે ડગલે ને પગલે ભૂલ કરતાં હોઇએ છીએ એટલે બીજાને માફી આપવી અને આપણે પણ ભૂલ બદલ માફી માંગવી, જેથી જીવન સરળ અને શુદ્ધ બને છે. વિપત્તિઓ ઘટે છે.

૧૧) રાત્રિભોજન ત્યાગ - આ વ્રત શ્રેષ્ઠ ગણવામાં આવ્યું છે. નરક ગતિના ચાર દ્વારોમાંનું એક દ્વાર ગણવામાં આવ્યું છે. સૂર્યાસ્તબાદ ઘણાં બધાં જીવોની ઉત્પત્તિ થાય છે. જેને કારણે જીવને હિંસાનો દોષ લાગે છે. હલકી યોનિના જીવો રાત્રે ભ્રમણ કરે છે. તેથી જીવોની રક્ષા માટે પણ રાત્રિ ભોજન ત્યાગ કરવો જોઇએ તેમ જ વૈદકીય દૃષ્ટિએ પણ આ વ્રત ઉપયોગી છે.

આપણે આપણાં ધ્યેયને પહોંચી વળવા માટે આ અગિયાર વ્રતનું સાંગોપાંગ પાલન કરવું જોઇએ. આ વ્રતોના પાલનથી વ્યક્તિમાં સદ્ભાવ પ્રગટે છે. રાગ-દ્વેષ દૂર થાય છે.

જગતના ઋષિ સમાન ગાંદીજી ને સંતબાલજીએ જે સર્વધર્મ સમભાવ, મનુષ્યના જીવનને ઉપયોગી સિદ્ધાંતો તેમજ ચિત્તની રાગદ્વેષાદિ મલિનતાઓ પર વિજય મેળવવો તેજ સાચો ધર્મ છે તેમ જણાવ્યું છે. સત્ય, અહિંસા, અચૌર્ય, અપરિગ્રહ જેવા ધર્મના સદ્ગુણોની કેળવણીને વ્યવહારમાં તેનું પાલન કરવાનું ઉત્તમ માર્ગદર્શન પૂરું પાડયું છે. તેમના વિચારો દ્વારા આજની યુવા પેઢીને જીવન જીવવાનો એક નવો માર્ગ મળ્યો છે.

# હસ્તપ્રત સંશોધન - સંપાદનની પ્રવૃત્તિ

ડૉ. જિતેન્દ્ર શાહ

(શારદાબેન ચિમનલાલ લીટરરી એન્ડ એડયુકેશનલ રિસર્ચ સેન્ટર અમદાવાદ, એલ. ડી. ઇન્સ્ટીટ્યૂટ ઓફ ઇન્ડોલોજી અમદાવાદના ડાયરેક્ટર, પ્રાધ્યાપક જિતેંદ્રભાઇ દેશવિદેશમાં જૈનધર્મ પર અવારનવાર શોધપૂર્ણ નિબંધો રજૂ કરે છે, પ્રાચીન અને મધ્યકાલીન જૈનહસ્તપ્રતોના સંશોધન કાર્ય સાથે સંકળાયેલા છે.)

હસ્તપ્રતો એ ભારતીય સંસ્કૃતિનો અમૂલ્ય વારસો છે. ભારતીય સંસ્કૃતિની ત્રણ મુખ્ય ધારાઓ વૈદિક, બૌદ્ધ અને જૈન પરંપરામાં પોતપોતાના દર્શન અનુસાર જ્ઞાનની પ્રવૃત્તિઓ નિરંતર ચાલતી રહી છે. આ પ્રવૃત્તિઓનો પ્રારંભ તો પ્રાચીન કાળથી જ ચાલુ થઇ ગયો હતો. ભારતના ઋષિમુનિઓ અને મનીષીઓએ જ્ઞાન અને વિજ્ઞાનની વિભિન્ન શાખાઓમાં ઘણું જ ઊંડું ચિંતન કર્યું હતું. આ ચિંતનના પરિપાક રૂપે જ્ઞાન-વિજ્ઞાનનાં અનેક અદ્ભુત રહસ્યો પ્રાપ્ત થયાં હતાં. શરૂઆતમાં તો જ્ઞાનનો આ પ્રવાહ શ્રુતપરંપરા એટલે કે ગુરુ-શિષ્યની પરંપરાથી નિરંતર ચાલતો રહ્યો. પરંતુ જ્યારે સ્મૃતિ મંદ પડવા લાગી અને જ્ઞાન નષ્ટ થવાનાં એંધાણ જણાવવા લાગ્યાં ત્યારે ગ્રંથલેખનનું કાર્ય શરૂ થયું. પૂર્વના કાળમાં તો આજના જેવી યંત્રસામગ્રી ન હતી તેથી તેઓ ગ્રંથ હાથેથી જ લખીને તૈયાર કરતા અને એક જ ગ્રંથની વધુ નકલોની જરૂર પડે તો લહિયાઓ દ્વારા ગ્રંથ લખાવી તૈયાર કરાવવામાં આવતા હતા.

ભારતની ઉપરોક્ત ત્રણેય પરંપરામાં ગ્રંથલેખન અને તેની જાળવણીનું કાર્ય થતું હતું. પરંતુ કોઈ અગમ્ય કારણોસર બૌદ્ધ અને વૈદિક પરંપરામાં આ પ્રવૃત્તિ પ્રત્યે જેટલો અનુરાગ જાગવો જોઇએ તેટલો જાગી ન શક્યો. વિપુલ સામગ્રીમાં ગ્રંથનિર્માણ તો થયાં પરંતુ જૈનધર્મે જે ભક્તિથી ગ્રંથોનું જતન કર્યું તેવું અને તેટલું જતન ભારતની અન્ય ધારાઓ કરી શક્યા નથી. એક તો જૈન ધર્મમાં શ્રાવકના કર્તવ્ય તરીકે પુત્થયલિહણં અર્થાત્

પુસ્તકોનું લેખનકાર્ય કરાવવું એવું સમાવેશ કરવામાં આવ્યું. તેથી શ્રાવકો જેવી રીતે પોતાના ધનનો સદ્વ્યય કરવા માટે જિનમંદિર પ્રતિમા, તીર્થોદ્ધાર અને દાનકાર્ય કરતા હતા, તેવી જ રીતે ગ્રંથ લેખનની પ્રવૃત્તિ પણ અવશ્ય કરતા હતાં. તેથી જ આજે ઉપલબ્ધ થતા અનેક હસ્તલિખિત ગ્રંથોના અંતે જે તે ગામના શ્રાવક-શ્રાવિકાઓએ ગ્રંથ લખાવ્યાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. પુસ્તકલેખનને જીવનના એક અગત્યના કર્તવ્ય તરીકે સમાવેશ કર્યાનો જૈનધર્મ સિવાય અન્ય ધર્મમાં તો ઉલ્લેખ મળતો નથી. આ એક એવું અદ્ભુત કર્તવ્ય છે કે જેના દ્વારા આપણો ભવ્ય સાંસ્કૃતિક વારસો ટકી શક્યો છે. આ ઉપરાંત જ્ઞાનપંચમીનું પર્વ જે માત્ર જૈનધર્મનું મૌલિક પર્વ છે. જ્ઞાનનિર્માણ તો ભારતની બધી જ સંસ્કૃતિઓએ કર્યું પરંતુ તેનું જતન કરવાની આગવી પદ્ધતિ અને તેના જતનમાં પૂર્ણ ભક્તિની વાત તો જૈનધર્મે જ કરી છે. જ્ઞાનપંચમીના દિવસે (કારતક સુદ પાંચમે) જ્ઞાનભંડારના સમગ્ર ગ્રંથોની જાળવણીપૂર્વક, ભક્તિપૂર્વક પૂજા કરવી અને પુનઃ તે ગ્રંથોને ભંડારમાં સુરક્ષિત રીતે મૂકી દેવા. આ પર્વને કારણે ગ્રંથોની સંરક્ષણ અને સંમાર્જનની પ્રવૃત્તિ અવિરત રીતે ચાલુ રહી. તેથી જીવાત, ઊધઇ આદિને કારણે નષ્ટ થતા ગ્રંથોનું સંરક્ષણ થઇ શકતું હતું. આવા પ્રયાસોને કારણે જૈનધર્મ પાસે વિપુલ ગ્રંથભંડારો સુરક્ષિત રહી શક્યા જે બીજા ધર્મમાં શક્ય નહીં. વૈદિક અને બૌદ્ધ ધર્મના અનેક ગ્રંથો આજે લુપ્ત થયા તેમાં સુરક્ષાનો અભાવ મુખ્ય કારણ છે.

ગ્રંથના નિર્માણનું કાર્ય જેટલું કપરું છે તેટલું જ કપરું કામ સંરક્ષણનું છે. ગ્રંથને નષ્ટ કરનારાં અનેકવિધ પરિબળો છે. રાજકીય, સામાજિક, આર્થિક અને વાતાવરણ. આવાં કારણો સામે ગ્રંથોને સુરક્ષિત રાખવા એક મોટો પડકાર હોય છે. આવો પડકાર ઝીલવો ભક્તિ વગર શક્ય નથી. જૈનધર્મે સાધુ અને ગૃહસ્થમાં આવી ભક્તિ જન્માવી હતી. તેના કારણે પાટણ, ખંભાત, અમદાવાદ, જેસલમેર જેવાં શહેરોમાં મોટા મોટા ગ્રંથ ભંડારોનું નિર્માણ થયું અને તેનું જતન પણ થઇ શક્યું. જ્યારે અન્ય ધર્મોના ઘણા

ખરા જ્ઞાનભંડારો નષ્ટ થઇ ગયા હતા. આથી જ ભારતમાં જૈનધર્મ પાસે પણ ઘણા સમૃદ્ધ જ્ઞાનભંડારો અસ્તિત્વ ધરાવે છે.

આવા જ્ઞાનભંડારોમાં અનેક પ્રકારની-વિષયોની હસ્તપ્રતો ઉપલબ્ધ થાય છે. જૈન ભંડારોમાં ભાષાની વિવિધતા તો જોવા મળે જ છે. જૈન આગમગ્રંથો અને કર્મ સાહિત્ય પ્રાકૃત ભાષામાં રચાયેલું હોવાથી પ્રાકૃત ભાષાના ગ્રંથો હોય તે તો સહજ જ છે. આ ઉપરાંત પ્રાકૃત ભાષામાં રચાયેલ વિપુલ કથાસાહિત્ય પણ ઉપલબ્ધ થાય છે. આગમ ગ્રંથો ઉપર રચાયેલી સંસ્કૃત ટીકાઓ અને સંસ્કૃત ભાષામાં રચાયેલું દાર્શનિક સાહિત્ય પણ ઉપલબ્ધ થાય છે. આ ઉપરાંત અપભ્રંશ અને પ્રાદેશિક ભાષાઓમાં એટલે કે ગુજરાતી, મારૂગુર્જર, રાજસ્થાની અને હિન્દી ભાષામાં પણ ઘણા ગ્રંથો પ્રાપ્ત થાય છે. આમ, ભાષાનું વૈવિધ્ય જોવા મળે છે.

જૈનદર્શન અનેકાન્તવાદી દર્શન છે. આથી બધાં જ દર્શનના સત્યાંશનો સ્વીકાર કરે છે. માત્ર તે તે દર્શનના એકાન્ત આગ્રહનો નિષેધ કરે છે. જ્યાં સત્યને પામવા માટેની જે તીવ્ર તાલાવેલી કે સમ્યક્દષ્ટિ જોઇએ તે નષ્ટ થઇ જાય છે. સત્ય પામવા માટે અનેકાન્તવાદી દષ્ટિકોણ આવશ્યક છે અને તે માટે તમામ દર્શનોનાં બધાં જ અંશોનું મૂલ્યાંકન આવશ્યક છે. આ માટે તે તે દર્શનનો મૂળભૂત સિદ્ધાંતોનું સમ્યક્ અને સૂક્ષ્મ અવલોકન જરૂરી છે. જૈનદર્શનના આચાર્યો દરેક દર્શનનો અભ્યાસ કરતા અને તેમાંથી સત્યાંશને પામવાની કોશિશ કરતા હતા. તેથી જૈન ભંડારોમાં માત્ર જૈનદર્શનનું જ સાહિત્ય પ્રાપ્ત થતું ન હતું પરંતુ જૈન ઉપરાંત અન્ય દર્શનના મૂલ્યવાન ગ્રંથો પણ પ્રાપ્ત થતા હતા. મહાયોગી આનંદઘનજી મહારાજ જણાવે છે કે ષડ્દર્શન જિન અંગ ભણીએજી અર્થાત્ જિનદર્શનના અંગ સ્વરૂપ છયે દર્શનનો અભ્યાસ અત્યંત આવશ્યક છે. આથી જૈન ગ્રંથભંડારોમાં જૈનેતર દર્શનના કેટલાક એવા ગ્રંથો પણ ઉપલબ્ધ થાય છે કે જે ગ્રંથો અન્યત્ર નષ્ટ થઇ ચૂક્યા છે કે અન્યત્ર ક્યાંય ઉપલબ્ધ થઇ શકતા નથી. આમ, જૈન ગ્રંથ ભંડારો માત્ર

સાંપ્રદાયિક જ્ઞાનના ભંડારો નથી પરંતુ સાચા અર્થમાં બિનસાંપ્રદાયિક જ્ઞાનના ભંડારો છે.

જૈનધર્મ પાસે અમૂલ્ય ગ્રંથોને સાચવવાની અને તેને સુરક્ષિત રાખવાની વિશિષ્ટ પદ્ધતિ છે. આજે પણ જૈન ભંડારોમાં સેંકડો વર્ષ જૂના ગ્રંથો જાણે કે આજે જ લખાયા હોય તેવી સ્થિતિમાં ઉપલબ્ધ થાય છે. તે જ તેની સાચવવાની આગવી પદ્ધતિની સાક્ષી પૂરે છે. નિર્દોષ વનસ્પતિઓ અને દરેક પોથી ઉપર સુંદર કાગળનું રેપર કરી તેના ઉપર કપડાંનું બંધન બાંધવામાં આવતું, જેથી બહારની ધૂળ કે જીવજંતુઓથી હસ્તપ્રતો સંપૂર્ણ સુરક્ષિત રહેતી હતી. આમ હસ્તપ્રતો પણ સાગના લાકડાની પેટીઓમાં મૂકવામાં આવતી જેથી વાતાવરણના પ્રભાવથી પણ તે સુરક્ષિત રહેતી હતી. આમ, વિશિષ્ટ પદ્ધતિને કારણે જૈન ભંડારોમાં વિપુલ પ્રમાણમાં ગ્રંથો સુરક્ષિત રહી શક્યા છે.

જૈન જ્ઞાનભંડારોની વિપુલ જ્ઞાનસામગ્રીને લઇને દેશવિદેશના અનેક વિદ્વાનો આશ્ચર્યમાં ગરકાવ થઇ જાય છે. આવા જ્ઞાનભંડારોના ગ્રંથોનું પ્રકાશન અને અનુવાદનું કાર્ય તો છેલ્લાં સો વર્ષ પૂર્વે શરૂ થઇ ગયું હતું પરંતુ આ હસ્તપ્રતોને આધારે શુદ્ધ પાઠવાળો ગ્રંથ તૈયાર કરવાની પદ્ધતિ ભારતમાં યુરોપના વિદ્વાનોના આગમન પછી જ શરૂ થઇ. યુરોપના વિદ્વાનો એક જ ગ્રંથની જુદી જુદી હસ્તપ્રતો મેળવીને તેમાંથી શુદ્ધ પાઠો તારવી બાકીનાં પાઠાન્તરો ફૂટનોટમાં મૂકી ગ્રંથ તૈયાર કરવામાં આવતો હતો. સર્વપ્રથમ ભીમશી માણેકે ગ્રંથો છપાવવાનો પ્રારંભ તો કર્યો હતો પણ સંશોધિત કે સમીક્ષિત વાચનાઓ આપવામાં આવી ન હતી. ત્યારબાદ આચાર્યશ્રી સાગરાનંદસૂરિજીએ પણ આગમ સાહિત્યના પ્રકાશનનું ભગીરથ કાર્ય આરંભ્યું હતું. આ કાર્ય તેમણે એકલા હાથે આરંભ્યું પણ તેમાં પણ સમીક્ષિત પાઠોનો અભાવ જોવા મળતો હતો. સહુ પ્રથમ વિદેશી વિદ્વાન હાર્વલેએ ઉવાસગદશાની સમીક્ષિત આવૃત્તિ તૈયાર કરી હતી અને તે રોયલ એશિયાટિક સોસાયટી, કલકત્તાથી પ્રકાશિત થઇ તેથી તે તરફ સહુનું ધ્યાન

ગયું અને ગ્રંથસંપાદનની એક નવી પ્રવૃત્તિનો પ્રારંભ થયો. બનારસ સ્થિત યશોવિજય જૈન સંસ્કૃત પાઠશાળામાં પ્રકાશનની પ્રવૃત્તિનો પ્રારંભ થયો તેમાં દર મહિને એક લઘુ ગ્રંથ અને વર્ષ દરમ્યાન બૃહદ્ ગ્રંથ પ્રકાશિત કરવાની પ્રવૃત્તિ શરૂ થઇ. આ પ્રવૃત્તિથી અનેક નવા ગ્રંથો પ્રકાશિત થયા, પણ આ પ્રવૃત્તિમાં પણ સંશોધનદષ્ટિનો અભાવ હતો. આ પછી અમદાવાદમાં ગાંધીજીની પ્રેરણાથી પુરાતત્ત્વ મંદિરની સ્થાપના થઇ અને તેમાં કૃપલાણીજીને નિયામક તરીકે નીમવામાં આવ્યા. જૈનદર્શનના બે પ્રકાંડપંડિતોએ જૈનધર્મના ગ્રંથોનું સંપાદન કરવાનું કાર્ય આરંભ્યું. પં. સુખલાલ સંઘવી અને પં. બેચરદાસ દોશીએ સન્મતિતર્ક સૂત્રની અભયદેવ ટીકાનું કાર્ય આરંભ્યું. જુદા જુદા પ્રાંતની ૧૯ જેટલી હસ્તપ્રતો એકઠી કરી તેમાંથી સમીક્ષિત પાઠવાળી શુદ્ધ નકલ તૈયાર કરવામાં આવી. આ ગ્રંથમાં તુલનાત્મક પાઠો પણ આપવામાં આવ્યા. નવ વર્ષના અપાર પરિશ્રમ પછી પાંચ ભાગમાં આ ગ્રંથ તૈયાર થયો. તેનો પાંચમો ભાગ તો દાર્શનિક કોશ જેવો બહુમૂલ્ય થયો છે. જૈનદર્શનનો આ ગ્રંથ જેનું સંપાદન વૈજ્ઞાનિક ઢબે થયું અને તે પછી તો વૈજ્ઞાનિક ઢબે ગ્રંથસંપાદનની પ્રવૃત્તિમાં પણ વેગ આવ્યો.

આગમપ્રભાકર મુનિ શ્રી પુણ્યવિજયજી મ.સા.એ દેશના મહત્ત્વપૂર્ણ ગ્રંથભંડારો સંમાર્જિત કર્યા હતા અને તેમની ગ્રંથસંપાદનકાર્યમાં આગવી સૂઝ હતી. તેમણે બૃહદ્ કલ્પ ભાષ્યના છ ભાગો સંપાદિત કર્યા. આ કાર્યમાં પણ તેમણે અનેક હસ્તપ્રતોને આધારે સમીક્ષિત પાઠો અને શુદ્ધ પાઠોને તારવી ગ્રંથ સંપાદિત કર્યો છે. ત્યારબાદ તેમણે અનેક ગ્રંથો સંપાદિત કરી પ્રકાશિત કર્યા છે.

જૈનદર્શનનો એક લુપ્ત થયેલ દ્વાદશારનયચક ગ્રંથને સંપાદિત કરવાનું અને ટીકાને આધારે પુનઃનિર્મિત કરવાનું કાર્ય એક મોટો પડકાર હતો. પૂર્વે પૂ. લબ્ધિચંદ્રસૂરિજી મ.સા.એ આ માટે પ્રયાસ કર્યો અને પ્રસ્તુત ગ્રંથ ચાર ભાગમાં પ્રકાશિત કર્યો હતો પરંતુ તેની સમીક્ષિત અને સંશોધિત આવૃત્તિની આવશ્યકતા હતી. તેઓશ્રીએ આ કામ માટે અનેક ભાષાઓનો

અભ્યાસ કર્યો અને છેવટે તિબેટિયન ભાષા પણ શીખ્યા. અનેક ગ્રંથોનો સહારો લઇ તેમણે ૩૦ વર્ષની જહેમત પછી ત્રણ ભાગમાં પ્રસ્તુત ગ્રંથ તૈયાર કર્યો, આત્માનંદ સભા ભાવનગર દ્વારા પ્રકાશિત થયેલ આ ગ્રંથ જૈનદર્શનનો અદ્‌ભુત ગ્રંથ છે. દેશવિદેશમાં આ ગ્રંથની અનેરી પ્રતિષ્ઠા છે. આ ગ્રંથમાં તેમણે સંપૂર્ણ વૈજ્ઞાનિક ઢબે ગ્રંથ સંપાદિત કેવી રીતે કરાય તેની સમજ કેળવાય તેવી રીતે ગ્રંથ તૈયાર કરવામાં આવ્યા છે.

આ સમયગાળા દરમ્યાન જ મહાવીર જૈન વિદ્યાલય દ્વારા આગમોની સમીક્ષિત આવૃત્તિઓ, લા.દ.ભારતીય વિદ્યામંદિર દ્વારા અનેક ગ્રંથોનું પ્રકાશન અને પ્રાકૃત ટેક્સ્ સોસાયટી દ્વારા પણ અનેક ગ્રંથોનું સમીક્ષિત આવૃત્તિવાળું પ્રકાશન કાર્ય થયું છે. આ દિશામાં મુનિશ્રી પુણ્યવિજયજી, આચાર્ય મુનિચંદ્ર મ. સા. આદિનું આગવું પ્રદાન છે. પંડિત વર્ગમાં પં. શ્રી સુખલાલ સંઘવી, પં. શ્રી બેચરદાસ દોશી, પં. શ્રી દલસુખ માલવણિયા, પં. શ્રી હરગોવિંદદાસ શેઠ, પ્રો. શ્રી હરિવલ્લભ ભાયાણી, પ્રો. શ્રી પ્રબોધ પંડિત, હિરાલાલ રસિકદાસ કાપડિયા આદિનું નામ મોખરે છે.

આજે હસ્તપ્રત ઉપરથી ગ્રંથસંપાદન અને સંશોધિત શુદ્ધ પાઠ તૈયાર કરવાનું કાર્ય કંઇક અંશે મંદ પડ્યું છે. તે તીવ્ર બને તે માટે આવી સંસ્થાઓએ આગળ આવવું જોઇએ અને યુવાન વિદ્વાનોને પ્રોત્સાહિત કરવા જોઇએ.

# પ્રાચીન હસ્તલિખિત કૃતિના સંશોધન - સંપાદનની પ્રક્રિયા

ડૉ. કાન્તિભાઇ બી. શાહ

(બી. ડી. આર્ટ્સ કોલેજ અમદાવાદના પ્રાધ્યાપક જૈન સાહિત્યસમારોહ, જ્ઞાનસત્ર કે પરિસંવાદોમાં અભ્યાસ પૂર્ણ નિબંધો રજૂ કરનાર, ગુણરત્નાકર છંદ, વીરવિજયજી-યશોવિજયજી સ્વાધ્યાય ગ્રંથ, ઉપદેશમાલા બાલાવબોધ જેવા મૂલ્યવાન ગ્રંથ ઉપરાંત મધ્યકાલીન ગુજરાતી જૈન સાહિત્યની કેટલીક કૃતિઓના સંશોધન સંપાદનની નોંધપાત્ર કામગીરી , જૈનધર્મના વિદ્વાન પ્રોફેસર.)

કોઇ વર્ગમાં જઇને મેં હસ્તપ્રતવિદ્યાનો શાસ્ત્રીય અભ્યાસ કર્યો નથી. પરંતુ પીએચ.ડી નિમિત્તે લગભગ પાંચસો વર્ષ જૂની એક અપ્રકાશિત જૈન કૃતિની, હસ્તપ્રતોને આધારે સમીક્ષિત વાચના તૈયાર કરતાં કરતાં, અને તે પછી આ દિશામાં મારી કેટલીક ગતિવિધિ રહી હોવાને કારણે સંશોધન-સંપાદનની પ્રક્રિયા અંગે સ્વાનુભવોને આધારે જ કેટલીક વાત કરવાનું અહીં પ્રસ્તુત છે.

## કૃતિની પસંદગી

સૌ પ્રથમ તો આપણને ક્યા પ્રકારની કૃતિમાં રસ છે તે નક્કી કરી લેવું જોઇએ. જેમકે કૃતિ ગદ્યાત્મક કે પદ્યાત્મક, કથનાત્મક કે દાર્શનિક, દીર્ઘ કે લઘુ એ આપણી રુચિ અને પ્રયોજન અનુસાર પસંદ કરવી જોઇએ.

## કૃતિની હસ્તપ્રતયાદી અને હસ્તપ્રતોની સંપ્રાપ્તિ

આપણે જે કૃતિનું સંપાદન કરવાના હોઇએ તેની એકાદ હસ્તપ્રત પ્રાપ્ત થઇ જતાં સંતોષ ન માનીએ. આપણે ત્યાં કેટલીક હસ્તપ્રતસૂચિઓ ઉપલબ્ધ છે. (જેવી કે૧) મુનિ રાજશ્રી પુણ્યવિજયજી સંગ્રહગત ગુજરાતી હ.પ્ર.સૂચિ.,

૨) શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર (પાટણ) સ્થિત જૈન જ્ઞાનભંડારોનું સૂચિપત્ર, ૩) જૈન ગૂર્જર કવિઓ ભા.૧ થી ૧૦ (બીજી આવૃત્તિ, ૪) કવીશ્વર દલપતરામ હસ્તલિખિત પુસ્તક સંગ્રહની સૂચિ, ૫) કેટલોગ ઓફ ધી મેન્યુસ્ક્રિપ્ટ્સ ઇન પાટણ જૈન ભંડાર. (પ્રકા. શા. ચી. એજ્યુ.રિ.સે.), ૬) ફાર્બસ ગુજરાતી સભાના હસ્તલિખિત ગ્રંથોની નામાવલિ, વગેરે. આ સૂચિઓનો આધાર લઇને, પસંદ કરેલી કૃતિની સમયના જુદેજુદે તબક્કે કેટલી હસ્તપ્રતો થયેલી છે એની એક યાદી તૈયાર કરવી જોઇએ.

પણ સૂચિઓમાં નિર્દિષ્ટ આ બધી જ હસ્તપ્રતો આપણે કાંઇ મેળવી શકતા નથી. હસ્તપ્રતો હાથવગી કરવામાં અનેક અવરોધો ઊભા થતા હોય છે. કેટલાક ભંડારો તો પોતાની હસ્તપ્રત બહાર કાઢવા જ તૈયાર હોતા નથી. એટલે એવું બને કે સૂચિમાં કૃતિની જેટલી હસ્તપ્રતો નિર્દેશાઇ હોય તેની અડધી કે ત્રીજા ભાગની જ આપણે ખરેખર પ્રાપ્ત કરી શકીએ.

એકથી વધુ હસ્તપ્રતો શા માટે મેળવવી જોઇએ ? કૃતિની પ્રમાણભૂત વાચના તૈયાર કરવામાં અન્ય હસ્તપ્રતોની મોટી સહાય મળી રહે છે. એક હસ્તપ્રતનો પાઠ ભ્રષ્ટ હોય, પ્રતના કોઇક ભાગનું લખાણ ચેરાઇ ગયેલું હોય, વાચનક્ષમ ન હોય ત્યારે એ જ કૃતિની અન્ય હસ્તપ્રતોનો પાઠ અત્યંત ઉપયોગી થઇ પડે છે.

### લિપિવાચન અને પાઠનિર્ણય

સમયના જુદેજુદે તબક્કે લખાયેલી અને જુદાજુદા લેખનકારો દ્વારા લખાયેલી હસ્તપ્રતોની લિપિનો મરોડ જુદો પડતો હોય છે. એટલે સંશોધકે લિપિઉકેલનો મહાવરો કરી લેવો જોઇએ. હસ્તપ્રતો ઉપર નજર નાખતાં એના લેખનની તરત નજરે ચડી આવે એવી એક લાક્ષણિકતા એ છે કે એમાં બધા જ અક્ષરો ભેગા લખવામાં આવ્યા હોય છે. શબ્દ કે પદમાં એ

વિભાજિત થયા હોતા નથી. એટલેકે પદભેદ કરતા જઇને પાઠનિર્ણય કરવાનો અભ્યાસ અનિવાર્ય બની જાય છે. એક અક્ષર પણ જો ખોટી જગાએ ગોઠવાઇ જાય તો અર્થનો અનર્થ થઇ બેસે. દા.ત. નીચેની પંક્તિ જુઓ :
'હું યૌવનભરિ તઇં કાં ટાલી, લાગઇ સેજ હવે કાંટાલી.'
અહીં બે વાર કાંટાલી વર્ણસમૂહ છે. પણ પહેલામાં 'કાં ટાલી' એમ બે પદમાં તે વિભક્ત થયો છે, જ્યારે બીજામાં એ એક જ પદ બને છે. આમ વિષયવસ્તુજન્ય સંદર્ભ પરથી પાઠનિર્ણય કરી શકાય છે.

વાચના માટે એક હસ્તપ્રતનો મુખ્ય આધાર અને બાકીની પ્રતોમાંથી પાઠાંતર-નોંધ

જે કૃતિનું આપણે સંપાદન કરવાના હોઇએ એની જો વધારે હસ્તપ્રતો ઉપલબ્ધ હોય તો તેમાંથી જે હસ્તપ્રતો અપૂર્ણ હોય, ઘણાબધા ચેરાઇ ગયેલા લખાણવાળી હોય, અતિશય ભ્રષ્ટ પાઠોવાળી હોય, વર્તમાન સમયથી ઘણી નજીકની લાગતી હોય તો તેવી પ્રતો છોડી દેવી જોઇએ. કેમકે આવી હસ્તપ્રતો સંપાદનકાર્યમાં ખાસ સહાયરૂપ બનતી નથી.

જે હસ્તપ્રતોને આપણે ઉપયોગમાં લેવાનું નક્કી કરીએ તેમાંથી વાચના (Text) માટે આપણે કઇ હસ્તપ્રતનો મુખ્ય આધાર લઇશું ?

સામાન્ય રીતે તો કૃતિના રચનાવર્ષથી જે સૌથી વધુ નજીકના લેખનવાળી હોય એટલેકે ઉપલબ્ધ હસ્તપ્રતોમાંથી જે સૌથી વધુ જૂની હોય તે હસ્તપ્રતને આપણે પ્રમાણભૂત ગણવી જોઇએ. આવી પ્રતને આપણે વાચના માટે સ્વીકારી શકીએ અને બાકીની પ્રતોને ઉપયોગ પાઠાંતરો નોંધવા માટે કરવો જોઇએ.

પરંતુ, સૌથી જૂની હસ્તપ્રતને વાચના માટે મુખ્ય આધારરૂપ પ્રત ગણવામાંયે અપવાદ કરવો પડતો હોય છે. જો સૌથી જૂની હસ્તપ્રતના પાઠો

લહિયા દ્વારા ભ્રષ્ટ રીતે લખાયેલા હોય અને પછીના સમયની હસ્તપ્રત શુદ્ધ હોય તો તે શુદ્ધ હસ્તપ્રતને વાચના માટે સ્વીકારી શકાય. તે ઉપરાંત કૃતિનિર્માણમાં કવિનાં લખાણો, કવિનો ઝુકાવ જે તરફનો હોય અને કઇ હસ્તપ્રત ચુસ્તીથી વળગી રહે છે એ પણ મુખ્ય પ્રતની પસંદગીમાં મહત્ત્વનું પરિબળ બની રહે છે. દા.ત. 'ગુણરત્નાકર છંદ' ના સંપાદન માટે મેં જે ૧૦ હસ્તપ્રતો પસંદ કરી હતી તેમાં સૌથી જૂની હસ્તપ્રત સં. ૧૬૧૮ ના લેખનવર્ષવાળી હતી. (કૃતિનું રચનાવર્ષ સં. ૧૫૭૨ હતું) પણ આ પ્રતના પાઠો ભ્રષ્ટ હતા. જ્યારે સં. ૧૭૧૬ ના લેખનવર્ષવાળી પ્રતનો મુખ્ય આધાર લીધો તે એટલા માટે કે આખી કૃતિ જે ચારણી છંદોની લયછટામાં ચાલતી હતી એ છટાઓને, એના પ્રાસાનુપ્રાસને, કવિએ કરેલી કૃતિના બહિરંગની માવજતને આ પ્રત ચુસ્તીથી જાળવી રાખતી હતી.

મુખ્ય પ્રતની પસંદગી થઇ ગયા પછી બાકીની પ્રતોમાંથી પાઠાંતરો નોંધવા માટે એ પ્રતોનો અનુક્રમ નક્કી કરવો જોઇએ. સમયાનુક્રમે એની ક્રમિકતા નક્કી કરી શકાય. જો મુખ્ય પ્રતને 'ક' સંજ્ઞા આપી હોય તો બાકીની પ્રતોને અનુક્રમે 'ખ', 'ગ', 'ઘ' એવી સંજ્ઞા આપી શકાય.

જે હસ્તપ્રતો લેખનવર્ષ વિનાની હોય એનું શું ? જો બીજી બધી રીતે હસ્તપ્રત શુદ્ધ જણાતી હોય તો કેવળ લેખનવર્ષનો નિર્દેશ ન હોવાને કારણે એને છોડી દેવી ન જોઇએ. લિપિમરોડ અને ભાષાકીય સ્વરૂપને ધ્યાનમાં રાખીને આ વિદ્યાના નિષ્ણાતો દ્વારા અનુમાને હસ્તપ્રતલેખનનો સમયગાળો નક્કીકરી શકાતો હોય છે. એ સમયગાળાની ક્રમિકતા અનુસાર આવી પ્રતોને પાઠાંતર માટે ઉપયોગમાં લઇ શકાય.

વાચનામાં મુખ્ય પ્રતનો પાઠ છોડીને પણ અન્ય પ્રતોના પાઠનો સ્વીકાર

કૃતિની વાચના તૈયાર કરવામાં જે પ્રતનો મુખ્ય આધાર લીધો હોય એનો અર્થ એવો નથી કે આખીયે વાચના માટે તે હસ્તપ્રતનો સમગ્ર પાઠ

યથાવત્ સ્વીકારી લેવો અને બાકીની પ્રતોના પાઠભેદ માત્ર પાઠાંતરો તરીકે જ નોંધવા. મુખ્ય પ્રત સિવાયની પ્રતોમાંથી કોઇ પાઠ વધારે સ્વીકાર્ય જણાય ત્યારે એ પાઠને વાચના માટે સ્વીકારી, મુખ્ય પ્રતનો પાઠ પાઠાંતર તરીકે નોંધવાનો રહે. અન્ય પ્રતોની આવી પાઠ સ્વીકૃતિનાં ઘણાં કારણો હોઇ શકે છે. આવાં અનેક કારણો પૈકીનાં કેટલાક અહીં નોંધ્યા છે.

૧) મુખ્ય પ્રતનો પાઠ ભ્રષ્ટ હોય અને અન્ય પ્રત/પ્રતો શુદ્ધ પાઠ આપતી હોય. મારા 'ગુણરત્નાકરછંદ'ના સંપાદનમાં મેં જે મુખ્ય પ્રતનો વાચના માટે આધાર લીધો હતો એની પહેલી ગાથામાં જ એક પાઠ લેખદોષવાળો હોઇને બદલાવાનો થયો હતો. સરસ્વતીદેવીની સ્તુતિમાં મુખ્ય પ્રત સિવાયની બધી જ પ્રતોનો પાઠ આમ હતો -

'......... ...... ........ *સરસ્વતીદેવી*

*વિચરતિ કવિજન હૃદયે સદયે સંસારભયહરણી'*

(સંસારના ભયોને હરી લેનારી સરસ્વતીદેવી કવિજનના સુકોમળ હૃદયમાં વિચરે છે)

પણ મુખ્ય પ્રત 'વિચરતિ' ને સ્થાને 'વિરચિત' પાઠ આપતી હતી જે સ્પષ્ટપણે લેખનદોષ છે.

આ પરથી જોઇ શકાશે કે જો એક જ હસ્તપ્રતને આધારે જો વાચના કરવાની હોત તો આ લેખનદોષવાળો પાઠ વાચનામાં સામેલ રાખીને કેવળ અનુમાનથી શુદ્ધ પાઠનો નિર્દેશ કરવાનો રહેત. જ્યારે અન્ય પ્રતોને ઉપયોગમાં લેવાથી શુદ્ધ પાઠનું પ્રત્યક્ષ પ્રમાણ મળી રહે છે.

૨) પદ્યાત્મક કૃતિના છંદોલયમાં અક્ષર/માત્રાની ન્યૂનાધિકતા -

એ પણ પાઠ બદલાવાનું એક કારણ બને છે.

સરસ્વતીવર્ણનમાં મુખ્ય પ્રતની પંક્તિ આમ હતી -

'હસ્તકમંડલપુસ્તકવીણા સુહમણગ્ગાણનાણગુણલીણા'

જ્યારે અન્ય પ્રતો 'મણ' શબ્દ સમાસમાંથી બાદ કરીને આ પંક્તિ આપતી હતી. છંદાલેયના માપમાં એ વધારે શુદ્ધ પાઠ હતો અને વળી અન્ય પ્રતોનો

એને ટેકો મળતો હતો એથી મુખ્ય પ્રતનો 'મણ' પાઠ છોડ્યો હતો.

૩) પદનો અન્વઆર્થ બંધબેસતો હોય તેવો પાઠ સ્વીકૃત બને 'ગુણરત્નાકરછંદ' માં કોશાની એક શૃંગારિક ચેષ્ટા વર્ણવતાં મુખ્ય પ્રત આ પ્રમાણે પંક્તિ આપે છે.

'ભમુહ-કમાણિ કરી તિંહા તાકઇ તીર-કડકખ'

(કોશા ભ્રમરરૂપી કમાન ઉપર કટાક્ષ - તીર તાકે છે.)

આ કલ્પનાચિત્ર સ્પષ્ટ છે. પણ અન્ય પ્રતોમાં સ્ત્રીનો સંદર્ભ આવ્યો એટલે કેટલાક લહિયાઓએ 'ભમુહ-કમાણિ' ને સ્થાને 'ભમુહ - કામિણી' કરી નાખ્યું જેનો અન્વયાર્થ બંધબેસતો થતો નથી. જો કે અહીં મુખ્ય પ્રત સાચો પાઠ આપતી હોઇ પાઠ છોડવાનો થયો નથી પણ આ ત્રીજા કારણના એક દૃષ્ટાંત તરીકે એનો ઉપયોગ કર્યો છે.

૪) કાવ્યસૌંદર્યની દૃષ્ટિએ જે પાઠ વધુ ઔચિત્ય ધરાવતો હોય એ પણ સ્વીકૃતિ પામે.

'ગુણરત્નાકરછંદ' માં મુખ્ય પ્રત સરસ્વતીવર્ણનની પંક્તિ આમ આપે છે

'રવિશશિમંડલ કુંડલ કિદ્ધા, તારા મસિ મુગતાફૂલ વિદ્ધા.'

(દેવીએ સૂર્ય-ચંદ્રનાં કુંડળ કર્યાં છે ને મહીં તારારૂપી મોતી પરોવ્યાં છે)

અહીં 'વિદ્ધા' પાઠથી તારારૂપી મોતીઓ પરોવવાનું સૌંદર્યસભર ચિત્ર નિર્માણ થાય છે. પણ બાકીની બધી જ પ્રતો 'વિદ્ધા' ને સ્થાને 'કિદ્ધા' ને 'લિદ્ધા' પાઠ આપે છે. 'કિદ્ધા' થી એક જ પંક્તિમાં ક્રિયારૂપ બેવડાય છે ને પ્રાસ-દૃષ્ટિએ પણ એ ઉચિત જણાતું નથી. વળી 'વિદ્ધા' પાઠ છોડવા જતાં મોતી પરોવવાનું આખું સૌંદર્યચિત્ર હણાઇ જાય છે. એટલે બાકીની બધી પ્રતો જુદો પાઠ આપતી હોવા છતાં આ એક જ પ્રતનો 'વિદ્ધા' પાઠ જ અહીં સ્વીકૃત રાખ્યો છે.

કેવા પાઠાંતરો નોંધવા જોઇએ ?

કોઇ કૃતિની હસ્તપ્રતોની સંખ્યા વધારે હોય અને જો જોડણીભેદવાળાં કે ઉચ્ચારભેદવાળાં તમામેતમામ પાઠાંતરો નોંધવા જઇએ તો તો બહુ વિચિત્ર ઘાટ થઇને રહે. આરંભના એક મર્યાદિત અંશ પૂરતું આમ કરો એ ઠીક છે, પણ સમગ્ર કૃતિ માટે એ વ્યવહારુ ગણાય નહીં. લહિયાના લેખનમાં જોડણીની અતંત્રતા હોય, પ્રત્યેક શબ્દે બિનજરૂરી અનુસ્વારો કરવામાં આવ્યા હોય, તો એવા સામાન્ય જોડણીભેદ કે ઉચ્ચારભેદવાળા પાઠાંતરોની નોંધ એ કેવળ મિથ્યા શ્રમ બની જશે. 'ગુણરત્નાકરછંદ' માં 'હરસિદ્ધિ' શબ્દ વિવિધ પ્રતોમાં સાત રીતે લખાયેલા છે. (હરસિદ્ધી, હરિસિદ્ધી, હરિશિદ્ધી, હરસિધી, હરસિધિ, હિરસિદ્ધિ, હરિસિદ્ધિ)

શબ્દભેદવાળા (ભવોદધિ - ભવસાગર), અર્થભેદવાળા (ભવવનમાં - ભવરણમાં), ભાષાદૃષ્ટિએ મહત્ત્વના (સાધુહૂઇં - સાધુનઇં) પાઠાંતરો નોંધવા જોઇએ. ક્યારેક એવું બને કે નાનો ઉચ્ચારભેદ કાવ્યનું ભાવજગત બદલી નાખતો હોય તો તેવું પાઠાંતર નોંધવું જોઇએ. જેમકે 'ગુણરત્નાકરછંદ' માં સ્થૂલિભદ્રને જોઇને હૃદયમાં ગાઢ પ્રીતિની અનુભૂતિ થયા પછી તે કહે છે -
'ગણિકા-ભાવ સ્યા માંહિ, જિસ્યઉ જલ ઉપરિ લેખું'
મુખ્ય પ્રતના 'ગણિકા-ભાવ' ને સ્થાને અન્ય પ્રતો 'ગણિકા-ભવ' પાઠ આપે છે. પરંતુ 'ગણિકા-ભવ' ને સ્થાને 'ગણિકા-ભાવ' પાઠ ભાવજગતની દૃષ્ટિએ વધારે કલાત્મક અને સૂક્ષ્મ લાગે છે. પ્રીતિના અનુભવ પછી કોશાને ગણિકાભાવ - ગણિકાપણું જળ ઉપરના લખાણ સમું વ્યર્થ ભાસે છે.

આમ ઉપર દર્શાવેલી પ્રક્રિયામાંથી પસાર થતો થતો સંપાદક કૃતિની વાચના તૈયાર કરી શકે.

કૃતિ જો સંસ્કૃત-પ્રાકૃત-જૂની ગુજરાતી જેવી ભાષાની હોય તો સાથે અનુવાદ પણ આપી શકાય. પાઠસ્વીકૃતિ અને પાઠાંતર-નોંધની પાઠચર્ચા પણ કરી શકાય. વિષયનું વિવરણ પણ સંપાદક કરે. કૃતિને છેડે સાર્થ

શબ્દકોશ તો અચૂક આપવો જોઇએ. એ જ રીતે વિષયસૂચિ તેમજ અન્ય શબ્દસૂચિઓ પણ આપી શકાય. ભાષા, છંદ વગેરે દૃષ્ટિએ ઉપયોગી પરિશિષ્ટો મૂકી શકાય. પણ એ બધા મુદ્દાઓની ચર્ચા આ લેખમાં મેં પ્રસ્તુત ગણી નથી એટલે અહીં એનો ઉલ્લેખમાત્ર કરીને જ અટકું છું.

હસ્તપ્રત-સંપાદનનું કામ એ કેવળ એક કાગળ પરથી બીજા કાગળ પરનો ઉતારો કે નકલ નથી પણ સત્યશોધની કેડીએ આગળ વધવાનો પ્રીતિપૂર્વકનો પુરુષાર્થ છે.

# ભારતબાહ્યપ્રદેશના જૈન હસ્તપ્રતભંડારો અને એમાં સંગ્રહાયેલી નોંધપાત્ર હસ્તપ્રતો

ડૉ. કનુભાઇ શેઠ

(પ્રાચીન અને મધ્યકાલીન જૈન સાહિત્ય સંશોધન પ્રવૃતિમાં કાર્યરત છે. અમેરિકા યુરોપ સહિત અનેક દેશોની લાઇબ્રેરી ગ્રંથાલયોમાં જૈન અને ભારતીયદર્શનના પુસ્તકોની સૂચિ બનાવવાના કાર્યમાં તેમનું આગવું યોગદાન છે. ગુજરાત યુનિ. ના પીએચ. ડી માટેના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપે છે.)

આધુનિક યુગમાં સુરક્ષિત સંસ્કારસંપન્ન અને પ્રગતિશીલ સમાજમાં ગ્રંથાલય - લાયબ્રેરીનું જે મહત્ત્વ છે, તેવું જ મહત્ત્વ પૂર્વકાલમાં હસ્તપ્રત - ગ્રંથભંડારોનું હતું.

ભારતમાં વિશ્વના કોઇપણ પ્રદેશ કરતાં મોટી સંખ્યામાં હસ્તપ્રતભંડારો જૈન પરંપરામાં જોવા મળે છે. કેમકે જૈનોમાં ગ્રંથસંગ્રહ કરવાની સંગઠિત વ્યવસ્થા પદ્ધતિ હતી. આના સુફળરૂપે જૈનાના અનેક ગ્રંથભંડારો સારી રીતે જળવાયેલા - રક્ષાયેલા મળી આવે છે.

ભારતીય હસ્તપ્રતો સામાન્ય અને ખાસ કરીને જૈન પરંપરાની હસ્તપ્રતો સમગ્ર ભારતના વિવિધ સ્થળે આવેલા હસ્તપ્રતભંડારોમાં, શૈક્ષણિક સંસ્થાઓમાં, જૈન ઉપાશ્રયોમાં કે દેરાસરોમાં સંગ્રહાયેલી છે. એવી રીતે ભારતબાહ્યપ્રદેશમાં પણ જૈન હસ્તપ્રતો વિવિધ સ્થળોએ આવેલ હસ્તપ્રત લાયબ્રેરીઓમાં સંગ્રહાયેલી છે. અત્રે આવા હસ્તપ્રતભંડારો અંગે માહિતી આપવાનો ઉપક્રમ છે.

બ્રિટિશના શાસનકાળ દરમ્યાન ભારતીય પ્રજા એમની જીવનશૈલી, કાર્યપદ્ધતિ અને શૈક્ષણિક વ્યવસ્થાથી પ્રભાવિત થઇ અને પરિણામે ભારતમાં

નવી શૈક્ષણિક પ્રથા ચાલુ થઇ. અનેક નવા શૈક્ષણિક ક્ષેત્રે ખેડાણ શરૂ થયું. હસ્તપ્રત વિદ્યાશાસ્ત્રમાં પણ નવું ખેડાણ થવું - આના વિકાસમાં બ્રિટિશરોનો નોંધપાત્ર ફાળો છે. વિવિધ - સર્વ - ખોજને અંતે અનેક હસ્તપ્રતો શોધી કાઢવામાં આવી. જેમાં વિપુલ પ્રમાણમાં જૈન હસ્તપ્રતો મળી આવી. ઇ.સ.૧૮૫૦થી આ પ્રવૃત્તિ ચાલુ થઇ હતી.

યુરોપિયન વિદ્વાનોને હસ્તપ્રતોમાં સારો એવો રસ પડ્યો. તેઓએ આ સંદર્ભમાં અનેક સંશોધન કરવા માંડ્યાં. જેને પરિણામે ભારતીય હસ્તપ્રતો-ખાસ કરીને જૈન હસ્તપ્રતો ભારત બહારના પ્રદેશો, જર્મની, ઓસ્ટ્રીયા, ઇટાલી, ફ્રાન્સ, યુ.કે., વગેરેમાં સંગ્રહાઇ. યુરોપીઅન સંશોધકો ડૉ. હર્મનજેકોબી, શુબ્રિંગ, બુલ્હર, બેન્ડલ, પુલે, આલ્સડોર્ફ વગેરેએ આ ક્ષેત્રમાં તલસ્પર્શી, ઊંડુ અને સુદીર્ઘ ખેડાણ કર્યું. જેને પરિણામે ભારતીય હસ્તપ્રતો ભારત બાહ્યપ્રદેશોમાં સારી સંખ્યામાં સંગ્રહિત થઇ. આજે બ્રિટિશ લાયબ્રેરી લંડન, બ્રિટિશ મ્યુઝિયમ(લંડન), વેલ્કમ ટ્રસ્ટ(લંડન), ઓક્સફોર્ડ યુનિવર્સિટી, રોયલ અને એશિયાટિક સોસાયટી(લંડન), કેમ્બ્રીજ યુનિવર્સિટી(લંડન), ફ્લોરેન્સ યુનિવર્સિટી(ઇટલી), સ્ટ્રાન્સબર્ગ યુનિવર્સિટી, પેરિસ યુનિવર્સિટી, બર્લિન લાયબ્રેરી, વગેરેમાં અનેક સ્થળોએ ભારતીય હસ્તપ્રતો - જૈન હસ્તપ્રતો મળી આવે છે.

બ્રિટિશ લાયબ્રેરી, લંડન

બ્રિટિશ લાયબ્રેરીમાં આશરે ૪૨૦૦૦ હસ્તપ્રતોનો વિશાળ સંગ્રહ છે. જેમાં એશિયાની ૮૦ જેટલી વિવિધ ભાષાની હસ્તપ્રતો સંગ્રહાયેલી છે. જેમાં સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, રાજસ્થાની, ગુજરાતી, ફારસી, ઉર્દુ, બલુચી, અવસ્થા બંગાલી, ભૂતાની, કમ્બોડિયન, ચાઇનીઝ, હિબ્રુ, જાપાનીઝ, બર્મીઝ, મલયાલમ, ઓરિયા, પહેલવી, પર્શિયન, સિંહાલી, વગેરે ભાષાની હસ્તપ્રતો જોવા મળે છે.

બ્રિ. લા. માં આશરે વિવિધભાષા- સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, હિન્દી, પ્રાચીન રાજસ્થાની, પ્રાચીન ગુજરાતી, ઇત્યાદિ અનેક ભાષાની ૮૦૦ જેટલી જૈન હસ્તપ્રતો સંગ્રહાયેલી છે. છેલ્લા દસેક સૈકા દરમ્યાન આ હસ્તપ્રતો પ્રાપ્તિ અંગેનો ઇતિહાસ પણ નોંધનીય છે. આ પ્રાપ્તિસ્ત્રોત (sources) પાંચવિભાગમાં વિભક્ત થયેલો છે.

1) William Erskine Collection :-

ભારતમાં મિલીટરી ઓફીસર્સ તરીકે ફરજ અદા કરનાર smiles અને William Erskine દ્વારા સંગ્રહિત હસ્તપ્રત સંગ્રહ. તે હસ્તપ્રતસંગ્રહ બ્રિ. લા. એ તેમની પાસેથી ઇ.સ. ૧૮૯૧ માં ખરીદ્યો હતો. આમાં આશરે 33 જેટલા જૈન હસ્તપ્રતો ક્રમાંકો પ્રાપ્ત થાય છે.

૨) Cecil Bendall Collection

Mr. Cecil Bendall જેઓ ભારતીય સાહિત્ય અને ખાસ કરીને બૌદ્ધ સાહિત્યના જાણકાર વિદ્વાન હતા. તેમણે પોતાના અંગત રસના હિસાબે જે હસ્તપ્રતો એકત્રિત કરી હતી તે હસ્તપ્રતનો સંગ્રહ તેમનીજ પાસેથી બ્રિ. લા. ઇ. સ. ૧૮૮૬ માં ખરીદ્યો હતો. એમાંથી ૮ જેટલા હસ્તપ્રત ક્રમાંકમાં જૈન હસ્તપ્રતો જોવા મળે છે.

3) Jacobi Collection

Mr. Hermann Jacobi નામના જર્મન વિદ્વાન કે જેઓ ભારતીય સંસ્કૃતિના નિષ્ણાંત અને સંસ્કૃત-પ્રાકૃત ભાષાના પ્રખર વિદ્વાન હતા. તેમણે એમના ભારતનિવાસ દરમ્યાન પોતાના સંશોધન કાર્ય અર્થે ભારતના જેસલમેર, જોધપુર, બિકાનેર જેવા સ્થળોએ ઉત્તમ પ્રકારની વિવિધ હસ્તપ્રતોનો સંગ્રહ કર્યો હતો. તે સંગ્રહ ઇ.સ. ૧૮૮૬ માં બ્રિ. લા. એમની પાસેથી ખરીદ્યો હતો. જેમાં ૮૪ જેટલી હસ્તપ્રત ક્રમાંક પ્રાપ્ત થાય છે.

૪) Ratnavijayjisuri Collection :-
અમદાવાદના રહીશ ભગવાનદાસ કેવળદાસ કે જેઓ યુરોપીયન સંશોધકોને ભારતીય હસ્તપ્રતો પૂરી પાડતા હતા, તેની પાસેથી કેટલાક હસ્તપ્રતો બ્રિ. લા. ખરીદી હતી. તે સંગ્રહ રત્નસુંદરસૂરિના સંગ્રહ રૂપે ઓળખાય છે જેમાં ૬૩ જેટલી જૈન હસ્તપ્રત પ્રાપ્ત થાય છે.

૫) Jambuvijayji Collection :-
આ સંગ્રહમાં અપભ્રંશ, જૂની ગુજરાતી રાજસ્થાની ભાષાની કેટલીક અન્ય સ્થળે પ્રાપ્ત થાય એવી વિરલ હસ્તપ્રતો જુદા જુદા sources પાસેથી બ્રિ.લા. એ ૨૦ સદીમાં ખરીદી હતી. જેમાં આશરે ૨૦૦ જેટલી હસ્તપ્રતોનો સંગ્રહ છે.

આમ ૧૮મી સદીથી માંડીને આજ દિવસ સુધી બ્રિ. લા. દ્વારા પ્રાચીન હસ્તપ્રતો ખરીદવાનું કાર્ય ચાલુ જ છે જેના કારણે બ્રિટિશ લાયબ્રેરીનો હસ્તપ્રત ભંડાર દિન-પ્રતિદિન વિશેષ સમૃદ્ધ થતો રહે છે.

આમ ઉપર્યુક્ત પ્રાપ્તિસ્ત્રોત દ્વારા પ્રાપ્ત લગભગ ૮૦૦ જેટલી જૈન હસ્તપ્રતો બ્રિ. લા. માં સચવાયેલી છે, જેનું વિષયવાર વર્ગીકરણ કરવામાં આવે તો એમાં નીચેની વિગતે હસ્તપ્રતો સંગ્રાહાયેલી જોવા મળે છે.

૧) આગમિક સાહિત્ય : અંગઉપાંગ, છેદસૂત્ર, મૂળસૂત્ર, પ્રકીર્ણક, નિશીથ, ભાષ્ય, ચૂર્ણિ વગેરેની હસ્તપ્રતો.
૨) સૈદ્ધાંતિક સાહિત્ય : તત્ત્વાર્થસૂત્ર, કર્મગ્રંથ, દ્રવ્યસંગ્રહ જેવી હસ્તપ્રતો.
૩) દર્શનશાસ્ત્રીય સાહિત્ય : પ્રવચનસાર, તત્ત્વબોધ, તત્ત્વતરંગિણી વગેરે જૈન હસ્તપ્રતો.
૪) કોસ્મિલોજિક સાહિત્ય : જૈન ખગોળ, ભૂગોળ વિષયક - સંગ્રહણીસૂત્ર, ક્ષેત્રસમાસ જેવી હસ્તપ્રતો.

૫) કથા સાહિત્ય : તીર્થંકરોનાં ચરિત્ર, શાલિભદ્ર - કાલિકાચાર્ય જેવા શ્રાવકોનાં ચરિત્રોનું નિરૂપણ કરતી હસ્તપ્રતો.

૬) ઉપદેશાત્મક સાહિત્ય : ઉપદેશમાળા, ઉપદેશપદ, વગેરેની હસ્તપ્રતો.

૭) સ્તોત્ર સાહિત્ય : ભક્તામર, કલ્યાણમંદિર સ્તોત્ર, નવસ્મરણ, સાતસ્મરણ, જેવી હસ્તપ્રતો.

૮) વિધિવિધાન સાહિત્ય : ચૈત્યવંદન, વંદનકભાષ્ય, જેવી હસ્તપ્રતો.

૯) તીર્થ સાહિત્ય : શત્રુંજય મહાત્મ્ય, શત્રુંજયોદ્ધાર વગેરે જેવી હસ્તપ્રતો.

૧૦) વ્યાકરણ સાહિત્ય : અભિધાન ચિંતામણિ, નામમાળા, જેવી હસ્તપ્રતો.

૧૧) છંદ સાહિત્ય : પ્રાકૃત છંદ, પ્રાકૃત કોશ, પ્રાકૃત પ્રકાશ, જેવી હસ્તપ્રતો.

૧૨) જૈન ગચ્છ વિષયક સાહિત્ય : ગચ્છ, પટાવલી, સંઘપટક જેવી હસ્તપ્રતો.

૧૩) દિગંબર જૈન સાહિત્ય : સમયસાર, કર્મગ્રંથ જેવી હસ્તપ્રતો.

૧૪) પુરાણ સાહિત્ય : હરિવંશ પુરાણ, પદ્મપુરાણ જેવી હસ્તપ્રતો.

આમ મોટા ભાગના વિષયોને આવરી લેતી હસ્તપ્રતો અહીં સંગ્રહાયેલી છે.

કેટલીક નોંધપાત્ર હસ્તપ્રતો નીચે મુજબ છે. અત્રે જૈનોમાં સવિશેષ પ્રચાર પ્રસાર પામીને અને સન્માનીય એવા કલ્પરસ ની અનેક સુંદર સચિત્ર હસ્તપ્રતો સારી રીતે સચવાયેલી અને રક્ષાયેલી જોવા મળે છે.

ઇ.સ. ૧૪૬૪ માં લખાયેલ - ચિત્રાયેલ કલ્પરસની હસ્તપ્રત (OR 5149) માં ૩૭ જેટલાં તીર્થંકરોનાં ચરિત્રના પ્રસંગોને આલેખતા વિવિધ રંગોવડે દોરાયેલ ચિત્રો જોવા મળે છે. જેનું લખાણ હજીપણ અકબંધ - જાણે હમણા જ લખાયેલું હોય તેવું સુવ્યવસ્થિત અને સુવાચ્ય છે.

બીજી એક કલ્પસૂત્રની (GR 11921) ઇ.સ. ૧૪૮૭ માં લખાયેલીહસ્તપ્રતમાં સુંદર ૪૩ ચિત્રો છે. ત્રીજી એક કલ્પસૂત્ર (OR 12744) ઇ.સ. ૧૪૯૩ માં લખાયેલી હસ્તપ્રત માં ૪૩ જેટલાં સુંદર ચિત્રો છે. અન્ય લગભગ ૪૦ જેટલી કલ્પસૂત્રની હસ્તપ્રતો, સંસ્કૃત, પ્રાકૃત, ટીકાત્મક સાહિત્ય, તથા, સ્તવક બાળવબોધ સહિત છે તે અત્રે સંગ્રહાયેલી છે જેવી કે કલ્પમંજરી કલ્પલત્તા

સુખબોધા, કલ્પદ્રુમ, સ્તબક, બાળાવબોધ, કલ્પતર વાચ્ય વગેરે. ઉત્તરાધ્યયન સૂત્રની પણ એક સચિત્ર સુંદર હસ્તપ્રત અત્રે મળે છે.

છેદસૂત્ર - જિતકલ્પ (OR 1385A) તાડપત્રીય જિતકલ્પ ચૂર્ણી (OR 1385B) તાડપત્રીય તથા જિત કલ્પ તાડપત્રીય (OR 1380) (ઇ.સ.૧૨મી સદી) હસ્તપ્રતો પણ નોંધપાત્ર છે. સંગ્રહણીસૂત્ર(OR13454) ૪૪ ચિત્રાંકનો ઇ.સ. ૧૬૪૩ તથા પ્રજ્ઞાપજ્ઞાસૂત્ર (OR7619) ની ૧૪મી સદીની બે સુંદર (સમગ્ર પૃષ્ઠને આવરી બેના) ચિત્રોવાળી હસ્તપ્રત પણ અત્રે સંગ્રહાયેલી છે. સંગ્રહણી સૂત્ર (OR13454) ૪૪ ચિત્રાંકનો (ઇ.સ.૧૬૪૩) તથા સંગ્રહણીસૂત્ર (OR2116C) લઘુક્ષત્ર સમાસ ની ત્રણ હસ્તપ્રતો (OR2117) ઇ.સ. ૧૬૮૧ ની લખાયેલી રંગીન રેખાકેન ચિત્રોક્ત જોવા મળે છે. જંબુસ્વામી સંગ્રહમાં આશરે ૨૦૦ જેટલી હસ્તપ્રતો છે. જેમાં ૧૪-૧૫ સદીથી આરંજન આજપર્યુંક્ત ના રામવની વિવિધ પ્રકારની વિવિધ વિષયક પ્રાચીન ગુજરાતી, પ્રાચીન રાજસ્થાની માં લખાયેલી આગમ પરની ટીકાઓ - સ્તબક /બાળવબોધ/ સ્તવન / સ્તોત્ર / સજ્ઝાય / વિવાહલુ / સ્વાધ્યાય / કથા, રાસ, જેવી રચનાઓ સંગ્રહાયેલી છે. આવા પ્રાચીન ગુજરાતી, રાજસ્થાની હસ્તપ્રો, ધરાવતો સંગ્રહ યુરોપમાં અન્ય કોઇ સ્થળે પ્રાપ્ત થતો નથી. તે રીતે નોંધ પાત્ર છે. આમાંની કેટલીક હસ્તપ્રતો નીચે પ્રમાણે છે:

રાજીમતી સજ્ઝાય-સોમવિમલકૃત પત્ર ૨(JV412) ચૈત્રીની શોધ લબ્ધિરત્નકૃત પત્ર ૪૧ (JVs/4)

અરણિક મુનિ સ્વાધ્યાય રૂપવિજયકૃત પત્ર ૧(JV15)

નવકારછંદ કુશલલાભકૃત પત્ર ૨ (JV38)

સીમંધરસ્વામી સ્તવ જ્ઞાનવિમલકૃત પત્ર ૧ (JV47)

મહાવીરફાગ વિનયવિજયકૃત પત્ર ૩ (JV8912)

નવતત્ત્વચોપાઇ દેવચંદ્રકૃત પત્ર ૧૫ (JV133)

ક્ષેત્રસમાસ રત્નશેખારગુજ બાલાઅવબોધ (JV170)

ઉપદેશમાળા ધર્મદાસગણિકૃત સ્તવકસર (JV 180)

શુકસપ્તતિકથા ગુણમેરૂ શિલ્પ પત્ર ૩૯(JV19)

નેમિનાથરાસ રૂપચંદ્રકૃત પત્ર ૪ (JV29)
મધ્યકાલીન ગુજરાતીની સચિત્ર કથાત્મક કૃતિઓ પણ અત્રે નોંધ પાત્ર છે. શાલિભદ્રચોપાઇ કુશલલાભકૃત સુંદર ૪૩ લઘુચિત્રો સહિત (૦૪૧૩૫૨૦) ઠોલુમારૂ ચોપાઇ કુશલલાભકૃત ૩૩ લઘુ ચિત્રો સહિત (૦૪૧૪૬૦૭૯) માધવાનંદ કામકલા ચોપાઇ કુશલલાભકૃત ( ૧ લઘુચિત્રો સહિત (JV146076) ઉલ્લેખનીય છે.
આ ઉપરાંત આદિત્યવાર કથા જે વિશાલલાભકૃત ભારતભરમાં ખાસ કોઇ જગ્યાએ ઉપલબ્ધ નથી કે જેમાં આદિત્ય-રવિવારના વ્રત વિષે સુંદર કથા છે-જેના ૨૦ લઘુ ચિત્રો છે. રચના ઇ. સ. ૧૪૭૦ (OR14290) અત્રે સંગ્રહાયેલી નોંધપાત્ર છે.
વળી, યંત્રમંત્ર સાથે ભક્તામર સ્તોત્રની એક સુંદર હસ્તપ્રત (OR13741) કે જેમાં પ્રત્યેક પૃષ્ઠ પર ભક્તામર સ્તોત્રની એક ગાથા, તેનું યંત્ર, તેનો મંત્ર, તે કરવાની વિધિ તથા તેનું ફળ સુંદર રીતે જૂની ગુજરાતીમાં વર્ણવેલ છે.
દિગંબર સાહિત્યમાં અત્રે કર્મકાંડ નેમિચંદ્રકૃત (Add 25022/9)પર પર્શિયન ભાષામાં લખાયેલી કૃતિ છે. વળી પંચાશિકાપ કુંદકુંદ આચાર્ય કૃત (Add 2502216)પર પણ પર્શીયન ભાષામાં વૃત્તિ લખાયેલી છે. વળી બનારસીદાસ કૃત સમયસાર નાટકની હસ્તપ્રત પણ અત્રે સંગ્રહાયેલી છે. બિ. લિ. ના આર્કાઇઝ (archies) વિભાગમાં 'જંબુદ્વીપ', 'અઢીદ્વીપ' 'લોકપુરુષ' વગેરે છ જેટલા સુદીર્ઘ લંબાઇયુક્તનક્ક હસ્તપ્રતો છે જેના વિવિદ રંગો વડે કરાયેલા રેકાંકનો આકૃતિઓ માટે જોવા મળે છે.
અત્રે એક નોંધપાત્ર લક્ષણ એ છે કે દરેક હસ્તપ્રતને વ્યક્તિગત કે વધુ સંખ્યામાં તેની લંબાઇના આધારે પુસ્તક આકારે બાઇન્ડ કરવામાં આવી છે જે એને વિશેષ સુરક્ષિત બનાવે છે. ઘણાં પુસ્તકોના ખૂણાને ટિશ્યુપેપર વડે રીપેર કરવામાં આવ્યા છે. સચિત્રાત્મક હસ્તપ્રતોમાં પ્રત્યેક પૃષ્ટને Transperent plastic sheet વડે મઢી લેવામાં આવ્યા છે જેથી પૃષ્ટને બંને બાજુથી સારી રીતે વાંચી શકાય છે. એક નોંધપાત્ર લક્ષણ એ છે કે બિ. લા. કેટલીક

હસ્તપ્રતો એવી છે કે જે ભારતના હસ્તપ્રત ભંડારમાં ભાગ્યેજ મળે છે. અત્રે હસ્તપ્રતો સારી રીતે સચવાયેલી છે. જેમાં બ્રિટિશ મ્યુઝિયમ અને વિક્ટિઓરિયા અને આલ્બર્ટ મ્યુઝિયમની હસ્તપ્રતોનું કેટલોગ કાર્યમાં સમાવેશ કરવામાં આવેલ છે. સંશોધકોને ઉપયોગી સાધન સામગ્રી પૂરી પાડે છે. બ્રિટિશ લાયબ્રેરીની અતિ આવકાર્ય અને ઉલ્લેખનીય વિશેષતા એ છે કે સંશોધકોને તે સરળતાથી ઉપલબ્ધ થઇ શકે છે. અહીં લાયબ્રેરીમાં સંશોધન કાર્ય કરવા માટે ઉત્તમ સગવડ અને સુવિધા પૂરી પાડવામાં આવતી હોવાને કારણે વિશ્વભરમાંથી અનેક સંશોધકો આવે છે અને પોતાનું સંશોધન કાર્ય સરળતાથી કરી શકે છે. હાલ અત્રે રહેલ જૈન હસ્તપ્રતનું Descriptive catalouge લંડનના ઇન્સ્ટીટ્યુટ ઓફ જૈનોલોજી દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. આ કાર્ય પ્રથમ ભારતના જર્મનસ્થિત બૌદ્ધ અને જૈનવિદ્યાના નિષ્ણાંત શ્રી ચંદુભાઇ ત્રિપાઠીએ હાથ ધર્યું હતું. તેમના એકાએક સ્વર્ગવાસથી આ કાર્ય અટકી પડયું હતું. તેમનું આ અધૂરૂં કાર્ય તેમની સંશોધક ત્રિપુટી મિત્રોએ હાથ ધર્યું. અમદાવાદમાં એલ ડી ઇન્સટિટ્યુટ ઓફ ઇન્ડોલોજી ના હસ્તપ્રત વિભાગના નિવૃત વડા અને હસ્તપ્રત વિદ્યાના નિષ્ણાંત ડૉ. કનુભાઇ વ. શેઠ પેરીસ યુનિ. ના પ્રો. અને સંસ્કૃત પ્રાકૃત વિદ્યાના નિષ્ણાંત ડોનલીની તથા સંસ્કૃત-પ્રાકૃત ભાષામાં પીએચ.ડી ઉપાધિ ધરાવનાર કલ્પના શેઠે આ કાર્ય શરૂ કર્યું અને પૂર્ણ કર્યું. હાલમાં આ કેટલોગની કેમેરા કોપી ડોનલીની તૈયાર કરી રહ્યા છે. જે લગભગ ૧૩૦૦ પૃષ્ટ છે. જે બે વોલ્યુમમાં ટૂંક સમયમાં પ્રકાશિત થશે. આ પ્રોજેક્ટનો સર્વ યશ ઇન્ટિટ્યુટ ઓફ જૈનોલોજી લંડન અને તેના મુખ્ય સૂત્રધાર શ્રી નેમુભાઇ ચંદરિયા તથા તેમના પરિવારને ફાળે જાય છે.

બ્રિટિશ મ્યુઝીયમમાં રહેલી સર્વ હસ્તપ્રતો હાલ બ્રિટિશ લાયબ્રેરીના હસ્તપ્રત વિભાગમાં સામેલ કરી દેવામાં આવી છે જેના કલ્પસૂત્રની (1959, 4, 5) બે સુંદર ચિત્રો વાળી (ઇ.સ. ૧૪૭૦) તથા અન્ય કેટલીક ૧૬ મી - ૧૭મી સદીની સચિત્ર હસ્તપ્રતો મળે છે. આ હસ્તપ્રતોનું કેટલોગીંગ બ્રિટિશ લાયબ્રેરીના કેટલોગમાં સમાવી લેવામાં આવ્યું છે.

Victoria and albert museum, london

આ વિશ્વવિખ્યાત મ્યુઝીયમમાં બીજી અનેક હસ્તપ્રતો સાથે કેટલીક સચિત્ર હસ્તપ્રતો સંગ્રહાયેલી છે જે એમાં આલેખાયેલા રંગીન ચિત્રો માટે નોંધપાત્ર છે. અત્રે સળંગ હસ્તપ્રતો નહીં પણ એના સચિત્ર પત્રો સારી રીતે સચવાયેલા છે.

કલ્પસૂત્ર (IM6-1931-IMI2-1931) માં સાત રંગીન ચિત્રો જોવા મળે છે. બીજી એક કલ્પસૂત્રની (1946-1959-1592-1959)હસ્તપ્રતમાં લગભગ ૩૧ સુંદર રંગીન ચિત્રો આલેખાયેલા છે. આ ઉપરાંત જંબુદ્વિપનો વસ્ત્રપટ્ટ (CIRE 91-1970) ૧૯મી સદીમાં ચિત્રાયેલ છે જેમાં વિવિધ રંગના સુંદર રંગીન ચિત્રાંકનો પ્રાપ્ત થાય છે. સંગ્રહણી સૂત્ર ની એક અતિ સુંદર રેખાંકન યુક્ત હસ્તપ્રત (1535-1-1971-1935-141971) અત્રે સંગ્રહાયેલી છે.

WELLCOME INSTITUTE, LONDON

લંડનમાં આવેલી WELLCOME INSTITUTE FOR THE HISTORY OF MEDICINE નામની સંસ્થાની લાયબ્રેરીમાં અનેક ભાષાની હસ્તપ્રત સંગ્રહાયેલી છે.

આ લાયબ્રેરીમોં સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, પ્રાચીન ગુજરાતીની આશરે ૬૦૦૦ હસ્તપ્રતો છે. આ સંગ્રહની મોટા ભાગની હસ્તપ્રતો ઇ.સં ૧૯૧૧ થી ઇ.સં ૧૯૨૧ ના સમયગાળામાં આ સંસ્થાના સ્થાપક સર હેંરી વેલકમના હસ્તપ્રતના એજંટ ડૉ. પારીઆ મોલ દ્વારા પ્રાપ્ત થયેલી છે. એમણે ભારત ખાતે અમૃતસરમાં રહીને પંજાબ, રાજસ્થાન, દિલ્હી, બનારસ અને કલકત્તા માંથી વેલકમ વતી હસ્તપ્રતો ખરીદી હતી. જે વેલકમની લાયબ્રેરીમાં સંગ્રહમાં આવી હતી. આ પછી ડૉ. બનારસી જૈન દ્વારા ઇ.સં૧૯૨૬ થી ૧૯૪૩ ના સમય ગાળા દરમ્યાન જે સંસ્કૃત હસ્તપ્રતો ખરીદવામાં આવી તે અત્રે વેલકમમાં રાખવામાં આવી. હસ્તપ્રતના વિક્રેતા ભજનલાલ પાસેથી પણ ઇ.સં ૧૯૨૬ થી ૧૯૩૫ માં અનેક હસ્તપ્રતો ખરીદવામાં આવી હતી. જે વેલકમની

લાયબ્રેરીમાં મૂકવામાં આવી. કેટલીક હસ્તપ્રતો સ્ટિવંસ નામના લંડનના AUCTIONEERS હરાજી કે લીલામ કરનાર પાસેથી મેળવવામાં આવી હતી.

આ હસ્તપ્રતોના કેટલોગનું કાર્ય-હેન્ડલીસ્ટનું કાર્ય ઇ.સં ૧૯૫૪ માં ડૉ. રાઘવનની વેલકમ સંસ્થાની ટૂંકી મુલાકાત દરમ્યાન કરવામાં આવ્યું હતું. એમનો મુખ્ય રસ સંસ્કૃત ભાષાની હસ્તપ્રતોની નોંધ કરવાનો હતો અને આ દરમ્યાન એમને કેટલીક પ્રાચીન ગુજરાતી, પ્રાચીન રાજસ્થાની અને કેટલીક ભાષા (વ્રજ ભાષા) ની હસ્તપ્રતની નોંધ પણ કરી હતી. ઇ.સં ૧૯૭૦ માં ડિવિડ પિંગ્રી નામના અમેરિકન વિદ્વાને જ્યોતિષ વિષયક હસ્તપ્રત અંગે નોંધ તૈયાર કરી હતી.

ઇ.સં ૧૯૭૭ માં DOMONIK WYASTYEનામના સંસ્કૃત ભાષાનાં વિદ્વાને સંસ્કૃત ભાષાનું હસ્તપ્રતનું કેટલોગ કાર્ય કર્યું, જે ઇ.સં ૧૯૮૫ માં પ્રગટ થયું છે. ઇ.સં ૧૯૮૧ ૮૨ દરમ્યાન અંજના શર્મા નામની વિદ્યાર્થિનીએ કેટલીક પ્રાચીન ગુજરાતી, પ્રાચીન રાજસ્થાની હસ્તપ્રતનું કેટલોગ કાર્ય કર્યું. પણ એકાદહજાર હસ્તપ્રતના રેકોર્ડ કાર્ડ બન્યા પછી તે કોઇ કારણે બંધ પડયું.

આપની ઇ.સં ૧૯૯૬ માં પીટર ફ્રૈંડલાંચ દ્વારા DESCRIPTIVE CATALOUGE OH HINDI MANUSCRIPTSપ્રકાશિત કરવામાં આવ્યું જેમાં ૮૩૦ જેટલી હસ્તપ્રતોનું કાર્ય થયું છે જેમાં ૨૨૮ જેટલી જૈન હસ્તપ્રત છે. આ પછી ઇ.સં ૨૦૦૨ માં વેલકમ ટ્રસ્ટ અને ઇસ્ટિ. ઓફજૈનોલોજીના સંયુક્ત ઉપક્રમે વેલકમ ઇંસ્ટિ. ની લાયબ્રેરીમાં રહેલી જૈન હસ્તપ્રતના કેટલોગીંગનું કાર્ય અમદાવાદની વિશ્વવિખ્યાત શોધ સંસ્થા ઇન્ડોલોજીના નિવૃત્ત થયેલા હસ્તપ્રત વિભાગના વડા ડૉ. કનુભાઇ શેઠ અને હસ્તપ્રત વિદ્યાના નિષ્ણાંત ડૉ. કલ્પના શેઠ દ્વારા DESCRIPTIVE CATALOUGEતૈયાર કરવાના પ્રોજેક્ટનો પ્રારંભ થયો. સર્વ પ્રથમ વેલકમની લાયબ્રેરીમાં રહેલી સંગ્રહાયેલી

હસ્તપ્રતોમાંથી જૈન હસ્તપ્રતો અલગ તારવી લેવામાં આવી અને એક હેંડલીસ્ટ તૈયાર કરવામાં આવ્યું. જેના લગભગ ૧૫૦૦ જેટલી હસ્તપ્રતો નોંધવામાં આવી.

ઇ.સં ૨૦૦૩ દરમ્યાન આ સંસ્થાની હસ્તપ્રતના DESCRIPTIVE CATALOUGE નું કાર્ય શરૂ કરવામાં આવ્યું. પાંચ મહિનાના ટૂંકા ગાળામાં આશરે ૪૫૦ જેટલી હસ્તપ્રતનું કેટલોગ કાર્ય કરવામાં આવ્યું.

આ લાયબ્રેરીની કેટલીક નોંધપાત્ર હસ્તપ્રતો નીચે પ્રમાણે છે :
પ્રાચીનમાં પ્રાચીન હસ્તપ્રત શ્રી હેમચંદ્રાચાર્યકૃત અભિધાનચિંતામણિ (B369) ઇ.સં ૧૨૯૩ ની કાગળ પર લખાયેલી પત્ર ૪૮ ની હસ્તપ્રત ખાસ નોંધપાત્ર છે.
જસહરચરિઉ (I 125) નામની સચિત્ર હસ્તપ્રતમાં ૩૫ જેટલાં સુંદર રંગીન ચિત્રો છે.
ગણિતપંચવિશંતિ શ્રીધર પ્રત નામની વિરલ હસ્તપ્રત (MSQ 1217)એક નોંધપાત્ર પ્રાચીન હસ્તપ્રત છે
કાલિકા આર્યકથા (MSB365)ની ઇ.સં ૧૫ મી સદીની સુંદર સોનેરી ચિત્રો સહિત હસ્તપ્રત લક્ષપાત્ર છે.
પિંડવિશુદ્ધિ (B1502)ઇ.સં ૧૩ મી સદીમાં લખાયેલી હસ્તપ્રત નોંધપાત્ર છે.
ધાતુપાઠ શ્રીહેમચંદ્રાચાર્ય કૃત ૧૩મી સદીની કાગળ ઉપર લખાયેલી હસ્તપ્રત અત્રે જોવા મળે છે.
સંગ્રહણી સૂત્ર સચિત્ર પ્રતો પણ અત્રે સંગ્રહાયેલી છે. જૈનાચાર્યકૃત આયુર્વેદ અને ચિકિત્સા શાસ્ત્રની પરના મૂળ ગ્રંથો અને તેવી કૃતિઓ પર લખાયેલા જૈનાચાર્ય કૃત ટીકાત્મક સાહિત્ય પણ અત્રે વિપુલ પ્રમાણમાં સચવાયેલ છે. કેટલીક 'જંબુદ્વીપ', 'અઢીદ્વીપ' 'ક્ષેત્ર સમાસના' રંગીન વસ્ત્રપટ્ટો પણ અહીં જોવા મળે છે.

Royal Asiatic Society, London

આ સંસ્થાના હસ્તપ્રત ભંડાર અંતર્ગત એક Toad નો હસ્તપ્રત ભંડાર છે જેમાં ભારતીય ભાષાની ૧૫૦ જેટલી હસ્તપ્રતો છે જેમાં આશરે ૬૦ જેટલી જૈન હસ્તપ્રતો છે જેમાં કેટલાક નોંધપાત્ર હસ્તપ્રતો છે.

Indian Institute Library, Oxford

આ લાયબ્રેરીમાં ૪૦ જેટલી હસ્તપ્રતો છે જેનું પ્રાથમિક કેટલોગ પ્રકાશિત થયેલ છે. એ C A Catalouge Of Sanskrit And prakrit MSS In The Indian Institute Library Oxford By A D Keith Bodleian Library એકંદરે ૮૫ જેટલી હસ્તપ્રતો સંગ્રહાયેલી છે જેનું કેટલોગ પ્રકાશિત થયેલ છે. Catalouge of Snaskrit manuskript In The Bodleian Library Vol 2 M . Winternit 2 આ ઉપરાંત Bodleian Library માં પ્રાકૃત ભાષાની એકંદરે ૮૦ જેટલી જૈન હસ્તપ્રતો સંગ્રહાયેલી છે જેનું કેટલોગ પ્રકાશિત થયેલ છે. Catalouge Of Sanskrit And prakrit MSS In The Indian Institute Library Oxford By A D Keith માં નીચે પ્રમાણે નોંધપાત્ર હસ્તપ્રતો છે.

રાજશેખર કૃત ક્ષેત્ર સમાસ (ક્રમાંક ૫૮) ઇ.સં ૧૭ મી સદીમાં લખાયેલ છે જેના સુંદર રંગીન ચિત્રાંકનો છે.

ચંદ્રસુરિ કૃત સંગ્રહણીસૂત્ર(ઇ.સં ૨૫મી સદિ) અવચુરિની હસ્તપ્રત સુંદર ચિત્રાંકન સહિત મળે છે. Bodleian Library માં સંસ્કૃત હસ્તપ્રતોમાં નીચે પ્રમાણે નોંધપાત્ર હસ્તપ્રતો છે. આવશ્યકકાવસૂરિ જ્ઞાનસાગરકૃત (ઇ.સં ૧૪૦૨) સ્વહસ્તાક્ષરપ્રત એક ચોક્સાઇ પૂર્વકના લખાણ માટે નોંધપાત્ર છે.

જિનશતક જુંબુગુરુકૃત (ઇ.સં ૧ ૭૧૦) એમાં હસ્તપ્રતના મધ્ય ભાગમાં શુભાંકનો મુકવામાં આવ્યા છે જે લક્ષપાત્ર છે.

નેમિચંદ્રકૃત કર્મકાંડ (ઇ.સં ૧૮૦૦ માં લખાયેલી) પર્શિયન ભાષામાં જેના પર ટીકા લખાયેલી છે તે એક નોંધપાત્ર હસ્તપ્રત છે.

ફ્રાન્સના Stasbours Libraryમાં ૩૪૪ જેટલી જૈન હસ્તપ્રતો સંગ્રહાયેલી છે જેમાં સામાન્ય રીતે બીજી હસ્તપ્રત લાયબ્રેરીમાં ન સંગ્રહાયેલી હસ્તપ્રતો છે. ખાસ કરીને દિગંબર સંપ્રદાયની સારી સંખ્યામાં (આશરે ૪૨) હસ્તપ્રતો અત્રે જોવા મળે છે. આ હસ્તપ્રતોનું કેટલોગકાર્ય જર્મની સ્થિત ભારતીય વિદ્વાન (ગુજરાતી) ડૉ. ભાલચંદ્ર ત્રિપાઠી એ તૈયાર કરી પ્રકાશિત કર્યું છે. Catalogue Of The Jain Manuscript Of Strasbours, 1975 આ ગ્રંથભંડારમાં આગમ સાહિત્યની પ્રાચીન હસ્તપ્રતો સંગ્રહાયેલી છે જેમકે ઉપાદશાંકસૂત્ર, વિવાકસૂત્ર, પ્રશ્નવ્યાકરણ વગેરે નંદીસૂત્ર જિનદાસ કૃતની પ્રાચીન તાડપત્રીય હસ્તપ્રત (૧૩મી સદિ)૯૭ પત્રની સારી સ્થિતિમાં સચવાયેલી મળે છે (સીરિયલ ક્રમાંક ૪૯)

૧૪૦ પત્રની ઇ.સં ૧૩ મી સદી પણ નોંધપાત્ર છે.
રામચરિત્ર દેવવિજયકૃત (સીરીયલ ક. ૨૦૩) ઇ.સં ૧૫૯૪ ની રચના અને લેખન ઇ.સં ૧૫૯૪ સ્વ હસ્તાક્ષર પ્રત છે.
ઉપમિતિભવપ્રપંચ કથા (રચના ઇ.સં ૯૦૬) ની (સી. ક. ૧૯૨)
૪૭૧ પત્રની હસ્તપ્રત અત્રે સંગ્રહાયેલી છે.
કેટલીક અપ્રકાશિત હસ્તપ્રતો જેવી કે સિદ્ધાંતસાર
ભાવસેનકૃત (સી. ક. ૧૬૩), ભક્તિ મુક્તિ વિચાર
ભાવસેનકૃત (સી.ક. ૧૬૪) ન્યાયસૂરાવલી
ભાવસેનકૃત (સી. ક. ૧૬૫) નોંધપાત્ર છે.
કેટલીક સચિત્ર હસ્તપ્રતો નોંધપાત્ર છે
આવશ્યક નિર્યુક્તિ અજ્ઞાતકૃત અવચૂરિસકૃત (સી. ક. ૪૪) તીર્થંકરના સુંદર રંગીન ચિત્રયુક્ત છે. National Central Library Folorence Italy માં ભારતીય ભાષાની સંસ્કૃત પ્રાકૃત વગેરે ભાષાની ૧૧૦૦ જેટલી હસ્તપ્રતો છે જેમાં ૩૫૦ જેટલી જૈન હસ્તપ્રતો જોવા મળે છે જેનું હેંડલિસ્ટ F.L. Pulle

દ્વારા તૈયાર થયું છે. આ સંગ્રહનું Descriptive Catalogue તૈયાર કરવાનું કાર્ય Florence University ના Linguistic Department ના પ્રયત્ન અને સહકારથી ભારતની વિશ્વ વિખ્યાત સંશોધન સંસ્થાના ભૂતપૂર્વ સંશોધન અધિકારી અને હસ્તપ્રત વિભાગના વડા ડૉ. કનુભાઇ શેઠ તથા એમના સહાયક હસ્તપ્રત વિધાના નિષ્ણાંત ડૉ. કલ્પના શેઠ દ્વારા તૈયાર કરવામાં આવી રહ્યું છે.

આ હસ્તપ્રત ભંડારની નોંધપાત્ર બાબત એ છે કે એમાં જૈન આગમ સાહિત્યની મૂળ હસ્તપ્રત અને એના પરનું ટીકાત્મક સાહિત્યની પ્રાચીન નકલ સારી રીતે સમવાયેલી છે.

એમાંની કેટલીક હસ્તપ્રતો નોંધપાત્ર છે. આચારાંગ સૂત્ર (હ. પ્ર. ક્રમાંક ૪૯૭) ભગવતી સૂત્ર (હ. પ્ર. ક્રમાંક ૪૯૯), જીવાભિગમ સૂત્ર (હ. પ્ર. ક્રમાંક ૫૧૮), ચતુઃશરણ (હ. પ્ર. ક્રમાંક ૫૨૮) કર્મગ્રંથ (હ. પ્ર. ક્રમાંક ૫૭૮), લોકનાલિકા (હ. પ્ર. ક્રમાંક ૬૨૧) લોકપુરુષ (હ. પ્ર. ક્રમાંક ૬૨૫) વગેરે લક્ષપાત્ર છે.

પેરીસ યુનિ. માં પણ કેટલીક જૈન હસ્તપ્રતો સંગ્રહાયેલી છે.

# મહામેઘવાહન ચક્રવર્તી રાજા ખારવેલ

ડૉ. રેણુકા પોરવાલ

(બીએસ.સી, એલ.એલ.બી, પીએચ.ડી યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજ એક અધ્યયન વિષય પર પીએચ. ડી. કરેલ છે. ડીપ્લોમા ઇન જૈનોલોજી કરી રહ્યા છે. જૈનજગત સામાયિકના હિન્દી વિભાગના સંપાદિકા છે.)

મહામેઘવાહન ચક્રવર્તી રાજા ખારવેલના નામથી હવે કોઈ અજાણ નથી. કલિંગના મહારાજા ખારવેલ વિદ્વાન, શૂરવીર, દાનવીર અને કલારસિક હતા. તેમના જીવન વિશેની માહિતી ફક્ત તેમણે કોતરાવેલા શિલાલેખોના આધારે જ પ્રાપ્ત થાય છે.

જૈનધર્મ પ્રમાણે વર્તમાન ચોવીસી પહેલીં પણ અનેક ચોવીસી થઈ ગઈ અને ભવિષ્યમાં પણ થશે. આપણે જો કે પૂર્વકાલીન જૈન પરંપરાનો ઇતિહાસ શૃંખલાબદ્ધ રીતે જાળવી શક્યા નથી, પરંતુ જૈનો ઇતિહાસ સંરક્ષણની બાબતમાં જરા પણ પાછળ નથી. તેમણે પોતાની અમૂલ્ય ધરોહરને તામ્રપત્રો, તાડપત્રો, શિલાલેખો, ચિત્રકળા, શિલ્પકળા, વગેરેના રૂપમાં સદીઓથી ગુફાઓ, ભંડારો, મંદિરો, ઉપાશ્રયો કે સ્તંભોમાં જાળવી રાખ્યા છે. કાળના પ્રવાહમાં ઘણી અલભ્ય કૃતિઓ નાશ પામી તથા યુદ્ધના સમયે ભલે મંદિરો, હસ્તપત્રો અને પ્રતિમાઓને સાચવવા શક્ય ન હોય છતાં પણ આજે આપણી પાસે અનેક સામગ્રી યથાવત જળવાયેલી રહી છે.

**કલિંગદેશની પૌરાણિક માહિતી :**

ઋગવેદમાં કલિંગ નામના દેશનો ઉલ્લેખ છે. રામાયણમાં કલિંગદેશની સાથે ઉડ્રજાતિ અને ઉત્કલ દેશનો પણ ઉલ્લેખ છે. મહાભારતના યુદ્ધમાં કલિંગની સેના કૌરવોના પક્ષમાં હતી. કલિંગના રાજા શ્રુતાયુએ પોતાના પુત્રો ભાનુમાન, કેતુમાન અને શુકદેવને સાથે રાખી ભીમની સામે યુદ્ધ કર્યું હતું. તેઓ સહુ ભીમને ખૂબ હંફાવી અંતે વીરગતિ પામ્યા.

ઉત્તરાધ્યયનસૂત્રમાં ચાર પ્રત્યેક બુદ્ધનાં ચરિત્રો આપવામાં આવ્યા છે. તેમાં કરકંડુ કલિંગનો રાજા હોય એવો નિર્દેશ છે.

करकंडु कलिंगेषु, पंचालेसु यदुम्माहो
नमीराया विदेहेसु, गंधारेसुय निग्गई

**અર્થ કલિંગમાં કરકંડુ, પંચાલમાં યદુમ્મ, વિદેહમાં નમિરાજ અને ગંધારમાં નગગતિ આદિ રાજવીઓ થઇ ગયા.**

**ભૌગોલિક માહિતી : આજે જેને આપણે ઓરિસ્સા કે ઉત્કલ પ્રાંત તરીકે ઓળખીએ છીએ એ પ્રાંત ત્યારે કલિંગદેશ તરીકે જાણીતો હતો. કલિંગ ત્રણ ભાગમાં વહેંચાયેલો હતો.**

**૧) દક્ષિણ કલિંગ કે મુખ્ય કલિંગ, ૨) મધ્ય કલિંગ અને ૩) ઉત્તર કલિંગ કે ઉત્કલ.**

**દક્ષિણ કલિંગ કે મુખ્ય કલિંગ : એમાં વંશધરા નદીથી દક્ષિણનો ગોદાવરી નદી સુધીનો પ્રવેશ**

**મધ્ય કલિંગ : વંશધરા નદીથી ઋષિકુલ્યા નદી સુધીના પ્રદેશનો સમાવેશ થતો હતો**

**ઉત્તર કલિંગ કે ઉત્કલ : એમાં ઋષિકુલ્યા નદીથી ગંગા નદી સુધીના પ્રદેશનો સમાવેશ હતો.**

**આ પ્રમાણે કલિંગ એટલે ગંગાથી ગોદાવરી સુધીનો ભારતની પૂર્વ દિશાનો પ્રદેશ એમ કહી શકાય. ખારવેલ રાજા ત્રિકલિંગાધિપતિ તરીકે ઓખખાતા..**

**વેપાર વાણિજ્ય : અહીં હાથીઓ ખૂબ હોવાથી મુખ્યત્વે હાથીદાંતનો વ્યાપાર અગ્રસ્થાને હતો. અહીંના સાહસિક વેપારીઓ સમુદ્ર માર્ગે દૂરના ટાપુઓમાં વેપાર અર્થે અવરજવર કરતાં.**

**ખારવેલનું જીવન : એનો જન્મ ઈ.સ.પૂ ૧૯૭ માં થયો હતો.**

**ખારવેલનું આયુષ્ય માત્ર ૩૮ વર્ષનું હતું. ૧૫ વર્ષની ઉમર સુધી બાળક્રીડાઓ કરી. ત્યાર બાદ ૯ વર્ષ સંગીત, ચિત્રલેખન અને વિવિધ**

અભ્યાસ કરવામાં પસાર કર્યા. બાકીનાં વર્ષો કલિંગને સમૃદ્ધ કરવામાં ગાળ્યા.

ખારવેલના સમય પહેલાં કલિંગ દેશ કુદરતી હોનારતો અને ભીષણ સંગ્રામને લઇને બરબાદ થઈ ચુક્યું હતું. તેની ઈમારતો, કિલ્લાઓ, નહેરો જીર્ણ થઈ ગયા હતા. રાજ્યગાદી પર આવતાની સાથે જ એણે જીર્ણશીર્ણ થયેલા કિલ્લાઓ સરખાં કરાવ્યા અને નહેરો, બાગીચાઓ, તળાવોનું સમારકામ કરાવ્યું. જૈન સાધુઓ માટે એણે એવી મજબૂત સુવ્યવસ્થા કરી હતી કે જેને કારણે ઓરીસ્સામાં ઈ.સ. ૧૨૦૦ થી ૧૩૦૦ સુધી જૈનધર્મ ટકી શક્યો. તેણે વિદર્ભ અને મહારાષ્ટ્રમાં પણ જૈનધર્મનો પ્રચાર કરાવ્યો હતો.

લગ્નજીવન

ધુસી નામની રાજકન્યા સાથે લગ્ન કર્યા હતા. ધુસીએ ખારવેલની પરદેશીઓ સાથેની લડાઇમાં આગેવાની લીધી હતી. સંધિ માટે આવેલા ડેમેસ્ટ્રીઅસ કે દીત્તમના દગાથી તેણે ખારવેલને બચાવ્યો. તે સિંહપથના રાજા વિજિર-રાજની પુત્રી હતી. તેના પિતા પણ દીત્તમના દગાનો ભોગ બન્યા હતા.

રાજ્યાભિષેક

ખારવેલનો રાજ્યાભિષેક વૈદિક વિધિ પ્રમાણે થયો હતો. તેણે અશ્વમેધયજ્ઞ નહીં પણ રાજસૂય યજ્ઞ કર્યો હતો. જીવનના છેલ્લા વર્ષમાં એણે સાધુવ્રત અંગીકાર કર્યું હતું.

ખારવેલના શિલાલેખો

આ શિલાલેખો ઓરીસ્સા રાજ્યમાં ભુવનેશ્વર નજીક આવેલા ખંડગિરિના પહાડો પરની ગુફાઓમાં કોતરેલા છે. ખારવેલનો પ્રખ્યાત શિલાલેખ હાથી ગુફાની એક શિલા પર કોતરેલો છે.

આ શિલાલેખની ઊંચાઈ - ૧૫ ફુટ

પહોળાઈ - ૫ ફુટથી સહેજ વધુ

ભાષા - પાલીને મળતી છે

લિપિ - બ્રાહ્મી

પંક્તિ - ૧૭ પંક્તિઓ (નાના ફકરાઓ)

દરેક પંક્તિમાં લગભગ ૧૮ થી ૨૬ શબ્દો છે

લેખની પ્રારંભની પંક્તિ આ પ્રમાણે છે :

नमो अराहंतानं नमो सवसिधानं एरेन महाराजेन
महामेघवाहनेन चेतिराजवसवधनेन पसथ शुभलखनेन
चतुरंतलुठितगुनोपहितेन कलिंगाधिपतिना सिरि खारवेलेन ।

અર્થ : અરિહંતોને નમસ્કાર, સિદ્ધોને નમસ્કાર ઔર મહારાજ, મહામેઘવાહન ચેદીરાજ - વંશવર્ધન પ્રશસ્ત લક્ષણવાળા, ચારે દિશાઓમાં ફેલાયેલા ગુણવાળા કલિંગાધિપતિ શ્રી ખારવેલ.

ત્યારબાદની સોળ પંક્તિઓનો ભાવાર્થ આ પ્રમાણે છે.

શ્રી ખારવેલે કલિંગમાં ઝંઝાવાતથી પડી ગયેલા કિલ્લાઓ, દરવાજા વગેરે સરખા કરાવ્યા. શીતલસર તળાવની ચારે બાજુ પાળ કરાવી. બાગીચાઓ સુધરાવ્યા. પશ્ચિમમાં સાતકર્ણિ રાજાની પરવા કર્યા વિના મોટી સેના અને હાથી ઘોડા મોકલ્યા જે કૃષ્ણા નદી પાસે જઈને પરત થયા. નહેરો ખોદાવી અને નગર સુધી રાજમાર્ગ કરાવ્યા. બ્રાહ્મણોને દાનમાં સોનામાંથી બનાવેલાં કલ્પવૃક્ષો આપ્યાં. પોતાના હાથીઓને સુગાંગેય મહેલ(જે મૂળ ચંદ્રગુપ્તનો હતો) સુધી લઈ ગયો. મગધના રાજા બૃહસ્પતિમિત્રને પોતાના પગમાં નમાવ્યો તથા નંદરાજા જે કલિંગજનની પ્રતિમા લઈ ગયો હતો તે અને ગ્રહો, રત્નો વગેરે પ્રતિહારો પાસેથી લાવ્યા.

મોટા સુંદર શિખરો નિમાર્ણ કરાવ્યા. એકસો કારીગરોને જાગીરો આપી. હાથીઓ લાવવા લઈ જવાના જહાજો અને રત્ન-માણેક જેવા નજરાણાં પાંડય રાજા તરફથી મળ્યા. કલિંગની ૩૫ લાખ જેટલી પ્રજાને રાજી કરી.

અહીંના કુમારી પર્વત પર જ્યાં જૈનધર્મનું વિજયચક પ્રવર્તન છે ત્યાં કાયનિષિધિ સ્તુપ પર ઉપવાસ કરીને ખારવેલે જીવ અને દેહનો એટલે કે જીવ-અજીવનો બોધ પ્રાપ્ત કર્યો. પ્રસ્તુત શિલાલેખમાં બીજી વિગતો સાથે એક અગત્યની નોંધ એ છે કે - મૌર્યયુગમાં વિછિન્ન થયેલું ૬૪ અધ્યાયવાળું અંગસપ્તિકના ચોથા ભાગનો ઉદ્ધાર કર્યો.

આ લેખમાં ચક્રવર્તી ખારવેલે સ્વતઃ કરેલાં શુભ કાર્યોનું વર્ણન દર્શાવ્યું છે. અંતમાં સર્વધર્મ પર સદ્ભાવ રાખતા રાજર્ષિ તરીકે પોતાનો ઉલ્લેખ તેઓ કરે છે.

ખંડગિરીની વૈકુંઠગુફાની ભીંતમાં બીજો એક નાનો લેખ છે જેમાં એની પત્નીનો પરિચય મળે છે.

મૂળ લેખ : अरहंत पसादानं कलिंगानं समनानं लेनं
कारितो राजिनो लालकस

અર્થ : અરિહંત ધર્મના કલિંગદેશના સાધુઓને રહેવા માટે એક
(લયન એટલે ગુફા) કંડારવામાં આવી.

મૂળ લેખ : हथिसाहानं पपोतस धुतुना कलिंगच..खारवेलेस

અર્થ : હસ્તિશાહના પ્રપૌત્રની પુત્રી કલિંગના રાજાની રાણીએ તે કરાવ્યું.

શ્રી ખારવેલ કલિંગના ભીષણ યુદ્ધ પછી જનમ્યા અને શિથિલ પ્રજામાં નવચેતન લાવવા લલિતકળા તેમજ સંગીતકળાનો સહારો લીધો અને પ્રજાને ઉત્સાહિત ચેતનામય કરી, મગધમાંથી કલિંગજિનની પ્રતિમા પાછી લાવી સ્થાપિત કરી. નહેરો, બગીચાઓ, કિલ્લાઓ, ઇમારતો, મંદિરો સરખાં કરાવ્યાં. સમ્રાટોની પરંપરા એના જેવી સાધના, વ્રત, ઉપવાસ અને જૈન

તત્ત્વનો બોધ ગ્રહણ કરવાવાળા રાજાઓ ઓછા છે. તેમણે યોજેલા સાધુસંમેલનને લીધે તે 'દ્વાદશાંગી રક્ષક' કહેવાયા. એ સંમેલન પાટલીપુત્રની પ્રથમ વાચના અને મથુરાપુરી વાચનાની વચ્ચે હોવું ઘટે. એના પછી આવનારી ત્રીજી પેઢીના ખેમરાજ અને પછી બુધરાજ એ મહાન પરંપરા જાળવી ન શક્યા - અંતમાં એ સામ્રાજ્ય સાતવાહન વંશમાં વિલીન થયું. પાછળ મુકતા ગયા આપણા સહુ માટે જૈન ધર્મના અગત્યના શિલાલેખો જે ભવિષ્યની ધરોહર છે.

ઇતિહાસ, શિલાલેખ કે ભૂતકાલીન બનાવોની ક્રમબદ્ધ નોંધ અને પ્રસંગોનું વર્ણન જે આજે આપણને તૈયાર મળે છે, એ બાહ્યદેહને સંપૂર્ણ રીતે સુશોભિત કરવામાં ઇતિહાસકારો અને સંશોધકો પોતાની વિશાળ સૂક્ષ્મદૃષ્ટિ અને આંતરસૂઝનો સમન્વય કરી એમાં પ્રાણ રેડે છે ત્યારે એક અનોખું સર્જન અસ્તિત્વમાં આવે છે.

હવે આ શિલાલેખને પ્રગટ કરવામાં પડેલી મુશ્કેલીઓ વિશે જોઇએ. ચક્રવર્તી રાજા ખારવેલના શિલાલેખોની લિપિ ઉકેલવામાં અને એને પ્રકાશમાં લાવવા શ્રી સુશીલ અને પંડિત શ્રી ભગવાનલાલ ઇંદ્રજી જેવા પુરાતત્ત્વવિદોનો અમૂલ્ય ફાળો છે. સન ૧૮૨૫ થી ૧૮૮૦ સુધી ફાધર સ્ટર્લીંગ, કનીંગહામ, ડૉ. રાજા રાજેન્દ્રલાલ વગેરેએ ખૂબ મહેનત કરી પણ સફળતા ન મળી. સૌ પ્રથમ ઇ.સ. ૧૮૮૫ માં પંડિત ભગવાનલાલ ઇંદ્રજીએ એનો પાઠ અને અર્થ પ્રકાશિત કર્યો ત્યારે જ લોકોને એનું મહત્ત્વ સમજાયું.

પ્રસ્તુત લેખનો ઘણો ભાગ વાંચી શકાતો ન હોવાથી પુરાતત્ત્વવિભાગે એ લેખની કાગળ પર છાપ મેળવી. શ્રી સુશીલે કેટલાયે દિવસ અને રાતની એકસરખી મહેનત, લગન, ચિંતન અને મનનને અંતે એ પાઠ અને અર્થ તૈયાર કર્યા. ત્યારબાદ ઇતિહાસકારો અને વિદ્વાનોએ ચર્ચા - વિચારણા કર્યા પછી એ અર્થ કાયમ રાખ્યો.

શ્રી સુશીલ આટલેથી જ સંતુષ્ટ ન થયા. ગુફામાં ઊંચે કોતરાયેલા એ શિલાલેખ પર જાતે પાલખ બાંધીને નિરાંતથી ફરી બધા અક્ષરો વાંચ્યા. સરકારને વિનંતી કરીને એ લેખનું પ્લાસ્ટર ઓફ પેરીસન બીબું તૈયાર કરાવ્યું જેથી જરા જેટલી પણ ભૂલચૂક ન રહેવા પામે. અંતે ૧૯૨૭ માં પ્રથમવાર ચિત્ર સાથે આ શિલાલેખ બિહારની પત્રિકામાં પ્રગટ થયો.

# સોળમાં સૈકાના સિદ્ધહસ્ત જૈન સાધુકવિ - સમયસુંદર

લે. ચીમનલાલ કલાધર

(જૈનધર્મના અભ્યાસી લેખક-પત્રકાર. ૨૦ વર્ષથી વિવિધ દૈનિકમાં કોલમનું સંપાદન તથા રીપોર્ટ અહેવાલ લખે છે. પ્રબુધજીવન ના સંપાદનમાં સહભાગી, કચ્છરચના પર્યુષણ વિશેષાંકના સંપાદક, અનેક જૈન સામાયિકમાં અનેક લેખો પ્રગટ થયા છે. સંપાદક તરીકે જૈનસાહિત્ય સમારોહ ગુચ્છ - ૩ જૈન તીર્થ દર્શન વગેરે ભગવાન મહાવીર, નવકાર મહામંત્ર, શત્રુંજય મહાતીર્થ વગેરેના ક્ષમાપર્વના વાર્ષિક વિશેષાંકોનું સંપાદન જૈન ધર્મ પર ૩૦૦ જેટલા લેખો લખ્યા છે. ઉપરાંત બે પુસ્તકો પ્રગટ થઇ રહ્યા છે.)

જૈન સાહિત્યને સમૃદ્ધ કરનારા જે કેટલાક સાધુ કવિઓ છે તેમાં સમયસુંદરનું સ્થાન વિશિષ્ટ અને વિરલ માનવામાં આવે છે. સમયસુંદર ઇસ્વીસનના સોળમાં સૈકાના ઉત્તરાર્ધમાં અને સત્તરમાં સૈકાના પૂર્વાર્ધમાં થઇ ગયા છે. સમયસુંદરનો જન્મ મારવાડમાં સાંચોરની પ્રાગ્વાટ(પોરવાડ) જ્ઞાતિમાં થયો હતો. તેમના પિતાનું નામ રૂપસિંહ અને માતાનું નામ લીલાદેવી હતું.

સમયસુંદરના કવનકાળ અને કાળધર્મ વિશે જેવા નિશ્ચિત પ્રમાણો મળે છે તેવા તેમના જન્મસમય કે બાલ્યકાળ વિશે મળતા નથી. કવિની પોતાની કૃતિમાં કે એમને અંજલિ આપતાં કાવ્યોમાં પણ જન્મ સમયનો કોઇ ઉલ્લેખ આવતો નથી. તેમના એક વિદ્વાન શિષ્ય વાદી હર્ષનંદને લખ્યું છે -

*'નવયૌવન ભર સંયમ સંગ્રહયોજી*
*સઇ હથે શ્રી જિનચંદ....'*

અહીં વાદી હર્ષનંદને કવિ માટે 'નવયૌવન' શબદનો ઉપયોગ કર્યો છે. ત્યારે સહેજે અનુમાન કરી શકાય કે સમયસુંદરે આઠ-દસ વર્ષની બાલ્યવયે નહીં પરંતુ પંદર-વીસ વર્ષની તરુણવયે દીક્ષા અંગીકાર કરી હશે. એ દીક્ષાના સમયાનુમાન પર ચાલીએ તો સમયસુંદરે સં. ૧૬૩૦ આસપાસ દીક્ષા લીધી

હોવાનું માની શકાય. એ સમયના યુગપ્રધાન જૈનાચાર્ય શ્રી જિનચંદ્રસૂરિએ પોતાના સ્વહસ્તે તેમને દીક્ષા આપી હતી અને પોતાના પ્રથમ શિષ્ય સકલચંદ્ર ગણિના શિષ્ય તરીકે તેમને જાહેર કરી તેમનું દીક્ષિત નામ સમયસુંદર રાખ્યાના ઉલ્લેખો મળે છે.

જન્મ સમયની જેમ જ તેમના જન્મનામનો પણ ક્યાંય ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી. એટલે દીક્ષા અંગીકાર કરી સમયસુંદર બનતા પહેલા એમનું બાલ્યવયનું નામ શું હતું તે વિશે કશું જાણવા મળતું નથી. દીક્ષા લીધા પહેલા સમયસુંદરે કંઇ અભ્યાસ કર્યો કે નહિ એ વિશે પણ કોઇ નિર્દેશ મળતો નથી. મારવાડના સાંચોર જેવા પછાત ગામમાં અભ્યાસ માટે તેમને અનુકૂળતા મળી હોય તે સંભવિત નથી. દીક્ષા પછી અભ્યાસ માટે તેમને ઘણી બધી તક મળી હતી એમ એમના લખાણ પરથી જાણી શકાય છે.

સમયસુંદરે પોતાનો અભ્યાસ વાચક મહિમરાજ અને સમયરાજ ઉપાધ્યાય પાસે કર્યો હતો. 'ભવશતક' અને 'અષ્ટલક્ષ્મી' નામની પોતાની કૃતિમાં આ બંનેને એથી જ તેઓ વિદ્યાગુરુ તરીકે ઓળખાવે છે. 'ભવશતક' અને 'અષ્ટલક્ષ્મી' જેવા ગ્રંથો જોતા લાગે છે કે કવિએ વાચક મહિમરાજ અને સમયરાજ ઉપાધ્યાય પાસે બેસીને કાવ્યો, ટીકાઓ, વ્યાકરણ અને ધર્મશાસ્ત્રોનો ઘણો ઊંડો અભ્યાસ કર્યો હશે. કવિના ઉચ્ચ અભ્યાસ, તીક્ષ્ણ બુદ્ધિ, અસાધારણ પ્રતિભા અને તપસ્વી તથા સંયમી સાધુજીવન જોઇને શ્રી જિનચંદ્રસૂરિએ તેમને સં.૧૬૪૦માં મહા સુદ પાંચમના દિવસે ગણિપદ પ્રદાન કર્યું હતું.

દાદાગુરુ શ્રી જિનચંદ્રસૂરિએ સં. ૧૬૪૪માં ખંભાતમાં ચાતુર્માસ કર્યું એ પછી તેઓ અમદાવાદ પધાર્યા. એમના ઉપદેશથી પોરવાડ જ્ઞાતિના સોમજી તથા એમના ભાઇ શિવાએ શત્રુંજય મહાતીર્થનો સંઘ કાઢ્યો હતો. એ સંઘમાં પોતાના દાદાગુરુ અને વિદ્યાગુરુ સાથે કવિ સમયસુંદર પણ જોડાયા હતા.

એમણે સં. ૧૬૪૪માં ચૈત્ર વદ-૪ને બુધવારે શત્રુંજય ગિરીરાજની યાત્રા કરી હતી.

આચાર્ય જિનચંદ્રસૂરિજી સમ્રાટ અકબરના નિમંત્રણને માન આપી સં. ૧૬૪૮માં લાહોર ગયા ત્યારે તેમની સાથે સકલચંદ્ર ગણિ, મહિમરાજ, સમયસુંદર વગેરે ૩૧ સાધુઓનો સમૂહ હતો. એ સમયે સમયસુંદરે 'રાજાનો વદતે સૌખ્યમ્' એ આઠ અક્ષરના વાક્યના આઠ લાખથી વધુ અર્થ કરી બતાવી પોતાની 'અષ્ટલક્ષી' કૃતિ વડે અકબર બાદશાહને પ્રસન્ન કર્યા હતા. સં. ૧૬૪૯માં ફાગણ સુદ - ૨ ના દિવસે લાહોર મુકામે શ્રી જિનચંદ્રસૂરિએ સમયસુંદરને વાચનાચાર્યની પદવી આપી હતી. વાચનાચાર્ય પદવી પછી વીસ કે એકવીસ વર્ષે સમયસુંદરને ઉપાધ્યાય પદવી મળી હતી.

સમયસુંદરની સાહિત્યસેવા ઉચ્ચ અને ઉત્તમ કોટીની છે. તેમણે સંસ્કૃત, પ્રાકૃત તેમજ ગુજરાતી-રાજસ્થાની ભાષામાં કૃતિઓની રચના કરી છે. તેમણે વ્યાકરણ, ટીકા, કાવ્યલક્ષણ, છંદ, ન્યાય, જ્યોતિષ, શાસ્ત્રચર્ચા, સિદ્ધાંતચર્ચા, અનેકાર્થ સાહિત્ય, ઇતિહાસ, પ્રબંધ, રાસ, ચોપાઇ, સંવાદ, બાલાવબોધ, ચોવીસી-છત્રીસી, સ્તવન, સજ્ઝાય વગેરે તે સમયના સાહિત્ય પ્રકારો ઠીક ઠીક પ્રમાણમાં ખેડ્યા છે. ગીત, સજ્ઝાય, સ્તવનાદિ સેંકડો નાની નાની કૃતિઓ ઉપરાંત તેમણે સંસ્કૃતમાં લગભગ વીસેક અને ગુજરાતીમાં ત્રીસેક જેટલી મોટી કૃતિઓની રચના કરી છે.

સંસ્કૃત ભાષામાં તેમણે ભાવશતક, કાલિકાચાર્ય કથા, સમાચારીશતક, વિચારશતક, જયતિહુયણવૃત્તિ, દશવૈકાલિક ટીકા, વૃત્તરત્નાકાર વૃત્તિ અને બીજી કેટલીક નાની-મોટી કૃતિઓની રચના કરી છે.

ગુજરાતી ભાષામાં તેમણે રાસ, ચોપાઇ, સ્તવન, સજ્ઝાય, ચોવીસી, છત્રીસી વગેરેની વિપુલ રચના કરી છે. તેમની ઉત્કૃષ્ટ કવિત્વશક્તિથી તેઓ એક

ઉત્તમ રાસકાર અને ગીતકાર તરીકે પ્રતિષ્ઠાને પામ્યા છે. એમણે સાંબ-પ્રદ્યુમ્ન ચોપાઇ, મૃગાવતીચરિત્ર ચોપાઇ, પુણ્યસાર રાસ, નળદમયંતી રાસ, સીતારામ ચોપાઇ, વસ્તુપાલ-તેજપાલ રાસ, દ્રૌપદી ચૌપાઇ વગેરેની રચના કરી છે. સમયસુંદરે લખેલાં સ્તવનો, સજ્ઝાયોની સંખ્યા એક હજારથી વધુ છે. એમાંની કેટલીક કૃતિઓ તો તેમના પોતાના હસ્તાક્ષરમાં મળી આવી છે.

જૈન સાધુ જીવનને લીધે સમયસુંદરને જુદા જુદા પ્રદેશોમાં વિચરવાની તક મળતી હોવાથી તે પ્રદેશની ભાષા પર તેમણે સારું એવું પ્રભુત્વ મેળવી લીધું હતું. વળી પોતે ખરતરગચ્છના સાધુ હોવા છતાં પોતાના ગચ્છની કે ધર્મની સંકુચિતતા તેમનામાં બિલકુલ ન હતી. તેથી તેમના ઉપદેશની અનેક લોકોના જીવન પર ઊંડી અસર પડી હતી. એમના તેજસ્વી જીવનનો પ્રભાવ હિન્દુ અને મુસલમાન અધિકારી વર્ગ ઉપર ઘણો મોટો હતો. તેના પરિણામ સ્વરૂપે તેમણે ઘણા સ્થળે અહિંસાનો મહિમા પ્રસ્થાપિત કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. તેઓ જ્યારે સિંધમાં પધાર્યા ત્યારે ત્યાનો અધિકારી મખનૂમ મુહમ્મદ શેખ કાજી તેમની પવિત્ર વાણીથી પ્રભાવિત થઇને તેમના ઉપદેશથી સમગ્ર સિંધ પ્રાંતમાં ગો વધની, પંચનદીમાં જલચરની અને અન્ય પ્રાણીઓની હિંસા ન કરવા માટે અભયની ઉદ્‌ઘોષણા કરાવી હતી. એ જ રીતે જેસલમેર કે જ્યાં સાંઢનો વધ થતો હતો ત્યાં તેમણે એના અધિપતિ રાવલ ભીમજીને ઉપદેશ આપી સાંઢનો વધ બંધ કરાવ્યો હતો.

સમયસુંદરનો શિષ્યપરિવાર વિશાળ હતો. તેમની કેટલીક કૃતિઓમાં અપાયેલી માહિતીથી જાણવા મળે છે કે તેમને ૪૨ થી વધારે શિષ્યો હતા. કેટલાક શિષ્યો અત્યંત વિદ્વાન અને સમર્થ સાહિત્યકાર હતા. કેટલાક શિષ્યોએ સમયસુંદરના સાહિત્યસર્જનમાં પણ મદદ કરી હતી. વાદી હર્ષનંદન એમના મુખ્ય શિષ્ય હતા. એમણે નાના-મોટા બારેક ગ્રંથોની સંસ્કૃત ભાષામાં રચના કરેલી છે.

સમયસુંદરે સુદીર્ઘ આયુષ્ય ભોગવ્યું હતું. પોતાની અપ્રતિમ વિદ્વતા, સંયમી સાધુ જીવન, ગુણગ્રાહકતા અને ઉદારચરિત વૃત્તિને લીધે તેઓ માત્ર પોતાના ગચ્છના જ નહીં પણ સમગ્ર સમાજના તેઓ સર્વસામાન્ય સાધુ બની ગયા હતા. તેમ છતાં તેમની ઉત્તરાવસ્થામાં વૃદ્ધાવસ્થાની પરાધીનતાને લીધે તેમને ઘણો માનસિક પરિતાપ વેઠવો પડ્યો હતો. તેનું એક કારણ સં. ૧૬૮૭ માં ગુજરાતમાં પડેલા ભયંકર દુષ્કાળનું હતું. ઇતિહાસમાં આ દુષ્કાળને 'સત્યાસીયા દુકાળ' તરીકે વર્ણાવાયેલો છે. સમયસુંદરની સઘળી કાવ્યકૃતિઓમાં તેમની 'સત્યાસીયા દુષ્કાળ વર્ણન છત્રીસી' ઐતિહાસિક દષ્ટિએ સવિશેષ મૂલ્યવાન છે. સં. ૧૬૮૭ માં ગુજરાતમાં પડેલા એ મહાભયંકર દુકાળનો અનુભવ ખુદ કવિને પોતાને પણ થયો હતો. 'બુભૂક્ષુ કિં ન કરોતિ પાપમ્' એ ઉક્તિને સાર્થક કરનારો આ ભીષણ દુષ્કાળ મનુષ્ય પાસે કેવા કેવા પાપો કરાવે છે તેનું આબેહૂબ વર્ણન કવિએ આ છત્રીસીમાં કર્યું છે.

સમયસુંદરે ૯૦ વર્ષનું આયુષ્ય ભોગવ્યું હતું. સં. ૧૭૩૦ ના ચૈત્ર સુદ - ૧૩ ના દિવસે અમદાવાદમાં હાજાપટેલની પોળના ખરતરગચ્છ ઉપાશ્રયમાં તેઓ કાળધર્મ પામ્યા હતા. એમના એક પ્રશિષ્ય કવિ રાજસોમે તેમને અંજલિ આપતા લખ્યું છે–

*'અણસણ કરી અણગાર,*
*સંવત સતર હો સય બિડોતરે;*
*અહમદાબાદ મઝાર*
*પરલોક પહુંતા હો ચૈત્ર સુદિ તેરસે.'*

પ્રખર વિદ્વાન, સમર્થ સાહિત્યકાર, સિદ્ધહસ્ત કવિ એવા સમયસુંદર જૈનશાસનના શણગાર હતા. તેમનું ઉત્કૃષ્ટ સંયમી સાધુ જીવન અને તેમના વિપુલ સાહિત્યની નોંધ જૈન ઇતિહાસના પૃષ્ઠોમાં સુવર્ણ અક્ષરે લખાઇ છે. અગણિત વંદન હો એ મહાન જ્યોતિર્ધરને !

# પત્રકારત્વમાં જૈનદૃષ્ટિ

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

(જાણીતા સાહિત્યકાર જૈનદર્શનના આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ચિંતક, ગુજરાત, સમગ્રભારત અને વિદેશના અનેક ગૌરવવંતા પારિતોષક એવોર્ડ જેમને પ્રાપ્ત થયાં છે. શિક્ષણ સાહિત્ય અને સંસ્કૃતિને અનુલક્ષીને કરેલ કાર્ય માટે ભારત સરકાર તરફથી ડૉ. કુમારપાળ દેસાઇને પદ્મશ્રીનો ખિતાબ એનાયત કરવામાં આવ્યો છે અને તેઓશ્રી જિનશાસનનું ગૌરવ વધારનાર મૂલ્યનિષ્ઠ સાહિત્યકાર છે.)

જૈન પત્રકાર એટલે શું ? ચોથી જાગીર ગણાતા પત્રકારને કોઈ જાતિ, જ્ઞાતિ કે સીમાથી બાંધી શકાય ખરું ? એની આસપાસ કોઈ ધર્મ-વિશેષની લક્ષ્મણ-રેખા આંકી શકાય ખરી ? સ્વાભાવિક રીતે જ આનો ઉત્તર નકારમાં જ આવે, પરંતુ એક અર્થમાં એ પત્રકાર એવો હોય કે જે પત્રકાર તો હોય જ, પરંતુ એ સાથે એની પાસે વિરલ અને વિશિષ્ટ એવા જૈન-દર્શનમાંથી સાંપડેલી આગવી દૃષ્ટિ હોય. જૈન ઈતિહાસ પાસેથી મળેલું અનુભવભાથું હોય. જિનશાસનના વ્યાપક તત્ત્વોનું એની આંખમાં અંજન હોય, જૈન ધર્મ પાસેથી પ્રાપ્ત જીવનકલા હોય અને એમાં નિહિત મૂલ્યો માટેની નિષ્ઠા હોય.

વર્તમાન સમયમાં પત્રકારત્વ જગતમાં અમુક વિશિષ્ટ અભિગમ કે દૃષ્ટિવંત પત્રકારો જોવા મળે છે. આજે કેટલાક પત્રકારોને અમેરિકન પત્રકાર કહેવામાં આવે છે. આ પત્રકાર અમેરિકાનાં દૃષ્ટિબિંદુઓથી ઘટનાઓનું તારણ આપતો હોય છે. અગિયારમી સપ્ટેમ્બર પૂર્વે અમેરિકન પત્રકાર આતંકવાદની ઘટનાને દેશ-વિશેષના સંદર્ભમાં જોતો હતો. આવી ઘટનાઓમાં એ કોઈ રાજકીય ઈરાદો જોતું હતું, હવે વિશ્વમાં બનતી આતંકવાદી ઘટનાઓને જાગતિક દૃષ્ટિએ એકસૂત્રે સાંકળીને જુએ છે અને વૈશ્વિક આતંકવાદી સંગઠનોના કાર્યના સંદર્ભમાં એને મૂલવે છે. વૈશ્વિક ઘટનાઓને

અમુક ચોક્કસ અભિગમ ધરાવતો પત્રકાર કેવી રીતે મૂલવે છે અને સમય બદલાતાં કેવાં નવાં સમીકરણો સાધે છે એનો ખ્યાલ ઉપરના ઉદાહરણ પરથી આવી શકશે.

આમ જૈન પત્રકાર એ પત્રકાર તો હશે જ, પરંતુ ખીચડીમાં જેટલું મીઠાનું મહત્ત્વ હોય છે તેટલું મહત્ત્વ તેની જૈન દષ્ટિનું હશે. એ જૈન-ત્વના સંસ્કારો, જૈન ધર્મની પરંપરાઓ અને જૈનદર્શનની મહત્તાના પરિપ્રેક્ષ્યમાં ઘટનાઓને મૂલવતો રહેશે. એક નારીના ગર્ભમાં રહેલા બાળકનું હૃદય ગંભીર ખામીઓ ધરાવતું હતું. આધુનિક વિજ્ઞાને નારીગર્ભમાં રહેલા એ બાળકના હૃદય પર ઑપરેશન કરીને અદ્દ્ભુત સિદ્ધિ મેળવી. જો ગર્ભસ્થ શિશુ પર શસ્ત્રક્રિયા કરવામાં આવી ન હોત તો વૈજ્ઞાનિકોનું કહેવું હતું કે આ બાળક જિંદગીભર ગંભીર બીમારીઓમાં પટકાયેલો રહેત અને રુગ્ણ જીવન ગાળીને અકાળે મૃત્યુ પામત. વિજ્ઞાનની આવી અનેક સિદ્ધિઓની જાણકારી જૈન પત્રકાર જરૂર રાખશે. કમ્પ્યૂટર, રોબોટ કે ટૅક્નોલૉજીના વિકાસ સાથે એનો નાતો હશે, આમ છતાં એ આ વિજ્ઞાનને પ્રશ્ન કરશે કે તમે એક બાજુ હૃદયનું પ્રત્યારોપણ કરો છો તો બીજી બાજુ નિર્દયતાથી માનવીનો સંહાર કરે તેવાં શસ્ત્રોનાં ખડકલાં શા માટે કરો છો ? માનવીના જીર્ણ અંગોને બદલે નવા અંગો નાંખીને માનવીને લાંબુ જિવાડવાની કોશિશ કરો છો અને બીજી બાજું સમૂળગી માનવજાત નાશ પામે તેવાં શસ્ત્રો શા માટે સર્જો છો ? એક બાજુથી કુત્રિમ બુદ્ધિ (આર્ટીફીશિયલ ઈન્ટેલિજન્સ) નો અસીમ વિકાસ સાધો છો અને બીજી બાજુ માનવબુદ્ધિને વિશ્વકલ્યાણગામી કેમ કરતા નથી ?ઉદ્યોગોની આંધળી દોડ ચાલતી હોય, ત્યારે જૈન પત્રકાર પર્યાવરણની અને જયણાની વાત તરફ દષ્ટિ રાખીને મૂલ્યાંકન કરશે. જૈન પત્રકાર એવો વિચાર મૂકશે કે આ વિજ્ઞાન પાસે કોઈ નિશ્ચિત દષ્ટિ કે દિશા છે ખરી ? કે પછી વૈજ્ઞાનિક પ્રગતિની પૂરપાટ દોટ લગાવતો માનવી પોતાનું લક્ષ ખોઇ બેઠો છે ? ટૅક્નોલોજીનો વિકાસ ભૂખી માનવજાતિના કલ્યાણમાં કેટલો સહાયક બને છે ? આવતી કાલે વિજ્ઞાનને આવો પડકાર ફેંકનાર કોઈ વિચારશીલ પત્રકાર મળે એ આવશ્યક છે.

જૈન પત્રકારત્વની એક બીજી સંભાવના પર દષ્ટિપાત કરીએ. ધર્મ એ તોડનારું નહિ, પણ જોડનારું પરિબળ છે. આપણા ધર્મદર્શનના વિશ્વ કલ્યાણકારી તત્ત્વો પત્રકારત્વના માધ્યમ મારફતે જગતના ચોકમાં મૂકવાં પડશે. એક્કો હુ માણુસ્સજાઈ (આખી માનવજાત એક બને) કહેનારા જૈનધર્મમાં એવાં સંવાદી તત્ત્વો છે કે જે આધુનિક જીવનની વિષમતા, વેદના કે વિફળતાને દૂર કરી શકે. આજે વર્ષોથી એકબીજા સામે કારમી દુશ્મનાવટ ધરાવતા અમેરિકા અને રશિયા એકબીજાના વિચારોને આદર આપવા માંડ્યા છે. આજ સુધી યુરોપના સામ્યવાદી દેશો અને બિનસામ્યવાદી દેશો વચ્ચે માત્ર એક જ વ્યવહાર હતો અને તે પરસ્પર પ્રત્યે ઘૃણા, ઉપેક્ષા અને નફરતનો. ગોર્બાચેફે વૈચારિક મોકળાશનું વાતાવરણ સર્જ્યું અને પરિણામે વિશ્વ એનું એ રહ્યું. પણ વિશ્વની ભાવનાઓનો નકશો બદલાવા માડ્યો. આવી વૈચારિક મોકળાશને આપણે અનેકાન્ત દષ્ટિથી જરૂર નીરખી શકીએ. મહાત્મા ગાંધીજીને દક્ષિણ આફ્રિકામાં જૈન ધર્મના અનેકાંતવાદના સિદ્ધાંતોનો પરિચય થયો. તેમણે સ્વીકાર્યું કે આને કારણે તેઓ શીખને શીખની દષ્ટિએ અને મુસલમાનને મુસલમાનની દષ્ટિએ જોતાં શીખ્યા. હિંસાની ટોચ પર પહોંચ્યા પછી હવે અહિંસાનો અવાજ સંભળાય છે, ત્યારે એ અહિંસાને છેક ભગવાન મહાવીરે પ્રવર્તાવેલી સૂક્ષ્મ અહિંસા સુધી લઈ જવાનું કાર્ય જૈન પત્રકારનું છે.

વિશ્વના પ્રત્યેક પ્રશ્નોને ધર્મસંસ્કારની દષ્ટિથી મૂલવી શકાય. આજે સંતતિનિયમન અને ગર્ભનિવારણ અંગેના વિવાદો પરાકાષ્ઠાએ પહોંચ્યા છે. આ પ્રશ્નોના મૂળમાં ધર્મસંસ્કાર રહેલા છે. અમેરિકાની સરકાર કહે છે કે અમે વસ્તીવધારો ઓછો કરવાના કાર્યક્રમમાં માગો તેટલી આર્થિક મદદ આપીશું અને જરૂર પડે એનું અભિયાન ચલાવીશું. આની સાથોસાથ આ જ સરકાર એમ કહે છે કે ગર્ભનિવારણની બાબતમાં અમે એક રીતે રાતી પાઈ પણ નહિ આપીએ. આ જ રીતે ધર્મદષ્ટિપૂત પત્રકાર પ્રત્યેક સામાજિક અને આર્થિક પ્રશ્નોની આગવી ભૂમિકા સાથે છણાવટ કરી શકશે. જૈન-

ધર્મ પર્યાવરણ સાથે પ્રગાઢ નાતો ધરાવે છે, તેથી પર્યાવરણલક્ષી દૃષ્ટિથી એક ઔધોગિક પરિવર્તનોની સમીક્ષા કરવી જોઈએ. આર્થિક બાબતો અને ભૌતિકતાની દોડ વચ્ચે એણે અપરિગ્રહની જીવનશૈલીની જિકર કરવાની રહેશે. ધર્મસંસ્કારની આ દૃષ્ટિ વર્તમાન આર્થિક પ્રશ્નોને પણ વ્યાપી વળશે. મોટા ઉધોગો, સરકારી ખાતાંઓ કે બેન્કોમાં જ નહીં. પણ હવે તીર્થક્ષેત્રની પેઢીઓના વહીવટમાં પણ ટ્રેડ યુનિયનનો પ્રશ્ન સતાવતો હોય છે. આવે સમયે જૈન પત્રકાર શું કરશે ? એ કર્મચારીઓની વાજબી વળતર મેળવવાની વાતને જરૂર ટેકો આપશે, પરંતુ એની સાથોસાથ એ કહેશે કે પગારની કાંટોકાંટ તમારે કામ કરવું પડશે. વ્યક્તિગત જીવનમાં ધર્મ મૂલ્યપ્રસ્થાપનનું કાર્ય કરે છે. ધન-સંપત્તિ પ્રત્યે જૈન ધર્મનો આગવો દૃષ્ટિકોણ છે. એ સંપત્તિમાં માલિકીપણાનો હક્ક જોતો નથી. ચાની દુકાને કામ કરનાર ચાવાળાને એનો માલિક કહે કે ભેળસેળવાળી ચાની ભૂકીનો ઉપયોગ કરીને ચા બનાવજે. ત્યારે ધર્મભાવના ધરાવતો એ ચાવાળો હિંમતભેર કહેશે કે ભલે મારી નોકરી જાય, પણ હું આવી ચા નહિ બનાવું ?

બરાબર એ જ રીતે જૈન પત્રકાર ખુમારીથી પોતાનાં મૂલ્યો માટે ખપી જવાની તૈયારી રાખશે. આજના સમયમાં એક્ટીવીસ્ટ પત્રકારોનો મહિમા છે. માત્ર કલમથી નહિ, પણ સક્રિય રીતે એ પ્રશ્નમાં જોડાઈને જાગૃતિની જેહાદ સર્જે છે. વીર નર્મદે એનાં ડાંડિયો દ્વારા સમાજસુધારાની જેહાદ જગાવી અને પોતાના અંગત જીવનમાં પણ સુધારા કરી બતાવ્યા. કરસનદાસ મૂળજીએ સત્ય પ્રકાશ માં સામાજિક સુધારાની હિમાયત કરી અને એને માટે વખત આવે આપત્તિઓ સહન કરી સૌરાષ્ટ્રનાં અઢીસો જેટલાં દેશી રાજ્યોની દબાયેલી પ્રજાને જાગૃત કરવા માટે શ્રી અમૃતલાલ
શેઠ સૌરાષ્ટ્ર પત્રોનો પ્રારંભ કરતા લખ્યું :

– એ વર્તમાનપત્રો આજની કાળી શાહીથી નહિ લખાય, એ તો લખાશે અમારા લોહીની લાલ શાહીથી. એમાં દુઃખના, વેદનાના, બળવાના પોકારથી

ધરતી ઘણઘણી ઊઠશે. રાજાઓના દિલ થરથરશે અને એમનાં સિંહાસનો ડોલવા માંડશે. પ્રજાકલ્યાણના નવા યજ્ઞો અમે વર્તમાનપત્રોનાં કાર્યાલયોમાં માંડીશું.

શ્રી અમૃતલાલ શેઠે દેશી રજવાડાઓમાં રાજાઓની જોહુકમી અને પ્રજાના શોષણનો ચિતાર મેળવવા જાનની બાજી લગાવી હતી. વેશ બદલીને છેક રજવાડાઓનાં અંતઃપુર સુધી પહોંચીને તેઓ સાચી હકીકતો મેળવી લાવતા હતા. શ્રી અમૃતલાલ શેઠ, શ્રી સામળદાસ ગાંધી અને શ્રી કકલભાઇ કોઠારીએ સૌરાષ્ટ્રની પ્રજાની જનજાગૃતિ માટે અખબારો શરૂ કર્યા અને સક્રિય રીતે સત્યને પડખે ઊભા રહ્યા. આજના એક્ટિવિસ્ટ પત્રકારો કલમથી વિરોધ પ્રગટ કરે છે અને પછી એ પ્રશ્નોનો ભોગ બનનારાઓને કલમથી સાથ પણ આપે છે. જૈન પત્રકાર પાસે આવી સક્રિયતા કે ક્રિયાશીલતા હોવી જોઇએ. પત્રકારત્વ વ્રત બનવું જોઇએ, વૃત્તિ નહિ. એણે પોતાની કલમથી અનિષ્ટોને પ્રગટ કરવાનાં છે અને પોતાના પુરુષાર્થથી એને દેશવાટો આપવાનો છે. આવા પત્રકારે અંધ રૂઢિચુસ્તોનો કે સંકુચિત સંપ્રદાયવાદીઓનો સામનો કરવા માટે નૈતિક હિંમત દાખવવી જોઇએ. ઘણીવાર પત્રકારના સ્વતંત્ર અવાજને હિંસાત્મક કે આક્રમક હુમલાઓ દ્વારા કે ખર્ચાળ અદાલતો મારફતે ગૂંગળાવવાની કોશિશ થાય છે.

ક્યારેક જૈન પત્રો 'એરટાઇટ કમ્પાર્ટમેન્ટ' જેવાં લાગે છે. ક્યાંક માત્ર સમાચાર હોય છે, તો ક્યાંક ફક્ત અહોભાવયુક્ત લખાણો હોય છે. આને બદલે પૃથક્કરણાત્મક અભિગમ અપનાવવાની જરૂર છે. ક્યારેક વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનો અભાવ લાગે છે અને એથીય વિશેષ મૌલિક અર્થઘટનની અછત દેખાય છે. જેમકે ભૂગર્ભમાં અણુધડાકાઓ થતા રહે છે. અખબારમાં વાંચીએ છીએ કે ભૂગર્ભમાં ચારસોમો ઍટમબોમ્બ ફોડવામાં આવ્યો. આ સમયે એવો સવાલ જાગવો જોઇએ કે ભૂગર્ભમાં આટલા બધા અણુવિસ્ફોટ કરવાની જરૂર શી ? એકનો એક પ્રયોગ વારંવાર શા માટે ? હકીકત એવી છે કે

અણુબોમ્બની જુદી જુદી શક્તિઓ માપવા માટે આ પ્રયોગો થતા હોય છે. એક બોમ્બ એવો હોય કે જેના ૬૫ ટકા શક્તિ ધડાકા (Blast) માં જતી રહે, ૨૦ ટકા જેટલી શક્તિ વપરાય. હવે બીજો બોમ્બ એવો હોય કે ધડાકામાં માત્ર ૨૦ ટકા જેટલી શક્તિ વપરાય અને રેડિયો એક્ટીવ કિરણોમાં ૮૦ ટકા હોય. આમ એક બોમ્બમાં માણસ મરે તેવો આશય રખાય છે અણે બીજા બોમ્બમાં માણસ ઓછો મરે, પણ મિલકતનો પૂરો નાશ થાય એવો ઇરાદો હોય છે. આજના જગતને સંહારમાં જ નહીં, પરંતુ જુદા જુદા પ્રકારના સંહારમાં રસ છે. પત્રકાર આધુનિક સંદર્ભમાં વિચારીને અહિંસાના સિદ્ધાંત દ્વારા સંહાર અટકાવવાનો આગ્રહ રાખશે. આમાં જૈનધર્મની અહિંસાની વિભાવના દ્વારા વાત રજૂ થવી જોઇએ. વર્તમાન સમયમાં હિંસા અને જાતીયતાને સમૂહ માધ્યમોએ બહેકાવી દીધા છે, જૈન પત્રકાર આની સામે અહિંસા અને સયંમ-જીવનની વાત મૂકીને આજના વિશ્વને અધઃપતનમાંથી ઉગારવાનો પ્રયત્ન કરશે.

આજના જૈન પત્રકારત્વમાં વર્તમાન પ્રવાહોને ધર્મસંસ્કારની દૃષ્ટિથી મૂલવવાનો અભિગમ હોવો જરૂરી છે. આને હું 'એપ્લાઇડ રિલિજિયન' (Applied religion) કહીશ. આ એક એવી ફૂટપટ્ટી છે કે જેનાથી તમે કપડું માપી શકશો અને કાગળ પણ માપી શકશો. માત્ર સવાલ એ ફૂટપટ્ટીના ઉપયોગનો છે. એને યોગ્ય સંદર્ભમાં રજૂ કરવાની દૃષ્ટિનો છે. આપણા દર્શન અને ગ્રંથોમાં બધી જ બાબતોનો સમાવેશ થયેલો છે, પરંતુ એને વર્તમાન સંજોગોમાં સમજવાની ચાવી તમારી પાસે હોવી જોઇએ. આજે પશ્ચિમના વિચારકોએ માનવજીવનને સુખી કરવા માટે એક સૂત્ર આપ્યું - 'The less I have, the more I am' આ જ વિચારને લક્ષમાં રાખીને જૈન ધર્મમાં આલેખેલી અપરિગ્રહની ભાવનાની મહત્તા બતાવી શકીએ.

આર્યોની સંસ્કૃતિમાં ગાયને પવિત્ર ગણીને એને માતા કહેવામાં આવી હતી. આજે આધુનિક અર્થમાં ગાય માનવજાતની માતા છે તે આપણે

દર્શાવી શકીએ. ગાય છાણ આપે, જેમાંથી ખાતર થાય અને બળતણ પણ મળે. ગાય દૂધ આપે જેનાથી માનવજાતનું પોષણ થાય. વળી એનો બળદ ખેતીકામમાં અને ગાડામાં વપરાય. આ રીતે મનુષ્ય જાતિ પર ગાયે અનેકધા ઉપકાર કર્યા છે. માનવજાતને ગાયથી જે લાભ થાય છે. તેના વિકલ્પો આજે પણ ખર્ચાળ અને પરવડે નહિ તેવા છે. આમ ધર્મપૂત દૃષ્ટિ ધરાવતા પત્રકારે આ વાત પ્રગટ કરવી જોઇએ. પ્રત્યેક વિષયનો સંદર્ભ ધર્મ સાથે સાંકળવામાં આવે તો એ સામયિક બીજાં પત્રો જેટલું રસપ્રદ અને અદ્યતન બની શકે. ગુજરાતમાં એની જીવાદોરી સમી નર્મદા યોજનાની ઠેર ઠેર ચર્ચા ચાલે છે. આ સમયે જૈન પત્રકાર એ તરફ પણ દૃષ્ટિ દોડાવશે કે આમાં પશુ-પક્ષી ડૂબી જાય નહિ તે માટે એનું કઇ રીતે સ્થળાંતર થઇ શકે ? આવી જ રીતે એ તીર્થસ્થાનોને હરિયાળા બનાવવાની પ્રવૃત્તિ કે પાંજરાપોળને સ્વનિર્ભર બનાવવાની કામગીરી સમાજ સમક્ષ ધરશે. આવું જૈનદૃષ્ટિનું અર્થઘટન વાંચવાની જૈનેતરને પણ જિજ્ઞાસા રહેશે.

આજના પત્રકારત્વમાં બે તરાહ સ્પષ્ટપણે જોવા મળે છે. એક પ્રકાર એવો છે કે આજે સમાજમાં જે કંઇ ચાલી રહ્યું છે તે ચીલાચાલુ બાબતોને વફાદાર હોય છે. તેઓ પરંપરા કે રૂઢિની દૃષ્ટિથી પણ ક્યારેક પ્રશ્નને જોતા હોય છે. આવા પત્રકારોને આપણે 'કન્ફર્મિસ્ટ' (Confirmist)કહીશું. જ્યારે પત્રકારત્વનો બીજો પ્રકાર તે મૌલિક અર્થઘટનનો છે. આવાં અર્થઘટન ચર્ચા કે વિવાદ જગાડે છે, પરંતુ આવા વિવાદથી ડરવાની કોઇ જરૂર નથી. હકીકતમાં તે વિવાદ થાય તે જ આ અર્થઘટનનો હેતુ હોય છે.

ભવિષ્યમાં જૈન પત્રકારત્વે તટસ્થ પ્રશ્નોને પણ પોતાની વિચારએરણ પર ચડાવવા પડશે. બિહારના જમીનમાલિકોએ ભૂમિસેના રચીને હરિજનોની નિર્દય હત્યા કરી. આ સમાચારો અને એમાં થતાં નિર્દયી શોષણને પણ પત્રમાં સ્થાન મળવું જોઇએ. જ્યારે આજના આપણાં મોટાભાગનાં પત્રો માત્ર સમાચાર અને તે પણ પોતાની આસપાસનાં મંડળના

સમાચારપત્રો બનીને અટકી ગયાં છે. આવાં નથી એનું મૂલ્ય માત્ર મંડળની માહિતીમાં જ સમાપ્ત થઇ જાય છે. આથી ક્યારેક એવું સમીકરણ જોવા મળે કે ધર્મવિષયક પત્ર એટલે શુષ્ક વાતો કરતું અખબાર. એને નીચોવો તો પણ કંઇ ન મળે. એને તો માત્ર રેપર ખોલીને બાજુએ મૂકવાનું હોય.

આવી સ્થિતિ ઘણી વેદનાજનક કહેવાય. અખબાર એટલે અખબાર ! એમાં માહિતી, વિશ્લેષણ અને રસપ્રદતા હોવાં જરૂરી છે. એમાં વ્યવસાય કરતી જૈન મહિલાની સમસ્યાની ચર્ચા પણ આવવી જોઇએ. આ અંગે 'રીડર્સ ડાયજેસ્ટ' તરફ આપણે નજર કરીએ. અનેક ભાષામાં પ્રગટ થતું 'રીડર્સ ડાયજેસ્ટ' વિશ્વમાં બહોળો વાચકવર્ગ ધરાવે છે એમાં ચરિત્ર વાર્તા, ટુચકા, ઉક્તિઓ, કૃતિના સંક્ષેપો - બધું જ આવે. પરંતુ આ સામાયિક તમે દસેક વર્ષ વાંચશો તો તમારું માનસ પ્રચ્છન્નપણે અમુક પ્રકારનું થઇ જાય છે. એનું સંપાદનકાર્ય એવી રીતે કરવામાં આવે છે કે જેથી ખ્રિસ્તી ધર્મમૂલ્યોનું પ્રતિપાદન થાય. બાહ્ય દષ્ટિએ રસપ્રદ કથા અને વાર્તા હોય, પણ એની પાછળ ખ્રિસ્તી ધર્મના પ્રતિપાદનનો દોર સતત વહેતો હોય. પત્રકારતાની ખૂબી જ એ છે કે એ તમને જાણ પણ ન થાય એ રીતે તમારું માનસ પલટી નાખે.

પત્રકારના લોહીમાં ધર્મ ફરતો હોય તો જ એનામાં આવી જીવંત ધર્મદષ્ટિ જાગે. આજના જૈન સામાયિકોમાં આવો અનુભવ થાય છે ખરો ? જો થાય તો એ પત્ર અને પત્રકાર સફળ બની શકે.

જૈન પત્રોમાં અહોભાવયુક્ત લખાણોની ભરમાર જોવા મળે છે. વિજ્ઞાનની કોઇ નવી શોધ થાય એટલે તરત જ આ પત્રો લખશે કે અમારે ત્યાં તો વર્ષ પહેલાં આ શોધ થઇ ચૂકી છે. અમારા ધર્મગ્રંથોમાં એનું બયાન પણ મળે છે ! મજાકમાં એમ પણ કહી શકાય કે સેકન્ડ ક્લાસના ડબ્બાનાં બારણાની પહોળાઇ કેટલી હોવી જોઇએ તે વિશે પણ વેદમાં લખેલું છે. આવા

અંધ અહોભાવમાંથી મુક્ત થવું જોઇએ. એને બદલે વિજ્ઞાન અને ધર્મનું સામંજસ્ય સાધવું જોઇએ, કારણ કે ઉત્તમ ધર્મ અને વિજ્ઞાન એક જ દિશામાં ચાલે છે; એમની વચ્ચે કોઇ વિસંવાદ નથી. ધર્મ કહેશે કે અણગળ પાણી ન પીવાય. રાત્રિભોજનનો ત્યાગ કરો. ઉકાળેલું પાણી પીઓ. કાયોત્સર્ગ કરો. વિજ્ઞાન પણ વિશ્લેષણ અને પ્રયોગને અંતે આ જ વાત કહેશે. ધર્મ કહેશે કે કદી જૂઠું બોલશો નહિ. મનોવિજ્ઞાન કહેશે કે જુંઠું બોલશો તો અનેક માનસિક ગ્રંથિઓનો ભોગ બનશો.

આપણે આપણા સિદ્ધાંતોને સંકુચિતતાના સીમાડામાં બાંધી દીધા છે અને તેથી વિશ્વવ્યાપી મહત્ત્વ ધરાવતી ઘટનાઓ ઉવેખાય છે. કોઇ જ્ઞાતિનું છાપું હશે તો માત્ર જ્ઞાતિમાં જ એની આખી દુનિયા સમાઇ જશે. સંપ્રદાયનું છાપું હશે તો એ પોતાના સીમાડા ઓળંગી બીજા સંપ્રદાયની કલ્યાણકારી ઘટનાનો ઉલ્લેખ પણ નહિ કરે. જે અંગ્રેજ સત્તાને મહાત્મા ગાંધીજી એ દેશમાંથી હાંકી કાઢી. એ જ અંગ્રેજ પ્રજાના એક માનવી લોર્ડ ઍટનબરોએ જગતને "ગાંધી" ફિલ્મની ભેટ આપી. ઇઝરાયલમાં 'વર્લ્ડ વેજિટેરિયન કૉંગ્રેસ' નું આયોજન થયું. આ જ ઇઝરાયલમાં ગેલીલી નામની ટેકરીના ઢોળાવ પર આમિરીન નામનું શહેર વસાવવામાં આવ્યું. આ શહેરમાં માત્ર શાકાહારીઓને જ પ્રવેશ મળે છે. અમેરિકાના શિકાગો રાજ્યના એક ગામડામાં શાકાહારી જ વસી શકે છે. લંડનના હાઇડ પાર્કમાં પ્રતિવર્ષ વેજિટેરિયન રેલી યોજાય છે અને એમાં સહુ શાકાહારના શપથ પણ લેતા હોય છે. આવી જગતવ્યાપી ઘટનાઓનું જૈન પત્રકારે આલેખન કરવું જોઇએ. માનવ બેપગું પ્રાણી નથી, કિંતુ સ્વપ્ન-શીલ પ્રાણી છે.

આપણે પણ એક એવું સ્વપ્ન સેવીએ કે આવતીકાલના પત્રકારત્વમાં જૈનદષ્ટિનો વિનિયોગ થાય. એને પરિણામે જગતને દિશા અને દર્શન મળે અને વિશ્વધર્મના ધારક એવા આપણે જગતકલ્યાણમાં યત્કિંચિત ફાળો આપી શકીએ.

# ચતુર્વિધ સંઘોની વર્તમાન પરિસ્થિતિ અને તેમાં સંતો, દાનવીરો, વિદ્વાનો, લેખકો અને પત્રકારોની ભૂમિકા

- કુ. તરલા દોશી

(યુ.કે અને યુ.એસ માં જૈનદર્શન પર પ્રવચનો આપે છે. 'જૈનપ્રકાશ'અને 'બાલજ્યોત' ના સંપાદક મંડળમાં છે તેમના નિબંધ 'સ્યાદવાદ' ને એવોર્ડ મળેલ છે.)

વિશ્વદર્શનોમાં જૈનદર્શનનું સ્થાન વિશિષ્ટ છે. આદિનાથ ઋષભદેવ પરમાત્માથી પ્રારંભ પામતી આ વર્તમાન ચોવીસીનો ઈતિહાસ દર્શાવે છે કે જૈનધર્મતીર્થના સ્થાપક અને પ્રવર્તક તીર્થંકરો કેવલજ્ઞાનની પ્રાપ્તિ બાદ ચતુર્વિધ તીર્થની સ્થાપના કરે છે અને તેથી જ તેઓ તીર્થંકર કહેવાય છે. ભરત, ઐરાવત અને મહાવિદેહ ક્ષેત્રોમાં તીર્થંકરની સંખ્યા અને કાળનું વૈવિધ્ય હોવા છતાં ચતુર્વિધ તીર્થના તાત્ત્વિક સ્વરૂપમાં કશો તફાવત હોતો નથી. અહીં આપણે ભગવાન મહાવીર સ્વામીના પરિપ્રેક્ષ્યમાં ચતુર્વિધ - સંઘની વિચારણા કરીએ તો પણ સ્વરુપ સર્વ - સાધારણ જ રહેશે.

ભગવાન મહાવીરસ્વામીએ કેવળજ્ઞાનની પ્રાપ્તિ બાદ ધર્મના રક્ષણ, સંવર્ધન અને સમાયોજન માટે સ્થાપેલ ચતુર્વિધસંઘમાં જેટલું ગૌરવવંતુ સ્થાન સાધુ-સાધ્વીજીનું છે, એટલું જ ગૌરવ શ્રાવક-શ્રાવિકાને પણ આપેલ છે, એટલું જ નહીં શાસ્ત્રકાર તો શ્રાવક-શ્રાવિકાને સાધુસાધ્વીજીના "અમ્મા-પિયા" તરીકે ઓળખાવે છે. અનેક જન્મોના પુરુષાર્થ પ્રગટયા હોય એવા કેટલાક ઉચ્ચ પુણ્યવંત આત્માઓ જ સર્વોત્કૃષ્ટ એવો સર્વવિરતિ ધર્મ સ્વીકારી શકે છે, જ્યારે શાસન પ્રભાવના અને સંરક્ષા તો દેશવિરતિ - ધારક શ્રાવક - શ્રાવિકા દ્વારા જ અખંડ રહી અવિરત સફળતાને વરે છે.

કરુણા સાગર, વિશ્વવત્સલ ચરમજિનેશ્વર મહાવીરસ્વામીએ આત્મકલ્યાણના કેન્દ્રબિંદુને જેટલું મહત્ત્વ આપ્યું છે એટલું જ મૂલ્ય વ્યવહારજીવન અને વ્યવસ્થાતંત્રને લક્ષી ધર્મને આચરણ પ્રધાન બનાવ્યો છે.પ્રત્યેક આત્માનું ધ્યેય તો સર્વવિરતિ ભાવ જ દર્શાવ્યો છે પરંતુ શ્રાવક-શ્રાવિકાના જીવનની પ્રધાનતા પણ અબાધિત રાખી છે. વ્યાવહારિક ભૂમિકાએ સાધુતા સિદ્ધ ન થાય ત્યાં સુધી ત્રણ મનોરથ આત્મ પ્રદેશે ભાવવા છતાં શ્રાવકાચાર જ તેમના માટે સુલભ રહે છે. મહાવીરસ્વામીએ સાધુસાધ્વીજી માટે સમાચારી દર્શાવી છે તો શ્રાવકાચારની પણ ઉપાસકદશાંગ આદિ આગમોમાં વિશદ છણાવટ કરી છે.

ભારતની બે મુખ્ય શ્રમણ પરંપરામાં જૈન અને બૌદ્ધોનો તુલનાત્મક અભ્યાસ જૈનધર્મની વિશિષ્ટતા માટે તેની ચતુર્વિધ સંઘ વ્યવસ્થાનએ યશ આપે છે ભારત બહાર પ્રસરેલ પરંતુ ભારતમાં જ પ્રતિદિન ક્ષીણ થઈ રહેલ ભૌદ્ધ પરંપરામાં શ્રમણ-શ્રમણીના ખભે જ ધર્મસંવર્ધન અને સંરક્ષાનો ભાર મુક્યો હોવાથીજ્યારે પ્રખર શ્રમણ કે શ્રમણી ન હોય ત્યારે ધર્મ ક્ષીણ થતો દેખાયો છે જ્યારે જૈન પરંપરાના રથનાં ચાર ચક્રોએ ગતિનાં અવરોધક પરિબળોને હંફાવ્યા છે. આજ ભારતવર્ષમાં લગભગ ૧૨૦૦૦ સાધુસાધ્વીજીઓ ધર્મધુરા વહન કરી રહ્યા છે, તો એક કરોડ શ્રાવક શ્રાવિકાઓ તેને સહયોગ આપી રહેલ છે.

અતિ મામુલી પરંપરાભેદ સાથે વર્તમાનમાં ચારેય ફિરકાના શ્રાવકશ્રાવિકાઓ ધર્માનુષ્ઠાનો અને શ્રાવકાચારની આચારસંહિતા નિભાવી રહેલ છે.

જૈનધર્મમાં દિગંબર આમ્નાયના અપવાદ સાથે દીક્ષા અને મોક્ષ પ્રાપ્તિનો અધિકાર સ્ત્રીને પ્રાપ્ત છે. સ્ત્રીનું આ ગૌરવ ઈતિહાસનું એક સુવર્ણપૃષ્ઠ છે. કદાચ કહેવું હોય તો એમ પણ કહી શકાય કે આજ સુધી

ખરા અર્થમાં ધર્મપરંપરાના વહનમાં સ્ત્રીઓનો ફાળો હંમેશાં મુખ્ય રહ્યો છે. આ થઈ જૈન ધર્મપરંપરાની સામાન્ય ભૂમિકા; હવે એક ડોકિયું ઈતિહાસની આરસીમાં કરીએ તો ભારતવર્ષમાં એક કાળખંડમાં ધાર્મિક ક્ષેત્રે સ્પર્ધાના ઘોડાપૂર ઉમટયા હતાં, જૈન અને હિંદુઓ, જૈન અને બૌદ્ધો, આમ વિધર્મીઓ વચ્ચે સંઘર્ષ ચાલતો હતો ત્યારે જૈનદર્શનની સૈદ્ધાંતિક વિચારધારા કે ચિંતનધારા સાથે પૂર્ણરૂપે સુસંગત ન હોય તેવી કેટલીક લોકભોગ્ય અને સરળ ઉપાસના કે આરાધના પદ્ધતિઓનું આકર્ષણ થયું અને ક્રિયા કે અનુષ્ઠાનો રૂપે તેનો મોટા પાયા પર સ્વીકાર થયો, સ્વીકારને અનુરૂપ તર્કો પણ લોકમાન્ય બની જૈનપરંપરામાં ભળી ગયા. આગમ પરંપરા સાથે આચાર્ય પરંપરાનો સમન્વય થયો અને મહાપ્રભાવક આચાર્ય ભગવંતોના પ્રભાવ હેઠળ જૈન સમાજ બેવડી વિચાર ધારામાં ગતિ કરવા લાગ્યો. આગમ પરંપરાની ઓટ અને આચાર્ય પરંપરાની ભરતીમાં કેટલાંક વિધિ-વિધાનો અને અનુષ્ઠાનો માટે મતમતાંતરો પણ સર્જાયા, સામાન્યજન માટે અવઢવનો આરંભ થયો, માનવસ્વભાવ સહજ ઢાળ તરફ ઢળતો જ રહ્યો - spiritual ઓછું અને ritual વધુ એવું વાતાવરણ સર્જાવા લાગ્યું. છતાં આગમ પરંપરા અવિચ્છિન્ન રહી શકી, એને શાસનપતિના પ્રબળ પુણ્યનો પ્રભાવ કહીએ તો અયોગ્ય નથી.

એક તરફ જૈનેત્તરો સાથેનો સંઘર્ષ તો બીજી તરફ જૈન પરંપરા જાળવવાની અને વિકસાવવાની મથામણે કેટલાંક પ્રબળ પરિબળો પણ જન્માવ્યા. આજ કદાચ જૈનેત્તરો સાથે સંઘર્ષની ભૂમિકા નહિવત ગણીએ તો આંતરિક સંઘર્ષની ભૂમિકા બળવાન બની રહી છે. મંચ પર એકતાનો ઝંડો લઈ બેઠેલાં આપણી વચ્ચે હઠાગ્રહ-દુરાગ્રહ કે મૌલિકતાના નામે અનેક સંપ્રદાયો ફાલી ફૂલી રહ્યા છે. અનેકાંતવાદની બુનિયાદ પર ઊભેલ જૈનધર્મ એકાંતમતની નાગચૂડમાં ભીંસાઈ રહેલ છે. સંક્ષેપમાં કહીએ તો, જૈનધર્મ માટે આજ એક તરફથી આંતરિક આક્રમણ અને બીજી તરફ ભૌતિકવાદના બાહ્ય આક્રમણના કારણે તે શ્રદ્ધાના મૂળમાં પ્રહાર વેઠી રહેલ છે. આની

આડઅસર એ છે કે આપણે લોકભોગ્ય અને જનમનરંજક અંશોના ગુલામ બની તેને જ ધર્મરૂપે સ્વીકારી રહ્યા છીએ. ધર્મ પ્રચારનું મહોરું પહેરી શૈથિલ્ય આવે અને ઉદારતાના બહાને આચરણ સરકતું જ જાય એવી ભૂમિકા સર્જાઇ રહી છે. આ વિકાસ કહેવાય કે રકાસ ? આનો ઉત્તર કદાચ સમય જ આપશે, પરંતુ આપણી અખંડ શ્રદ્ધા કહે છે કે પરમપિતાનું પનોતું શાસન અખંડપણે ૨૧૦૦૦ વર્ષની યાત્રા પૂર્ણ કરશે જ.

આ વિકાસયાત્રામાં સંતો (સતીજીઓ)ની ભૂમિકા વિષે વિચારીએ તો પ્રકૃષ્ટ પુણ્યના પ્રાગટય સાથે પ્રબળ પુરૂષાર્થથી જિનેશ્વર કથિત સર્વવિરતિના વિકટ માર્ગે ચાલતા જૈન શ્રમણ-શ્રમણીઓનું જીવન - 'અસ્તિત્વ' જ એક મોટું આશ્વાસન છે; આશ્વાસન નહીં પણ આશીર્વાદ છે. વીતરાગની આજ્ઞામાં રહી અજોડ કાર્ય કરવાની આંતર - બાહ્ય શક્તિ 'સંતત્વ' માં સમાયેલ છે. સંસારમાં સંતનું હોવું એજ પૃથ્વીને પતનની ગતિમાંથી ઉધ્ધૃત કરી શકે છે. એ આંતરિક પરિબળના સ્વીકારપૂર્વક સંતોની વ્યવહારિક ભૂમિકા વિચારીએ તો જૈનપરિભાષાના જંગલોની ઘાટીમાં અટવાયા વિના સરળતાની કેડીએ જીવન વિકાસનું માર્ગદર્શન કરાવી સમાજને દિશાસૂચન એ કરે, લોકકલ્યાણનાં કાર્યોના આદેશક નહિં પણ નિર્દેશક બને, જૈનમુનિઓને મિશનરીઓ બનાવવાની જરૂર નથી, મુનિ મટી મુનિમ બનવાની પણ તેમને જરૂર નથી. શ્રમણ શક્તિનું સંવર્ધન અને રક્ષણ એ સમાજની નૈતિક નહિં આધ્યાત્મિક જવાબદારી છે. સાધુ-સાધ્વીજી અને શ્રાવક-શ્રાવિકાની પરસ્પરની જવાબદારીનો લય ચૂકાય તો પછી પ્રલય જ સર્જાય. વર્તમાન યુગ પડકારનો યુગ છે. સાધુ-સાધ્વીજી સમક્ષ પડકાર છે. સ્વ પર કલ્યાણક સિદ્ધ થવાનો. સાધનમય જીવનમાંથી પ્રગટતી શક્તિનો દુર્વ્યય ન થાય તે રીતે વાડાબંધી, વ્યક્તિગત પૂજા, સાંપ્રદાયિકતાનું ધીમું ઝેર ઊતારી સાધુ સમાજ તેની પ્રભાવક શક્તિનો પ્રયોગ કરે. ક્ષુલ્લક અને ક્ષણિક સ્વાર્થો કે આકર્ષણો તેમને સ્પર્શી ન જાય તેટલી સજ્જતા સાથે શ્રમણ સંસ્થા 'જૈનત્વ' સાથે સુસંગત ન હોય તેવી એક પણ પ્રવૃત્તિમાં કહેવાતા

શ્રાવકોને સહયોગ આપ્યા વિના પ્રગટ અને પ્રબળ વિરોધ દર્શાવવાનું નૈતિક બળ વ્યક્ત કરે, નિવૃત્તિના માર્ગના વર્તુલનું કેન્દ્રબિંદુ છૂટી ન જાય અને છતાં વર્તુલ વિકસતું જ રહે એવી ચારિત્રનિષ્ઠા તેના લલાટનું તેજોમય આભામંડળ રચે અને તેના 'સેવ્ય' પદની રક્ષા કરે. સંતો સેવ્ય છે. સેવક નહીં, એ સ્વયં ન ભૂલે અને શ્રમણોપાસકોને ભૂલવા ન દે.

સાધર્મિક કલ્યાણની વર્તમાનની તીવ્ર માંગને પહોંચી વળવા ખરા અર્થમાં પ્રેરક બની સ્વસ્થ, સમૃદ્ધ, સજાજ અણે સ્વધર્મ પ્રિય શ્રમણોપાસકોનું વિશ્વ સર્જાવામાં માર્ગદર્શક બને એ ભૂમિકા આજની સૌથી પ્રથમ માંગ છે. સાધુના માર્ગદર્શન વિનાનો શ્રાવક સમાજ હંમેશાં અધૂરો જ રહે. જૈન શ્રાવકો જગતમાં હંમેશાં વિશ્વના દાનવીરોમાં મૂર્ધન્ય સ્થાને રહ્યાં છે.

આવા દાનવીરો જૈનદર્શનના પ્રાણસમી સર્વજીવોના કલ્યાણની ભાવનાને સાકાર કરી શકે છે. નામી, અનામી દાતોઓનું સ્થાન ગૌરવવંતુ છે જ. જૈન ધર્મ 'દાન' શબ્દ સાથે અપરિગ્રહ ભાવને જોડે છે. પરિગ્રહસંજ્ઞા તોડવાના ઉત્કૃષ્ટ પ્રગટતું દાન અને એ પણ આભ્યંતર તપના બાહ્ય લક્ષણ-રૂપ જો હોય તો એ ધર્મનું અંગ, અન્યથા વ્યવહાર ક્રિયા માત્ર જ ગણાય એવી સમજણ સાથે દાનવીરો જો દાનની ગંગા વહાવે તો જૈન ધર્મ પ્રભાવનાના અનેક કાર્યો સંભવિત બની શકે. શ્રી ભગવતીજી આગમની વાંચના સાંભળતા ગૌતમ (ગોયમ્) શબ્દ કાનમાં જેટલી વખત પડે એટલી સોનામહોર મૂકી ૩૬૦૦૦ સુવર્ણમુદ્રા દ્વારા આગમ પ્રચાર-પ્રસાર કરનાર પેથડશા હોય કે દુષ્કાળો નિવારવા ધન ભંડાર ખુલ્લા મુક્તા દાનવીરો હોય! વસ્તુપાળ, તેજપાળની જિનેશ્વર ભક્તિ હોય કે પુણ્યાશ્રાવકની સાધર્મીભક્તિ હોય જૈનઈતિહાસ તેજસ્વી તારલાથી ઝળહળતો જ રહે છે. આ પ્રકાશમાંથી પ્રેરણા લઈ, કીર્તિદાન, અહં પોષક કે પ્રેરક તુચ્છ દાનોની વિભાવનામાંથી બહાર આવી દાનવીરો તેમાં દાન દ્વારા ચતુર્વિધ તીર્થના ઉદ્ધારમાં અનન્ય ફાળો આપી શકે. સંસારની કોઈ પણ કલ્યાણપ્રવૃત્તિ આર્થિક સહયોગવિના

સંભવિત નથી. અહિંસાની આરાધના કરવા, કરાવવા, અનુમોદવા પણ 'અર્થ' ની જરૂર છે આવા ઉદારદાતાઓનું માર્ગદર્શન કરવા તીવ્ર બુદ્ધિમતા અને પ્રખર પાંડિત્ય ધરાવતા દૂરદેશી અને આર્ષદષ્ટા વિદ્વતવર્ગની આવશ્યકતા રહે છે.

વિદ્વાનોની ભૂમિકા હંમેશાં સમાજમાં મૂર્ધન્ય રહી છે. સરસ્વતીના પૂત્રો સિવાય જગતને કલ્યાણની કેડી કોણ ચીંધી શકે? કમનસીબે વર્તમાનમાં જૈનો જેટલા વ્યાપારી ( લક્ષ્મીપુત્રો) દેખાય છે તેટલા વિદ્વાનો (સરસ્વતી પુત્રો)નથી દેખાતા તેમ કહેવું તદ્દન અયોગ્ય તો નહીં જ કહેવાય ને? સમજદારી પૂર્વક તાટસ્થ્ય અને તુલનાત્મક રીતે વીરવાણીનો દ્રોહ ન થાય તેવી સજ્જતા સાથે વિદ્વતાનો પ્રયોગ કરવો તે સૌ પ્રથમ કર્તવ્ય અને વૈશ્વિક દર્શન પ્રવાહના અભ્યાસ માટે ખુલ્લી માનસિકતા એ ફરજિયાત કર્તવ્ય ગણીએ તો જૈનદર્શન વર્તમાન જીવનમાં કઈ રીતે ઉપકારક જ નહીં, અનિવાર્ય છે એનું વાસ્તવિક ચિંતન પ્રધાન કર્તવ્ય છે. મૌલિક મતદર્શનના મોહ વિના શાસ્ત્રજ્ઞાનનું વફાદારી પૂર્વક નીર-ક્ષીરના વિવેકથી ઉત્તમ જીવન મૂલ્યો વિશ્વ સમક્ષ મૂકવાનો સમ્યક્ પુરૂષાર્થ મુખ્ય કર્તવ્ય બની રહે છે. આમ વિદ્વાનો મુખ્ય, પ્રધાન અને ફરજિયાત કર્તવ્યની ત્રેવડી ભૂમિકા નિભાવી જ્યારે શોધ-સત્ય વિવેક અને વર્ણનશક્તિના ચૌરાહા પર લે છે ત્યારે દીવાદંડી બની જાય છે.

સ્વાધ્યાય, લેખન, મનન, ચિંતન, પ્રકાશનના સ્તરે આંતરરાષ્ટ્રીય ક્ષિતિજ પર તેનું યોગદાન આપી શકે, અને ઉત્તમ પત્રકારત્વનો આદર્શ સિદ્ધ કરી કોમ્પ્યુટર વગેરે આધુનિક ઉપકરણોનો સહયોગ લઈ જૈનપ્રતોમાં ભંડારાયેલ જ્ઞાનને વિશ્વના ખૂણે ખૂણે પહોંચાડવા હસ્તપ્રતોની જાળવણી, સંવર્ધન, મૂલ્યાંકન, પ્રકાશનની જવાબદારી લઈ શકે. નિર્બળ થતી યાદદાસ્ત, વ્યક્તિગત પુરૂષાર્થમાં શ્રમલાઘવ અને દોડધામના યુગપ્રભાવથી ભીંસાતી માનવજાત કંઠ પરંપરાથી જ્ઞાનનો વારસો નિભાવનાર નથી ત્યારે

કોમ્પ્યુટરના ઉપયોગથી સાયબર લાઈબ્રેરી સર્જી શકે. એક C.D માં સેંકડો ગ્રંથોનો સમાવેશ, એક વખતના પ્રયત્નથી બનેલ C.D હંમેશ માટે પ્રિંટીંગનો શ્રમ, સમય અને ધન બચાવે છે અને `વિશ્વના કોઈ પણ ખૂણે જિજ્ઞાસુને સંતોષી શકે. તો વિદ્વાનો આ દિશામાં પણ આગળ વધે તે વર્તમાન સમયની માંગ છે. અલબત્ત સાધનો પરાવલંબન અને જે તે દિશાની શક્તિ હ્રાસની આડ અસર તો નિપજાવે જ છે. છતાં કાળ પ્રભાવને અનુરુપ બદલતા સંયોગમાં ઉપયોગી કાર્ય સ્વીકાર - એ પણ જરૂરી ગણી શકાય.

ધર્મક્ષેત્રે થતી સરસ્વતી પુત્રોની અવહેલના અને ઉપેક્ષાની ભૂલ સુધારી સારસ્વતોની પૂજા અને આદર સાથે યોગ્ય મૂલ્યાંકન પણ થાય તે જોવાની જવાબદારી જૈન સમાજની છે. વિદ્વાન ખરા અર્થમાં સ્યાદવાદનો પૂજારી ન બને તો `સાક્ષરાઃ વિપરીતા રાક્ષસાઃ ભવન્તિ' જેવું થાય માટે વિદ્વાનો તેની જવાબદારી નિભાવે એ પણ એટલું જ જરૂરી છે.

આજનું જ્ઞાનસત્ર વિદ્વતજનોની અભિવંદના છે એમ કહીએ તો અસ્થાને નથી. આયોજકોને અભિનંદન.

# ચતુર્વિધ સંઘોની વર્તમાન પરિસ્થિતિ અને તેમાં સંતો, દાનવીરો, અને પત્રકારોની ભૂમિકા

-પ્રો. નવિનચંદ્ર કુબડિયા

(જયહિંદ કોલેજ મુંબઇના ગુજરાતી વિભાગના અધ્યક્ષ, મુંબઇ યુનિ.ના બોર્ડ ઓફ સ્ટડીસ ઇન ગુજરાતીના સભ્ય, ડૉ. આર.એ. માશેલકર લાઇફ ટાઇમ અચિવમેંટ અવોડના વિજેતા નવીનભાઇ દાદરની પર્યુષણ વ્યાખ્યાનમાળાના અધ્યક્ષ છે.)

આપણે સહુ જાણીએ છીએ તેમ જૈન ધર્મ અત્યંત પ્રાચીન અને વિશ્વધર્મ બનવાની સંપૂર્ણ ક્ષમતા ધરાવતો ધર્મ છે. આમ છતાં તે વિશ્વધર્મ બની શક્યો નથી. માત્ર ૨૦૦૦ વર્ષ જૂનો ખ્રિસ્તી ધર્મવાળા અનેક દેશો છે. માત્ર ૧૫૦૦-૧૬૦૦ વર્ષ જૂનો ઈસ્લામ ધર્મવાળા અનેક દેશો છે. લગભગ ૨૬૦૦ વર્ષ જૂનો બૌદ્ધ ધર્મનાં પણ થોડાંક રાષ્ટ્રો છે. જ્યારે આપણા આટલા પ્રાચીન અને વિશ્વધર્મ બનવાની ક્ષમતા ધરાવતા જૈનધર્મી કહી શકાય તેવું જૈન રાષ્ટ્ર છે ? એકેય જૈન રાજ્ય કહી શકાય તેવું રાજ્ય છે ? અરે એકેય એવું વર્તમાનમાં શહેર પણ છે ? આ પરિસ્થિતિ આત્મદર્શન અને પ્રામાણિક વિચારણા માગી લે છે. જૈનધર્મનો વિસ્તાર વ્યાપ એટલો ઓછો કેમ ? એક કારણ તો એવું લાગે છે કે 'અહિંસા' એ જૈનધર્મનો પ્રાણ છે. અહિંસાની બાબતમાં જૈનધર્મે અત્યંત અત્યંત સૂક્ષ્મ વિચારણા કરી છે. વનસ્પતિકાય, અગ્નિકાય, ત્રસ આદિ જીવોની પણ હિંસા ન થાય તે અંગે વિશિષ્ટ વિચારણા જૈનધર્મમાં થઈ છે. આનો પ્રત્યક્ષ જીવનમાં અમલ કરવાનું અશક્ય નહિ તો ઘણું કપરું છે. જૈનધર્મના ઓછા પ્રસારનું આ પણ એક કારણ છે. પરંતુ માત્ર આ જ કારણ નથી. આપણો જૈનધર્મ અત્યારે સંપ્રદાયો અને , વાડાઓ અને પેટા વાડાઓમાં વહેંચાઈ ગયો છે. દિગંબર, શ્વેતાંબર, દેરાવાસી, સ્થાનકવાસી, તેરાપંથી, છકોટી, આઠકોટી, તપાગચ્છ, ખતરગચ્છ આદિ કેટલા બધા વિભાગો અને પેટા વિભાગો ! ચાર તો મુખ્ય સંપ્રદાય અને દરેક સંપ્રદાયમાં પણ વિભાગો.

દરેક વિભાગોમાં પણ આચાર્યોના અનુયાયીઓ તરીકે પાછા વણલખ્યા વિભાગો. આપણા એકાદ વિશાળ સંપ્રદાયમાં તો એવું પણ જોવા મળે છે કે અમુક ઉપાશ્રયોમાં અમુક આચાર્ય અને તેના સાધુઓ ઊતરી શકે પરંતુ તે જ સંપ્રદાયના અન્ય આચાર્યના સાધુઓ ન ઊતરી શકે. આ પરિસ્થિતિ છે. પરિણામ રૂપે આપણામાં સમગ્રતયા એકતાનો અભાવ છે. જેમ ખ્રિસ્તીધર્મના સર્વોચ્ચ ધર્મગુરૂ પોપ છે, તેમ આપણા સહુના જૈનધર્મના એક જ ગુરૂ એ અત્યારે શક્ય તો નથી જ, કલ્પના બહારની વાત છે, આના કારણે આપણે ઘણી બાબતમાં પાછળ રહી જઈએ છીએ. સર્વ સંપ્રદાયોના આચાર્યો અને ટ્રસ્ટીઓ વિચારે તો સારૂં.

જૈનો માત્ર ભારતમાં જ વસતા નથી. ધંધાર્થે, અભ્યાસ અર્થે અથવા અન્ય કારણસર વિશ્વના અનેક ભાગોમાં જૈનો વસેલા છે.બ્રિટન, આફ્રિકા, અમેરિકા આદિ દેશોમાં જૈનોની સંખ્યા મોટી છે. તેઓ જ્યાં છે ત્યાં જૈનધર્મ ઉત્તમ રીતે પાળવા અને પામવા ઈચ્છે છે.પરંતુ આપણા પૂજ્ય ગુરુભગવંતો પંચ મહાવ્રતધારી છે, અને તેઓ સર્વે ભારતમાં જ છે. તેઓ પંચ મહાવ્રતધારી હોવાથી વિમાન દ્વરા ત્યાં જઈ શકતા નથી. પરિણામે દૂરના દેશોમાં વસતા જૈનો ગુરુભગવંતોના યોગથી વંચિત રહી જાય છે. બનવા જોગ છે કે એકાદ બે પેઢી પછીનાં તેમનાં સંતાનો ધર્મવિહોણા બની જાય.

અલબત્ત, કેટલાક વિદ્વાનો સમયાંતરે, આમંત્રણ મળવાથી ત્યાં જરૂર જાય છે.કોઈક સાધુ સાધ્વીજીઓ પોતાની રીતે છૂટ લઈ તેમને ધર્મ પમાડવાનો પ્રયત્ન કરે છે. અલબત્ત તેઓ વિવાદમાં પણ રહે જ છે. પરંતુ આ બધી સંખ્યા અતિ જૂજ છે. આચાર્ય તુલસીએ તેમના સંપ્રદાયમાં આના કરેલા ઉપાય યોગ્ય લાગે છે. તેમણે પંચમહાવ્રતધરી નહીં તેવા , પરંતુ સંસારનામ ત્યાગી, પ્રભુના અને તેમની વાણીના રાગી સમણ અને સમણીઓની પ્રથા શરૂ કરી છે. તેઓ કોઈ પણ વ્રતના ભંગ વિના વિદેશ જઈ ત્યાં સતત અન્ય સંપ્રદાયના આચાર્યોએ પણ 'સાધુસંમેલન'માં આનું અનુકરણ કરવાનું

નક્કી કરી, અમલ કરવા જેવો છે. જૈનધર્મનો તેથી વિસ્તાર થશે અને અનેક શ્રાવક-શ્રાવિકાઓ ધર્મ પામશે.

જૈનધર્મ અંગે એક મત એવો પણ પ્રવર્તે છે કે "યુવાનો જૈન ધર્મથી વિમુખ થતા જાય છે." અલબત્ત તેમને ધર્માનુરાગી બનાવવા અને શક્તિશાળી બનાવવા અનેક ધર્મગુરુઓ શિબિરો દ્વારા પ્રયત્નશીલ છે જ. છતાં સરેરાશ યુવાન ધર્મનિષ્ઠ ઓછા છે. જૈનધર્મમાં વર્તમાનમાં જ્ઞાન અને ક્રિયા પર ઘણો જ ભાર અપાય છે. તેના પ્રમાણમાં સેવા પર ઓછો ભાર અપાય છે. જો સેવા પર સૌથી વધુ ભાર અપાય, 'ચાલો જિનાલય' ને બદલે 'ચાલો જિનાલયથી જનાલય' એવું સૂત્ર આવે તો આ રચનાત્મક, માનવતાના કામથી યુવાનો તો આકર્ષાય જ. ઉપરાંત મહાન રચનાત્મક માનવતાનું કાર્ય થાય.

એક આદિવાસી, સગર્ભા સ્ત્રીને પૂછે કે થોડા દિવસ પછી તારી પ્રસૂતિ છે. તને તેની ચિંતા નથી? તો તે કહેશે "બાજુવાળા ફાધર, મધર, બ્રધર કે સિસ્ટર મારી પ્રસૂતિની વ્યવસ્થા કરશે મને ચિંતા નથી" તેને ખ્રિસ્તીઓ પર શ્રદ્ધા છે. વિશ્વાસ છે. આપણે જૈનો સેવાધર્મને અગ્રતા આપી આવો વિશ્વાસ ઉત્પન્ન ન કરી શકીએ? અત્રે એ યાદ કરવું અસ્થાને નહિ ગણાય કે ભારતભરમાં સહુથી વધારે દાન જૈનો આપે છે. જ્યાં જ્યાં દેરાસર, ઉપાશ્રય, સ્થાનક કે જૈન ધર્મસ્થાન બંધાય ત્યાં ત્યાં એક નાનકડું દવાખાનું, આરોગ્ય કેન્દ્ર કે શાળા - મહાશાળા બાંધવાનું પણ ટ્રસ્ટીઓએ રાખવું જોઈએ. શ્રવકો, ટ્રસ્ટીઓ અને મહાત્માઓ માટે અઘરૂં નથી. માત્ર એક અભિગમ કેળવવાનો છે. તેનાથી લાંબા ગાળે, અનાયાસે જૈનધર્મની પ્રતિષ્ઠા અને વ્યાપ પણ વધશે.

બિનસાંપ્રદાયિક ભારત સર્વધર્મને માન આપી ન્યાયધર્મની પ્રભાવના કરી શકે છે.

આપવાનો પ્રયત્ન કરે છે. પરંતુ તેમાં ખરેખર તો કાંઈ સંપ્રદાય માટે કામ થતું જ નથી, સિવાય કે રાજકારણીઓએ પોતાનો રોટલોશેકવો હોય, પરિણામે સ્કૂલ કોલેજના અભ્યાસક્રમમાં જૈનધર્મની વિશિષ્ટ વાતોની અપેક્ષા અસ્થાને છે. તે ખોટા પૂરવા આપણે આપણે ગામડે ગામડે અને દરેક શહેરમાં પાઠશાળા ખોલી છે. હજારો શિક્ષકો અધ્યાપનનું કાર્ય કરે છે. છતાંય માબાપો અને વિદ્યાર્થીઓને આકર્ષવામાં પાઠશાળાઓને ઘણી ઓછી સફળતા મળી છે. હેતુ, ભાવના અને પ્રયત્નો સારા હોવા છતં સફળતા ન મળવાના મૂળમાં શિક્ષકોના પગારોની બાબતમાં લોભવૃત્તિ અને અર્વાચીન અભિગમનો અભાવ જણાય છે. પગાર ધોરણ આકર્ષક ન હોવાથી પંડિતો કે વિદ્વાનો આ તરફ ઢળતા નથી, ગૃહસ્થો કે ગૃહિણીઓ આ પાર્ટ ટાઈમ કામ કરવા આવે છે જેમનામાં નથી પૂરું જ્ઞાન કે નથી કેળવણી કૌશલ્ય. દેશની કેટલીક ઉત્તમ પાઠશાળાઓમાં ઊંચા પગારના વિદ્વાન અધ્યાપકો. સક્રિયતા, પ્રવૃત્તિઓ અને પ્રભાવના તથા ટ્રસ્ટીઓ તથા સાધુ ભગવંતોનો જીવંત રસ વગેરેએ ભાગ ભજવ્યો છે. જો આપણા સંત સતીઓ પણ પાઠશાળાની નિયમિત મુલાકાત લે તો પણ ઘણું કાર્ય થાય. જૈન ટ્રસ્ટો દ્વારા સ્કૂલો ચાલૂ કરવામાં આવે અથવા જૈન ટ્રસ્ટો દ્વારા ચાલતી વર્તમાન સ્કૂલોના ટ્રસ્ટીઓ પણ મન પર લે તો સરકારી નિયમોનો ભંગ કર્યા વિના બાળકોમાં નાનપણથી જૈનત્વ સિંચી શકે. જૈન શ્રાવકો અને સાધુઓ સાથે મળીને આ કરી શકે ખરા.

શિક્ષણની બાબતમાં આવી જ પેચીદી પરિસ્થિતિ કેળવણીના માધ્યમે કરી છે. વર્તમાન સદીમાં વધુને વધુ બાળકો અંગ્રેજી માધ્યમ તરફ ખેંચાઈ રહ્યા છે, ખાસ કરીને શહેરોમાં. તેને ગુજરાતી બોલતા જરૂર આવડે છે પરંતુ લખતાં કે વાંચતાં આવડતું નથી. આપણા ધર્મના ગ્રંથો સંસ્કૃત, પ્રાકૃત, અભભ્રંશ, જૂની ગુજરાતી કે ગુજરાતીમાં છે. આ અંગ્રેજી માધ્યમવાળી પેઢી જૈન તત્ત્વવાળા ગ્રંથો કેમ સમજી શકશે? આપણે કંઈ બધા પુસ્તકો અંગ્રેજીમાં ભાષાંતરિત કરી શકશું નહિ.

આપણી પાસે લાખો હસ્તપ્રતો છે. તે તો તેમના માટે નિરર્થક જ નીવડશે. વર્તમાનમાં કેટલા સાધુ મહાત્માઓએ કેટલાંક સૂત્રોને અંગ્રેજી લિપિમાં ઉતાર્યા છે. પરંતુ તે સામાયિક પ્રતિક્રમણ પૂરતાં જ. જાગવાની જરૂર છે. અંગ્રેજી માધ્યમમાં ભણતું બાળક ધોરણ પાંચમું પાસ કરે, હિન્દી મૂળાક્ષરો આવડી જાય કે તરત તેને ગુજરાતી શીખવવું જોઈએ. આમાં માબાપ આદિ સમગ્ર કુટુંબે ભૂમિકા ભજવવાની રહેશે. નહિ તો આવતી પેઢી ઘણે અંશે ધર્મજ્ઞાનથી વંચિત રહી જશે. સંઘો પણ આમાં ભૂમિકા ભજવી શકે.

શિક્ષકોના પગારધોરણની વાત કરી છે ત્યારે સાથે તેવી જ બીજી વાત પણ વિચારી લઈએ. ઘણાં ધર્મસ્થાનકો, દેરાસરો કે ઉપાશ્રયો કે સંઘોનો વહીવટ કથળતો જાય છે. કારણ કે આપણી પાસે હોંશિયાર, સક્ષમ. નિષ્ઠાવાન, ધર્મપ્રેમી એવો સ્ટાફ નથી અથવા અતિ ઓછો છે. કારણ? તેનું કારણ છે પૂજારીઓ અને મેનેજર આદિ કર્મચારીઓના ઓછા પગારો. આ એક પ્રકારનું શોષણ જ છે. તેમાં દૃષ્ટિ બદલી ઉદારતાનો અભિગમ અપનાવીશું તો વાસ્તવિકતા સુધી પહોંચાશે.ઘણે અંશે ટ્રસ્ટીઓ, સંસ્થાના કર્મચારીઓનું જરૂરી માન પણ જાળવતા નથી.

વર્તમાન યુગમાં દીક્ષાઓ ઠીક ઠીક પ્રમાણમાં થાય છે. એ સ્વાભાવિક છે કે તેઓ ખૂબ હોંશથી અને આત્મોન્નતિની દ્રઢ ભાવનાથી દીક્ષા લે છે અને સંઘો પણ તેટલી જ ભાવનાથી દીક્ષા આપે છે. તેઓની સંઘો, શ્રાવકો વૈયાવચ્ચ પણ ઉત્તમ કરે છે. પરંતુ ઘણી વખત એક જ સંઘાડામાં ૪૦૦-૫૦૦ કે વધારે સાધ્વીજી ભગવંતો હોય છે. આચાર્યો સંખ્યા વધારતા જાય છે. પરંતુ પછી તેમના અભ્યાસ અને ઉતારાની (ઉપાશ્રયોની) પૂરતી વ્યવસ્થા થતી નથી. મુંબઈ જેવા શહેરમાં અમુક સંપ્રદાયોમાં સાધ્વીજી ભગવંતોને ઉપાશ્રય ખાલી હોય તો પણ ઉતરવા મળતું નથી.

આપણે જ દીક્ષા આપેલ આપણા જ સાધ્વીજી ભગવંતોની આવી અવહેલના આપણે જ કરીએ ? ટ્રસ્ટીઓ અને પછી સમગ્ર સંઘે વિચારવું રહ્યું. આ જ સ્થિતિ શહેરમાં સાંજની ગોચરીની બાબતમાં છે. ચોવિહાર કરનાર અતિ ઓછાં. તેથી સાંજે વહેલી રસોઈ તેટલા જ ઘરોમાં થાય, પરિણામે સાંજે ગોચરી વહોરવામાં સાધુ-સાધ્વીઓને ઘણી જ અગવડ પડે છે. દરેક સંઘમાં સાંજે અમુક ઘરોમાં વહેલી રસોઈ કરવી જ એવું નક્કી કરાય તો સાધુ વૈયાવચ્ચ સારી થાય. આ સાથે એક ગંભીર પ્રશ્ન પણ આવે છે. ખૂબ સારી રીતે દીક્ષા લે અને તેટલી જ સારી રીતે મહાત્માઓ દીક્ષા પાળે પરંતુ કોઈક વખત માનવ નબળાઈને કારણે કોઈક સ્ખલન થઈ જાય. તેવું પરંપરાથી થતું આવ્યું છે. આ સહજ છે. ત્યારે આ બાબતને સંઘના અગ્રણીઓએ સારાસારનો વિચાર કરી પતાવવી જોઈએ. જરૂર પડે તો તેમના ગુરુ ભગવંતોને સાથે રાખીને સંઘ અને ધર્મના હિતમાં અતિ કડકાઈથી પણ કામ લેવું પડે . ક્યારેક માર્ગ કાઢવો પડે. ક્યારેક ઘણું કપરૂં પણ હોઈ શકે. જરૂરી બધાંજ પગલાં લઈ દાખખલો પણ બેસાડવો પડે. આ બધું શાસનના હિતમાં કરવું જ જોઈએ. પરંતુ તે ચાર દિવાલની અંદર. આ વાતો છાપે ન જ ચડવી જોઈએ. વર્તમાનપત્રોએ investigative journalism ના નામે અનેક વખત વાતોને ચગાવી ચગાવીને જૈનધર્મની અવહેલના કરી છે. પત્રકારોએ આ બાબતમાં સંયમ રાખવો જોઈએ . અને પત્રકાર જો સંયમ ન રાખે તો જૈન સંઘોએ જે વર્તમાન પત્રનો બહિષ્કાર કરવો જોઈએ. અહી media ની જવાબદારી મોટી છે.

વર્તમાન યુગમાં આસપાસ જે કંઈ દેખાય છે તેમાંથી કેટલીક બાબતો આપ સહુની સમક્ષ મારી વિવેકશક્તિ મુજબ રજૂ કરી છે. આ કોઈ શાસ્ત્રોક્ત વાતો નથી તેથી કોઈના ભિન્નમત પણ હોઈ શકે. તો તે બાબતમાં મિચ્છામિ દુક્કડમ્

# ચતુર્વિધ સંઘની વર્તમાન પરિસ્થિતિ અને તેમાં સંતો, દાનવીરો, વિદ્વાનો, લેખકો અને પત્રકારોની ભૂમિકા

-છાયા શાહ

(અમદાવાદના જૈનધર્મના અભ્યાસુ છાયાબેન અવારનવાર જૈનસાહિત્ય સમારોહ અને પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પ્રવચનો આપે છે, જૈનધર્મના વિષય પર પીએચ.ડી નો અભ્યાસ કરી રહ્યા છે.)

**વર્તમાન સંઘના સ્થાપક :**

વર્તમાન ચતુર્વાધ સંઘના સંસ્થાપક ઈક્ષવાકુ વંશની જ્ઞાત શાખામાં જન્મેલા મહાઉગ્ર તપસ્વી, જિન, સર્વજ્ઞ, શ્રમણ નિર્ગ્રન્થ, આપ્તશ્રેષ્ઠ, ધર્મચક્રી દેવાધિદેવ ચોવીશમા ભગવાન મહાવીરસ્વામી છે.

**સ્થાપના, સ્થળ, સમય : (?)**

આજે પણ એના ચારે પાયા મજબત છે. આજે, સૂરિમંત્રની આરાધના કરતા આચાર્યો, શાસનની રક્ષા કરતા, ભણતા ને ભણાવતા ઉપાધ્યાયો, ઉગ્ર તપ કરતા સાધુઓ જોઈને કહેવાનું મન થાય છે કે આ ઈમારત અડીખમ છે.

**ચતુર્વિધ સંઘની વર્તમાન સ્થિતિ :**

વર્તમાન ચતુર્વિધ સંસ્થાને સક્ષમ રાખવામાં આપણી આજની ચર્ચાના મુખ્ય પાત્રો, સંતો, વિદ્વાનો, લેખકો, દાનવીરો અને પત્રકારોની શું ભૂમિકા છે તે વિષે વિચારીએ એક તો આ સંસ્થાને સુરક્ષિત રાખવા આ બધા કઈ ભૂમિકા ભજવી રહ્યા છે અને તેને ઉત્તરોત્તર વધુ સુશોભિત બનાવવા તેઓ કઈ ભૂમિકા ભજવી શકે.

સંતોની ભૂમિકાઃ

સૌ પ્રથમ સાધુ-સંતો વિષે વિચારીએ તો શાસ્ત્રોમાં આચાર્યને 'ગણધર સમ ગણધરા' અને 'તિત્થયર સમો સૂરિ' અર્થાત્ તીર્થંકર ભગવાનની ગેરહાજરીમાં તીર્થંકર સમ કહ્યા છે. આજે આવા ઘણા આચાર્ય ભગવંતો શાસનની ધૂસ્નને સંભાળી રહ્યા છે. ઉપાધ્યાય ભગવંતો જ્ઞાનદાન પ્રદાન કરી રહ્યા છે અને સાધુ ભગવંતો વૈયાવચ્ચ, તપશ્ચર્યા અને જ્ઞાનપ્રાપ્તિ દ્વારા શાસનને સીંચી રહ્યા છે.

પ્રત્યક્ષ સેવા કરતાં માનસિક અને તે કરતાં આધ્યાત્મિક સેવા તીવ્ર હોય છે. આ સંઘ સંસ્થાના સભ્યો પોતાનું વ્યક્તિત્વ જાળવી શક્તા છે. તેનું મુખ્ય કારણ સંતોની આ આધ્યાત્મિક સેવા છે. પોતાના આચારોના પ્રભાવ દ્વારા તે દુષિત તત્ત્વોને દૂર રાખે છે. હેમચંદ્રાચાર્ય જેવ પૂર્વાચાર્યો એ સાધુતાને લેશ માત્ર છોડ્યા વગર જીવનની દરેક પળો શ્રુત સેવામાં સમર્પી છે. સંતો સાધુતાને ભોગે કશું જ ન કરે. આ તેમની મહાન આધ્યાત્મિક સેવા છે. સંઘને તેનાથી દીઘાર્યુ પ્રાપ્ત થાય છે. સંતો પરોપકાર કરે તે માટે પોતાનું સર્વસ્વ ત્યજી દે પરંતુ પવિત્રતા ત્યજે નહીં. કારણકે પરોપકારનું આચરણ પણ આત્માની પવિત્રતા વધારવા માટે છે. તેથી પરોપકાર કરવા પવિત્રતા તો ખોવાય જ નહી જૈનસંઘના સંતોની દિનચર્યા એ આજના યુગનું એક આશ્ચર્ય છે. આજે તેમના આચરણની મહેકથી જ જૈણ સંઘ મહેકી રહ્યો છે. પોતાની ભૂમિકા તેઓ વફાદારીપૂર્વક નિભાવી રહ્યા છે. પરંતુ આજના સંજોગો જોતા એવું વિચારવાનું મન થાય કે સંતો આજના સંજોગોમાં જ્ઞાનપ્રદાનની પ્રવૃત્તિને વધુ મહત્ત્વ આપે તો ઘણું કલ્યાણ થાય.

સંતો જો શાસ્ત્રોની વાતો ભાષાંતર કરીને તેમના હાથમાં મૂકે તો ખાતરીપૂર્વક કહી શકાય કે યુવાનવર્ગ તેને ઝીલીને આખા યુગની સીકલ ફેરવી નાખે. હમણાં અમદાવાદમાં પૂ. યશોવિજયજીએ 'બત્રીશ, બત્રીશી' ગ્રંથનો આઠ ભાગમાં ગુજરાતીમાં વિવેચન સાથે અનુવાદ કરવાનું પ્રશંસનીય કાર્ય કર્યું. આવાં અનેક કામો કરવાની જરૂર છે.

વિદ્વાનની ભૂમિકાઃ
વિદ્વાનોની ભૂમિકા વિષે વિચારીએ તો ખરી રીતે દરેક શ્રાવક વિદ્વાન હોવો જોઈએ. સ્વાધ્યાય કરી વિદ્વતા પ્રાપ્ત કરવી એ તો પ્રભુ મહાવીરની આજ્ઞા છે. પ્રભુ મહાવીરના સમયમાં તુંગિયા નગરીના લગભગ બધા જ શ્રાવકો વિદ્વાન હતા ભગવતીસૂત્રમાં પ્રભુ મહાવીરને પૂછાયેલા ૩૬૦૦૦ પ્રશ્નોમાંના કેટલાક પ્રશ્નો તુંગિયા નગરના વિદ્વાન શ્રાવકોના પૂછાયેલા છે.

વર્તમાન સમયમાં પણ વિજયધર્મસૂરિજીએ બનારસમાં સ્થાપેલ 'યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા' અને મહેસાણાની શેઠ વેણીચંદ સૂરચંદભાઈએ સ્થાપેલ પાઠશાળાએ અનેક વિદ્વાનોને જન્મ આપ્યો. પંડિત સુખલાલજી, બેચરદાસજી, હરગોવિંદદાસ, પંડિત પ્રભુદાસ બેચરદાસ પારેખ, ભગવાનલાલ ઈંદ્રજી, ભાંડારકર, સતીશચંદ્ર, વિદ્યાભૂષણ, દલસુખભાઈ માલવણિયા, ભોગીલાલ સાંડેસરા, હરીલાલ કાપડિયા, મુનિશ્રી જિનવિજયજી, મુનિશ્રી જંબુવિજયજી, પં છબીલદાસજી, પં મુકતભાઈ, પંડિત ધીરૂભાઈ અને આપણી સમક્ષ ઉપસ્થિત પર દર્શન અભ્યાસી પંડિત શ્રી જિતુભાઈ, વર્તમાન વિદ્વજનોના પિતામહ જેવા ડૉ. રમણલાલ ચી શાહ અને મહાન પિતાના વિદ્વાન પુત્ર શ્રી કુમારપાળ દેસાઈ, ગુણવંત ભાઈ અને અન્ય વિદ્વજનો.

સામાયિક, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ, વગેરે રોજની ક્રિયાઓનું સૂક્ષ્મ સ્વરૂપ લોકોને સમજાવે, નિત નવા બનતા જીવનમંદિરોમાં બેઠેલા પ્રભુજીનું મૂલ્ય સમજાવે, અતિચાર એટલે શું તે સમજાવે, તપાચાર થી મળતા અદ્‌ભુત આનંદનું રહસ્ય સમજાવે તો કથા સાથે જ્ઞાન ભળતા તેના અદ્‌ભુત, અકલ્પનિય પરિણામો પ્રાપ્ત થાય.

વિદ્વત્‌જનો બીજી એ વાત પર લક્ષ્ય આપે તેમના વારસદારો તૈયાર કરવાનું. તેમના જેવી યોગ્યતાવાળા વારસદારો તૈયાર હશે તો જૈનસંઘની

દીવાજ્યોત વધુ દિવ્ય બનશે. આજે પર્યુષણ વ્યાખ્યાનમાળઓમાં વિદ્વાન વક્તાઓની ખોટ જણાય છે. પરદેશ જૈનધર્મનો યોગ્ય પ્રચાર-પ્રસાર કરનાર યુવાન વિદ્વાનો અલ્પ છે. 'ગુરૂ કરતાં સવાયો' એવા શિષ્ય કેટલા છે.

લેખકોની ભૂમિકા :

લેખકોની ભૂમિકા વિષે વિચાર કરીએ તો 'બહુરત્ના વસુંધરા' એમ કહેવાનું મન થાય. જૈનશાસનના ગગનમાં લેખકરૂપી અસંખ્ય તારલાઓ દેદીપ્યમાન છે. સિદ્ધસેન દિવાકર, આચાર્ય હરિભદ્રસૂરિ, સામંતભદ્ર, દેવચંદ્રસૂરિ, પૂજ્યપાદજી, ગંધહસ્તિ, કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજી, ઉ. યશોવિજયજી, વર્તમાનના આ. રામસુરિજી, ભુવનભાનુસૂરિજી, રત્નસુંદરજી, ચંદ્રશેખરવિજયજી, તરૂણપ્રભજી જેવા અનેક સંતોએ દ્વાદશાંગીના વિવિધ વિષયો પર પોતાની કલમ ચલાવી છે. વર્તમાનમાં પણ સુઘોષા, દિવ્યજીવન, કલ્યાણ, પ્રેક્ષાધ્યાન, ધર્મધારા આવા ઘણા સામાયિકોમાં ઘણાં લેખકો વિચારધારા પ્રગટ કરે છે. બધું જ સુંદર છે. સાત્ત્વિક છે. બસ, વર્તમાન લેખકોને એક વિજ્ઞપ્તિ કરવાનું મન થાય કે તેમના લેખનનો વિષય મહત્તમ તત્ત્વજ્ઞાનનો રહ્યો છે. જૈન દર્શનના બીજા વિષયોનો બહુ ઓછો સ્પર્શ થાય છે. જેમ કે પૌરાણિક કાવ્યો પઉમચરિયમ્, તથા સમરાઈ કહા, કુવલયમાલા જેવા સાહિત્યિક ગ્રંથો કે આર્યુવેદ - ગણીત વગેરેના ગ્રંથો કે અશોક ખારવેલ જેવા શિલાલેખો કે શિલ્પો, સ્થાયત્યો આ બધા વિષયો પર ખૂબજ ઓછું લખાય છે. જેકોબીએ લખ્યું છે કે ભારતીય સાહિત્યમાં જૈન સાહિત્યનો બહુ મોટો ફાળો છે. જો વર્તમાન લેખકો આ બધાજ વિષયોને આવરે તો જૈન પ્રજાને પોતાને મળેલ આ વિવિધ વારસાથી પોતે કેટલા ધનવાન છે તેનો ખ્યાલ આવે. તેમની જ્ઞાનની જિજ્ઞાસાની ભૂખ વધે.

દાનવીરોની ભૂમિકાઃ

જૈનધર્મ માટે એવું સામન્ય રીતે કહેવાય છે કે લક્ષ્મી જૈનોને વરેલી

છે. તેનું એક રહસ્ય એ છે કે જૈન શ્રીમંતો લક્ષ્મી ને સત્કાર્યો માટે સહજ રીતે ત્યાગી શકે છેને તેવીજ રીતે લક્ષ્મી તેમની સાથે સ્વયં પાછી આવીને વસવાટ કરવાનું પસંદ કરે છે. જૈન શ્રેષ્ઠી જગડુશાહનું નામ દાનવીરો છેક ભૂતકાળથી આજ સુધી વિવિધ ક્ષેત્રોમાં ઉદાર હૃદયે દાન આપી રહ્યા છે. વિવિધ પૌરાણિક હસ્તપ્રતોની સાચવણી, ભંડારો, કબાટો આ બધા સુરક્ષિત રાખવામાં દાનવીરોનો મોટો ફાળો છે. જિનમંદિરોની ભવ્યતા, સમૃદ્ધિ બધુ જ દાનવીરોથી જ છે. તપોવન, મહાવીર જૈન વિદ્યાલય, વિરાયતન, શ્રાવિકાશાળા જેવી સંસ્કાર સીંચતી સંસ્થાઓમાં પણ દાનવીરોનો બહુ મોટો ફાળો છે. સાધર્મિકોનું જતન, સાત ક્ષેત્રની સમૃદ્ધિ બધું જ દાનવીરોની સહાયથી વ્યવસ્થિત ચાલે છે. આ દાનથી દાનવીરો પણ અઢળક પુણ્ય કમાય છે. ભવાંતરમાં પણ આ ધર્મ અને તક મળે તેવું પુણ્ય તેઓ પ્રાપ્ત કરે છે.લક્ષ્મીનો મોહ છોડવાનું આ કામ અત્યંત કઠીન છે. પ્રશંસનીય છે.

લક્ષ્મી સાથે નામનો પણ મોહ છોડે તો શ્રીમંતાઈ દીપી ઊઠે અને પરભવનું પણ ઉંચુચ ભાતું બંધાય. કારણકે નામનો મહિમા મૃત્યુ પછી મટી જાય છે.મર્યા પછી નવો જન્મ લઈ કોઈ પોતાના બાવલા પાસે આવે તો પોતે પણ તે બાવલાને ક્યાં ઓળખી શકે છે ? ગુપ્તદાન ઊંચું પુણ્યાનુબંધી પુણ્ય બંધાવે છે.

પત્રકારોની ભૂમિકા:

પ્રથમ અમદાવાદમાંથી 'જૈન દીપક' નામનું માસિક પત્ર પ્રગટ થયું આ પત્રથી જૈન પત્રકારત્વનો દીપક પ્રગટ થયો. તે આજ સુધી અખંડ ઝળહળે છે.. સં ૧૯૫૯ થી ૧૯૮૨ માં બધા ફીરકાના મળીને ૬૦૦ થી વધુ જૈન પત્રો પ્રગટ થયા છે. પ્રથમ તબક્કાના જૈનધર્મપ્રકાશ, જૈન હિતેચ્છુ અને જૈન સાપ્તાહિક આ ત્રણેયનું આગવું પ્રદાન છે. ઐતિહાસિક માહિતી ધરાવે છે.

બીજા તબક્કામાં ૧૯૧૦ થી ૧૯૫૯માં મુખપત્ર અને સાધુ સંચાલિત પત્રોએ મુખ્ય કામગીરી બજાવી, જૈન જ્યોતિ જેવા માં પરમાનંદ કાપડિયા અને ધીરજલાલ બાપાદેરાએ બાળદીક્ષા, દેવદ્રવ્ય, વગેરે પ્રશ્નોને લઈ સારી ચર્ચા થઈ. પરિણામરૂપે પર્યુષણ વ્યાખ્યાનમાળા અસ્તિત્વમાં આવી.

તિથિ ચર્ચા તીર્થોની માલિકી, દેવદ્રવ્યની વ્યવસ્થા, સાધ્વાચાર ની શિથિલતા, જિનાગમોનો દુરઉપયોગ, ક્રિયાધર્મની અવગણના આ બધા પ્રશ્નો ઉભા થયા છે. આ પોપડાઓનએ રીપેર સરવા તેને વ્યવસ્થિત કરી રંગરોગાન કરવા પત્રકારો મહત્ત્વનો ભાગ ભજવી શકે છે. પત્રકારો ચારે ફિરકાની પરિષદો એકઠી કરી વિચારોની આપ-લે કરી અવ્યવસ્થાને દૂર કરી શકે છે.

પત્રકારો બીજું કામ એ કરી શકે છે કે આજે જ્યારે સમગ્ર વિશ્વ વાસના, યુદ્ધ, અશાંતિ, વેર, દ્વેષ તરફ હરણફાળ ભરી રહ્યું છે ત્યારે જૈન પત્રકારો, જૈનદર્શનના સ્યાદ્‌વાદ, અહિંસા, અસ્તેય, અપરિગ્રહના સિદ્ધાંતોને વિશ્વભરમાં કેળવવા અદ્યતન સામગ્રીનો ઉપયોગ કરે અને સમગ્ર વિશ્વને કલ્યાણરાજ બનાવવા શક્તિમાન બને.

સંક્ષિપ્તમાં કહેવું હોય તો એમ કહી શકાય કે ચતુર્વિધ સંઘરૂપી ઈમારતનો પ્રાણ સંતો છે. વિદ્વાનો તેનું મસ્તક છે. લેખકો તેના હાથ છે. પત્રકારો તેના પગ છે અને દાનવીરો તેના અલંકાર છે. બધાજ પોતાની ભૂમિકાને યોગ્ય રીતે, પ્રશસ્ત રીતે ભજવે તો પ્રભુમહાવીરનું આ શાસન હંમેશાં જયવંતુ વર્તે.
'જૈનમ જયતિ શાસનમ્'

# ચતુર્વિધ સંઘની વર્તમાન પરિસ્થિતિ અણે તેમાં સંતો, દાનવીરો, વિદ્વાનો, લેખકો અને પત્રકારોની ભૂમિકા

- ડૉ. હંસા શાહ

(ભારતીય વિદ્યાભવન મુંબઇના ગ્રંથાલય સાથે સંકળાયેલા હંસાબેન જૈનસાહિત્ય સમારોહ અને જૈન જ્ઞાનસત્રમાં અવારનવાર અભ્યાસપૂર્ણ નિબંધો રજૂ કરે છે અને જૈન એકેડેમીના વિઝીટીંગ પ્રોફેસર છે.)

ચતુર્વિધ સંઘની સ્થાપના, ભગવાને કરી છે. ભગવાનના નિર્વાણ પછી એમના અનુભવજ્ઞાનને જેને આપણે શ્રુત અને આગમ કહીએ છીએ, તેનો આસ્વાદ આપવા અને લેવા આપણા સાધુ-સાધ્વીભગવંતોનો તેમ જ શ્રાવક-શ્રાવિકાનો ફાળો અનન્ય છે. ત્યાગી ગુરૂઓએ ખભે જ્ઞાનની કાવડ નાંખી, તેના ભારે બોજને લાકડીના ટેકેથી ઉપાડી, પગપાળા ચાલી, કેડ વળી જાય ત્યાં સુધી અને ધોળાં આવે ત્યાં સુધી જહેમત ઉઠાવી, જ્ઞાન પિપાસુ એક એક જણને ગુરુભગવંતોએ નિયંત્રણપૂર્વક અને ઈચ્છાપૂર્વક જ્ઞાન આપ્યું અને આજે પણ આપી રહ્યાં છે. ગામેગામ, દેશ દેશ જ્ઞાનભંડારો બન્યા જેથી શાસ્ત્ર સંગ્રહ અને લખાણોનો મહિમા વધતો જ ચાલ્યો. પ્રાચીન તેમ જ મધ્યકાલીન જે ભંડારોએ સિદ્ધસેન, સમંતભદ્ર, હિરિભદ્ર, અકલંદ, હેમચંદ્ર, યશોવિજય અને બુદ્ધિસાગર જન્માવ્યા. તે જ ભંડારોને હવે આપણે પુસ્તકાલયો (લાયબ્રેરીઓ) જ્ઞાન મંદિરો, સરસ્વતી મંદિરોના નામે ઓળખીએ છીએ. તેમાં વિવિધ વિષયો અને વિવિધ સંપ્રદાયોનું જ્ઞાન સંઘરાતું ચાલ્યું, એની સાથે જ લેખક વર્ગ ઊભો થયો. લેખનકળા વિકાસ પામી અને અભ્યાસી વર્ગ પણ વધ્યો. આ રીતે જૈન જ્ઞાનનો આચાર જે મૌખિક પદ્ધતિથી ચાલી રહ્યો હતો તે આજના યંત્રયુગમાં અનેક ફેરફારો સાથે આપણી સમક્ષ છે.

ધર્મની દૃષ્ટિએ મહાવીરનો એક જ સંઘ છતાં ગામ, શહેર અને પ્રદેશોના ભેદ પ્રમાણે એ સંઘ નાના નાના ભાગોમાં વહેંચાતો ગયો. દુર્દૈવથી

પડેલા શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી, તેરાપંથ વગેરે . આ સંઘ ચાર ભાગોમાં વહેંચાઈ ગયો. નાના નાના ગચ્છોમાં ફેરવાતો ગયો, અને આ બધું છતાં જૈન સમાજે ભગવાન મહાવીરે વારસામાં આપેલા શ્રેષ્ઠ, શાશ્વત અને સદા ઉપયોગમાં આવે એવા બે સામાન્ય તત્ત્વો જેવા કે અહિંસા-આચાર અણે અનેકાંત-વિચાર, ઉપાસના અને વીતરાગપણાની ભાવનાને સુરક્ષિતતાથી એક સાંકળમાં બાંધી આગળ પ્રગતિ કર્યે જ રાખી છે. આમ સહિષ્ણુતા અને જ્ઞાનના પ્રચાર માટે જન્મેલા ધર્મનું અખંડત્વ સાધુભગવંતો, વિદ્વાનો, સંતો, લેખકો અને પત્રકારોએ તેમના બનતા પ્રયત્નોથી જાળવી રાખવાની કોશિશ કરી છે. વર્તમાન પરિસ્થિતિમાં તે આદરણીય અને આવકારવા લાયક છે. જેથી જૈન સમાજ સામાજિક દૃષ્ટિએ સંગઠિત થતો જાય છે અને આજના પ્રસંગને જ લઈએ તો આ સંમેલને સાચા દિલથી, બુદ્ધિપૂર્વક, સહકાર સાધવાની સાચી દિશામાં સાહસિકતાની પહેલ કરી છે. એ ન માનવા જેવું એકે કારણ નથી. આ જ કાર્ય વર્તમાનમાં ધર્મ છે એમ કહી શકીએ.

સાધુભગવંતોનો કેટલોક વર્ગ એવો છે જે જેમાં ગૃહસ્થો અને સાધુઓ વચ્ચે તાદાત્મયતા છે. તેથી કરીને નવ પ્રજાને નવશિક્ષણ, નવ વિચાર અને વિચારસ્વાતંત્ર્યથી પરંપરાનું સંતુલન જાળવવાનો પ્રયત્ન ગૃહસ્થ અને ગુરુભગવંતો સાથે મળીને કરે છે. આજથી પચાસ-સાઠ વર્ષ પહેલાં કેટલાક ગુરુભગવંતોએ પશ્ચિમના નવશિક્ષણની અસર અને તે પચાવવામાં શિક્ષિત ગૃહસ્થ વર્ગને તશ્રચાર કરવાની પહેલ કરી. પશ્ચિમના નવા શિક્ષણની અસરનો એક ભય હતો કે આપણી નવી પેઢીને તેના શિક્ષણ કે વિચાર સ્વાતંત્ર્યમાં જૂની ઘરડેની ધાર્મિક વૃત્તિ આડે આવશે.

જૂની ઘરડેની ધાર્મિક વૃત્તિને નવશિક્ષણ અને વિચાર સ્વાતંત્ર્યતાની પરિભાષાથી પરામર્જિત કરી ધર્મના મર્મથી સુગંધિત કરી છે. તેથી જ આજના યુવકો સંતોને, વિદ્વાનોને, દાનવીરોને, લેખકોને અને પત્રકારોનું બહુમાન

કરે છે. આમ ધીરે ધીરે સમાજમાંથી નવીન માનસને પારખનાર. દોરનાર અને તેઓની સાથે તન્મય થનાર કોઈ ને કોઈ સતત નીકળતા જ આવ્યા છે. જૂના જમાનામાં જૈન પ્રસિદ્ધ વિદ્વાન ગૃહસ્થને લોકો સાધુ જેટલા સમર્થ વિદ્વાન નહોતાં ગણતા, જે આપણે યુરોપના શિક્ષણથી શીખવાની શરૂઆત કરી. આમ આજે વ્યવહારિક શિક્ષણ સાથે ધાર્મિક શિક્ષણ આપથી શાળાઓ ઉપરાંત 'જૈન ચેર' મહાવિદ્યાલયોમાં શરૂ થઈ. ફક્ત હિન્દુસ્તાનના શહેરોના મહાવિદ્યાલયોમાં જ નહિ પણ વિદેશોની વિદ્યાલયો તેમજ મહાવિદ્યાલયોમાં પણ શરૂ થઈ.

સાધુભગવંતોના ત્રીજા વર્ગમાં સાધુઓનો પ્રભાવ વ્યાવહારિક ક્ષેત્રે એટલે કે શ્રાવકોની બાબતમાં બિલ્કુલ છે જ નહિ, કારણ શ્રાવક ગૃહસ્થો સાધુ ભગવંતોને માને, વંદે અને પોષે તેટલું જ. જ્યારે તે વર્ગના જૂના અને નવા માનસ વચ્ચે વિચારભેદ તાય તો તેઓ જેમ બાપ બેટા વચ્ચે, મા દીકરી વચ્ચે, ભાઈ ભાઈ વચ્ચે થતી સમજુતી પ્રમાણે તેનો ઉકેલ લાવે. આમ ધાર્મિક બાબતમાં સાધુ ભગવંતોનું દષ્ટિબિંદુ એજ ગૃહસ્થોનું દષ્ટિબિંદુ. શાસ્ત્રો એ જ ગૃહસ્થોનાં અંતિમ પ્રમાણો, સાધુઓ દ્વારા દર્શાવતા શીખવવાનો વિષયો એ જ ગૃહસ્થોના પણ અભ્યાસ વિષયો, તેમ જ સાધુઓએ પૂરા પાડેલાં પુસ્તકો એ જ ગૃહસ્થોની વાંચનમાળા અને લાયબ્રેરી.

મહાવીરના આ વારસાની અસરથી જ ગાંધીજીની અહિંસા દ્વારા પ્રાપ્ત થયેલ દુર્લભ એવી આપણિ સ્વતંત્રતાનો ચિતાર સોનાના અક્ષરે વિશ્વના ઈતિહાસમાં પ્રસિદ્ધ છે. અહિંસાના આ કાર્યમાં હિંદુઓ તેમ જ જૈનો સાથે કેટલાક મુસલમાન વર્ગ પણ જોડાયો હતો. એની અસર હિન્દુસ્તાન પૂરતી મર્યાદિત ન રહેતાં વિશ્વભરમાં વિસ્તરી છે. જેનો મોજૂદ દાખલો છે નેલ્સન મંડેલા. દીર્ઘદષ્ટિ વિચાર કરીએ તો અહિંસા વ. એ નૈતિક ગુણ છે. આ શુદ્ધ સંસ્કારો જળવાઈ રહેશેતો પવિત્ર જીવનની વિભૂતિથી આપણે કૃતાર્થ થઈશું. જૈન ઈતિહાસનો દાખલો લઈએ તો કાલકાચાર્ય કોઈ સ્થૂલ માલમિલકત

માટે નહોતા લડયા, તેમની લડાઈ જીવનની પવિત્રતા માટે જ હતી. આપણે ઈ.સ. ૨૦૦૩ની વાત કરીએ તો ઈન્દ્રદિન્નસૂરિ અને ત્રણથી ચાર મહિના પહેલાં જ નાનાલાલ મહારાજે લોકોને સમજાવી સાત વ્યસનથી દૂર રખાવ્યા અને જૈન સંઘે જેને લોકપાલ નામ આપીને સ્થાપના કરી. આમ સાધુ ભગવંતોએ દેશકાર્યમાં ફાળો આપ્યો.

આમ હજારો વર્ષથી મહત્ત્વનું અને શક્તિસંપન્ન સાધુસંઘનું અસ્તિત્વ ટક્યું છે અને આવનાર હજારો વર્ષ સુધી આમ જ ટકી રહેશે તેની ખાતરી છે. આ દૃષ્ટિને આપણે વિશ્વસ્તરે પહોંચાડવામાં સાધુભગવંતોની સ્થિરતા, બુદ્ધિપૂર્વકનું તેઓનું સ્થાન અને કાર્ય પ્રદેશને આંકી વિશ્વલોકોના જીવનમાંથી ક્ષુદ્રતાઓ, કલહોને વિરમાવી, નજીવી બાબતોમાં ખર્ચા અપાર શક્તિને દુર્વ્યય તરફથી સદ્‌વ્યય તરફ વાળવાના તેમના પ્રયત્નોને ફક્ત દેશકલ્યાણ નહિ, પણ વિશ્વકલ્યાણ તરફ વાળવાનું ભગવાન મહાવીરની ભાવનાનું શ્રેય તેમના ફાળે જાય છે. જેમાં જૈન સમાજનું તો કલ્યાણ રહેલું જ છે. ભગવાન મહાવીરના સાધુભગવંતો બુદ્ધની ભાષામાં કહીએ તો 'ધમ્મદાયદ' એટલે ધર્મવારસાના સાચા હકદારો ભાગીદારો કહી શકીએ. આમ જોવા જઈએ તો આ વિશાળ કામ જ યુગધર્મ છે.

આમ સંયમ સાધના સ્વીકારો પછી સાધુભગવંતો વિનય, કૃતજ્ઞતા, જ્ઞાનપ્રીતિ, સહનશીલતા, ઉદારતા વગેરે ગુણોને ક્રમશઃ આગળ વધારતા આત્મકલ્યાણની સર્વ પ્રવૃત્તિઓને મૈત્રી ભાવથી પોતાનામાં ઓતપ્રોત કરે છે. સાથેસાથે સર્વ જીવોને મિત્ર માની તેમનું કલ્યાળ ચાહે છે. તેમજ બધા જીવો સર્વજ્ઞનું શાસન પામી પોતાનું જવન સફળ કરે એમ ઈચ્છે છે. આમ તેઓ વૈરાગ્ય રસને ઘોળી ઘોળીને પીએ છે. તેથી તેઓની વાણીમાં વૈરાગ્યનો ધોધ વહે છે. અને તેઓ અનેક ભવ્ય આત્માઓના કલ્યાણના નિમિત્ત બને છે. હિંસકને અહિંસક બનાવવા, દૂરાચારીને સદાચારી બનાવવા, સ્વચ્છંદે ચડતા માનવોને નિયમમા લાવવા એ જ તેઓના જીવનનો સાત્ત્વિક આનંદ હોય છે અને તેઓ આજે પણ કરે છે.

દાન આપવું એ જીવન શુદ્ધિનો એક પ્રકાર છે. ભગવાન મહાવીરની આત્મપૌમ્યની દૃષ્ટિ જીવન શુદ્ધિની વાત તો આવી જ જાય છે. જો તાત્ત્વિક દૃષ્ટિએ જીવન સ્વરૂપ શુદ્ધ જ છે તો તે સ્વરૂપ કેળવવા અને મેળવવા ભગવાન મહાવીરે કહ્યું કે સરળ, સાદું અને નિષ્કપટ જીવન જીવવું એટલે જેને જૈન શૈલીમાં ચરણકરણ કહીએ છીએ. રહેણી કરણીની બાબતમાં એક બાબત મુખ્ય સમજવા જેવી છે અને તે એ કે કર્મથી મળેલી સંપત્તિનો ઉપયોગ એવો ન કરવો કે જેથી એમા આપણી જાત જ ખોવાઈ જાય. દાનવીરોની આ ભૂમિકામાં આપણને જૈન સંઘના ઈતિહાસમાં સોનેરી અક્ષરમાં કોતરાયેલાનાં નામો યાદ આવે છે. જેવો કે જગડૂશા, પેથડશા, ભામાશા વગેરે વગેરે. જ્યારે વર્તમાન જૈન સંઘની ભૂમિકાની વાત કરીએ તો દાનવીરોમાં કસ્તુરભાઈ લાલભાઈ દલપતભાઈના પૂર્વજોથી શરૂ થયેલો આ જ ભૂમિકાએ દાનનો પ્રવાહ વહાવ્યો અને આજે પણ તેમના વારસદારો વહાવી રહ્યા છે જે વર્તમાન સમયમાં આદરને પાત્ર છે.

દાનવીરોને દાનવીર બનાવનાર અને તેમને સાથ આપનાર શ્રાવિકાઓને પણ કેમ વિસરી જઈએ. શ્રાવિકાઓમાં પણ તેજપાળની પત્ની અનુપમાદેવી.દ્રવ્યોપાર્જન કરતાં ઉત્પન્ન થયેલી રજોભારથી (કર્મ ભારથી) જાણે અધોગતિએ જવાને ઈચ્છતા હોય એવા પ્રાણીઓ છે.

ધૈર્યસંપન અને સૂક્ષ્મ-પ્રતિ ભગવાન મહાવીરે તાત્ત્વિકરૂપે સર્વ ચેતન તત્ત્વ એક જ પ્રકારનું છે, અહિંસા અપરિગ્રહ અને અનેકાન્તના ત્રિવિધ સંદેશને તેમણે જીવન દ્વારા તે કાળે સિદ્ધ કરી તેનો વારસો જૈનસંઘને આપ્યો. આ સિદ્ધાંતો અગત્યના હોઈ સમગ્ર જીવનમાં તે ધ્રુવસ્થાને છે. મહાવીરના વીતરાગ દ્વૈતપણાના મુદ્દાને ધ્યાનમાં રાખીને જ અનેક વિદ્વાન સ્તુતિકારોએ તેમની સ્તુતિ કરી છે. જ્યારે માનતુંગ આચાર્ય સ્તુત્ય તત્ત્વને બુદ્ધ કહે છે. શંકર કહે છે, વિધાતા કહે છે અને પુરુષોત્તમ કહે છે. ત્યારે તે સદ્ગુણાદ્વૈતની ભૂમિકાને જ સ્પર્શે છે. આનંદઘનજી મહારાજ રામ, રહીમ, કાન વગેરે

સંપ્રદાય પ્રચલિત શબ્દો વાપરી એવા જ કોઈ પરમ તત્ત્વને સ્તવે છે. ગુજરાતી મધ્યકાલીન સાહિત્યમાં નયસુંદર, સમયસુંદર, ઋષભદાસ, યશોવિજય જેવા પ્રતિભાશાળી વિદ્વાનોએ પણ ભગવાન મહાવીરનો મંગળ વારસો સંભાળી રાખ્યો. ગુજરાતી ભાષા - સાહિત્યનો આરંભ જૈન ધારાથી થયો છે. આમ જૈન અણગારો શ્રુતભક્તિથી શ્રુતરક્ષા માટે ખરેખર પ્રયત્ન કરતા. એ શ્રુતપરંપરાની સમય સમયની નવી ગોઠવણ, નવા વિચારોનો સમાવેશ, આવશ્યક સંક્ષેપ-વિચાર વગેરે બધુ અણગારો અને શ્રાવક વિદ્વાનોને આભારી છે. આ બાબતમાં જૈન સાધ્વીઓ પણ પાછળ નથી. સોળમાં શતકમાં પદમશ્રી (જૈન) અને હમેશ્રી (જૈન - નયસુંદરજીની શિષ્યા) એ ગુજરાતી કવિચિત્રીઓએ પણ પોતાનો યથાશક્તિ ફાળો આપ્યો છે.

અર્વાચીન યુગમાં જોઈએ તો ગુજરાતી સાહિત્યમાં આચાર્ય વિજય લબ્ધિસૂરિ અને આચાર્ય વિજય કીર્તિચંદ્રસૂરીનો ફાળો અનન્ય છે. તેમજ શ્રાવકોમાં ડૉ.નથુરામ પ્રેમી, ડૉ. દલસુખ માલવણિયા, ડૉ. સાગરમલજી જૈન વગેરે એવા અનેક વિદ્વાનોએ જૈન તત્ત્વજ્ઞાનને સુરક્ષિત રાખી અનેક ભાષામાં પ્રકાશિત કર્યું છે. જૈન શ્રુતને વેબર, યાકોબી જેવા વિદેશી વિદ્વાનો, તેમ જ જૈનેતર ભારતીય વિદ્વાનોએ વિશ્વમાં પરિચિત કર્યું છે.

ભારતવર્ષમાં જૈનોનું પ્રથમ માસિક પત્ર 'જૈન ધર્મ પ્રકાશ' સંવત્ ૧૯૪૧ માં પૂજ્ય શ્રી આત્મારામજી મહારાજ અને તેમના શિષ્ય શ્રી શાંતિવિજયજી મહારાજની આગેવાની નીચે શરૂ થયું, તેઓ જે વિષય આપે તે પર લેખકો લેખ લખી પ્રકાશિત કરે, આ રીતે જૈન સમાજમાં પ્રથમ લેખક અને જૈન પત્રકારિત્વના પગરણ 'જૈન ધર્મ પ્રકાશ' ના પ્રસારણથી થઈ. લેખકોએ ફક્ત ધર્મ કે ક્રિયાકાંડ વિષે જે લેખો ન આપતાં, જૈન સંઘમાં સાંસારિક અનર્થો જેવા કે કન્યાવિક્રય, બાળ વિવાહ, અનેક પત્ની વિવાહ, કજોડાં વગેરેના લેખો લખી લોક જાગૃતિનું કામ કર્યું.

જ્યાં જ્યાં શાસ્ત્રીય વિદ્યાઓનું અધ્યયન - સંશોધન થતું હોય ત્યાં સર્વત્ર જૈન વિચારોનું સ્થાન અનિવાર્યપણે લેવાય જ. તેથી લેખકોની દૃષ્ટિ એવી હોવી જોઈએ કે જે સાધારણ અને ઉચ્ચ કોટિના વિદ્વાનોને સંતોષી શકે. આમ તેઓની જૈનશ્રુત પ્રત્યેની ભક્તિ, પરંપરાએ મળેલા આચાર-વિચારનો વારસો અને એમના સંઘ ઉપરની લાગવગ એ બધું બહુ કીમતી છે.

જૈન સંઘમાં પત્રકારોની ભૂમિકા :

આપણે જોઈએ છીએ કે જૈનસંઘ તપ, ત્યાગ અને આધ્યાત્મચિંતનના પાયા પર છે. ધાર્મિક - આધ્યાત્મિક ભાવનાનો વિકાસ તેનો પ્રચાર-પ્રસારણ જૈન પત્ર - પત્રિકાઓ વિશેષ પ્રકારે યોગદાન આપી રહ્યા છે. આ પત્ર - પત્રિકાઓમાં ધર્મ, દર્શન અને અધ્યાત્મની બાબતોની રચનાઓ તો આવે જ છે પણ ધાર્મિક જગતની વિસંગતાઓ, વિકૃતિઓ, બુરાઈઓ તથા આડંબરપૂર્વક થતી પ્રવૃત્તિઓ પર પણ ખુલ્લામાં વિરોધ બતાવી રહ્યા છે. જૈન જૈન પત્રો પત્રિકાઓ આત્મ જાગરણ અને નૈતિકતાનો સંદેશ ફેલાવે છે. ધાર્મિક વિકૃતિઓની વિરુદ્ધ થઈ લોકોનું ધ્યાન દોરે છે. ધાર્મિક સદ્ભાવ તેમ જ એકતા રાખવાનો સંદેશ આપે છે. પર્વ કે તહેવારોની યાદ અપાવે છે.

# પુદ્‌ગલ-પરાવર્ત

ડૉ. રમણલાલ ચી. શાહ

(આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત વિદ્વાન-ડૉ રમણલાલ ચી. શાહ મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના પૂર્વ અધ્યક્ષ, જૈન સાહિત્યના સમર્થ અભ્યાસી, લેખક, સંપાદક, વિવેચક, પત્રકાર, અનેક સેમિનાર તથા વ્યાખ્યાનમાળાના સફળ આયોજક - સંયોજક તથા જૈન સાહિત્ય સમારોહના અધ્યક્ષ, વિશ્વપ્રવાસી, પીએચ.ડી.ના માર્ગદર્શક દેશ-વિદેશમાં અનેક પ્રવચનો દ્વારા ધર્મ, સમાજ અને સાહિત્યનો યથાર્થ પરિચય કરાવનાર છે.)

પુદ્‌ગલ (પ્રાકૃત-પુગ્ગલ,પોગ્ગલ) એટલે જડ તત્ત્વ. પરાવર્ત (પરાવર્તન) એટલે પાછું ફરવું. પુદ્‌ગલ પરાવર્ત એટલે જીવે જડ તત્ત્વના ભોગવટાનું ચક્ર પૂરું કરવું.જીવ કયા પ્રકારનાં જડ તત્ત્વોનો ભોગવટો કરે છે ? ક્યાં ક્યાં કરે છે ? ક્યારે કરે છે ? કેવી રીતે કેવા ભાવથી કરે છે ? - એવા બધા પ્રશ્નોના ઉત્તર રૂપે કોઈ સંસારી જીવ પોતાની અંગત વાત કરે તો તે બીજાને રસિક લાગે છે.પરંતુ મોહાસક્તિથી કરેલો એ ભોગવટો જ, માણસને એમાંથી કંટાળીને બહાર નીકળવું હોય તો નીકળવા દેતો નથી. જીવ જ્યાં સુધી સંસારમાં છે ત્યાં સુધી જડ તત્ત્વ સાથેનો એનો સંબંધ અવિનાભાવી છે, પરંતુ જડ તત્ત્વના ભોગવટા કરતાં પણ કંઈક ઉચ્ચ વસ્તુ છે અને એ જોઈતી હશે તો જડ તત્ત્વ સાથેનો સંબંધ તોડયા વગર છૂટકો નથી એ બહુ ઓછા લોકોને સમજાય છે.

જૈનધર્મ પ્રમાણે ચૌદ રાજલોકપ્રમાણ સમસ્ત વિશ્વ અને એમાં ભમતા ચોરાશી લાખ જીવાયોનિના જીવો-આ બધાંનો મુખ્ય બે દ્રવ્યની દૃષ્ટિએ વિચાર કરી શકાય-ચેતન અને જડ અથવા જીવ અને અજીવ. અજીવ દ્રવ્યના પાંચ પ્રકાર છે: (૧) પુદ્‌ગલ (૨) ધર્માસ્તિકાય (૩) અધર્માસ્તિકાય (૪) આકાશાસ્તિકાય અને (૫) કાળ. એમાં જીવને સવિશેષ ઘનિષ્ઠ સંબંધ જો હોય તો તે પુદ્‌ગલ સાથે છે. આ સંબંધ અનાદિ કાળથી એટલે કે જ્યારે જીવ

નિગોદ અવસ્થામાં હતો ત્યારથી છે. એ અવસ્થામાંથી બહાર નીકળી અનંતાનંત ચક્કરો ચારે ગતિમાં મારતો મારતો જીવ મનુષ્યપણું પામ્યો છે, પણ કેટલાક માણસોને જેમ અપ્રિય ભૂતકાળ યાદ કરવો ગમતો નથી, તેમ મનુષ્યને પોતે વીતાવેલા એ ચક્કરોના કાળને યાદ કરવો ગમતો નથી. એ વિશે સૂઝ પણ નથી. પરંતુ માણસો જો સમજે અને પોતે આગલા જન્મોમાં કેટલાં કષ્ટો વેઠ્યાં છે અને કેટલો બધો પુરુષાર્થ કર્યો છે એ વિશે જાણે તો જ આ ચક્કરમાંથી જલદી છુટવાનો એને ભાવ થાય.

જીવનો જડ તત્ત્વ એટલે કે પુદ્ગલ સાથેનો સંબંધ અનાદિ છે એમ કહેવું સહેલું છે, પણ અનાદિની કલ્પના કરવી ઘણી અઘરી છે. અનાદિ કાળથી, નિગોદ અવસ્થાથી જીવનો જડ તત્ત્વ, પુદ્ગલ સાથે જોડાયેલા સંબંધ સતત આ મનુષ્યભવ સુધી ચાલતો આવ્યો છે.

આપણે આપણા સમગ્ર જીવનકાળ દરમિયાન આહાર માટે અને અન્ય વપરાશ માટે જે બધાં પુદ્ગલ પરમાણુઓનો ઉપયોગ કરીએ છીએ તેના જેટલો ઢગલો કરીને કોઈ આપણને બતાવે તો આશ્ચર્યચકિત થઈ જવાય. માણસ પોતાના સિત્તેર, એંસી કે સો વર્ષના આયુષ્યમાં ફક્ત અનાજ, શાકભાજી, પાણી વગેરે વાપરે છે એ બધાં એક જ સ્થળે એકત્ર કરવામાં આવે તો પણ મોટો પર્વત થઈ જાય. એક વિશાળ સરોવર કરતાં વધુ પાણી આપણે પીવામાં-નહાવાધોવામાં વાપરતાં હોઈશું. જેમ ભોજન વગેરેમાં તેમ શૌચાદિ ક્રિયામાં જે પુદ્ગલોનું આપણે વિસર્જન કરીએ છીએ એનું પ્રમાણ પણ એટલું જ મોટું છે. શ્વાસોચ્છવાસમાં પ્રાણવાયુનો ઉપયોગ એક જિંદગીમાં જે થાય છે એનો હિસાબ તો કેવી રીતે થઈ શકે?

આપણે જે પુદ્ગલ પરમાણુઓ ભોજનાદિમાં ગ્રહણ કરીએ છીએ અને એનું ઊંઝન-વિસર્જન કરીએ છીએ એમાં દરેક વખતે એનાં એ જ પરમાણુઓનું પણ ગ્રહણ-વિસર્જન થાય છે. આ બધાંનો હિસાબ કોણ રાખે? અને આ તો વર્તમાન જીવન પૂરતી વાત થઈ. ભૂતકાળમાં જે અનંતજન્મો એકેન્દ્રિયથી મનુષ્યપણા સુધીમાં પસાર થઈ ગયો તેનો હિસાબ પણ વિચારવો જોઈએ.

જીવ જે પુદ્‌ગલ પરમાણોઓનું ગ્રહણ-વિસર્જન જન્મજન્માંતરથી કરતો આવ્યો છે તેને માટે પારિભાષિક વિચારણા જૈનધર્મમાં વ્યવસ્થિત રીતે થયેલી છે. આ પ્રક્રિયા તદ્દન સાદી રીતે સામાન્ય દૃષ્ટિએ સમજાવવી હોય તો એમ કહેવાય કે ચૌદ રાજલોકમાં રહેલા તમામે તમામ પુદ્‌ગલ પરમાણુઓનું કોઈપણ જીવ ગ્રહણ-વિસર્જન પૂર્ણ કરે એને એક પુદ્‌ગલ પરાવર્ત કહેવામાં આવે છે. જો કે આટલી વાત પૂરતી નથી, કારણ કે પરાવર્તના સ્વરૂપ, ક્રમ ઈત્યાદિ વિશે આપણા આગમ ગ્રંથોમાં ગહન વિચારણા થયેલી છે.

પુદ્‌ગલ શબ્દ પુત્ અને ગલ એવા બે પદોનો બનેલો છે. પુત્ (અથવા પુદ્) એટલે પૂરણ, એટલે પુરાવું, ભેગા થવું, જોડાવું ઈત્યાદિ ગલ્ એટલે ગલન, એટલે કે ગળી જવું, છૂટા પડવું, જુદા થવું, આમ, પુદ્‌ગલ એટલે એવું દ્રવ્ય કે જેનામાં સંયોજન અને વિભાજનની પ્રક્રિયા નિરંતર ચાલતી રહે છે.

છ દ્રવ્યોમાંથી બીજા કોઈ દ્રવ્યમાં આવી સંયોજન, વિભાજનની ક્રિયા થતી નથી. એ માત્ર પુદ્‌ગલ દ્રવ્યની જ આ વિશિષ્ટતા છે.

પુદ્‌ગલ (પ્રા. પુગ્ગલ, પોગ્ગલ) શબ્દની વ્યાખ્યા 'પ્રવચન સારોદ્ધાર' ટીકામાં નીચે પ્રમાણે આપવામાં આવી છે.

द्रव्याद् गलन्ति - वियुज्यन्ते किंचित् द्रव्यं स्वयंयोगतः पूरयन्ति - पुष्टं कुर्वन्ति पुद्गलाः ।

જ દ્રવ્યથી ગલીત થાય છે, વિયુક્ત થાય છે અને સ્વસંયોગથી કિંચિત્ પુષ્ટ કરે છે તે પુદ્‌ગલ છે.

બીજી વ્યાખ્યા છે:

पूरणगलणत्तणत्तो पुग्गलो ।

અથવા पूरणाद् गलनाच्च पुद् गलाः ।

એટલે કે જેનામાં પૂરણત્વ અને ગલણત્વ છે તે પુદ્‌ગલ છે.

આપણે પથ્થર, લાકડું, ધાતુ નિર્જીવ જડ વસ્તુને જોઇએ છીએ અને ઓળખીએ છીએ. એ વસ્તુના ટુકડા કરતાં કરતાં, બારીક ભૂકો કરતાં

એવા તબક્કે આવીએ કે જ્યારે હવે એના બે વિભાગ થઈ શકે એમ ન હોય એને અણુ અથવા પરમાણુ કહીએ છીએ. શ્રી ભગવતીસૂત્રના પાંચમા શતકના સાતમા ઉદ્દેશકમાં કહ્યું છે કે પરમાણુ પુદ્ગલ અવિભાજ્ય, અચ્છેદ્ય, અદાહ્ય અને અગ્રાહ્ય છે, એટલે કે પુદ્ગલ પરમાણુના વિભાગ થઈ શકતા નથી, તેનું છેદનભેદન થઈ શકતું નથી. વળી તે અનર્ધ, અમધ્ય અને અપ્રદેશી છે.એટલે કે તેના બે ભાગ થઈ શકતા નથી, તેમાં આદિ, મધ્ય અને અંત એવા ભાગ થઈ શકતા નથી અને તે એક પ્રદેશરૂપ હોવાથી તેના વધુ પ્રદેશો થઈ શકતા નથી.

નવતત્ત્વ પ્રકરણમાં કહ્યું છે કે पुग्गला चउहा (અર્થાત્ પુદ્ગલ દ્રવ્યના ચાર પ્રકાર છે) खंधा, देस-पणसा परमाणु चेव नायव्वा । આમ પુદ્ગલ સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ એવા ચાર પ્રકાર છે.એમાં સ્કંધો અનંત છે, તેવી રીતે દેશ, પ્રદેશ અને પરમાણુ પણ અનંત છે.આ રીતે પરમાણુ એ પુદ્ગલનો સૂક્ષ્મતમ અંશ છે.તે નિત્ય, અવિનાશી અને સૂક્ષ્મ છે.એવા સૂક્ષ્મ પરમાણુમાં રસ, ગંધ, વર્ણ અને સ્પર્શ એ ચાર ગુણલક્ષણ હોય છે.બે કે તેથી વધુ પરમાણુ એકત્ર થાય, એટલે કે એકબીજા સાથે જોડાઈ જાય તો સ્કંધ થાય છે.બે,ત્રણ એમ સંખ્યાતા, અસંખ્યાતા, અનંતા પરમાણુઓના પિંડને સ્કંધ કહેવામાં આવે છે.

ભગવતીસૂત્રના આઠમા શતકના પહેલા ઉદ્દેશકમાં કહ્યું છે કે પુદ્ગલના ત્રણ પ્રકાર છેઃ (૧) પ્રયોગ પરિણત-એટલે જીવના વ્યાપારથી પરિણત પુદ્ગલો જેમ શરીરાદિ, (૨)વિસ્ત્રસા પરિણત એટલે જીવના પ્રયત્ન વિના સ્વભાવથી પરિણત પુદ્ગલો જેમ કે તડકો, છાંયો, (૩) મિશ્ર પરિણત એટલે કે પ્રયોગ અને વિસ્ત્રસા એ બન્ને દ્વારા પરિણત પુદ્ગલો - જેમ કે મૃતકલેવરો.

પુદ્ગલ દ્રવ્યમાં નિરંતર પરિવર્તન થયા કરે છે.પરમાણુ પુદ્ગલમાં સંઘાત અને ભેદથી અનંત પરિવર્તન સતત ચાલ્યા કરે છે.એક પરમાણુ બીજાં અનંત પરમાણુઓ સાથે અથવા સ્કંધ સાથે સંઘાત અને ભેદને પ્રાપ્ત થાય છે. આ પ્રકારનું પરિવર્તન અનંત છે, કારણ કે પુદ્ગલ પરમાણુઓ

અનંત છે. એટલે આ પરિવર્તનના પ્રકાર પણ અનંત છે. આ પરિવર્તનના આધારે પુદ્‌ગલોનો જે પરાવર્ત થાય છે તેની વિચારણા આપણા શાસ્ત્રગ્રંથોમાં થયેલી છે.

ચૌદ રાજલોકમાં અનંતાઅનંત પુદ્‌ગલ પરમાણુઓ છે.એમાં કોઈપણ એક જાતિના સમૂહને વર્ગણા કહે છે.એવી અનંત વર્ગણાઓ પુદ્‌ગલ પરમાણુઓમાં છે.એ બધી વર્ગણાઓને સાત મુખ્ય પ્રકારની વર્ગણામાં વિભક્ત કરવામાં આવી છે.જેમ કે (૧)ઔદારિક વર્ગણા, (૨) વૈક્રિય વર્ગણા, (૩) તેજસ વર્ગણા, (૪)કાર્મણ વર્ગણા, (૫) મનોવર્ગણા (૬) વચન વર્ગણા, (૭) શ્વાસોચ્છ્‌વાસ વર્ગણા.

અનાદિ કાળથી જ્યાં સુધી મુક્તિ ન મળે ત્યાં સુધી જીવ પરિભ્રમણ કરી રહ્યો છે. આ પરિભ્રમણનો આધાર તે પુદ્‌ગલ પરમાણુઓનું ગ્રહણ અને એનો ત્યાગ છે.આ ગ્રહણ અને ત્યાગની પ્રક્રિયાને પુદ્‌ગલ પરાવર્ત કહેવામાં આવે છે.જીવ જ્યારે ચૌદ રાજલોકમાં રહેલા સમસ્ત પુદ્‌ગલ પરમાણુઓને ગ્રહણ કરે અને પરિણમાવે ત્યારે એક પુદ્‌ગલ પરાવર્તન થાય. એમાં અનંત કાળચક્ર પસાર થઈ જાય છે. એક કાળચક્ર એટલે એક અવસર્પિણી અને એક ઉત્સર્પિણીનો કાળ અથાત્ વીસ કોડાકોડી સાગરોપમ જેટલો કાળ. પલ્યોપમ અને સાગરોપમ એ કાળને માપવાનાં બે વિરાટ માપ છે.

પલ્યોપમ એટલે જેને પલ્યની ઉપમા આપી શકાય. પલ્ય એટલે કૂવો અથવા મોટો ખાડો .ચાર ગાઉ લાંબો, એટલો જ પહોળો અને એટલો જ ઊંડો એક ગોળાકાર વિરાટ કૂવો કરવામાં આવે અને તેમાં યુગલીઆના કોમળ વાળ (વધુ સંખ્યામાં સમાય એવા)ના અગ્રભાગના ટુકડા એવી રીતે ઠાંસી ઠાંસીને ભરવામાં આવે કે જેથી જરા પણ ખાલી જગ્યા રહે નહિ. એના ઉપરથી પાણીનો ધોધ વહી જાય તો પણ એક પણ ટીપું અંદર ઊતરે નહિ અને ચક્રવર્તીની સેના એના ઉપરથી ચાલી જાય તો પણ એ પલ્ય જરા પણ દબાય નહિ કે નમે નહિ. હવે એ પલ્યમાં રહેલા અસંખ્યાતા વાળના ટુકડાઓમાંથી દર સો વર્ષે એક ટુકડો બહાર કાઢવામાં આવે અને એ રીતે આખો કૂવો ખાલી થતાં જેટલો વખત લાગે તે વખત એક પલ્યોપમ કહેવાય.

પલ્યોપમના છ પ્રકાર શાસ્ત્રકારો બતાવે છે અને એમાં દર સો વર્ષે વાળનો એક ટુકડો કાઢવાનું જે દૃષ્ટાંત આપ્યું છે તે સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમનું છે.

સાગરોપમ એટલે સાગરની ઉપમા અપાય એવું મોટું, હવે પલ્ય એટલે કે કૂવાને બદલે સાગર જેટલા વિશાળ કૂવામાં કે ખાડામાં વાળના ટુકડા એ જ પ્રમાણે ભરવામાં આવે તે પછી એ જ પ્રમાણે ખાલી કરવામાં આવે તો તેને સાગરોપમ કાળ કહેવામાં આવે છે. આ સાગર જેવો કૂવો કેટલો મોટો હોય ? તે માટે કહે છે કે દસ કોડાકોડી પલ્યોપમ બરાબર એક સાગરોપમ થાય. કોડાકોડી એટલે કરોડ ગુણ્યા કરોડ.

પલ્યોપમની જેમ સાગરોપમના પણ છ ભેદ થાય છે. અહીં સૂક્ષ્મ અદ્ધા સાગરોપમનું દૃષ્ટાંત છે.

હવે કલ્પના કરી શકાશે કે એક સાગરોપમ એટલે કેટલો કાળ. એવા દસ કોડાકોડી સાગરોપમ બરાબર અડધું કાલચક્ર-ઉત્સર્પિણી અથવા અવસર્પિણી. ઉત્સર્પિણી અને અવસર્પિણી બન્ને ભેગા મળીને એક કાલચક્ર એટલે કે વીસ કોડાકોડી સાગરોપમ (સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોનું અથવા સાતમી નરકના જીવોનું આયુષ્ય તેત્રીસ સાગરોપમનું હોય છે.) થાય. એક કે બે નહિ પણ અનંત કાળચક્ર જેટલો કાળ એક પુદ્‌ગલ પરાવર્તનમાં પસસાર થઈ જાય છે.આપણે આ વાત તરત માની ન શકીએ, પણ શાસ્ત્રકારો કહે છે કે ચૌદ રાજલોક અને ચોર્યાસી લાખ જીવાયોનિમાં પરિભ્રમણ કરતો કરતો, અનંત પુદ્‌ગલ પરાવર્ત કરતો કરતો આપણો જીવ મનુષ્યગતિમાં આવ્યો છે.

આ પ્રમાણે પુદ્‌ગલ પરાવર્ત મુખ્ય ચાર પ્રકારના છેઃ
(૧) દ્રવ્ય પુદ્‌ગલ પરાવર્ત (૨) ક્ષેત્ર પુદ્‌ગલ પરાવર્ત
(૩) કાળ પુદ્‌ગલ પરાવર્ત અને (૪) ભાવ પુદ્‌ગલ પરાવર્ત.
આ ચાર પ્રકારના પુદ્‌ગલ પરાવર્તના બાદર (સ્થૂલ) અને સૂક્ષ્મ એવા ભેદ કરીએ તો કુલ આઠ પુદ્‌ગલ પરાવર્ત નીચે પ્રમાણે થાયઃ
(૧) બાદર દ્રવ્ય પુદ્‌ગલ પરાવર્ત, (૨) સૂક્ષ્મ દ્રવ્ય પુદ્‌ગલ પરાવર્ત
(૩) બાદર ક્ષેત્ર પુદ્‌ગલ પરાવર્ત, (૪) સૂક્ષ્મ ક્ષેત્ર પુદ્‌ગલ પરાવર્ત

(૫) બાદર કાળ પુદ્ગલ પરાવર્ત, (૬) સૂક્ષ્મ કાળ પુદ્ગલ પરાવર્ત (૭) બાદર ભાવ પુદ્ગલ પરાવર્ત અને (૮) સૂક્ષ્મ ભાવ પુદ્ગલ પરાવર્ત

પ્રવચન સારોદ્ધારમાં કહ્યું છે :

पोग्गल परियट्टो इह दव्वाइ चउव्विहो मुणेयव्वो ।
थूलेयरभेएहिं जह होइ तहा निसामेइ ।।

(દ્રવ્ય વગેરે પુદ્ગલ પરાવર્ત ચાર પ્રકારના જાણવા. એમાં પણ સ્થૂલ અને સૂક્ષ્મ એવા ભેદો કહેલા છે.)

સંસારપરિભ્રમણમાં જીવ આ આઠે પ્રકારના પુદ્ગલ પરાવર્ત કરતો આવ્યો છે. આ આઠે પુદ્ગલ પરાવર્તમાં એક પૂરું થાય પછી જીવ બીજું પુદ્ગલ પરાવર્ત ચાલુ કરે એવું નથી. આઠે પુદ્ગલ પરાવર્ત સાથે સાથે જ ચાલે છે. વળી એવું નથી કે એક પરાવર્ત પૂરું થયું એટલે કામ પતી ગયું, અથવા આઠે પરાવર્ત પૂરાં થયા એટલે વાતનો અંત આવી ગયો. એક પરાવર્ત પુરું થતાં બીજું તત્ક્ષણ ચાલુ થઈ જાય છે. એ રીતે જીવે અનાદિ કાળથી વર્તમાનકાળ સુધીમાં અનંત પુદ્ગલ પરાવર્ત કર્યા છે.

આઠે પ્રકારના પુદ્ગલ પરાવર્તનું સ્વરૂપ કોઈને તરત ન સમજાય એવું છે. એ માટે ઉદાહરણ તરીકે મેં નીચે આપેલી રમતો ઉપયોગી થઈ પડશે.

રમત-૧

ઊભી અને આડી લીટીઓ દોરીને ઊભાં દસ અને આડાં દસ - એ રીતે ગણતાં કુલ ૧૦૦ ખાનાં કરવાં. એ દરેક ખાનામાં અનુક્રમે ૧ થી ૧૦૦ ની સંખ્યા લખવામાં આવે. હવે એક જણ એક કોથળીમાં ઢગલો કરીને રાખેલી ૧૦૦ સોગઠીઓમાંથી એક પછી એક સોગઠી કાઢે. દરેક સોગઠી ઉપર કોઈ એક આંકડો લખ્યો હોય. એવી એકથી સો સુધીની સોગઠી કોથળીમાં છે. જેમ જેમ એક એક સોગઠી નીકળતી જાય તેમ તેમ બીજા રમનારે કાગળના કોઠામાં તે તે આંકડા ઉપર ચોકડી કરવી. એ રીતે બધી સોગઠી પૂરી થશે તેની સાથે કાગળ પરની ચોકડીઓ પણ પૂરી થશે. આ એક પ્રકારનું પરાવર્તન પૂરું થયું કહેવાય.

આમાં નંબર ઉપર એકથી અનુક્રમે ચોકડી કરી નથી, પણ જેમ જેમ જે જે નંબર નીકળે તે પ્રમાણે ચોકડી કરવામાં આવી છે એટલે આ વ્યુત્ક્રમ અથવા ક્રમ-ઉત્ક્રમ પરાવર્તન છે એને સ્થૂલ અથવા બાદર પરાવર્તન કહી શકાય.

રમત - ૨

હવે એ જ પ્રમાણે ૧ થી ૧૦૦ સુધીના આંકડા લખ્યા હોય એવા કોઠાવાળા કાગળ ઉપર ચોકડી કરવાની છે, પણ કોથળીમાંથી જ્યારે નંબર ૧ નીકળે ત્યારે જ ચોકડી કરવાની. ત્યાર પછી જ્યારે નંબર ૨ નીકળે ત્યારે જ ચોકડી કરવાની. વચ્ચે બીજા આંકડાવાળી સોગઠી નીકળે તો તેની ચોકડી નહિ કરવાની. હવે એક કોથળી પૂરી થઈ, પણ થોડાક જ આંકડા ઉપર અનુક્રમે ચોકડી થઈ શકી છે.એટલે રમત આગળ લંબાવવા એ બધી સોગઠીઓને કોથળીમાં પાછી મૂકી દઈને હલાવીને ફરીથી સોગઠીઓ એક પછી એક કાઢવાની. એમાં આગળ કરેલી ચોકડીઓમાં અનુક્રમે જ આગળ વધવાનું. આ કોથળી પૂરી થતાં બીજા કેટલાક નંબરમાં અનુક્રમે આગળ વધાશે. ત્યાર પછી ત્રીજી વાર, ચોથી વાર, એમ અનુક્રમે કોથળીમાંથી ફરી ફરી સોગઠીઓ કાઢવાની અને એમ કરતાં ૧ થી ૧૦૦ સુધીના આંકડા ઉપર અનુક્રમે બધી જ ચોકડી થઈ જાય ત્યારે એક પરાવર્તન થાય. આ પરાવર્તન ક્રમથી થયું છે. એમાં બે ત્રણ વાર કોથળી ફરીથી ભરીને કાઢવાથી ચોકડી પૂરી કરવાનું કાર્ય નહિ પતે. ઘણી બધી વાર કરવું પડશે. કોઈવાર પંદર-વીસ કોથળીથી પરાવર્તન પૂરું થાય અને ન થાય તો છેવટે સો વાર કોથળી ભરવાથી તો એ અવશ્ય પૂરું થશે જ. આ પ્રમાણે થયેલું પરાવર્તન ક્રમથી થયું છે એમ કહેવાય. આને સૂક્ષ્મ પરાવર્તન કહી શકાય.

રમત નં ૩

આગળ પ્રમાણે જ ૧ થી ૧૦૦ ખાનામાં અનુક્રમે આંકડા લખવા. પણ એવા નંબરવાળા ચાર કાગળ સાથે રાખવા. એક લાલ રંગનો, એક વાદળી રંગનો, એક લીલા રંગનો અને એક કેસરી રંગનો.

ચાર બાજુવાળી ચોરસ સોગઠીમાં પ્રત્યેક બાજુ અનુક્રમે લાલ, વાદળી, લીલો અને કેસરી રંગ રાખવો. દરેક રંગ ઉપર ૧ થી ૧૦૦ માંથી

કોઈ એક આંકડો લખેલો હોવો જોઈએ. જરૂરી નથી કે એક જ આંકડો ચારે રંગમાં એક સરખો લખેલો હોય. એ લખેલો હોઈ પણ શકે અને ન પણ હોય, પણ દરેક રંગમાં ૧ થી ૧૦૦ સુધીના આંકડા હોવા જોઈએ.

હવે કોથળીમાંથી એક સોગઠી કાઢવામાં આવે. એના ઉપર લાલ રંગમાં જે આંકડો હોય તે પ્રમાણે લાલ રંગના કાગળ પરના આંકડા પર ચોકડી કરવી. એજ વખતે એ જ સોગઠીમાં વાદળી, લીલા અને કેસરી રંગમાં જે જે આંકડા લખ્યા હોય તે પ્રમાણે તે તે રંગના કાગળના આંકડામાં ચોકડી કરવી. આમ, ૧ થી ૧૦૦ સુધીની બધી સોગઠી બહાર નીકળશે ત્યારે ચારે રંગના કાગળ પર ચોકડીઓ પૂરી થશે. આ બધી ચોકડી ક્રમથી નહિ પણ અક્રમથી કે વ્યુત્ક્રમથી થઈ. આ અક્રમ પરાવર્તન એક સાથે ચાર રંગનું થયું, એ ચાર રંગ તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ - એ ચારનાં છે. એટલે એક સાથે ચાર અક્રમ અથવા સ્થૂલ પરાવર્તન થયાં.

રમત નં. ૪

આગળ પ્રમાણે ચાર રંગના કાગળ અને ચાર રંગવાળી સોગઠી રાખવાની. પણ હવે દરેક રંગના કાગળમાં આંકડાઓ ઉપર ૧ થી ૧૦૦ સુધી અનુક્રમે જ ચોકડી કરવાની. વચ્ચે બીજા આંકડા નીકળે તે છોડી દેવાના. એટલે આગળ પ્રમાણે ચાર પરાવર્તન અનુક્રમે જ થશે. આ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનું પ્રત્યેકનું અનુક્રમે પરાવર્તન થયું કહેવાય. આને સૂક્ષ્મ પરાવર્તન કહી શકાય.

અહીં તો સમજવા માટે રમતમાં આપણે ૧ થી ૧૦૦ સુધીના આંકડા ઉદાહરણ સ્વરૂપે રાખ્યા. જો કે આ રમતો સંપૂર્ણ નથી, પણ બાળજીવોને સમજવા માટે છે પણ એ આંકડા ૧ થી લાખ, કરોડ કે અબજ સુધીના નહિ, પણ અસંખ્યાતા કે અનંતા હોય તો આ રમત રમતાં કેટલો બધો સમય લાગે ? આપણી કલ્પનામાં પણ ન આવે એટલો સમય લાગે.

અલબત્ત, આ પુદ્ગલ પરાવર્તનમાં એક સેકન્ડનો, એક સમય માત્રનો બગાડ થતો નથી. રમત સતત ચાલુ જ રહે છે-એક ભવથી બીજા ભવ સુધી અને ભવોભવ સુધી એ પ્રમાણે ચાલ્યા જ કરે છે.

વળી આવી રીતે એક પરાવર્તન થયું એટલે રમત પૂરી થઈ એવું નથી. એક પ્રકારના પરાવર્તન પછી તરત જ - તત્ક્ષણ તે પ્રકારનું બીજું પરાવર્તન ચાલુ થઈ જાય છે. એમ અનંત પરાવર્તનો કરતો જીવ સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે.

હવે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ભાવ આ ચારે પ્રકારના પુદ્ગલ પરાવર્તન વિશે વિગતે જોઈએ.

**સ્થૂલ અને સૂક્ષ્મદ્રવ્ય પુદ્ગલ પરાવર્ત**

'શ્રી પુદ્ગલ પરાવર્તસ્તવ' નામની કૃતિમાં કહ્યું છે: औदारिकवैक्रिय तेजसभाषाप्राणचित कर्मतया । सर्वाणुपरिणतेर्भे स्थूलोऽभूत्पुद्गलावर्त: ।। [ઔદારિક, વૈક્રિય, તેજસ, ભાષા, પ્રાણ (શ્વાસોચ્છ્વાસ), મન અને કર્મ-એ સાતે વર્ગણાના સર્વ અણુઓને પરિણમાવવાથી (ગ્રહણ કરીને મૂકવાથી) સ્થૂલ દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત થાય છે.] પુદ્ગલ પરમાણુઓના વર્ગણાની દૃષ્ટિએ સાત પુદ્ગલ પરાવર્ત ગણવામાં આવે છે.

જેમ કે (૧) ઔદારિક પુદ્ગલ પરાવર્ત, (૨) વૈક્રિય પુદ્ગલ પરાવર્ત, (૩) તેજસ પુદ્ગલ પરાવર્ત, (૪) કાર્મણ પુદ્ગલ પરાવર્ત, (૫) મન પુદ્ગલ પરાવર્ત, (૬) વચન પુદ્ગલ પરાવર્ત, (૭) શ્વાચ્છ્વાસ પુદ્ગલ પરાવર્ત.

જીવે જ્યારે જ્યારે ઔદારિક શરીર ધારણ કર્યું હોય ત્યારે ત્યારે ઔદારિક વર્ગણાના લોકવર્તી સમસ્ત પુદ્ગલોને ક્રમશઃ ઔદારિક શરીરરૂપે ગ્રહણ કરે અને પરિણમાવે.એમાં જેટલો કાળ પસાર થાય તેને ઔદારિક પરાવર્ત કહે છે. એ રીતે સંસારચક્રમાં પરિભ્રમણ કરતો જીવ, ક્રમશઃ ઔદારિક વગેરે સાતે પ્રકારની વર્ગણાના સમસ્ત પુદ્ગલ પરમાણુઓને પરિણમાવે ત્યારે સાતે વર્ગણાનો એક પરાવર્ત પૂરો થાય.

જીવે જે ગતિમાં જે પ્રકારનો દેહ ધારણ કર્યો હોય તેને અનુરૂપ વર્ગણાના પુદ્ગલ પરમાણુઓને તે પરિણમાવે છે. ઉદાહરણ તરીકે જીવ મનુષ્ય હોય તો વૈક્રિય વર્ગણાના પુદ્ગલોને ન પરિણમાવી શકે, જો તે દેવગતિમાં કે નરકગતિમાં હોય ત્યારે તે તેટલો વખત ઔદારિક પુદ્ગલોને

ન પરિણમાવી શકે. એ પ્રમાણે જીવ જો અસંજ્ઞી હોય તો તે વખતે તે મન વર્ગણાના પુદ્ગલોને ન પરિણમાવી શકે. એકેન્દ્રિય જીવો વચન વર્ગણાના પુદ્ગલોને ન પરિણમાવી શકે. નરક ગતિના જીવે પૂર્વના જન્મોમાં ઔદારિક પુદ્ગલ પરાવર્ત અનંત વાર કર્યા હોય. આ પ્રમાણે જુદી જુદી ગતિના જીવો વિશે તે ગતિ અનુસાર પૂર્વજન્મ અને પુનર્જન્મ વિશે કથન કરવામાં આવે છે. પૂર્વજન્મોમાં સર્વ જીવોએ અનાદિ કાળથી સંસાર પરિભ્રમણ કરવામાં સાતે વર્ગણાના પ્રકારના અનંત પુદ્ગલ પરાવર્ત કર્યા છે. અનાગત એટલે કે ભવિષ્ય કાળની દૃષ્ટિએ વિચારીએ તો અભવ્ય જીવો સાતે પ્રકારનાં પુદ્ગલ પરાવર્ત કરશે, કારણ કે તેમનો મોક્ષ નથી. બીજા બધા જીવો માટે અનાગત કાળ વિશે જુદી જુદી સ્થિતિ હોઈ શકે.

ઔદારિક શરીરવાળો જીવ ઔદારિક વર્ગણાના પુદ્ગલોનું પરાવર્તન કેવી રીતે કરે છે તે વિશે ભગવાન મહાવીરસ્વામીએ શ્રી ગૌતમસ્વામીને કહ્યું છે કે તે જીવે પ્રથમ ઔદારિક શરીરના નિર્માણને યોગ્ય પુદ્ગલ દ્રવ્યોને ઔદારિક શરીર રૂપે ગ્રહણ કર્યા છે, પછી તેને આત્મ પ્રદેશોની સાથે બદ્ધ કર્યા છે.(શરીરમાં ધૂળની જેમ પહેલાં સ્પર્શ કર્યો છે) પૂર્વ પરિણામમાંથી અન્ય પરિણામ રૂપે પરિણમિત કર્યા છે, તેને પ્રસ્થાપિત કર્યા છે, તેને નિવિષ્ટ કર્યા છે (પોતે તેનો પ્રવેશ કરાવ્યો છે), અભિનિવિષ્ટ કર્યા છે (આત્માની સાથે સંપૂર્ણપણે સંલગ્ન કરાવ્યા છે), અભિસમન્વાગત કર્યા છે (પુદ્ગલોનો રસાનુભવ કર્યા છે), પરિયાત્ત કર્યા છે (સર્વ અવયવોથી રસાનુભવ કર્યા છે, અન્ય રૂપે પરિણામિત કર્યા છે), નિજીર્ણ (ક્ષીણ રસવાળાં) કર્યા છે, નિઃસૃત અને નિઃસૃષ્ટ (પૃથક્) કર્યા છે અને એ રીતે તે પુદ્ગલો આત્મ પ્રદેશોથી પૃથક્ અર્થાત્ છૂટાં થયાં છે.

આમ જીવ પોતાના શરીરમાં ઔદારિક પુદ્ગલો ગ્રહણ કરીને, પરિણમાવીને પછી છોડી દે છે. એમાં ગૃહીત, બદ્ધ, સ્પૃષ્ટ, કૃત, પ્રસ્થાપિત, નિવિષ્ટ, અભિનિવિષ્ટ, અભિસમન્વાગત, પ્રસ્થાપિત, પરિણામિત, નિજીર્ણ, નિઃસૃત અને નિઃસૃષ્ટ એમ તેર પ્રકારની પ્રક્રિયા થાય છે. એવી જ રીતે પ્રત્યેક વર્ગણાનાં પુદ્ગલ પરમાણુઓ વિશે આ તેર પ્રકારની પ્રક્રિયા થાય છે.

ભગવતીસૂત્રમાં ભગવાન મહાવીર સ્વામી ગણધર શ્રી ગૌતમસ્વામીને કહે છે :

હે ગૌતમ ! સૌથી ઓછાં વૈક્રિય પુદ્ગલ પરાવર્ત છે. એનાથી અનન્તગુણા વધારે વચન-પુદ્ગલ પરિવર્ત છે. એનાથી અનંતગુણા મનઃપુદ્ગલ પરિવર્ત છે. એનાથી અનન્તગુણા આન પ્રાણ (શ્વાસોચ્છ્વાસ) પુદ્ગલ પરિવર્ત છે. એનાથી અનંતગુણા ઔદારિક પુદ્ગલ - પરિવર્ત છે. એનાથી અનંતગુણા તેજસ્ પુદ્ગલ- પરિવર્ત છે અને એનાથી અનંતગુણા કાર્મણ પુદ્ગલ પરિવર્ત છે.

બીજી બાજુ આ સાતે વર્ગણાના પુદ્ગલ પરાવર્તના નિવર્તના (નિષ્પત્તિ) કાળનું અલ્પબહુત્વ કેવું છે તે વિશે ભગવાને કહ્યું છે કે સૌથી થોડો નિવર્તના કાળ કાર્મણ પુદ્ગલ પરાવર્તનો છે. એનાથી તેજસ પુદ્ગલનો કાળ અનંતગુણો છે.

એનાથી ઔદારિક પુદ્ગલનો કાળ અનંતગુણો છે, એનાથી શ્વાસિચ્છ્વાસ પુદ્ગલનો કાળ અનંતગુણો છે. એનાથી મન પુદ્ગલનો કાળ અનંતગુણો છે. એનાથી વચન પુદ્ગલનો કાળ અનંતગુણો છે અને એનાથી વૈક્રિય પુદ્ગલ પરાવર્તનનો નિવર્તના કાળ અનંતગુણો છે.

આ પ્રમાણે ચૌદ રાજલોકમાં રહેલા સાતે વર્ગણાના સર્વ પુદ્ગલ પરમાણુઓનો ઉપભોગ થતાં એટલે કે ગ્રહણ કરીને મૂકી દેતા જે પરાવર્ત થાય તેને સ્થૂલ દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત કહે છે.

સંસારમાં ભ્રમણ કરતો જીવ ચૌદ રાજલોકમાં રહેલા સર્વ પરમાણુને સાત વર્ગણામાંથી અનુક્રમે એક પછી એક વર્ગણારૂપે પરિણમાવે એટલે કે ગ્રહણ કરીને મૂકે ત્યારે સૂક્ષ્મ દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત કહેવાય.

જીવ પ્રથમ ઔદારિક વર્ગણારૂપે સર્વ પુદ્ગલ પરમાણૂને ભોગવે, ત્યાર પછી વૈક્રિય વર્ગણા રૂપે ભોગવે, એમ કરતાં સાતે વર્ગણા રૂપે અનુક્રમે ભોગવે ત્યારે સૂક્ષ્મ દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત થાય. જીવ પુદ્ગલ પરમાણુને ઔદારિક વર્ગણા તરીકે ભોગવતો હોય ત્યારે વચ્ચે વૈક્રિયાદિ વર્ગણારૂપે

ગમે તેટલી વાર ભોગવે ત ન ગણાય. તેવી જ રીતે વૈક્રિયાદિ અન્ય વર્ગણા માટે પણ સમજવું.

કેટલાક શસ્ત્રકારો દ્રવ્ય પરાવર્તના બે ભેદ બતાવે છે:
(૧) અગૃહિત - ગ્રહણ કાળ, (૨) ગૃહિત - ગ્રહણ કાળ અને
(૩) મિશ્ર કાળ

**સ્થૂલ (બાદર) અને સૂક્ષ્મ ક્ષેત્ર પરાવર્ત**

**સ્થૂલ ક્ષેત્ર પરાવર્ત વિશે શ્રી પરાવર્તસ્તવમાં કહ્યું છે :**

निरवशेषलोव्द्देशान् भवे भवे पूर्वसंभवैर्मरणै ।
स्पृशतः क्रमोत्क्रमाभ्यां क्षेत्रे स्थूलस्तदावर्त्तः ।।।

**( ચૌદ રાજલોકના બધા જ આકાશ પ્રદેશોને ભવે ભવે ક્રમ - ઉત્ક્રમથી મરણ વડે સ્પર્શે ત્યારે સ્થૂલ ક્ષેત્ર પરાવર્ત થાય.)**

લોકાકાશના અસંખ્ય પ્રદેશો છે. એના પ્રત્યેક પ્રદેશને વ્યુત્ક્રમથી જીવ મરણથી સ્પર્શે અને એમ કરતાં બધા જ આકાશપ્રદેશોને સ્પર્શી લે ત્યારે એક બાદર ક્ષેત્ર પરાવર્થ થયો કહેવાય (અન્ય એક મત પ્રમાણે જીવ જન્મથી સ્પર્શે અને એમ કરતાં બધાંજ આકાશ પ્રદેશોને જન્મથી સ્પર્શી લે ત્યારે એક બાદર ક્ષેત્ર પરાવર્ત થયો કહેવાય.)

જીવ ચૌદ રાજલોકના સમગ્ર આકાશ પ્રદેશોને પ્રત્યેકને અનુક્રમે મરણથી સ્પર્શે ત્યારે સૂક્ષ્મ ક્ષેત્ર પરાવર્ત થયો કહેવાય.

કેટલાક શાસ્ત્રકારો ક્ષેત્ર પરાવર્તના બે ભેદ બતાવે છે:

(૧) સ્વક્ષેત્ર પરાવર્ત અને (૨) પરક્ષેત્ર પરાવર્ત. સ્વક્ષેત્ર પરાવર્ત એટલે કોઈ જીવ સૂક્ષ્મ નિગોદની જઘન્ય અવગાહના સાથે ઉત્પન્ન થઈ ઉત્તરોત્તર ક્રમથી એક એક પ્રદેશ અધિક અવગાહના સાથે ઉત્પન્ન થતો થતો છેવટે મહામત્સ્યની ઉત્કૃષ્ટ અવગાહના સુધી પહોંચે અને એમાં જેટલી વાર લાગે તેને સ્વક્ષેત્ર પુદ્ગલ પરાવર્ત કહે છે. પરક્ષેત્ર પરાવર્ત એટલે કોઈ

જીવ સમગ્ર લોકાકાશના એક એક પ્રદેશને જન્મક્ષેત્ર બનાવતાં બનાવતાં બધા જ પ્રદેશોને જન્મક્ષેત્ર બનાવી રહે ત્યારે એક પરક્ષેત્ર પરાવર્ત થાય.

**સ્થૂલ અને સૂક્ષ્મ કાળ પુદ્ગલ પરાવર્ત**

પ્રવચન સારોદ્ધારમાં સ્થૂલ કાળ પરાવર્ત માટે કહ્યું છે :

ओसप्पिणीह समया जावइया ते य नियमरणेणं ।
पुट्ठा कमुक्कमेण कालपरट्टो भवे थूलो ।।

( અવસર્પિણી તથા ઉત્સર્પિણીમાં એના સમયોને જીવ ક્રમ - ઉત્ક્રમથી મરણ વડે સ્પર્શે ત્યાર સ્થૂલ કાળ પુદ્ગલ પરાવર્ત થાય.)

જીવ અવસર્પિણી અને ઉત્સર્પિણીના જેટલા સમય થાય તે સર્વ સમયને ક્રમ-અક્રથી મરણ દ્વારા સ્પર્શે ત્યારે એક સ્થૂલ કાળ પુદ્ગલ પરાવર્ત થાય.

કોઈ જીવ અવસર્પિણીના પ્રથમ સમયે મરણ પામ્યો ત્યાર પછી તે ઉ જ અથવા બીજી અવસર્પિણીના બીજા સમયે મરણ પામે તો તે સમય ગણાય. વચ્ચે તે અવસર્પિણીના પંદરમાં કે પચાસમા કે અન્ય કોઈ સમયે મરણ પામે તો તે ન ગણાય. તેવી રીતે અવસર્પિણીના બધા જ સમયને અનુક્રમે સ્ર્પશવા જોઈએ.

આ રીતે જીવ ઉત્સર્પિણી અને અવસિર્પણીના એટલે કે એક કાળચક્રના સર્વ સમયોને અનુક્રમે મરણ વડે સ્પર્શે ત્યારે તે એક સૂક્ષ્મ કાળ પુદ્ગલ પરાવર્ત થયો કહેવાય.

**સ્થૂલ અને સૂક્ષ્મ ભાવપરાવર્ત**

શ્રી પુદ્ગલ પરાવર્તસ્તવમાં સ્થૂલ ભાવ પરાવર્ત માટે કહ્યું છે :

अनुभागबन्धहेतुन् समस्त लोकाग्रदेशपरिसंखयान् ।
म्रियतः क्रमोत्क्रमाभ्यां भावे स्थूलस्तदावर्तः ।।

(સમસ્ત લોકાકાશના પ્રદેશ પ્રમાણ અનુભાગ બંધના સ્થાનોને / હેતુઓને

ક્રમ-ઉત્ક્રમથી મરણ પામીને જીવ સ્પર્શે ત્યારે બાદર ભાવ પુદ્‌ગલ પરાવર્ત થાય. ક્રોધ, માન, માયા, લિભ એ ચાર કષાયોમાં મંદ-મંદતર, તીવ્ર-તીવ્રતર એમ એમાં ઘણી તરતમતા હોય છે. કષાયના અધ્યવસાયથી કર્મબંધ થાય. કષાયોની તરતમતાને લીધે અસંખ્ય અનુબંધસ્થાનો થાય છે.

આ પ્રમાણે આઠે કર્મનાં પુદ્‌ગલોમાં રહેલા અસંખ્યાતા રસભેદોના પુદ્‌ગલ પરમાણુઓને જીવ વ્યુત્ક્રમથી મરણ વડે સ્પશે ત્યારે બાદર ભાવ પરાવર્તન થાય અને ક્રમથી સ્પર્શે ત્યારે સૂક્ષ્મ ભાવ પરાવર્તન થાય.

દ્રવ્ય , ક્ષેત્ર, કાળ અને ભાવ એ પ્રત્યેક બાદર અને સૂક્ષ્મ એમ કુલ આઠ પ્રકારનાં પુદ્‌ગલ પરાવર્તન બતાવવામાં આવ્યાં છે, પરંતુ શાસ્ત્રકારો કહે છે કે બાદર અથવા સ્થૂલ પરાવર્ત એટલે કે વ્યુત્ક્રમવાળાં પરાવર્ત તો સૂક્ષ્મ પરાવર્ત સમજવા માટે છે. જીવે જે પુદ્‌ગલ પરાવર્ત અનંતવાર કર્યાં છે એ તો સૂક્ષ્મ સમજવાના છે.

દિગંબર પરંપરામાં દ્રવ્ય,ક્ષેત્ર, કાળ અને ભાવ એ ચાર પ્રકારના પુદ્‌ગલ પરાવર્ત ઉપરાંત પાંચમો ભવ પુદ્‌ગલ પરાવર્ત ગણાવવામાં આવે છે.
સર્વાર્થસિદ્ધિ ગ્રંથમાં જણાવ્યું છે કે :
तत्र परिवर्तनं पंचविधं, द्रव्यपरिवर्तनं, क्षेत्रपरिवर्तनं,
कालपरिवर्तनं, भवपरिवर्तनं, भावपरिवर्तनं चेति ।

મિથ્યાત્વયુક્ત જીવ નરકગિતનું ઓછામાં ઓછું આયુષ્ય ભોગવે ત્યાંથી તે પ્રમાણે અનેક વાર ભોગવ્યા પછી ત્યાં જ તે ગતિમાં જ્યારે આવે ત્યારે એક એક સમય વધારે આયુષ્ય ભોગવતો જઈ છેવટે નરક ગતિમાં ઉત્કૃષ્ટ આયુષ્ય ભોગવે, ત્યાર પછી તિર્યંચગતિમાં જઘન્ય આયુષ્યથી ઉત્કૃષ્ટ આયુષ્ય ક્રમે ક્રમે ભોગવી ત્યાર પછી મનુષ્યગતિમાં જઘન્ય આયુષ્યથી ઉત્કૃષ્ટ આયુષ્ય અનુક્રમે ભોગવે અને પછી દેવગતિમાં પણ એ રીતે આયુષ્ય ભોગવે (જે દેવોને એક જ ભવ બાકી હોય તેમના

આયુષ્યની ગણના કરી નથી). ત્યારે જીવનું સંસારપરિભ્રમણનું એક ભવપરિવર્તન થયું ગણાય છે. ટૂંકમાં ચોર્યાશી લાખ જીવાયોનિમાં પ્રત્યેક જીવ ઉત્પન્ન થઈ, જઘન્ય આયુષ્યથી અનુક્રમે ઉત્તરોત્તર વધતું આયુષ્ય ભોગવીને એમ છેવટે ઉત્કૃષ્ટ આયુષ્ય ભોગવીને મરણ પામે ત્યારે એકભવ પરાવર્ત પૂરો થયો કહેવાય. એવા અનંત ભવપરાવર્ત આ જીવે ભૂતકાળમાં કર્યાં છે.

આમ, પુદ્‌ગલ પરાવર્તનો અને એના પ્રકારોનો વિચાર કરીએ તો બુદ્ધિ કામ ન કરે. કોઈકને એમ લાગે કે ખરેખર આમ થતું હશે ? વસ્તુતઃ સૂક્ષ્મ એકેન્દ્રિયાદિ જીવોને અને તિર્યંચ ગતિના જીવોને લક્ષમાં રાખી પોતે પણ આ બધાં ભવચક્રોમાંથી પસાર થયા છે એનું શાંત ચિત્તે મનન કરીએ તો કંઈક અંતરમાં પ્રતીતિ અવશ્ય થાય. માત્ર પોતાના મનુષ્યભવનો વિચાર કરવાથી આ તરત નહિ માની શકાય. સર્વજ્ઞ ભગવાને જ્યારે શ્રી ગૌતમસ્વામીને સ્વમુખે આ પ્રમાણે કહ્યું છે ત્યારે તો એમાં અડગ શ્રદ્ધા થવી જોઈએ.

કોઈને પ્રશ્ન થાય કે તો શું આ પરાવર્તનો અંત ન આવે ? અવશ્ય આવે. જો જીવનું મિથ્યાત્વ મંદ થઈ ગયું હોય અને તેનામાં અમુક ગુણલક્ષણો પ્રગટ થયાં હોય તો તે તેને હવે છેલ્લો એક પરાવર્ત કરવાનો બાકી રહે છે. એવા જીવો ચરમ (છેલ્લા) આવર્ત (પરાવર્ત) માં આવેલા હોવાથી તેઓ ચરમાવર્તી જીવ કહેવાય છે. શ્રી હરિભદ્રસૂરિજીએ 'યોગબિંદુ'માં (શ્લોક ૭૨) જણાવ્યું છે:

चरमे पुद्‌गल परावर्ते यतो यः शुकलपाक्षिकः ।<br>
भिन्नग्रन्थिश्चरित्री च, तस्यैवेतदुदाहृतम् ।।

(છેલ્લા પુદ્‌ગલ પરાવર્તમાં વર્તતો જીવ શુક્લપાક્ષિક જાણવો. તે જ આત્મા ગ્રંથિભેદ કરનારો અને ચારિત્ર પાળનારો થાય છે એ પ્રમાણે કહેલું છે.)

જે જીવોને સંસારપરિભ્રમણમાં એક વખત પણ ગ્રંથિભેદ અને સમ્યગ્ દર્શન થાય છે તો તે જીવો દેશઉણ અડધા પુદ્ગલપરાવર્તમાં આવી જાય છે. ભવસ્થિતિ અનુસાર વચ્ચે કદાચ કોઈનું સમકિત ચાલ્યું ગયું હોય તો પણ તે જીવને અર્ધપુદ્ગલ પરાવર્ત જેટલો કાળ ભવભ્રમણ કરવાનો રહે છે. જેમ સમકિત નિર્મળ થતું જાય તેમ ભવ ઓછા કરવાના રહે.

એટલે આપણે 'શ્રી પુદ્ગલપરાવર્તસ્તવ' ના રચનાર મહાત્માએ એમાં અંતે જે પ્રાર્થના કરી છે તે જ પ્રાર્થના કરીએ :

नाना पुद्गल पुद्गलावलि परावर्तानन्तानहं ,
पूरंपूरमियचिरं कियदशं वाढं दृढं नोढवान् ।
दृष्टवा दृष्टचरं भवन्तमधुना भक्त्यार्थयामि प्रभो,
तस्मान्मोचय रोचय स्वचरणं श्रेयः श्रियं प्रापय ।।

( અનેક પુદ્ગલ પરમાણુઓની શ્રેણીવાળા અનંત પરાવર્ત સુધી ભમીભમીને હે પ્રભુ ! હું ઘણું દુઃખ પામ્યો છે. હવે આપને દૃષ્ટિવડે નિહાળવાથી ભક્તિથી પ્રાર્થના કરું છું કે મને દુઃખ (अंश) થી છોડાવો. આપનું ચારિત્ર મને રુચે અને કલ્યાણરૂપી (મોક્ષરૂપી) લક્ષ્મીને હું પ્રાપ્ત કરું.)

# વૈયાવૃત્ય એ ધ્યાનના ઊંડાણની પારાશીશી છે

- ગુણવંત બરવાળિયા

(અખિલ ભારતીય શ્વે. સ્થા. જૈન કોન્ફરન્સના મંત્રી, સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન રીસર્ચ સેંટર મુંબઇના માનદ્ સંયોજક, 'જૈનપ્રકાશ', 'કાઠિયાવાડી જૈન', 'વિશ્વવાત્સલ્યના' તંત્રી મંડળના સભ્ય, જૈનધર્મ પર ૩૫ જેટલા પુસ્તકોનું સર્જન સંપાદન કર્યું છે, સી.એ. સુધી અભ્યાસ કરીને ટેક્સટાઇલ ઇન્ડસ્ટ્રીમાં પ્રવૃત્ત છે.)

નગરથી ઉપવન તરફ જતાં રાજમાર્ગ પર ચાલી જતી બે સહિયરોએ એક દશ્ય જોયું. કૌતુકભરેલા દશ્યને નિહાળવા એ બન્ને સખી આગળ ચાલી.

નગરશ્રેષ્ઠી હાથીની અંબાડી પર બેઠેલા હતાં. બાજુમાં મહાવત, આગળ પાછળ સેવકો ચાલી રહ્યા હતા. રાજમાર્ગથી રસ્તો ફંટાયો, નાનકડો રસ્તો ઉપવન તરફ જતો હતો ત્યાં શ્રેષ્ઠી હાથી પરથી ઉતર્યા અને ઘોડા પર બેઠાં. થોડું આગળ ચાલતા એક પગદંડી આવી શ્રેષ્ઠી ઘોડાપરથી ઉતર્યા, અનુચરો પાલખી લઈને ઊભા હતા તેમાં શ્રેષ્ઠીને બેસાડી ઉબડ-ખાબડ કેડી પર જરા પણ આંચકો ન આવે તેમ ભોઈ-અનુચરો પાલખી ઉંચકીને ચાલવા લાગ્યા. ઉપવન આવતાં શ્રેષ્ઠી નીચે ઉતર્યા અને મખમલી તળાઈ સાથેની ફૂલશૈયા પર સૂતા. અનુચરો પગ દબાવવા લાગ્યા એ કૌતુકભર્યું દશ્ય જોતા એક સખી બીજી સખીને પૂછે છે :

*"હાથી બેઠો, ઘોડે બેઠો, બેઠો પાલખીમાંય*
*કિયા દિનકો થકો, સખીરી પડ્યો દબાવત પાય"*

આ શેઠ હાથી-ઘોડાને પાલખીમાં જ બેઠા છે ચાલ્યા લગીરે નથી, તો કયા દિવસનો એવો તે તેને થાક લાગ્યો કે પગ દબાવે છે. સખી જવાબ આપે છે :

*સાધુ સંત કી સેવા કિંની ચાલ્યો અણવણ પાય*
*તા' દિનકો થકો સખીરી પડ્યો દબાવત પાય.*

હે સખી તું સાંભળ! પૂર્વભવમાં આ શેઠે સાધુ સંતની ખૂબ વૈયાવચ્ચ સેવા સુશ્રૂષા કરી હતી. પાદવિહારમાં સાધુસંત સાથે ઉઘાડે પગે ચાલ્યો હતો. પૂર્વના એ થાકને ઉતારવા તેના દેહને વિશ્રામ આપવા અનુચરો પગ દબાવે છે.

સખીઓના સંવાદનો એવો સંકેત છે કે પૂર્વે સાધુસંતની વૈયાવચ્ચ સેવા શુશ્રૂષા કરનારને તેના પ્રચંડ પુણ્યોદયે કેવી સમૃદ્ધિ મળે છે.

અહીં ભાવપૂર્વક વૈયાવચ્ચ કરનારને થનાર પુણ્યબંધ પ્રતિ અંગુલિનિર્દેશ અભિપ્રેત છે.

વૈયાવચ્ચ કે વૈયાવૃત્ત શબ્દમાં, સેવા શુશ્રૂષાની પવિત્ર ભાવના અભિપ્રેત છે.

જૈન ધર્મમાં બાર પ્રકારના તપ દર્શાવવામાં આવ્યા છે. છ બાહ્યતપ અને છ આભ્યંતર તપ. વ્રત-તપના પ્રેરક જૈનાચાર્યોએ ત્રીજા આભ્યંતર તપનું જૈન વ્રત-તપમાં વિશ્લેષણ કરતાં કહ્યું છે કેઃ

જ્ઞાની અને તપસ્વી, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ-સાધ્વી તથા વડીલ, વૃદ્ધ, બીમાર, અપંગ આદિની વિવિધ પ્રકારે ઉચિત સેવાભક્તિ કરવી તે જ વૈયાવૃત્ય નામનું તપ. ગુણોમાં અનુરાગપૂર્વક સંયમી પુરુષો તેમજ અઠ્ઠમ અથવા તેથી વધુ તપ કરનાર તપસ્વીઓનો ખેદ દૂર કરવો, પગ વગેરે દાબવા-ચોળવા, ચંદન કે શીતળદ્રવ્યનું લેપન કરવું, લવિંગનો ખરડ કરવો તેમજ તેમનાં સુખસગવડનો ખ્યાલ રાખવો અને એમ કરીને

તેમને સુખશાતા ઉપજાવવાથી આ તપ થાય છે. ચતુર્વિધ સંઘની અને કુટુંબીજનોની ઉચિત સેવાભક્તિ કરવી તે પણ આ તપનો જ પ્રકાર છે. આ સર્વ પાત્રોને યોગ્ય રીતનાં શયન-સ્થાનની વ્યવસ્થા, સમયસર ઔષધિ આપવી, શારીરિક સ્વચ્છતા જાળવવામાં મદદ કરવી, અંગત વપરાશનાં સાધનોની સફાઈ કરવી, નિર્દોષ આહાર યોગ્ય સમયે આપવો, વ્યાધિપીડિત અંગોની સફાઈ કરવી, વસ્ત્રો ધોઈ આપવાં, પ્રવાસમાં મદદ કરવી, હલનચલનમાં ટેકો આપવો, હળવો વાર્તાવિનોદ કરવો, પત્રવ્યવહારમાં મદદ કરવી એવી અનેકવિધ રીતે સેવાશુશ્રૂષા કરવી તે જ વૈયાવૃત્ય.

વૈયાવૃત્ય કરનારને શ્રદ્ધા, ભક્તિ, વાત્સલ્ય, વિચ્છિન્ન સમ્યક્ત્વનું પુનઃસંધાન, તપ, પૂજા, તીર્થ, સમાધિ વગેરે પ્રાપ્ત થાય છે. જિનાજ્ઞાનું પાલન, સંયમ, સહાય, દાન, નિર્વિચિકિત્સા, પ્રભાવના, કાર્ય-નિર્વહણ, મૈત્રી, કરુણા વગેરે વૈયાવૃત્ય કરનારના ગુણ છે. વૈયાવૃત્યતપ શ્રાવકો માટે મુખ્ય અને સાધુઓ માટે ગૌણ છે. વૈયાવૃત્ય એ ધ્યાનના ઊંડાણની પારાશીશી છે. વૈયાવૃત્ય એ પોતાની જાતમાંથી બહાર નીકળવા માટેનું બારણું છે. ધ્યાન દ્વારા તપસ્વી જેને અંતરના ઊંડાણમાંથી પામવા મથે છે તેને જ વૈયાવૃત્ય દ્વારા પ્રત્યક્ષપણે પામી શકાય છે. આત્માનો વિસ્તાર થતો અનુભવાય છે. એક એવી પરમ અવસ્થા પામી શકાય છે. જ્યાં ધ્યાન અને વૈયાવૃત્ય એકરૂપ બની જાય છે.

શ્રી આચારાંગ સૂત્રના પ્રથમ ઉદ્દેશકની ૧૮મી ગાથામાં કહ્યું છે કે, "સાધકે માન અને અપમાનમાં કેટલી સમતા કેળવી છે? તેની ભિક્ષામય જીવનથી કસોટી થાય છે. ભિક્ષા એ ત્યાગી જીવનનું કપરું અને કઠીન વ્રત છે. ભિક્ષા અને પાદવિહાર એ બે એવાં જ્ઞાનનાં સાધનો છે, કે જે જ્ઞાન ભૂગોળના કે માનસશાસ્ત્રોના અનંત ગ્રંથોથીય ન મળી શકે એવું લોકમાનસનું જ્ઞાન આ બે સાધનો દ્વારા મળી રહે છે અને ત્યાગી જીવનના

આદર્શનો પ્રચાર પણ આ બે સાધનો દ્વારા સહેલાઈથી, ગામડે ગામડે ઘેર ઘેર પહોંચી વળે છે એ દષ્ટિએ જ શ્રમણસંસ્થા માટે આ બે સાધનો નિર્માયા છે.

પ્રથમ તીર્થંકર ઋષભદેવ આદિનાથથી શરૂ કરી ચરમતીર્થંકર ભગવાન મહાવીરસ્વામી સુધીના તમામ તીર્થંકરોએ પાદવિહાર અને ભિક્ષાચરી દ્વારા સંયમજીવનનું પાલન કર્યું.

ભગવાન મહાવીર નિર્વાણ પછીના કેટલાક સમય સુધી તો જૈન મુનિ ભગવંતો ગામબહાર ઉદ્યાનમાં ચાતુર્માસ કરતાં. શેષકાળમાં પણ મુનિઓ ગામબહાર રાજા, શ્રેષ્ઠી, શ્રાવકોના ચૈત્યો, ઉપવનો, વિહારો કે ઉદ્યાનમાં રોકાતા અને સ્વની સાધના સાથે પરનું કલ્યાણ કરતાં.

સમયના સાંપ્રત વહેણમાં શ્રાવકોના વસવાટને કારણે ગામનગર અને મહાનગરોમાં અનેક ધર્મસ્થાનકો થયા અને સાધુસંતો તેમા ચાતુર્માસ અર્થે કે શેષકાળમાં પધારી સ્વસાધના અને ધર્મજાગૃતિનું કાર્ય કરવા લાગ્યા.

પ્રદૂષિત હવા પાણીના કારણે અને કાળના પ્રભાવે, શરીરના સંઠાણ પરિવર્તનોને કારણે ખાસ કરીને મોટી ઉંમરના સાધુ સંતો માટે પાદવિહાર કઠીન બની ગયો.

શ્રાવકો માટે સંતોની વૈયાવચ્ચ માટે બે પાસાં ઉપસી આવ્યા. એક વિહાર કરી શકે તેવી ઉંમર અને શારીરિક ક્ષમતા ધરાવતા સંતોની બિમારી કે અકસ્માત વખતેની વૈયાવચ્ચ અને મોટી ઉંમરના વિહાર કે ગોચરી માટે ફરી ન શકે તેવી શારીરિક ક્ષમતા ગુમાવેલા સંતો, નાની ઉંમર હોવા છતાં ભયંકર રોગનો ભોગ બનેલા કે અકસ્માતને કારણે શારીરિક વિકલાંગતા કે અશક્તિ આવતા

વિહારાદિની શારીરિક ક્ષમતા ગુમાવતા સંતોના સ્થિરવાસ અને વૈયાવચ્ચની વ્યવસ્થા કરવાનું શ્રાવકો માટે જરૂરી બન્યું.

વિશ્વની તમામ ધર્મપરંપરાએ સહાનુભૂતિની વાત કહી છે જ્યારે જૈનધર્મે ત્યાંથી આગળ વધીને સમાનાભૂતિની વાત કરી છે. સહાનુભૂતિમાં અનુકંપા અને દયા અભિપ્રેત છે જ્યારે સમાનાભૂતિમાં ગૌરવ અભિપ્રેત છે. અન્યને દુઃખ કે પીડા ઉત્પન્ન થતાં હું દુઃખી થાઉં, પીડિત વ્યક્તિ પ્રત્યે સહાનુભૂતિ પાઠવું તે એક વાત પણ અન્યના દુઃખ કે પીડા જોઈ માત્ર દુઃખી ન થાઉં પરંતુ મને એવા જ પ્રકારનું દુઃખ થયું છે એવી અનુભૂતિ કરુ. જેવો મારો આત્મા છે એવો જ સામેની પીડિત વ્યક્તિનો આત્મા છે. આ દુઃખ મને થઈ રહ્યું છે એવી વેદનાની અનુભૂતિ કરું અને પછી તેની સેવા વૈયાવૃત્ત કરું તો એ નિજી સંવેદના બની જશે. વળી પંચમહાવ્રતધારી સંતો તો આપણા પૂજનીય છે માટે સેવા અને વૈયાવૃત્તમાં ફરક છે. સેવા એટલે રાહતનું ગુંજન, વૈયાવચ્ચ એટલે રત્નત્રયીનું પૂજન.

સાધુસંતો તો પરિષહો સહેતા આવ્યા છે. ઉપસર્ગો સામે ઝઝૂમે છે માટે વૈયાવચ્ચ એ સંતોની સેવા જરૂરિયાત નથી, આપણા હૃદયની સંવેદના છે.

જ્યારે કાયાની માયા વિસારનારા સંતને અસમાધિ થાય ત્યારે આપણે નમ્રતા સાથે વંદના કરી વિનંતી કરીએ કે અમને વૈયાવચ્ચનો લાભ આપો.

ઉપ એટલે સમીપ, યોગ એટલે જોડાવું, જે ક્રિયા આત્માની સમીપ જવામાં સહકારી નીવડે એ ઉપયોગ ગણાય. સેવા એ સહયોગ છે તો વૈયાવચ્ચ એ ઉપયોગ છે.

વૈયાવચ્ચનો ધર્મ આપણામાં એવી રીતે પ્રતિષ્ઠિત થવો જોઈએ કે જે સાધુજીનાં વ્રતોને લક્ષમાં રાખીને જ કરવામાં આવે. વ્રતમાં શક્ય એટલા દોષ ન લાગે તેની ઝીણવટ ભરી કાળજી સાવધાનીમાં જ વિવેક અભિપ્રેત છે.

સંતસતીજીઓ માટે શક્ય એટલી વધુ આરાધના ધામોમાં વૈયાવચ્ચની સગવડો ઉપલબ્ધ થાય. જરૂરિયાત પ્રમાણેના સેવાકેન્દ્રોનું નિર્માણ થાય તેની મહાસંઘો કે મહાજન સંસ્થાઓએ કાળજી લેશે તો શાસનનું ગૌરવ જળવાશે. તીર્થંકર નામ કર્મ ઉપાર્જનના વીશ બોલમાં ૧૬મો બોલ વૈયાવચ્ચનો છે. સાધુ-સંતોની ઉત્કૃષ્ઠભાવે વૈયાવચ્ચ સેવા કરવાથી સ્વયં ભગવાન બની શકાય છે અને કહ્યું છે કે,

*વૈયાવચ્ચ ગુણધરાણં નમો: નમો:*

વૈયાવચ્ચનો ગુણ ધારણ કરનાર, એને જીવનમાં ચરિતાર્થ કરનાર વંદનને પાત્ર છે.

સેવામૂર્તિ નંદીષેણની કસોટી કરવા પરૂની દુર્ગંધવાળા મુનિ દેહરૂપ ખુદ ઈંદ્ર આવ્યા અને નંદીષેણે ભાવપૂર્વક વૈયાવચ્ચ કરી કસોટીથી પાર ઉતર્યા. મરૂદેવી માતા, શૈલકરાજર્ષિ અને બહુસૂત્રી પંથકમુનિ, પૂ.સમર્થમલજીની વૈયાવચ્ચ ભાવનાનું પાવનસ્મરણ કરી અભિવંદના કરીએ.

# સિદ્ધસેન દિવાકર

કેતકીબેન શાહ

(જૈન ધર્મ અને જૈન સાહિત્યમાં ખૂબ રસ ધરાવનાર શ્રી કેતકી બહેને મુંબઇ યુનિવર્સિટીનો જૈનિઝમનો ડીપ્લોમા કોર્સ કરેલ છે.)

અનેકાન્ત, અહિંસા અને અપરિગ્રહ - એ ત્રણ આધારસ્તંભે સમા એ જૈનદર્શનને 'A' grade માં સ્થાન અપાવ્યું છે. અનેકાન્ત એટલે વિચારોમાં અહિંસા. વિચારોની અહિંસા જ વાણી અને વર્તનમાં પણ અહિંસા લાવે છે. જૈન તાત્ત્વિકચિંતન તથા આચાર નિર્ણયનો આધાર અનેકાન્તદષ્ટિ છે. સ્યાદ્વાદ અનેકાન્તનો જ ભાષા પ્રયોગ છે. એવા મૂળ સ્ત્રોતને પકડી આચાર્ય સિદ્ધસેને ઘણી ઊંચાઇ પ્રાપ્ત કરી છે. જૈનદર્શનમાં બધા દર્શનોનો સમાવેશ કરી અનેકાન્તની નવી ઇમારત ખડી કરી દીધી છે.

આચાર્ય સિદ્ધસેનના પિતા દેવર્ષિ અને માતા દેવશ્રી હતાં. વૃદ્ધવાદી સાથે સર્વજ્ઞપણાની બાબતમાં વાદમાં ઊતર્યા પણ હારી જવાથી વૃદ્ધવાદી પાસે જૈન દીક્ષા અંગીકાર કરી. ચમત્કારિક રીતે તેમણે બે વિદ્યા પ્રાપ્ત કરી - એક સમય સરસવ વિદ્યા - પાણીમાં સરસવ નાંખવાથી થોડા નિપજાવી શકાય અને બીજી સુવર્ણ સિદ્ધિ. તે વિદ્યાઓથી તેમણે કુમારપાળના દેવપાળ નામના રાજાને મદદ કરી, તેને જૈની બનાવ્યો. પણ ત્યાં તેઓ પ્રમાદમાં ફસાયા, પાલખીમાં દરબારમાં આવવા લાગ્યા. વૃદ્ધવાદીસૂરિઓ આ વાત સાંભળી અને તેમને બોધ પમાડ્યો.

સિદ્ધસેનને બાલ્યાવસ્થાથી જ સંસ્કૃતનો અભ્યાસ સારો હતો. એક વખત મગ્ગદયાણં વગેરે પ્રાકૃત પાઠ બોલતા અન્ય દર્શનીઓને હાંસી કરતાં જોઇ તે લજ્વાયાં. તેમણે પ્રાકૃતનું સંસ્કૃત કરવા સંઘને વિનંતી કરી પણ સંઘે તે જિનાજ્ઞા વિરુધ ગણ્યું. જેનું તેમને 'પારાંચિત' નામનું પ્રાયશ્ચિત આવ્યું. જેના માટે તેમને બાર વર્ષ ગચ્છ બહાર મૂકવામાં આવ્યાં અને તેઓ સાધુનો વેષ ગોપવી, અવધૂત બની સંયમ સહિત વિચરવા લાગ્યાં.

સંઘ બહારના સાતમે વર્ષે ઉજ્જયની નગરીમાં રાજા વિક્રમાદિત્યની સામે મહાકાળેશ્વરનાં મંદિરમાં શિવલિંગ સમક્ષ જે ચમત્કાર સર્જ્યો તે જગપ્રસિદ્ધિ છે. શિવલિંગને નમસ્કાર કરવાનાં અનુરોધ પર જ્યારે સિદ્ધસેને એમ કહ્યું કે, "આ દેવતા મારા નમસ્કાર નહીં સહી શકે" ત્યારે રાજાના આગ્રહથી તેમણે ઇષ્ટદેવની સ્તુતિ કરતાં 'વીર દ્વાત્રિંશિંકા' ની રચના કરી અને પછી પાર્શ્વનાથની સ્તુતિ કરતાં 'કલ્યાણ મંદિર' નો અગિયારમો શ્લોક રચતાં શિવલિંગ ફાટીને તેમાંથી વીજળી જેવું ઝળકતું દેદીપ્યમાન પાર્શ્વનાથસ્વામીનું બિંબ પ્રગટ થયું. ત્યારે રાજાએ પ્રસન્ન થઇને કહ્યું, "દેડકાનાં ભક્ષણ કરનારા ચતુર એવા સર્પ ઘણા છે પણ ધરતીને ધારણ કરનાર શેષનાગ તો એક જ છે તેમ ફક્ત નામના પંડિત તો ઘણા છે પણ તમારા જેવું કોઇ નથી."

આમ, આચાર્ય સિદ્ધસેને જૈનશાસનની ઉન્નતિ કરાવી. બાર વર્ષ આલોચનામાંથી સાત વર્ષ વ્યતીત થયાં હતાં ને પાંચ વર્ષ બાકી હતાં તો પણ તેમને શ્રીસંઘે મળી પાછા ગચ્છમાં લઇ આચાર્યપદે સ્થાપ્યા. ત્યાંથી કુવાદીરૂપ તિમિરને નાશ કરવામાં દિવાકર સમાન 'સિદ્ધસેન દિવાકર સૂરિ' કહેવાયા. પંડિત કૈલાશચન્દ્રે તેમને જૈન વાઙ્મયરૂપી નીલામ્બરના જાજવલ્યમાન નક્ષત્ર કહ્યાં છે. શ્વેતાંબર અને દિગમ્બર બંને પરંપરામાં તેઓની ખ્યાતિ છે.

આચાર્ય સિદ્ધસેન શ્રેષ્ઠ સ્તુતિકાર, ન્યાય પ્રતિષ્ઠાપક, સ્વતંત્ર ચિંતક, સમર્થ સાહિત્યકાર હતાં. શ્રેષ્ઠ કવિ હતા તેના માટે કહેવાય છે કે :

"अनु सिद्धसेन कवयं"

અર્થાત્ બધા કવિ સિદ્ધસેનની પાછળ છે, કવિઓમાં સિદ્ધસેન જ અગ્રણી છે. તેમની બધી કૃતિઓમાં તેમનું મૌલિક-ચિંતન પ્રગટ થાય છે. તેમાં પૂર્વાગ્રહનો અભાવ છે. તેમણે રચેલી કૃતિઓમાં : ૧) ન્યાયાવતાર : જેમાં પ્રમાણનું વિવેચન છે, ૩૨ સંસ્કૃતમાં કારિકાઓ છે. જે સ્થાન દિઙ્નાગનું બૌદ્ધદર્શનમાં છે તે સ્થાન આચાર્ય સિદ્ધસેનનું જૈનદર્શનમાં છે, જેમણે પૂર્વપરંપરાનું સર્વથા અનુકરણ કરી પોતાની સ્વતંત્રબુદ્ધિથી ન્યાયાવતારની

રચના કરી, જે સર્વથા મૌલિક છે. જૈન ન્યાયનો સંસ્કૃત ભાષામાં એ સર્વપ્રથમ ગ્રંથ છે. એ લઘુ કૃતિમાં પ્રમાણ, પ્રમાતા, પ્રમેય અને પ્રમિતિ આ ચાર તત્ત્વોની જૈનદર્શન સમ્મત વ્યાખ્યા કરવાનો અનોખો પ્રયાસ કર્યો છે, સાથે સાથે નયનાં લક્ષણોનું પણ વિવેચન કર્યું છે.

૨) કલ્યાણમંદિરસ્તોત્ર : જેમાં પાર્શ્વનાથ ભગવાનની સુંદર સ્તુતિ ૪૪ ગાથારૂપે સંસ્કૃતમાં છે.

૩) દ્વાત્રિંશિકા : આચાર્ય સિદ્ધસેનરચિત ૨૧ દ્વાત્રિંશિકા આજે ઉપલબ્ધ છે. તેમાં પ્રથમ ૫ દ્વાત્રિંશિકામાં ભગવાન મહાવીર પ્રતિ ઊંડી ભક્તિ વ્યક્ત કરી છે. શેષ દ્વાત્રિંશિકાઓમાં જૈનેતર દર્શન, જૈનદર્શન, આત્મસ્વરૂપ વગેરે વિવિધ વિષયો પર ચિંતન કર્યું છે. આચાર્ય સિદ્ધસેનની દ્વાત્રિંશિકાનો પ્રભાવ આચાર્ય હેમચંદ્રની બંને બત્રીસીઓ અને સમન્તભદ્રના સ્વયંભૂ સ્તોત્ર અને યુક્ત્યનુશાસન નામની દાર્શનિક સ્તુતિઓ પર દેખાઇ આવે છે, જેમાં તેમનું અનુકરણ કરવામાં આવ્યું છે.

૪) સન્મતિ પ્રકરણ ગ્રંથ : આચાર્ય સિદ્ધસેન દ્વારા વિરચિત આ ગ્રંથ દાર્શનિક જગતમાં એક ગૌરવપૂર્ણ ગ્રંથ માનવામાં આવે છે. ચંદ્રની સોળ કળાની જેમ તેમનું કલા-કૌશલ્ય અહીં ખીલેલું જણાય છે. પ્રાકૃતમાં રચિત આ ગ્રંથમાં ત્રણ કાંડ છે. જેમાં પ્રથમ કાંડમાં ૫૪ ગાથા, દ્વિતીયમાં ૪૩ અને તૃતીયમાં ૭૦ ગાથાઓ છે. પ્રથમ અને તૃતીય કાંડમાં વિભિન્ન વિરોધી અવધારણાઓમાં અનેકાન્તના આધાર પર સમન્વય સ્થાપિત કર્યો છે અને દ્વિતીય કાંડમાં જ્ઞાન અને દર્શનની વિસ્તૃત મીમાંસા કરી છે.

સન્મતિ પ્રકરણ ગ્રંથ પ્રભાવક ગ્રંથ તરીકે પ્રસિદ્ધ છે. પ્રભાવક ગ્રંથ માટે એવું કહેવાય છે કે જેઓ આ ગ્રંથ ભણતાં હોય ત્યારે કોઇ પ્રતિબંધિત વસ્તુનો ઉપયોગ કરે તો પણ તેને કોઇ પ્રાયશ્ચિત આવતું નથી અને તે પુસ્તકને નાશ થતું અટકાવવા માટે તેને કોઇ અનાર્ય દેશમાં લઇ જવાની પણ છૂટ અપાય

છે, જો ત્યાં કોઇ સાધુએ અનશન ધારણ કર્યું હોય પણ સન્મતિ પ્રકરણ જેવા ગ્રંથના જાણકાર હોય.

**સન્મતિ પ્રકરણના ઉલ્લેખનીય મુદ્દાઓ :**

तित्थयरवयणसंगह - विसेसपत्थारमूलवागरणी ।
दव्वट्ठिओ य पज्जवणओ य सेसा वियप्पा सिं ।।

તીર્થંકરોનાં વચનોની સામાન્ય અને વિશેષરૂપ બે રાશિઓ છે. તે બંને રાશિઓના મૂલ પ્રતિપાદક બે નય છે - દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. શેષ આ બંને નયોનો વિસ્તાર છે.

દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક આ બે સિવાય ગુણાર્થિકનય નામનો ત્રીજો નય હોઇ ન શકે. ત્યાં આચાર્ય સિદ્ધસેનનો તર્ક છે કે દ્રવ્ય અને પર્યાયથી વ્યતિરિક્ત ગુણની સ્વતંત્ર સત્તા હોત તો ભગવાન ગુણાર્થિકનયની પ્રરૂપણા પણ કરત ! આચાર્ય સિદ્ધસેનના મતે ગુણ અને પર્યાય બંને વસ્તુતઃ એક જ છે. પણ ગુણાર્થિકનયની પરિકલ્પના સર્વપ્રથમ સિદ્ધસેનના મસ્તિષ્કમાં જ ઉદ્‌ભૂત થઇ.

૨) બે મૂલ નય સિવાય ઉત્તરનયોના ભેદ-પ્રભેદમાં પણ તેમની સ્વોપજ્ઞ વિચારણા છે. જૈન પરંપરામાં સામાન્ય રીતે સાત નય પ્રચલિત છે. તેમણે દાર્શનિક જગતમાં સર્વપ્રથમ ષડ્‌નયવાદનું નિરૂપણ કર્યું.
भदाभेदग्राही नैगम ને છૂટું પાડી અભેદગ્રાહી નૈગમને સંગ્રહનય અને ભેદગ્રાહી નૈગમનો વ્યવહારનયમાં સમાવેશ કર્યો.દિગમ્બર અને શ્વેતાંબર વિદ્વાનોઓ ષડ્‌નયની પરંપરાના ઔચિત્યનું સમર્થન કર્યું છે જે નિશ્ચય તેમની પ્રભાવકતાનું પ્રતીક છે.

૩) તેમણે ચાર નિક્ષેપની બે મૂલ નય સાથે સંબંધ-યોજના દર્શાવી છે, જે સંભવતઃ સર્વપ્રથમ તેમનો જ પ્રયાસ છે. નામ, સ્થાપના અને દ્રવ્ય એ ત્રણેયમાં

કોઇને કોઇ પ્રકારનો અભેદ છે માટે તે ત્રણે દ્રવ્યાર્થિક નયનો વિષય બને છે અને પર્યાયાર્થિક નયમાં ભેદની પ્રદાનતા હોવાના કારણે તેનો વિષય ભાવ નિક્ષેપ બને છે.

૪) તેમણે નય ચિંતનની એક વિશેષ પદ્ધતિ દર્શાવી છે.

जावइया वयणपहा तावइया चेव होंति णयवाया ।
जावइया णयवाया तावइया चेव परसमय ।।

જેટલાં વચન પથ છે, તેટલા નયવાદ છે, જેટલા નય છે તેટલા પર સમય છે, દાર્શનિક મતવાદ છે. આમ તેમણે સાબિત કર્યું કે અનેકાન્ત અનન્ત નયોનો સમવાય છે.

૫) હવે આવે છે આચાર્ય સિદ્ધસેનની ચિંતનશૈલીની ચરમ સીમા. જ્યાં તેમણે ભિન્ન-ભિન્ન દાર્શનિક મંતવ્યોની નયોના આધારે વ્યાખ્યા કરી છે અને સાપેક્ષ દૃષ્ટિથી સમન્વય સ્થાપિત કર્યો છે. તેઓ કહે છે કે સાંખ્યદર્શન દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિએ ખરો ઊતરે છે કારણ કે સાંખ્ય મતાનુસાર આત્મા આદો પદાર્થ નિત્ય છે. બૌદ્ધ દર્શન પર્યાયાર્થિક નયની દૃષ્ટિએ બરાબર છે કારણ કે બૌદ્ધ મતાનુસાર બધા પદાર્થ અનિત્ય છે, ક્ષણિક છે. વૈશેષિક નિત્યત્વ અને અનિત્યત્વ બંનેને માને છે કારણ કે વૈશેષિકોના મતે પરમાણુ, આત્મા આદિ કેટલાક પદાર્થ એકાંતે નિત્ય છે અને ઘટ, પટ આદિ કેટલાક પદાર્થ એકાંતે અનિત્ય છે.

એમની દૃષ્ટિમાં બધા નય મિથ્યાદૃષ્ટિ છે, જો તે નિરપેક્ષતાથી પોતાના પક્ષને પ્રસ્તુત કરે તો, પણ એક-બીજાથી સાપેક્ષ હોય તો બધા નય સમ્યગ બની જાય છે. એકાંગી અવધારણા વિકર્ણ રત્નોની સમાન છે. હારની મૂલ્યવત્તા એ જ રત્ન મેળવી શકે છે જે પોતાની સ્વતંત્રતા છોડીને સૂત્રબદ્ધ થઇ જાય. એવી જ રીતે અનેકાન્તવાદની મૂલ્યવત્તા એ જ નય(વિચાર) પામી શકે જે બીજા નયોની સાપેક્ષ રહીને વિચારે છે.

આચાર્ય સિદ્ધસેનની વ્યાપક દૃષ્ટિ અને આગ્રહમુક્ત વિચારધારાએ દર્શન જગતમાં સમન્વયનો સ્વર રેલાવી દીધો. તેમના પૂર્વે ખંડન-મંડનનું પ્રચલન હતું પણ તેમણે ખંડન-મંડનની પરંપરાને સમાધાનનું રૂપ પ્રદાન કર્યું. એ જ કારણ હતું જેનાથી સિદ્ધસેનનું નામ અનેકાન્તના પ્રતિષ્ઠાપક આચાર્યોની અગ્રિમ પંક્તિમાં લેવાવા લાગ્યું.

આચાર્ય સિદ્ધસેને સન્મતિ પ્રકરણમાં અનેકાન્ત માટે અનેક વાર સમ્યગ્દર્શન શબ્દનો પ્રયોગ કર્યો છે. દ્રવ્યાર્થિક નય દ્રવ્યને ગ્રહણ કરે છે અને પર્યાયાર્થિક નય પર્યાયને ગ્રહણ કરે છે. એ બંને દૃષ્ટિએ અલગ-અલગ રહીને ક્યારેય વસ્તુનું યથાર્થ વિશ્લેષણ ન કરી શકે. બંનેની પરસ્પર સાપેક્ષતા જ સમ્યગ્દર્શન છે અને તે અનેકાન્ત છે.

અનેકાન્ત એક વ્યાપક વિચારપદ્ધતિ છે. તે જેવી રીતે અન્ય પદાર્થો પર લાગુ પડે છે, તેવી રીતે સ્વયં પોતા પર લાગુ પડે છે તેમણે અનેકાન્તને અનેકાન્તાત્મક સિદ્ધ કરતાં લખ્યું છે કે :

भयणा वि हु भइयत्वा जह भयणा भयइ सव्वदव्वाइं ।<br>
एवं भयणा णियमो वि होइ समयाविरोहेण ।।

સન્મતિપ્રકરણ ગ્રંથમાં પ્રત્યેક પ્રજ્ઞેય વસ્તુ પર અનેકાન્ત દૃષ્ટિ લાગુ કરતાં તેમણે કેટલાંક દૃષ્ટાંત આપ્યાં છે :

પહેલું દૃષ્ટાંત : જ્યારે કોઇ વસ્તુ વિશેષને ગતિશીલ જોઇએ છીએ ત્યારે આપણે એમ કહીએ છીએ કે વસ્તુ ગતિવાળી છે પણ ઊંડાણમાં ઉતરીને સમીક્ષા કરીએ ત્યારે તે માન્યતા આંશિક રૂપમાં જ યથાર્થ છે. કોઇ પણ તણખલું જ્યરે ગતિ કરે છે ત્યારે પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, બધી દિશાઓ-વિદિશાઓમાં ગતિ નથી કરતું. કોઇ પણ એક દિશામાં જ ગતિ સંભવ છે. ફલ સ્વરૂપે અન્ય દિશાઓમાં અગતિશીલતા અથવા સ્થિરતા સ્વતઃ સિદ્ધ થઇ જાય છે.

બીજું દષ્ટાંત- दहति इति दहन : જે બાળે છે તે અગ્નિ છે તે પણ આંશિક સત્ય છે. કારણ કે અગ્નિ તે પદાર્થોને જ બાળવામાં સમર્થ છે જે દાહ્ય છે, બળવા યોગ્ય છે. આકાશ, આત્મા કે પરમાણુ જેવા અદાહ્ય પદાર્થોને આગ પણ બાળવામાં સમર્થ નથી.

આમ, આચાર્ય સિદ્ધસેન દિવાકરે અનેકાન્તવાદને વ્યાપક સંદર્ભોમાં પ્રસતુત કરીને ન કેવલ જૈન પરંપરા પરંતુ સંપૂર્ણ દાર્શનિક જગતમાં અનેકાન્તવાદનો ડંકો વગાડ્યો. સિદ્ધસેન પ્રબળ વાદી તો હતાં જ માટે તેમણે જૈન સિદ્ધાંતોને તાર્કિક ભૂમિકા પર લઇ જઇને એક વાદીની કુશળતાથી દાર્શનિકો મધ્યે અનેકાન્તવાદની સ્થાપના કરી. તેમની વિશેષતા એ રહી છે કે તેમણે તત્કાલીન વિવિધ વાદોને સન્મતિ પ્રકરણના વિભિન્ન નયવાદોમાં સમાવિષ્ટ કરી દીધા.

૬) તેમણે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યને વસ્તુનું સ્વરૂપ બતાવી તેનું નયદષ્ટિથી જે વિશ્લેષણ કર્યું છે તે તેમની આંતરિક સ્ફુરણાનું પ્રતીક છે. દ્રવ્યાર્થિક નયથી દષ્ટિએ બધા પદાર્થ ધ્રુવ છે અને પર્યાયાર્થિક નયની દષ્ટિએ બધા પદાર્થ નિયમથી ઉત્પન્ન થાય છે અને નષ્ટ થાય છે.

૭) ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય વચ્ચે ભેદાભેદની તર્કબદ્ધ સમજણ આપી. બે ક્રમવર્તી પર્યાયોની દષ્ટિએ ત્રણેય અભેદ છે અને એક પર્યાયની દષ્ટિએ એ ત્રણેય ભિન્ન છે.

૮)વૈશેષિકો માને છે કે દ્રવ્યત્પત્તિનો આધાર સંઘાત જ છે. પણ આચાર્ય સિદ્ધસેન કહે છે કે જેમ પરમાણુઓનાં યોગથી દ્વયણુકને ત્રયણુકની ઉત્પત્તિ થાય છે તેમ ત્રયણુકના વિભાગથી દ્વયણુક અને દ્વયણુકના વિભાગથી પરમાણુરૂપ કાર્ય દ્રવ્યની ઉત્પત્તિ થાય છે.

૯) કાર્ય - કારણ, હેતુ - અહેતુવાદ, જ્ઞાન - ક્રિયા, જીવ - પુદ્ગલ, અસ્તિત્વ - નાસ્તિત્વ, સામાન્ય - વિશેષ આદિ અનેક પક્ષો જે સામાન્ય દર્શનની ભૂમિકા પર વિરોધી પ્રતીત થાય છે પણ તેમણે તેની વચ્ચે ભેદાભેદ દર્શાવી અનેકાન્તની ભૂમિકા પર તેની પરસ્પરાશ્રયતા દર્શાવી.

૧૦) પાંચે સમવાય સાથે મળીને કાર્યની ઉત્પત્તિ થાય છે. એ દર્શાવતાં કહે છે કે :

कालो सहाव णियई पुव्वकय पुरिस कारणेगंता ।
मिच्छत्तं ते चेव समासओ होंति सम्मतं ।।

સન્મતિ પ્રકરણના દ્વિતીય કાંડમાં અનેકાન્તનાં અંગભૂત જ્ઞાન અને દર્શનની વિસ્તૃત મીમાંસા કરી છે. દ્રવ્યાર્થિક દષ્ટિ દ્રવ્ય અર્થાત્ સામાન્યને અને પર્યાયાર્થિક દષ્ટિ પર્યાય અર્થાત્ વિશેષોને ગ્રહણ કરે છે. એ સામાન્ય બોધ અને વિશેષબોધને જ આપણે ક્રમશઃ દર્શન અને જ્ઞાન પણ કહીએ છીએ. जं सामण्णग्गहणं दंसणं કહી સામાન્યગ્રાહી બોધને દર્શન કહ્યું અને વિશેષ ધર્મોને જ્ઞાન કહે છે.

આચાર્ય સિદ્ધસેન જૈન પરંપરામાં અભેદવાદનાં પુરસ્કર્તાનાં રૂપમાં પ્રતિષ્ઠિત છે. જ્ઞાન અને દર્શન, મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મન:પર્યવજ્ઞાનમાં અભેદતા દર્શાવી છે પણ કેવળજ્ઞાન અને કેવળદર્શનમાં અભેદવિષયક મંતવ્ય તો ખરેખર તેમની બહુશ્રુતગ્રાહી મેધાનો પરિચય આપે છે.

કેવળજ્ઞાન અને કેવળદર્શનના ઉપયોગ સંબંધી ત્રણ મત પ્રવર્તે છે. કાં તો ઉપયોગી ક્રમથી હોય, કાં તો યુગપત્ હોય, કાં તો અભેદ હોય. આચાર્ય સિદ્ધસેને તે અભેદભાવથી પુરવાર કર્યું કે ઉપયોગ મૂલતઃ અભિન્ન છે. તેનાં તર્કમાં તેઓ કહે છે કે :

૧) કેવલી પ્રતિસમય સંપૂર્ણ જગતને સામાન્ય અને વિશેષ ઉભયરૂપથી ગ્રહણ કરે છે એટલે જે કેવળજ્ઞાન છે, તે કેવળદર્શન છે.

૨) આગમ-ગ્રંથોમાં जाणइ - पासइ પદનો એક સાથે પ્રયોગ કેવલીના એકોપયોગનું સંસૂચક છે.

૩) કેવલી સદા જ્ઞાતા, સદા દ્રષ્ટા હોય છે અને તે રૂપ એકોપયોગમાં યા અભેદોપયોગમાં જ સુરક્ષિત રહી શકે છે.

૪) કેવળીનું જ્ઞાન અને દર્શન સાદિ-અનન્ત છે. તે સાદિ-અનન્તત્વ એકોપયોગનું પ્રતીક છે.

૫) મતિ, શ્રુત આદિ ચાર જ્ઞાન ક્ષાયોપશમિક અને અસર્વાર્થગ્રાહી છે. તેમાં જ્ઞાન અને દર્શન વિષયક ભેદ હોય છે પણ કેવળીનું જ્ઞાન ક્ષયજન્ય અને સર્વાર્થગ્રાહી હોય છે માટે તેમાં ક્રમ-અક્રમ અથવા સામાન્ય-વિશેષ જેવો કોઇ ભેદ હોતો નથી.

આમ, આચાર્ય સિદ્ધસેનનું દાર્શનિક જગતમાં વૈશિષ્ટ્યપૂર્ણ સ્થાન છે. તેમના દ્વારા રચિત અનેક ગ્રંથોમાં એક મૂલ્યવાન ગ્રંથ સન્મતિ પ્રકરણ છે, જેમાં તેમની મૌલિક શક્તિનું દર્શન થાય છે. તેમની એ નવોન્મેષ પ્રતિભા જૈનશાસન માટે વરદાનરૂપ સાબિત થઇ છે.

આપણે પણ તેમના તત્ત્વજ્ઞાનનું પઠન-મનન-ચિંતન કરીને સત્ત્વ ગ્રહણ કરી, તેનું પાચન કરી, તેને સૂક્ષ્મ અને સ્થૂલ બંને રીતે જીવનમાં વણી લઇએ તો જીવ્યું સાર્થક ગણાશે. તેમણે અપનાવેલી અનેકાન્ત દૃષ્ટિ જો વ્યાવહારિક, સાંસારિક, સામાજિક, રાજકીય, વૈજ્ઞાનિક કે દાર્શનિક કે કોઇ પણ ક્ષેત્રમાં અપનાવીશું તો બધી સમસ્યાઓનું સમાધાન આપોઆપ થઇ જશે.

આ આગ્રહમુક્ત શૈલી માટે આચાર્ય તુલસી કહે છે કે :

*આગ્રહીન ગહન ચિંતન કા દ્વાર હંમેશાં ખુલા રહે,*
*કણ-કણમેં આદર્શ તુમ્હારા પય-મિશ્રી જ્યોં ઘુલા રહે.*

# જૈનાચાર અને તત્ત્વજ્ઞાનના પ્રચાર પ્રંસાર માટે માધ્યમોનો ઉપયોગ

પ્રા. નલિની શાહ

(જૈનધર્મમના અભ્યાસુ નલિનીબેન સ્વાધ્યાય અને સત્સંગમાં રત રહે છે અને જૈનધર્મના સેમીનારોમાં ભાગ લે છે.)

ભગવાન મહાવીરે એમના અંતિમ ઉપદેશમાં શ્રી ગૌતમસ્વામીને કહ્યું હતું કે समय गोयम मा पमायए હે ગૌતમ ! તું એક ક્ષણનો પણ પ્રમાદ કરીશ નહિ. સદા અપ્રમત રહેજે. સદા જાગૃત રહેજે. જાગૃતિ એ જ જીવન છે, પ્રમાદ એ જ મૃત્યુ છે.

પ્રભુ મહાવીરની વાણી આપણે સતત યાદ રાખવા જેવી છે. जो जागत है, वो पावत है । जो सोवत है, वो खोवत है । જે જાગે છે એ કઇંક પ્રાપ્ત કરી લે છે અને જે ઉંઘતો રહે છે એ ગુમાવતો જ રહે છે. જીવનના દરેક ક્ષેત્રે આપણે જો નજર નાખીએ તો આપણને આ સત્યની પ્રતીતિ થાશે. ભગવાન તીર્થંકર દેવોએ સમગ્ર વિશ્વના કલ્યાણ માટે જે ધર્મમાર્ગનો ઉપદેશ આપ્યો, તેમાં સમત્ત્વની સાધના મુખ્ય હતી. સમત્વની સાધના માટે ભગવાન મહાવીરે અનેકાંતદષ્ટિનું દાન કર્યું. સ્યાદ્‌વાદમય ભાષા પદ્ધતિ શીખવાડી. પરંતુ ભગવાનની અનેકાંતદષ્ટિને ભૂલીને મહાવીરના અનુયાયીઓ, આપણે શું એકાંતવાદી નથી બન્યા ? ને તેથી જૈન પરંપરાનું ગૌરવ ખંડિત કરવામાં શું આપણે ઓછા જવાબદાર છીએ ?

જૈનદર્શનની સર્વમાન્ય બે વિશેષતાઓનો ઉલ્લેખ કરી દઉં તો અનેકાંત અને અહિંસા એ બે મુદ્દાઓની ચર્ચા ઉપર જ આખા જૈન સાહિત્યનું મંડાણ છે. જૈન આચાર અને સંપ્રદાયની વિશેષતા આ બે બાબતથી જ બતાવી શકાય. તેથી અનેકાંત વિચારસરણીનો ખરો અર્થ એ છે કે સત્યદર્શનને લક્ષમાં રાખી તેના બધા અંશો અને ભાગોને એક વિશાળ માનસવર્તુળમાં યોગ્ય રીતે સ્થાન આપવું.

જેમજેમ માણસની વિવેકશક્તિ વધે છે તેમ તેમ તેની દષ્ટિમર્યાદા વધવાને લીધે તેને પોતાની અંદર રહેલી સંકુચિતતાઓ અને વાસનાઓના દબાણની સામે થવું પડે છે. જ્યાં સુધી માણસ સંકુચિતતાઓ અને વાસનાઓ સામે ન થાય, ત્યાં સુધી તે પોતાના જીવનમાં અનેકાંતના વિચારને વાસ્તવિક સ્થાન આપી જ નથી શકતો. તેથી અનેકાંતના વિચારની રક્ષા અને વૃધ્ધિના પ્રશ્નમાથી જ અહિંસાનો પ્રશ્ન આવે છે. જૈન અહિંસા ખરા આત્મિક બળની અપેક્ષા રાખે છે. કોઇપણ વિકાર ઊભો થયો, કોઇ વાસનાએ ડોકિયું કાઢ્યું કે કોઇ સંકુચિતતા મનમાં સરકી ત્યાં જૈન અહિંસા એમ કહે કે તું એ વિકારો, એ વાસનાઓ એ સંકુચિતતાઓથી ન હણા, ન હાર, ન દબા, તું એની સામે ઝઝૂમ અને એ વિરોધી બળોને જીત. આ આધ્યાત્મિક જય માટેનો પ્રયત્ન એ જ મુખ્ય જૈન અહિંસા છે, આને સંયમ કહો, તપ કહો કે ધ્યાન કહો કે કોઇપણ તેનું આધ્યાત્મિક નામ આપો પણ એ વસ્તુતઃ અહિંસા જ છે. જૈન દર્શન એમ કહે છે કે અહિંસા એ માત્ર સ્થૂળ આચાર નથી પણ તે શુધ્ધ વિચારના પરિપાક રૂપે અવતરેલો જીવનોત્કર્ષક જૈનાચાર છે. ઉપર વર્ણવેલા અહિંસાના સૂક્ષ્મ અને વાસ્તવિક રૂપમાંથી કોઇપણ બાહ્યાચાર જનમ્યો હોય અગર એ સૂક્ષ્મ રૂપની વૃષ્ટિ માટે કોઇ આચાર નિર્માયો હોય તો તેને જૈન તત્ત્વજ્ઞાનમાં અહિંસા તરીકે સ્થાન છે.

पढमं नाणं तओ दया

પ્રથમ જ્ઞાન પછી દયા. જ્ઞાનથી જીવ અજીવને જાણે તો જ તેની રક્ષા કરી શકે. જેને જ્ઞાનનો અભ્યાસ નથી તે પોતાના આત્માનું સુખ કલ્યાણ ક્યા કર્મોથી થાય છે અને દુઃખો ક્યા કર્મોથી આવે છે તે જાણે નહિં. જે સુખદુઃખ લાવનારા કર્મોને નહીં જાણે તે શું કરી શકશે ? કંઇ જ નહિં.

नाणस्स सव्वस्स पगासणाए હૃદયમાં જ્ઞાનરૂપી દિવ્ય પ્રકાશ થવાથી અજ્ઞાન અને મોહનો નાશ થાય છે. એ દિવ્ય પ્રકાશથી જગતના તમામ પદાર્થોનું અને રાગદ્વેષથી થતાં કર્મબંધના ફળોનું હસ્તકમલવત્ જાણપણું થાય છે

એમ જાણી રાગદ્વેષનો ત્યાગ કરશું તો એકાંત શાશ્વત અને અવિનાશી મોક્ષના સુખોને સદૈવ ભોગવી શકશું.

આચાર એટલે આચરવા યોગ્ય, આચરવા યોગ્ય ક્રિયા એ જ હોય કે જેનાથી સુખની પ્રાપ્તિ થઇ શકે. સુખપ્રાપ્તિના કારણભૂત પાંચ પદાર્થ છે.

૧) જ્ઞાન　　　　૨) દર્શન

૩) ચારિત્ર　　　　૪) તપ

૫) વીર્ય

આ પાંચ જૈનાચારનું સમ્યક્ પ્રકારે આચરણ કરવું જોઇએ.

૧) જ્ઞાનાચાર - જ્ઞ એટલે જાણુ એ ધાતુ પરથી જ્ઞાન શબ્દ બન્યો છે. જ્ઞાન વિના અર્થની સિદ્ધિ ન હોય તેથી જ્ઞાનાચાર આચરણીય છે.

૨) દર્શનાચાર - પદાર્થનો ભાવ હૃદયમાં દેખવો તેને દર્શન કહે છે. દર્શનથી સત્ય અને અસત્ય પદાર્થનું સ્વરૂપ ઓળખાય છે. જે પદાર્થનું જેવું સ્વરૂપ હોય તેવો જ ભાવ હૃદયમાં દર્શાય તે સમ્યગ્ દર્શન. જેમ કમળાના રોગવાળો શ્વેત પદાર્થને પણ પીળો દેખે તેમ અસત્યને સત્ય અને સત્યને અસત્ય જે દર્શાવે તે મિથ્યા દર્શન. હવે આપણને હંમેશાં થાય કે શા માટે જ્ઞાનાચાર પહેલા આવે છે ને દર્શનાચાર પછી ?

૩) ચરિત્રાચાર - ક્રોધાદિ ચારે કષાયોથી અથવા નરકાદિ ચાર ગતિથી છોડાવી આત્માને મોક્ષગતિ પ્રાપ્ત કરાવે તે ચારિત્રાચાર, શુધ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિમાં ગમન કરાવે તે ચારિત્રાચાર.

૪) તપાચાર - જેવી રીતે માટી મિશ્રિત સુવર્ણાદિ ધાતુને અગ્નિમાં તપાવવાથી તે ધાતુ માટીથી છૂટી પડી પોતાનું અસલી રૂપ ધારણ કરી શકે છે તેમ કર્મરૂપી મેલથી ખરડાયેલો જીવ તપશ્ચર્યારૂપ અગ્નિના પ્રયોગથી શુદ્ધ થઇ નિજરૂપને પ્રાપ્ત કરે છે. તપનાં બે પ્રકાર છે.

બાહ્ય તપ(પ્રત્યક્ષ તપ) - અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયક્લેશ, પ્રતિ સંલીનતા

અભ્યંતર તપ (ગુપ્ત તપ) - પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન, કાયોત્સર્ગ

૫) વીર્યાચાર - ચારે તીર્થને યથોચિત્ત સહાય પોતે આપીને તથા બીજા પાસે અપાવીને ધર્મવૃધ્ધિના કામમાં વીર્યબળ ફોરવે છે તે વીર્યાચાર.

ભારતીય તત્ત્વચિંતકોએ માનવ જીવનની શ્રેષ્ઠતા અને સાર્થકતા માટે ઉંડાણથી ચિંતન કર્યું છે दुलभरे खल माणुसे भवे માં માનવજન્મની દુર્લભતા દર્શાવી છે. જીવનને ગતિશીલ બનાવી રાખવા વ્રતનિયમનું પાલન અત્યંત જરૂરી છે. મહાવ્રત ને અણુવ્રતથી ફક્ત સમસ્યાઓ જ નથી ઉકેલાતી પણ વ્યક્તિગત, સામાજિક અને રાષ્ટ્રીય સમસ્યાનું સમાધાન પણ કરે છે.

જેમ સંસ્કાર ચેનલ પર રોજનો એક પ્રશ્ન પ્રાચીન સંસ્કૃતિ પર પૂછવામાં આવે છે, તેમ આપણે પણ એક Question Bank તૈયાર કરીએ જૈનાચારની, રોજનો પ્રશ્ન ચેનલ પર રાખીએ, રેડિયો પર broadcast કરીએ ને જવાબ આપનારાઓને સારા ઇનામોથી માનપાન આપી, તેમનું સામાન્ય બહુમાન કરશું તો જરૂરથી મોટો વર્ગ જૈન તત્ત્વ જાણવામાં ને પછી અનુસરવા માંડશે. લાડનું તેમજ હેમચંદ્રાચાર્ય જેવી જૈન વિદ્યાપીઠો શરૂ થઇ એ આનંદની વાત છે પણ હજી વધુ ને વધુ જૈન વિદ્યાપીઠો સ્થપાય ને અભ્યાસક્રમમાં જૈન તત્ત્વને સ્થાન મળે તો કેવું સરસ !

વર્તમાનપત્ર, મેગેઝીન, રેડિયો, ટી. વી., કેબલ ચેનલ, સી. ડી. તેમજ વેબસાઇટ, કોમ્પ્યુટર, આકાશવાણી, વિજ્ઞાને અવનવી શોધો દ્વારા જગતભરની પ્રજાને એકમેકની ખૂબ નજદીક લાવીને એક નૂતન નવરચનાનું કાર્ય આરંભી દીધું છે. ધાર્મિક ક્ષેત્રે રૂઢિગત પ્રણાલિકાઓ અને સ્વીકૃત માન્યતાઓમાં પણ પરિવર્તનનો પવન ફૂંકાયો છે. ભારતના ધાર્મિક ઇતિહાસમાં ડોકિયું કરીએ તો સનાતન ધર્મ, બૌદ્ધ ધર્મ, ખ્રીસ્તી, ઇસ્લામ, ને પારસી ધર્મના પણ તત્ત્વદર્શનો ચાલી આવે છે.

ગૌતમ બુદ્ધ અને ભગવાન મહાવીર બન્ને સમકાલીન હોવા છતાં બૌદ્ધ ધર્મ એશિયા ભરમાં ફેલાઇ ગયો. આખાને આખા દેશો બૌધ્ધ ધર્મના અનુયાયીઓ બની ગયા, જ્યારે જૈન ધર્મને આપણે અન્ય દેશો તો નહીં પણ પૂરા ભારતમાં ય ફેલાવી શક્યા નથી. ભારતના એક ગામડામાંય પૂરેપૂરો પ્રચાર કરી શક્યા નથી.

જે ધર્મનું પ્રવર્તન વિશ્વના સર્વ જીવો માટે થયેલું છે, જે ધર્મની ઉપર વિશ્વના સર્વ જીવોનો અધિકાર છે અને વિશ્વને આજે જેની સહુથી વધુ જરૂર છે તેવા અત્યંત વૈજ્ઞાનિક અને વ્યવહારુ આ વિશ્વધર્મને આજે આપણે આપણી ચાર દિવાલોની વચ્ચે જાણે કે કેદ કરી દીધો છે ! વિશ્વના વિશાળ ફલક સુધી આ ધર્મને મહોંચાડવાનો પ્રયત્ન જાણે અપૂરતો છે તેની પૂર્તિ કરવા જુદા જુદા માધ્યમોનો ઉપયોગ કરીએ. પત્રિકાઓનું પ્રમાણ વધારીએ. પત્રિકાઓને ગુજરાતી સાથે અંગ્રેજી, હિંદી, કન્નડા, તામીલ, મરાઠી તેમ જ વિદેશી ભાષાઓ જેવી કે સ્પેનીશ, જર્મન, ફ્રેંચ કે ચાઇનીઝ વગેરેમાં ભાષાંતર કરીએ તો કેવું. જેથી દરેક દેશનાં, બલ્કે વિશ્વનાં લોકોને પણ જૈનધર્મનું જ્ઞાન થાય ને આપણા આ વિશ્વધર્મને દુનિયાના દરેક લોકો વધાવી લે ! આપણા દષ્ટિપૂર્વક આયોજનનો સરસ રીતે વિવેકપૂર્ણ ઉપયોગ થાય.

વિશ્વનાં અનેક દેશો આજે સંસ્કૃતિના મૂલ્યવાન તત્ત્વોને તથા જૈનધર્મના વૈજ્ઞાનિક સિદ્ધાંતોને જાણવા - અપનાવવા આતુર છે પરંતુ આપણે તેને આધુનિક શૈલીમાં અને નવા સંદર્ભમાં પ્રસ્તુત કરવા તૈયાર છીએ ખરા ? એ માટે પરંપરાગત માન્યતાઓમાં કે બાહ્ય રીતરિવાજોમાં કદાચ થોડા ઘણા ફેરફારો કરવા પડે તો તે કરવાની આપણી તૈયારી છે ખરી ?

ધાર્મિક વિચારોને મહાવીરે આપેલા જૈન તત્ત્વજ્ઞાનમાં અને જૈનાચારમાં જરાપણ ફેરફાર કર્યા વગર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી આચાર વિચારમાં પરિવર્તન થાય છે તેવા જૈન ઇતિહાસના દાખલા મોજૂદ

છે તો આજે પણ દેશ-વિદેશોમાં આને ધ્યાનમાં રાખીને ફેરફાર થાય એ ઇચ્છવા યોગ્ય છે.

Website ખોલતા Computer માં જૈનધર્મનું જ્ઞાન તો ઘણું મળી રહે છે પણ ઘણીવાર જોઇએ તો ભાષાંતરમાં અનર્થ થઇ જતો હોય છે. તો આ બાબતમાં સભાન રહેવાની ખૂબ જરૂર છે. જૈન સમાજે કઇંક એવું કરવું કે તેમાં Certify થઇને જ બહાર આવે તો ભૂલો થવાનાં Chance ઓછા થઇ જશે. બહેનો માટે પણ Kitty Party માં વિવિધ પ્રોગ્રામો રચી શકાય, ધાર્મિક કોયડાઓ પણ રમી શકાય ને માધ્યમોથી જાહેરમાં આપી પ્રચાર કરી શકાય. Entertainment ના સાધનથી રેડિયો, ટી. વી., કમ્પ્યુટર, ચેનલ, સી. ડી., દ્વારા ધર્મનો ફેલાવો થાય છે પણ હજી વધુ કરી શકીએ ? હા. પ્રતીષ્ઠા મહોત્સવ ટી. વી. પર બતાવતી વખતે ક્રિયાકાંડ કરતા તત્ત્વ પર જો વધુ ધ્યાન અપાય તો જ્ઞાન અને ક્રિયા બન્ને દર્શાવવાથી સોનામાં સુગંધ ભળે. આપણે ત્યાં ક્રિયાકાંડોમાં ફેરફાર કરવાની બહુ જ જરુર નથી લાગતી તમને ?

આપણો મોટાભાગનો જૈન વર્ગ સમૃદ્ધ હોય છે તો એવા કોઇ Sponsor મળે ને આસ્થા, Care t.v. સંસ્કાર જેવી ૨૪ કલાકની એક જૈન ચેનલ ચાલુ થાય એવી આશા વ્યક્ત કરતાં વિરમું છું.

# અનુપ્રેક્ષા : શુભમાંથી શુદ્ધ તરફ જવાની યાત્રા

ડૉ. મધુબેન જી. બરવાળિયા

(ધર્મ અને અધ્યાત્મમાં અભિરુચિ ધરાવતાં મધુબહેને હિન્દી સાહિત્યમાં સંશોધન કરી પીએચ. ડી કરેલ છે. હિન્દીમાંથી તેમણે કરેલા અનુવાદનું પુસ્તક 'જૈન દર્શનના પરિપ્રેક્ષ્યમાં શાકાહાર' એટલું લોકપ્રિય બનેલું કે તેની અત્યાર સુધીમાં સાત આવૃત્તિ અને એક લાખ નકલનું પ્રકાશન થઇ ચૂક્યું છે. ચંદન જૈન મહિલા મંડળ - ચેમ્બુરના પ્રમુખ છે. ઉવસગ્ગહરં ભક્તિગ્રૂપ ના કન્વીનર છે.)

કર્મના બોજથી ભારે બનેલ આત્માને શુદ્ધ અને હળવો બનાવવા, પૂર્વાચાર્યોએ આત્મશુદ્ધિની પદ્ધતિઓ બતાવી છે. સર્વ પ્રથમ ભાવના પર ચિંતન પૂ. કાર્તિકેય સ્વામીએ કરેલું. મહોપાધ્યાય શ્રી વિનયવિજયજીએ બાર ભાવના અને ચાર પરાભાવનાનું શાંતિ સુધારસરૂપે વિવેચન કરી અને મુમુક્ષુ જીવો પર પરમ ઉપકાર કર્યો છે.

ભાવના એટલે અનુપ્રેક્ષા-અંતરદષ્ટિ- આત્મદષ્ટિ. આત્મદષ્ટિએ જોવાથી આંતરચક્ષુ ખૂલી જાય છે અને આંતરદર્શનથી અધ્યાત્મ માર્ગને નવી દિશા મળે છે.

આપણે સ્વને કદી બરાબર ઓળખ્યો નથી અને પરને પર રૂપે જાણેલ નથી. એ કારણે જ સાચા સુખથી વંચિત રહ્યાં છીએ. આપણે જ આપણાં ચૈતન્યને કર્મના જાળામાં બંદી બનાવી દીધો છે. કર્મોનાં આવરણથી ઢંકાયેલો આત્મા દેખાય જ નહિ તો તેનો પરિચય કઇ રીતે થાય. જ્ઞાનીઓએ આત્માને કર્મથી મુક્ત બનાવવા માટેની પ્રક્રિયાને વેગવંતી બનાવવા વૈરાગ્યવર્ધક બાર ભાવનાઓ બતાવી છે. ધર્મધ્યાનમાં કારણભૂત આત્માનું એની પોતાની સાથે એની મૂળ સ્થિતિમાં અનુસંધાન કરાવનાર આ ભાવનાઓ આખા જીવનનું પૃથ્થકરણ કરે છે. આપણો પોતાનો પર વસ્તુ સાથેનો સંબંધ કેવો

છે અને શા કારણે થયેલો છે અને કેટલો વખત ચાલે તેવો છે તેનું સ્પષ્ટ ભાન કરાવે છે.

સાંસારિક પદાર્થો, સંબંધો અને સગપણો ચિરંજીવ કે શાશ્વત નથી. આત્મિક વસ્તુથી પર સર્વ પૌદ્ગલિક વસ્તુઓ તે સ્વરૂપે અનિત્ય છે. આ અનિત્ય ભાવનાનું ચિંતન કરતાં શરીર-સગપણ નાશવંત છે. તે સત્ય સમજાય છે.

જીવનને અન્યના આધાર પર ટકવા દેવા જેવું નથી. આધાર ટેકો કે શરણ આપનારું જ સ્થાયીપણું નથી. તે અશરણ ભાવના આત્મશરણ પ્રતિ જાગૃત થશે.

સંસારની વિચિત્ર રચના કર્મના પ્રકારો, મનોવિકારના આવિર્ભાવો, ક્ષણે ક્ષણે સ્વાર્થ, રાગદ્વેષની પરિણતી એ સંસાર ભાવનાનું ચિંતન જીવને વીતરાગ પ્રતિ દોરી જશે.

આ જીવ એકલો આવ્યો છે અને એકલો જવાનો છે. સર્વ સ્નેહ સંબંધો ખોટા છે. એકત્વ ભાવનાના ચિંતનથી ચેતનનું એકત્વ સ્થાયી છે. તેનો સાક્ષાત્કાર થશે.

પોતાના આત્મભાવ સિવાય . તમામ પોદ્ગલિક વસ્તુઓ આત્માથી પર છે. અન્યત્વ ભાવનાથી સ્વ અને પરની સમજણનો ઉઘાડ થાય છે. પરમાં રાચવું તે અલ્પજ્ઞતા છે તેનું ભાન થતાં ભવચક્રની ગુંચવણનો જલ્દીથી નિકાલ થાય છે.

આ શરીરને આપણે આપણું પોતાનું માન્યું છે. તે તો હાડ, માંસ, લોહી અને ચરબી જેવા પદાર્થોથી ભર્યું છે. વળી તેમાં પારાવાર અશુચિ

ભરી પડી છે. આ અશુચિભાવનાના ચિંતનથી પવિત્ર શુદ્ધ ચૈતન્ય આત્મા પ્રતિ લગાવ વધશે.

જ્ઞાનીઓને આ સંસાર ભવ વન સમાન લાગે છે. આ ભવ વનમાં આશ્રવોની વાદળોમાંથી સતત વર્ષા થતી દેખાય છે. એટલે આ જીવતા સંસાર પરિભ્રમણમાં આત્માને સતત કર્મો ચોંટતા રહે છે. ચિત્તવૃત્તિના સંયોગનું પરિણામ આશ્રવ છે. જ્ઞાનીઓની સૂક્ષ્મદષ્ટિ જીવાત્માને તળાવરૂપે અને ઝરણાંઓને આશ્રવરૂપે નિહાળે છે.

મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ આસ્ત્રવનું કારણ છે. આશ્રવ ભાવનાના ચિંતનમાં વિચારવાનું કે, મારા પુરુષાર્થ અને સદ્ગુરુની કૃપાથી મિથ્યાત્વના વાદળો દૂર થઇ સમ્યક્દર્શનનો સૂર્ય મારા આત્મપ્રદેશને પ્રકાશિત કરે. વિરતિની છત્રી જ આશ્રવના વરસાદથી જીવનું રક્ષણ કરી શકે છે.

આવતા કર્મોને અટકાવવા તેનું નામ સંવર છે. પૂ. ઉમાસ્વાતિ મહારાજે તત્ત્વાર્થ સૂત્રના નવમા અધ્યાયમાં આશ્રવ નિરોધને જ સંવર કહેલ છે. જે નિમિત્તથી કર્મબંધન થાય છે તે આશ્રવ છે. તેનો પ્રતિબંધ કરવો એટલે સંવર.

આત્મા અને કર્મોનો અનાદિકાળથી સંબંધ છે. આ સંબંધનો ઉચ્છેદ કરવા આત્માથી છૂટા પાડવા માટે નિર્જરા ભાવના ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. તપશ્ચર્યા એક નિર્જરાનો પ્રકાર છે. બાર પ્રકારના તપને કારણે નિર્જરા પણ બાર પ્રકારની છે. છ આભ્યંતર અને છ બાહ્યતપનું અનુસંધાનયુક્ત તપ નિર્જરામાં સહાયક બને છે.

કર્મરૂપી વ્યાધિનું ઔષધ તપ છે. વ્યાધિ દૂર કરવા માટે જેમ ઔષધિ લેવામાં આવે છે તેમ કર્મરૂપી વ્યાધિનો ઉપાય તપ છે. આયુર્વેદમાં ઔષધ

કઇ ચીજ સાથે લેવું તે ચીજને 'અનુપાન' કહે છે. પરંતુ પૂર્વાચાર્યોએ કર્મરોગના ઉપાય માટે 'અનુપાન' અને ઔષધ બન્નેમાં તપનો જ સ્વીકાર કરવા જણાવ્યું છે. જેમ કે ઔષધમાં અભ્યંતર તપમાંથી ધ્યાન કે કાયોત્સર્ગ લીધો હોય તો 'અનુપાન' તરીકે ઉપવાસ આદિ બાહ્યતપ લઇ શકાય. વધારામાં બ્રહ્મચર્ય પાલન કે અભક્ષ્ય ત્યાગ જિનાજ્ઞા અનુપાન છે. સકામ અને અકામ એમ નિર્જરાના બે પ્રકાર છે. અકામ નિર્જરા માત્ર આગંતુક હોઇ સહેજે બની આવે છે. સકામ નિર્જરામાં પુરુષાર્થ અભિપ્રેત છે. સકામ નિર્જરામાં અભ્યંતર તપ અનિવાર્ય છે.

પૂર્વાચાર્યોએ બતાવેલી વૈરાગ્ય ભાવનાઓમાં મોક્ષ નામની કોઇ ભાવના નથી. પરંતુ આ નિર્જરા ભાવનામાં જ સંપૂર્ણ રીતે મોક્ષ ભાવનાનો સમાવેશ રહેલો છે.

ધર્મ એ શું ચીજ છે, એનો આત્મા સાથે કેવો સંબંધ છે, એના વ્યવહાર સ્વરૂપો કેવા છે. દાન, શીલ, તપ અને ભાવનું ચિંતન ધર્મભાવનામાં કરી આત્માને વધુ નિર્મળ બનાવવાનો છે.

સંસારની વ્યવસ્થા વિચારી એના અનેક સ્થાનો સમજી ત્યાં આ પ્રાણી આવે જાય છે. એક ખાડામાંથી બીજામાં પડે છે એ રીતે એનું ભવચક્ર ભ્રમણ ચાલ્યા કરે છે. એમાં અનિત્ય સુખ દુઃખો આવ્યા કરે છે. લોક સ્વભાવની ભાવનાનું ચિંતન કરતાં કરતાં સર્વકાળની શાંતિના સ્થાનનું ચિંતન કલ્યાણકારી બને છે.

સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન અને સમ્યસ્ચારિત્રને સમજવા બહુ જ મુશ્કેલ છે. સમજ્યા પછી તેની પ્રાપ્તિ મુશ્કેલ છે. દશ દૃષ્ટાંતે દુર્લભ માવનભવમાં સાધના દ્વારા બોધિરત્નથી પ્રાપ્તિ બોધિદુર્લભ ભાવનાનું ઉપકારી છે.

ધર્મધ્યાનમાં પ્રવેશ કરવા માટે આ બાર ભાવનાનું ચિંતન ભવચક્રના ફેરા ટાળી આત્મા સાથે અનુસંધાન કરાવનાર છે. બાર ભાવના પછી ભાવનાની ક્ષિતિજનો વિસ્તાર જ્ઞાનીઓએ ચાર પરાભાવના દ્વારા કર્યા છે તે મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ ભાવનાના નામે છે.

આ સૃષ્ટિના તમામ જીવો સાથે મારે મૈત્રી છે. મારા કોઇ વિરોધી કે દુશ્મન નથી, તેવી મૈત્રીની ભાવના જીવરાશિ માટે મંગળકારી છે. મૈત્રીભાવ અને ક્ષમાપના વિશ્વને જૈનદર્શનની અણમોલ ભેટ છે.

ગુણવાનના ગુણ જોઇ આનંદ થવો, એ ગુણોની પ્રશંસા કરવી અને એવા જ ગુણોનું આપણામાં અવતરણ થાય તેવી ભાવના તે પ્રમોદ ભાવના છે.

દુઃખી વ્યક્તિના દુઃખ-દર્દ જોઇ આપણા હૃદયમાં અનુકંપાનું ઝરણું પ્રવાહિત થાય, એનું દર્દ આપણું જ દર્દ છે તેવી અનુભૂતિ સાથે તેનું દુઃખ દર્દ દૂર થાય તેવો ઉપાયો કરવાનું ચિંતન અને પુરુષાર્થ દ્વારા તેનું આચરણ કરુણા ભાવ છે.

જ્યાં પોતાનો ઉપાય ન ચાલે, શિખામણ ન ચાલે તેવા હૃદયદ્રાવક પ્રસંગો, અન્યનું વર્તન ત્રાસ ઉપજાવે તેવું હોય એ વ્યક્તિ અને બનાવો પ્રત્યે ઉપેક્ષાભાવ રાખી ક્રોધ કર્યા વગર, સમતા રાખી, શાંત વિચારણા દ્વારા તેનું યોગ્ય સ્થાન સમજાવવાની ધીરજ તે મધ્યસ્થ ભાવ છે. પાપી પાપ કરે તેની સામે દ્વેષનો અભાવ અને તેના પ્રત્યે સહાનુભૂતિનો પણ અભાવ તે માધ્યસ્થભાવના છે.

આ સોળ ભાવનાઓ જીવનને આંતરવૈભવ છે. અનુપ્રેક્ષા શુભમાંથી શુદ્ધ તરફ જવાની યાત્રા છે. આ ભાવનાઓથી જીવ શાંત સુધારસનું પાન કરી જીવમાંથી શિવ બનાવવાના રાજમાર્ગ પ્રતિ જઇ શકે છે.

# તાડપત્રીય હસ્તલિખિત જૈનગ્રંથ અને તેની સંરક્ષણ પ્રવૃત્તિઓ

વર્ષા શાહ

(જૈનધર્મના અભ્યાસુ વર્ષાબેન જૈનજ્ઞાનસત્રો અને સેમિનારમાં અવારનવાર પોતાના અભ્યાસપૂર્ણ નિબંધો રજૂ કરે છે.)

## પ્રાગ - ઈતિહાસ અને ઈતિહાસ કાળમાં તાડપત્રલેખન

પ્રાગ ઐતિહાસિક કાળ :- આજે આપણને પ્રાગ ઐતિહાસિક કાળની વિવિધ પુરાતત્ત્વીય સામગ્રી સંગ્રહાલયમાં જોવા મળે છે, એ આશ્ચર્યચકિત કરી દે છે.

મોહનજોડેરો, ઢોલાવીરા, લોથલ વગેરેની હરપ્પા, એસીરિયન, મેસોપોટેમિયમ, સુમેરિયન વગેરેમાં પ્રાચીનતમ સભ્યતાના શિલાલેખો, પશુ-પક્ષી, ફૂલ-પાંદડાં આદિ મુદ્રાઓ અંકાયેલી જોવા મળે છે. સિંધુખીણની તેમજ મોહનજોડેરોના ખોદકામ દરમ્યાન જે અવશેષો મળ્યા છે, જેવા કે સભાભવન, હાટબજાર, શસ્ત્રો, આભૂષણો, પરથી વિદ્વાનો એવું અનુમાન કરે છે કે તે લોકોનો સંબંધ શ્રમણ અથવા જૈન પરંપરા સાથે છે. વિદ્વાનોનું એવું માનવું છે કે સિંધુખીણની સંસ્કૃતિની ત્રીજા તીર્થંકરના સમયથી શરૂઆત થઇ હશે. પ્રો. પ્રાણનાથ વિદ્યાશંકર એમ માને છે કે આ સભ્યતાનો આરંભ, ત્રીજા તીર્થંકરના સમયથી નહીં, પણ સાતમા તીર્થંકરના સમયથી થયો હોવો જોઇએ. સિંધુખીણમાં સ્વસ્તિક ચિન્હ પ્રચલિત હતું અને રસ્તાઓ, શેરીઓ સ્વસ્તિકાકાર મળે છે. સૌથી જૂની લિપિ બ્રાહ્મી હતી અને અશોકની લિપિ, શારદાલિપિ, દેવનાગરી તથા દક્ષિણ ભારતની લિપિનો બ્રાહ્મીમાંથી જ જન્મ થયો.

**તાડપત્ર - ભુર્જપત્રના લેખનની શરૂઆત**

શ્રમણ ભગવાન મહાવીરના બીજા સૈકાની જ વાત તરફ લક્ષ કરતાં જણાય છે કે મગધમાં એક સાથે ઉપરાઉપર મહાભીષણ બારવર્ષ દુષ્કાળ પડયો. આ કારમાં દુષ્કાળની અસર સાધુભગવંતોના શ્રુતજ્ઞાન પર પણ પડી. સાધુઓના ચિંતન, મનન, સ્વાધ્યાય આદિના અભાવે શ્રુતજ્ઞાન વિસરાવા લાગ્યું. આર્ય શ્રી સ્થૂલિભદ્ર ખૂબ ચિંતિત થયા અને લોકકલ્યાણના શુભ આશયથી એમણે પાટલીપુત્રમાં સાધુઓ અને શ્રાવકોને એકઠા કર્યા અને કંઠસ્થ જ્ઞાનને તાડપત્ર પર ઉતારવાનો પ્રારંભ થયો અને અગિયાર અંગ ઉતારી શકાયા જ્યારે બારમું અંગ દષ્ટિવાદ નાશ પામ્યું કારણકે એક માત્ર ભદ્રબાહુસ્વામીને જ દષ્ટિવાદનું જ્ઞાન હતું, અન્ય કોઇને નહીં. વીર નિર્વાણના બીજા સૈકાથી જ શ્રુતજ્ઞાનમાં ભિન્ન ભિન્ન ભાષા તથા ભાવોમાં પરિવર્તન થવા લાગ્યું.

વીર નિર્વાણના પાંચમા - છુઠ્ઠા સૈકામાં બીજો ભીષણ દુકાળ પડયો. સુકાળ થતાં જ પૂ. સ્કંદીલાચાર્યે, કાલિકસૂત્રનું સંકલન કર્યું.

દશમાં સૈકામાં ત્રીજો દુષ્કાળ પડયો. સુકાળ થતાંની સાથે પૂ. દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે શ્રુતજ્ઞાનનો પુનઃ સંકલિત કર્યું. આ રીતે દુષ્કાળના ભીષણ પ્રહારોથી પ્રહારિત થયેલ હોવા છતાં વર્તમાનમાં શ્રુતજ્ઞાન આપણા સૌ માટે માટે ખૂબ ઉપકારક બની રહેલ છે ઉપરાંત તત્ત્વજ્ઞાન, ખગોળ, જ્યોતિષ, આયુર્વેદ, અર્થશાસ્ત્ર, નીતિશાસ્ત્ર વગેરે વિષયોની અસંખ્ય હસ્તપ્રતો આપણો ભવ્ય વારસો છે, અમૂલ્ય સાંસ્કૃતિક સંપત્તિ છે.

**હસ્તલિખિત તાડપત્ર આદિનું સંરક્ષણ**

પરમઉપકારી આપણા પૂર્વજોએ જ્ઞાનનો અમૂલ્ય ભંડાર આપણા કલ્યાણ માટે સાચવવા મૂકી ગયા છે એની સારસંભાળ, સંરક્ષણ અને માવજત આપણા સૌનું પરમ કર્તવ્ય છે.

યુરોપ, અમેરિકા, જર્મની આદિ દેશમાં પ્રાચીન સાહિત્ય, તત્ત્વજ્ઞાન, ઈતિહાસ વગેરે વિષયોની શોધખોળ કરનારી અનેક સંસ્થાઓ છે. આપણા દેશમાં આવી સંસ્થા બહુ મોડેથી અસ્તિત્વમાં આવી છે.

આંતરરાષ્ટ્રીય સ્તર પર યુનેસ્કો (UNESCO) જેવી સંસ્થાઓ, પ્રાચીન હસ્તલિખિત પ્રતોના સંરક્ષણ માટેની જવાબદારી ઉપાડી લીધી છે.

રાષ્ટ્રીય સ્તર પર Indira Gandhi National Centre For Arts દ્વારા National Commission For Manuscript કામ કરી રહી છે. તેમણે વ્યવસ્થિત સૂચિ, કેટલોગ તૈયાર કરેલ છે અને જૂની, જીર્ણશીર્ણ હસ્તપત્રોની માઇક્રોફિલ્મ તૈયાર કરી તેને સાંચવવાનું નવું રૂપ આપવાનું મહત્ત્વનું કામ કરી રહેલ છે.

ડૉ. સર રામકૃષ્ણ ગોપાલ ભાંડારકરનું નામ સંસ્કૃતના પ્રકાંડ પંડિત તેમજ પુરાતત્ત્વના સમર્થ વિદ્વાન તરીકે વિશ્વ વિખ્યાત છે. તેમના મિત્રો, શિષ્યો અને શુભેચ્છકોએ મળીને તેમની ૮૦ મી વર્ષગાંઠને દિવસે તા. ૬-૭-૧૯૧૭ ના રોજ, પુના શહેરમાં ભાંડારકર પ્રાચ્યવિદ્યામંદિરની સ્થાપના કરી છે. મુંબઇના માજી ગર્વનર શ્રી વેલિંગટનના હાથે આ સંસ્થાનું ઉદ્‌ઘાટન થયું હતું. દાનવીર પારસી ગૃહસ્થ તાતાબંધુએ આ સંસ્થાને ઘણી મોટી આર્થિક સહાય પણ કરી હતી. મુંબઇની સરકારે ડેક્કન કોલેજમાં સંરક્ષિત હસ્તપ્રતો, આ સંસ્થાને સોંપી દીધી.

હસ્તલિખિત પ્રતોના એ અમૂલ્ય સંગ્રહમાં જૈન હસ્તપ્રતોની સંખ્યા ઘણી વિશાળ છે. ૬૦૦ જેટલા જૈનગ્રંથો તાડપત્ર ઉપર લખાયેલા છે અને ૬૦૦૦ જેટલા કાગળ ઉપર લખાયેલા છે. આ ઉપરાંત, પાટણ, ખંભાત, જેસલમેર, બીકાનેર વગેરે સ્થળોમાં પ્રખ્યાત જૈન ભંડારના અનેક પુસ્તકો, સરકારે ખરીદીને આ પ્રાચ્ય વિદ્યા મંદિરને સંરક્ષણ માટે આપેલ છે.

પ્રાચ્યવિદ્યા સંશોધન મંદિર પુનાનો, સંરક્ષણની જવાબદારી, સ્વીકારવા પાછળનો ઉદ્દેશ :-

૧) પ્રાચ્યવિદ્યાની શોધખોળમાં રસ લેનાર વિદ્વાનો અને વિદ્યાર્થીઓને અપેક્ષિત એવું સઘળું સાહિત્ય પૂરૂં પાડવું, તે માટે અદ્યતન ગ્રંથાલય સ્થાપવું.
૨) શોધખોળની પ્રવૃત્તિમાં રસ લેનાર ગ્રેજ્યુએટો અને પંડિતોને, સંશોધન વિદ્યાનું, અર્વાચીન ઢબે વૈજ્ઞાનિક રીતે, ઉત્તમ શિક્ષણ આપી નવા સંશોધકો તૈયાર કરવા.

પુનાની આ સંસ્થા ઉપરાંત, મુંબઇ યુનિ. ની પંડિત જવાહરલાલ નહેરુ ગ્રંથાલય, અમદાવાદની એલ.ડી. ઇનસ્ટીટયુટ, ભો. જે. વિદ્યાભવન, ગુજરાત વિદ્યાપીઠ તથા સ્ટેટ આરકાઇવ, એશિયાટિક સોસાયટી લાયબ્રેરી, ત્રિવેન્દ્રમની લાયબ્રેરી તથા રત્નકોશ વલ્લભીપુર વિશેષ ઉલ્લેખનીય છે.

જૈન હસ્તલિખિત પ્રતો કેમ નાશ પામે છે ?

૧) કુદરતી, ભેજવાળા વાતાવરણનો ભેજ લાગવાથી.
૨) લાંબા સમયના કારણે જીર્ણ થઇ જવાથી.
૩) ફૂગ લાગવાતી, ડાઘ પડવાથી, જીવ જંતુના આક્રમણથી.
૪) શાહી વગેરે કેમિકલ દ્વારા કાણાં પડવાથી.

હસ્તપ્રતોને સાચવવાની (મરામતની) રીત :-

૧) ટીશ્યૂપેપરનો ઉપયોગ - પ્રત્યેક પાનાની ઉપર અને નીચે ટીશ્યૂ (Tissue) પેપર રાખવાથી પાનાં એકમેક સાથે ચોંટી જતા નથી.
૨) ખરાબ થયેલ હસ્તપ્રતો બીજા કાગળ પર લગાવવાથી - Mounting - Stick કરવાથી.

૩) લેમિનેટ કરવાથી.
૪)સુરક્ષિત કબાડમાં કે જગ્યાએ રાખી, નિયમિત સાફ કરવાથી.
૫) લીમડાના સૂકાં પાન, તંબાકુનાં સૂકાં પાન, કપૂર, તજ લવિંગના પાવડરના છંટકાવથી.
૬) તડકામાં મૂકવાથી - વર્ષમાં એકાદ વખત.
૭) હસ્તપ્રતોને લાલ કપડાંમાં બાંધવાથી.
૮) ધૂમડાની પ્રક્રિયાથી - રસાયણોના છંટકાવથી.

હસ્તપ્રતોનું કેટલોગ તૈયાર કરવાની પદ્ધતિ :-
૧) સૌથી પ્રથમ વિષયવાર સૂચિ તૈયાર કરવી.
૨) ક્રમાંક આપવા.
૩) ગ્રંથ કર્તાનાં નામ પ્રમાણે.
૪) ગ્રંથના નામ મુજબ.
૫) માધ્યમ - ક્યા માધ્યમાં લખાયેલ છે.
૬) કઇ ભાષામાં લખાયેલ છે.
૭) આકાર (size) કેવો છે ?
૮) કેટલાં પાનાં છે ?
૯) સમય - કેટલી પ્રાચીન પ્રત છે.

ધર્મગ્રંથો, હસ્તપ્રતો, પુસ્તકો વગેરેની કાળજીપૂર્વક સારસંભાળ લેવાથી જ્ઞાનાવરણીય કર્મ તૂટે છે.

# જૈનધર્મના પ્રાણ તત્ત્વો

ડૉ. રમણીકભાઇ જી. પારેખ

(એમ.એસ.સી , પીએચ.ડી થઇ સેંટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રીસર્ચ ઇન્સ્ટીટયૂટમાં સંશોધન કાર્યમાં જોડાયા અને પીએચ.ડીના ગાઇડ છે.)

વિશ્વના ઉત્તમ સાહિત્યમાં જૈન સાહિત્ય એક આગવું સ્થાન ધરાવે છે. જૈન સાહિત્યકારોએ જૈન ધર્મના સિદ્ધાંતો, તત્ત્વજ્ઞાન, કર્મ સ્વરૂપ વગેરે ઉપર અનેક ગ્રંથો રચીને વિશ્વને ઉત્તમ સાહિત્યની ભેટ આપેલ છે. આ સાહિત્યનું વાંચન, ચિંતન અને મનન જીવનને એક નવી દિશા આપે છે. આ ઉપરાંત ઇતિહાસ, જ્યોતિષ શાસ્ત્ર અને કાવ્યો જેવી સાહિત્યિક કૃતિઓથી જૈન ધર્મના ગ્રંથભંડારો સમૃધ્ધ બન્યા છે. જૈન ધર્મનું દર્શનશાસ્ત્ર મનોહર કીર્તિસમાન, પરમપાવક, ઉજ્જવલ જ્યોત સમાન, અનંત ઉપકારી શ્રી તીર્થંકરોના જીવન સાથે એવી રીતે વણાયેલું છે કે તેમાંથી બોધ પામીને ભવ્યાત્માઓ આત્મિક આનંદની પ્રાપ્તિ કરી શકે છે.

અધ્યાત્મ આજના માનવી માટે અત્યંત અનિવાર્ય છે જે માનવીને જીવન જીવતા શીખવે છે. જૈનધર્મ વિશ્વનો અદ્વિતીય અતિ ઉત્તમ ધર્મ છે. ધર્મ સત્યનો રાહ બતાવે છે. ધાર્મિક વ્યક્તિના સત્યનું પ્રતિબિંબ ઝળકવા લાગે છે. ધર્મ એટલે સદાચાર, નીતિ, સેવા, પ્રભુભક્તિ, પરોપકાર, ફરજ, કર્તવ્યપરાયણતા, વ્યવહાર શુદ્ધિ, વગેરે. આવા દરેક વિચારોના સમન્વય છે. ધર્મની સુરક્ષામાં પ્રાણીમાત્રનું હિત હોઇ એના પ્રત્યે સજાગ થવું ખૂબ જ જરૂરી છે. શ્રી મહાવીર જેમ એક દિવસ કરમાઇ જશે. સંપત્તિ વિજળીના ચમકારી જેમ ક્ષમિક છે. વૈભવો સંધ્યાના રંગની જેમ અસ્થિર છે.

આયુષ્ય પાણીના પરપોટાની જેમ અંશાશ્વત છે. ધર્મ જ એવો છેકે જે શાશ્વત છે. તેમના ઉપદેશમાં અહિંસા સત્ય બ્રહ્મચર્ય અપરિગ્રહ અસ્તેય દાન, શીલ, તપ, ભાવ શ્રાવકના વ્રતો, સાધકના આચારો નવ તત્ત્વો વગેરે મુખ્યત્વે છે.

અહિંસા

જૈનદર્શન અહિંસાને પરમધર્મ માને છે જગતના જે કાંઇ જીવો છે તે તમામ તરફ અને તે જીવોમાંના જે કોઇ આપણા મીત્રો છે કે વિરોધીઓ છે એ તમામ પ્રત્યે સમતાભાવ કેળવવો તેમનું નામ અહિંસા છે. અહિંસા ધર્મનું પહેલું લક્ષણ છે. ધર્મના સ્તોત્ર છે. અહિંસા એટલે પ્રાણી પ્રત્યે મૈત્રીભાવ, રાગ, દ્વેષ મોહ આદિનો અભાવ.

મહાત્મા ગાંધીજીએ કહ્યું કે ધર્મનું સારતત્ત્વ એનું બીજું નામ અહિંસા, જીવ માત્ર પ્રત્યે કરૂણાવંત બનો. જીવનમાં સફળતા માટે વાણીનો સંયમ કેળવવો આવશ્યક છે. કોઇનો વાંક જોવાની વૃત્તિ ન રાખવી જોઇએ અને વર્તનમાં સકારાત્મક વૃત્તિ (Positive attitude) રાખવી જોઇએ. પ્રત્યેક પરિસ્થિતિમાં પ્રસન્ન રહેવાની મનને કેળવણી આપવી જોઇએ. સદ્‌ગુણોમાં માર્ગ સાધનાનો છે. સદ્‌ગુણોના જતન માટે સતત જાગૃતિ આવશ્યક છે. ત્યાગ અને સમર્પણની પણ તૈયારી રાખવી પડે.

ક્ષમાને પ્રથમ આદર્શ ગણવામાં આવે છે. જીવનમાં સમત્વની આરાધના કરવા માટે અને સંબંધના સેતુને તૂટવાથી બચાવવા માટે ક્ષમાભાવ અતિ ઉત્તમ છે. ક્ષમા માંગવી સરળ છે પણ આપવી કઠિન છે એવો સંકલ્પ કરીએ કે હું બધા જીવોને મિત્રતાની દૃષ્ટિએ જોઇશ અને સૌ જીવો પણ મિત્રતાના દૃષ્ટિએ જુએ.

જીવનમાં આવેલા અહંકારથી માનવીનું પતન થાય છે.

જ્ઞાન પ્રાપ્ત કરવું. એટલું કપરૂ નથી. પણ જ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ નમ્રતા જાળવવી તે ખૂબ કઠિન છે. નમ્રતા એ ધર્મનો અને પ્રેમનો પાયો છે. માણસ નમ્રતા અને વિનય ભાવથી મહાન બને છે. સારો સ્વભાવ મનુષ્યની શ્રેષ્ઠ સંપત્તિ છે. Good nature is human's great capital. સત્યનું આચરણ પણ ધર્મ છે. There is no higher religion than truth.

# ચતુર્વિધ સંઘોની વર્તમાન પરિસ્થિતિ અને તેમાં સંતો, દાનવીરો, વિદ્વાનો, લેખકો અને પત્રકારોની ભૂમિકા

ધનલક્ષ્મીબેન બદાણી

(નાગપૂર સ્થિત ધનલક્ષ્મીબેન જૈનપ્રકાશ, કાઠીયાવાડી જૈન વગેરે સામાયિકોમાં અવારનવાર લેખો લખે છે, પૂ. જગજીવનજી મહારાજ અધ્યાત્મ કેંદ્ર પેટરબાર સાથે સંકળાયેલા છે.)

ભગવાન મહાવીર સ્વામીએ કેવળ જ્ઞાન પશ્ચાત્ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. જેમાં જૈનશાસનના ચાર સ્થંભ ગણાવ્યા :-
૧) સાધુ, ૨) સાધ્વી, ૩) શ્રાવક, ૪) શ્રાવિકા

કેવળજ્ઞાન પશ્ચાત ભગવાનના શ્રીમુખેથી નીકળેલ અમૃતવાણીનું ચૌદ પૂર્વધારી ગણધરોએ શાસ્ત્ર રૂપે ગુંફન કર્યું. જે આપણા પંચમ આરાના સંઘો માટે, તીર્થંકરોના વિયોગમાં ૩૨ શાસ્ત્રો જ સર્વસ્વ છે. અત્યારે આપણી પાસે તીર્થંકરો નથી, ગણધરો નથી, અરે આચાર્યો તથા ઉપાધ્યાયો પણ લગભગ નથી જ. ત્યારે વર્તમાનમાં સ્થાનકવાસી સંપ્રદાય માટે હાલ વિચરતા ત્યાગી જ્ઞાની સાધુ-સાધ્વી આદિ ગુરૂભગવંતો 'નમો લોએ સવ્વસાહૂણં' રૂપે વિરાજિત છે. તેઓ જ આપણા દેવ ગુરૂ, ધર્મ પૂજનીય તથા આરાધ્ય દેવ છે.

જાગો નિંદ ત્યાગો શીખ સુનો સંતોકી
ઈન સંતોમેં ઝલક અરિહંતોકી

આ સંત સતીઓ જ જૈનશાસનના સ્થાપક, સંચાલક તથા છઠ્ઠા આરાસુધી જૈન શાસનને ઝળહળતું જયવંત ચિરસ્થાયી રાખનાર છે.

પૂ. આનંદઋષિજીએ સંતોને ટિફીન તથા માઇક વાપરવાની છૂટ આપેલ. આની સાથે આપણે સંતોના સાદડી સંમેલનને પણ યાદ કરવું જોઇએ. જેમાં સમર્થમલજી, આત્મારામજી આદિ આચાર્યોએ ઊભા થઇને પોતાના આચાર્યપદ રૂપી પરિગ્રહનો પણ ત્યાગ કરી. એકજ આચાર્યની નિશ્રા સ્વીકારેલ. પરંતુ આજે પણ અમુક સંપ્રદાય ટિફીન લેતા નથી, માઇક પંખા વગેરે વાપરતા નથી. ત્યારે એક જ્ઞાની સંતે કહ્યું કે વર્તમાન સમયમાં શાસ્ત્રના નિયમ પ્રમાણે જે ચારિત્ર પાળે છે તેમની પણ જરૂર છે અને જમાના પ્રમાણે જૈન ધર્મનો વિશ્વમાં પ્રચાર કરે તેવાં આધુનિક સંતોની પણ જરૂર છે. ચતુર્વિધ સંઘે સંપ્રદાયના આચાર્યોને મળી સમાધાન કરવું જોઇએ. એક બીજા ગચ્છસાધુની નિંદા ન કરાય અને જેઓને ધર્મ-પ્રચારની ઉત્કટ ભાવના હોય તો તેરાપંથીની જેમ સંયમ-નિર્વાહના પણ વિભાગ કરી દેવા જોઇએ. એક પંચ મહાવ્રતધારી સંત, બીજા ત્રણ મહાવ્રતધારી. જેઓ પરિગ્રહની મર્યાદા સાથે વાહન વાપરી ધર્મ પ્રચારક બને. પછી રાગ-દ્વેષ, નિંદાને અવકાશજ નહીં. અમુક ગચ્છના સંતો તો તેમજ કહે છે કે ભગવાને સાબુ, સોડા વગેરે વાપરી સંતોને સ્વચ્છ-સુંદર રહેવાનું કહ્યું નથી. ચોમાસામાં તેમને અઠમ પણ વરસાદના લીધે થઇ જાય છે. ત્યારે તેમના ત્યાગને નમન થઇ જાય છે. જો કે અમ્માપિયા શ્રાવક-શ્રાવિકાએ તુરતજ દરવાજા ખુલા રાખી, સૂઝતો આહાર રાખી ભાવના ભાવે કારણ કે ગોચરી વહોરાવતી પહેલા, વહોરાવ્યા પછી તથા વહોરાવતી વખતે ઉત્કૃષ્ટ ભાવ હોય તો ભગવાન ઋષભદેવની જેમ તીર્થંકર ગોત્ર બંધાઇ જાય. આના માટે વર્તમાન તથા ભવિષ્યના શ્રાવક-શ્રાવિકા રૂપી તીર્થને શાસ્ત્રનું પઠન, જ્ઞાન તથા વ્યાખ્યાનમાં જવું આવશ્યક છે. પ્રતિદિન નવકાર મંત્ર ગણવા, સામાયિક પ્રતિક્રમણ શીખવું તથા કરવું, જૈનત્ત્વની પ્રારંભિક નિશાની છે. વર્તમાન - પરિસ્થિતિમાં આ બધા ગુણો આપણે ધરાવીએ છીએ ? જવાબ નકારાત્મક હોય તો આના સમાધાન માટે સંતો-દાનવીરો-વિદ્વાનો, લેખકો, પત્રકારો પોતાની સમાધાન પ્રત્યેની નૈતિક જવાબદારી નિભાવે છે ? આપણેજ શિથિલાચારી બનાવી આપણેજ નિંદા કરીએ છીએ. શ્રાવકો સંતોની સાધનામાં સહાયક બને, વિરાધક નહીં.

આજ અમુક પ્રદેશોમાં લાંબો વિહાર કરી આવેલ શ્રમિત સંતોને અમુક સંપ્રદાય ઉપાશ્રયમાં ઉતરવા નથી દેતા. સંત-સતીકે શ્રાવક-શ્રાવિકા પરસ્પર વંદના પણ વ્યવહાર નથી રાખતા. જ્યારે ભગવાન મહાવીરનો સ્યાદવાદ તથા અનેકાંતવાદ છે. નમો લોએ સવ્વસાહૂણં નો અર્થ શું ? નવપુણ્યમાં એક નમસ્કાર પુણ્યશાસ્ત્રમાં વર્ણિત છે. રાગ-દ્વેષથી શું મુક્તિ મળશે ? ૨૫ મિથ્યાત્વમાં અવિનય મિથ્યાત્વ, અશાતના મિથ્યાત્વ, અક્રિયા આપણને મુક્તિની મંઝીલ સુધી પહોંચાડશે ? અમુક સંત પાસે જઇએ તો મિથ્યાત્વ લાગે, સમકિત ચાલ્યુ જાય આવું સમકિત કોને જોઇએ ? આપણને ક્ષાયક સમકિત જોઇએ છે. ૧૫ ભેદે તીર્થંકર સિદ્ધ કહ્યા છે. પુરૂષલિંગે, સ્ત્રીલીંગે, નપુંસકલિંગે. મરુદેવી માતાને હાથી પર કેવળજ્ઞાન થયું તથા નિર્વાણ થયું ?

ભગવાન મહાવીર ક્યા સંપ્રદાયના હતા ? અમુક શ્રાવકોને ટિફીન લઇ જવાનાં પચ્ચખાણ અપાય છે. આનાથી શું અંતરાય કર્મ ન લાગે ?

આ વાત સાચી છે કે સંતોને બેતાલીશ દોષ ટાળીને ગોચરી કરવાનું કહેલ છે. બાવીશ પરિષહના જીતણહાર બતાવ્યા છે. તેના માટે બ્રહ્મચર્યની નવવાડનું પાલન થવું અનિવાર્ય છે. રાત કે એકાંતમાં સંતો પાસે સાધ્વી કે શ્રાવિકા બેસી ન શકે. પંખાથી વધુ એ.સી. ની છૂટ સ્થાનકમાં ન અપાય. તબિયતવશ સંત-સતીને વાહન વાપરવાની આજ્ઞા ગુરુ કે સંઘ આપે, તો પછી પ્રાયશ્ચિત પણ અનિવાર્ય છે. આનો અર્થ એમ નથી કે જીવનભર વાહન વાપરે. કારણ કે જૈન સંત-સતીઓ વિહાર તથા અપરિગ્રહના કારણે જ વિશ્વ તથા અન્ય ધર્મોની દૃષ્ટિમાં મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. માટે જમાનાનું બહાનું આપી જે દિવસે ચક્ર વિહારી કે ગગનવિહારી થઇ જવાની શ્રાવકો આજ્ઞા આપશે તેજ દિવસે જૈન ધર્મની તેટલી મહત્તા નહીં રહે જેટલી વર્તમાનમાં છે. સંતોનાં સંયમ-નિર્વાહમાં અમ્માપિયારૂપી શ્રાવક-શ્રાવિકાએ વાત્સલ્ય સાથે જાગ્રતી રાખવાની જરૂર છે. જે દિવસે તેમને પરિવારનો ત્યાગ કર્યો,

તેજ દિવસથી અમ્માપિયા સંઘની જવાબદારી ચાલુ થઇ ગઇ. શ્રાવકો માટે ઉપાસકદશાંગ છે તો સંતો માટે દશવૈકાલિક સૂત્ર છે. શું આપણે દશ શ્રાવકો જેવા છીએ, ઉપાસક દશાંગનું જ્ઞાન ધરાવીએ છીએ ? આજે શ્રાવકો કેટલાને રાત્રિ ભોજનનો ત્યાગ તથા ગરમ પાણીનાં પચ્ચખાણ છે ? ચારિત્ર-તનમાં શ્રાવક વર્ગ ૯૦ %જવાબદાર છે. આપણે સંતોને ગોચરી સમયે દરવાજા ખુલા રાખી, સૂઝતો આહાર રાખી ભાવના-ભાવતા રાહ જોઇએ છીએ શું સંત બેલ વગાડી, શિથિલાચારી બને ? આજે લગભગ સંતોને સવારના ગરમ ગોચરી તથા સાંજે ગરમ ગોચરી નથી મળતી. બીમાર વૃધ્ધ નવ-દીક્ષિતનું ધ્યાન અન્ય સમાજ રાખશે ? આજે પણ સંતોમાં ત્રણ ગુણોના દર્શન થાય જ છે.

૧) કરૂણા  ૨) ત્યાગ  ૩) જ્ઞાન

કરૂણાના સાગર હોવાથી આપણે સ્વાર્થ માટે તેમના પાસે જઇએ. તેઓ કરૂણાવશ માળા જાપ જૈનવિધિથી જ બતાવે છે. ફેમિલી ડૉક્ટરની જેમ એક ફેમિલી ગુરુ પણ હોવાજ જોઇએ. ભગવાનના સમયમાં પણ શ્રાવકો પ્રશ્ન પૂછી સમાધાન મેળવતા. જૈન સંત નહીં બતાવે તો આપણા યુવા વર્ગ તાંત્રિકો, જ્યોતિષો પાસે ચાલ્યા જશે.

વર્તમાનની ચતુર્વિધ સંઘ સામે મોટી સમસ્યા એ છે કે ઉપાશ્રય લાખો રૂપિયાના, પરંતુ આવનારી સંખ્યા સંતોષપ્રદ નથી. તેમાંય યુવા-યુવતી જેઓ ભવિષ્યના જૈનશાસનના કર્ણધાર-સંચાલક છે, તેઓ બિલકુલ આવતા નથી. જૈનશાળા લગભગ બંધ થઇ ગઇ છે અથવા સાપ્તાહિક થઇ ગઇ છે. સંયુક્ત પરિવાર તૂટતા દાદા-દાદી દ્વારા ધાર્મિક સંસ્કાર નથી મળતા. વ્યાખ્યાન, સત્સંગના અભાવે પહેલા જેને સંત-સતીને જોતા આપણા હૃદયમાં જે ઉત્કૃષ્ઠ ભાવ આવતા, તે વિલીન થઇ ગયા છે. સંપ્રદાયવાદના કારણે પણ મોટા તથા બાળકો આ આપણા સાધુ અને આ તેમના સાધુ - જેવા રાગ-દ્વેષ ધર્મમાં આવી ગયા ગયા છે. જેના કારણે મોટી વિકટ પરિસ્થિતિ તે ઉત્પન્ન થઇ છે કે

યુવા શિક્ષિત વર્ગ કહે છે કે આના કરતા ઉપાશ્રય ન જવું સારૂ. તેથી દર વર્ષે લગભગ સ્થાનકવાસી દશ પંદર ઘર દેરાસર, સ્વામીનારાયણ અથવા શ્રીમદ્‌ના માર્ગે જઇ રહ્યા છે. જો કે શ્રીમદ્ ભગવાન મહાવીરના જ અનુયાયી હતા. તેમને સાગર રૂપી શાસ્ત્રનો સાર સરળ ભાષામાં ગાગર રૂપે જૈન સમાજ સમક્ષ મૂકી દીધો છે. જેમાંથી મુખ્ય નવનીત રાગ-દ્વેષને છોડવાનું જ છે. મોક્ષનો સીધો રસ્તો બતાવેલ છે. તેથી યુવા-વર્ગ ઉપાશ્રય તથા સંત-દર્શન છોડી સ્વાધ્યાય મંડળ કે મંદિર તરફ જવા લાગ્યા છે. શ્રીમદ્‌ને આપણે ગુરુ તરીકે માનીએ છીએ. ત્યાગી સંત-સતીની અશાતના તો કોઇ કાળે કરી જ ન શકાય. કારણ તેમનાથીજ ચતુર્વિધ સંઘ તથા ચિરકાળ સુધી જૈન શાસન ચાલવવાનું છે. ધર્મ તથા ગુરુ ક્યારેય ન બદલાય.

જૈન સપ્તવ્યસનથી દૂર રહે પરંતુ આજે સાંભળીએ છીએ કે અમુક જૈન નબીરાઓ હોટલમાં માંસાહાર કરે છે - દારૂ પીએ છે તથા જુગાર રમે છે, ત્યારે આપણું મસ્તક શરમથી ઝૂકી જાય છે. આનાપર બ્રેક મારવી ચતુર્વિધ સંઘની નૈતિક ફરજ છે. જૈનત્વનું મૂળ લક્ષણ જ અહિંસા છે. અહિંસાનો સંદેશ વિશ્વને કોણ આપશે ? મૂક પશુ જગત, કોના પાસે કરૂણા તથા બચાવની આશા રાખશે ? જૈનો જાગો, એક થાઓ. વિશ્વ સંપ્રદાય તથા આચાર્યોને નથી ઓળખતું. ભગવાન મહાવીરને ઓળખે છે. માટે સંપ્રદાયવાદ બંધ કરો. આના માટે સંતો, દાનવીરો, વિદ્વાનો, લેખકો માટે તથા પત્રકારોની વર્તમાન સમયમાં ફરજ ચેલેંજ બનીને સામે ઊભી છે.

*ભય નહીં હૈ, હમેં દુર્જનો કી દુષ્ટતા સે*
*ભય હૈ, હમેં સજ્જનોં કી નિષ્ક્રિયતા સે ॥*

હાલની પરિસ્થિતિમાં ઉપરોક્ત વિભૂતિઓએ કમર કસીને તેને દૂર કરવા કટિબદ્ધ થઇ જવાની જરૂર છે.

સંતો એ સર્વપ્રથમ યુવાનોનો સંપર્ક વધારવો જોશે. પદાધિકારીઓએ યુવાવર્ગને કાર્યકારિણીમાં લેવા જોશે અથવા મહત્ત્વપૂર્ણ પદ આપશો તો તેઓ ઉપાશ્રય આવતા થશે. તેમના પર જવાબદારી નાખો. વડીલોની સલાહ - યુવાની શક્તિનો સંગમ - સર્વત્ર સુસર્જન કરી દેશે. સંતોએ સંતાનોને મળવા, સહમાર્ગે લાવવા ઘેર ઘેર પદાધિકારીઓ સાથે જવું જોશે. સ્કૂલ, કોલેજમાં પ્રવચનો ગોઠવવા જોશે. સંતો પાસે જ્ઞાનનો ખજાનો છે. તેનો મહાવીર બની ભારતભરમાં જોર-શોરથી પ્રચાર કરો. માંસાહારી હોટલોનો જૈન-સમાજ સંપૂર્ણ પણે બહિષ્કાર કરે. ન વ્યક્તિરૂપે જાય ન સમારોહ રૂપે જાય. લુપ્ત થઇ ગયેલ જૈનશાળા, દાનવીરો ચાલુ કરાવે.

સપ્તાહમાં એક દિવસ જૈનધર્મના જ્ઞાન સાથે ગુજરાતી ભાષાનું જ્ઞાન આપે. વેકેશનોમાં સ્વાધ્યાય શિબિરમાં વિદ્વાનો સંતો ભણાવે તથા દાનવીરો આર્થિક મદદ તથા ઈનામ આપે. ભણનાર, ભણાવનાર બન્ને આજે નાના ગામડાઓમાં કે, સર્વત્ર સંત-સતીઓ નથી પહોંચી શકતા તેના માટે ગુજરાતનું એક સ્વતંત્ર સ્વાધ્યાય મંડળ બનવું અતિ-અતિ આવશ્યક છે. બીજા સંપ્રદાયોનું છે પરંતુ ગુજરાતનું કેમ નહીં ? જ્યારે ગુજરાતના સંત સતીઓમાં જ્ઞાનની ટક્કર લઇ શકે તેવા ઘણા ઓછા છે. ગુજરાતમાં દીપચંદ ગાર્ડી જેવા અનેક છે. સ્વાધ્યાયી ભાઇ બહેનોને તૈયાર કરે, જેઓ પર્યુષણમાં ગામડાઓમાં ધર્મ-આરાધના કરાવવા જાય. વેકેશનમાં બાળકોની દશ-દિવસીય સ્વાધ્યાયી શિબિર લઇ સામાયિક - પ્રતિક્રમણ, ચોવીસ ભગવાનનું નામ, જૈન કથાનક, પચીસ બોલ વગેરે શીખવાડે.

અન્ય ધાર્મિક તહેવારોનું ટી. વી. માં જેમ પ્રસારણ આવે છે તેમ જૈનદર્શન, પર્યુષર્ણ, સંવત્સરી પર્વનું પણ વિદ્વાનો, દાનવીરો દ્વારા ટી. વી. માં આપવું જોઇએ. વિદ્વાનો લેખન તથા વક્તૃત્વ કલા દ્વારા જૈનધર્મનો પ્રસાર કરે. આ શ્રાવકનો એક ગુણ તથા કર્તવ્ય ભગવાને બતાવેલ છે. વાંદા મારવાની દવા કે હિંસક દવાનો પ્રચાર દાનવીરો ટી. વી. પર બંધ કરાવે.

જૈન સીરિયલ ભગવાન મહાવીરની, ચંદનબાળાની, અમરકુમાર જેવી ચાલુ કરાવે. કોઇ જૈનનું નામ કૌભાંડમાં ન આવું જોઇએ. ગોંડલમાં જૈન સંસ્કાર કેન્દ્ર ચાલે છે જેની સંખ્યા ૫૫૦ છે, તેમાં જૈનેતર - મુસ્લિમ પણ આવે છે. નવકાર બોલે છે.

પત્રકારો તથા વિદ્વાનો માટે ખાસ - જ્યારે પણ કોઇ સંત-સતીમાં વધુ પડતા શિથિલાચાર જોવામાં આવે તો સમાજના પાંચ પદાધિકારી પ્રાઇવેટમાં જઇ આંખોમાં અશ્રુ તથા દિલમાં વાત્સલ્ય ભરીને સાચા અમ્માપિયા બની બે હાથ જોડી સમજાવે કે તમોએ મહાવીરનું કોહીનૂરથી પણ મોંઘું ચારિત્ર અંગીકાર કર્યું છે, તેને ક્ષણિક સુખ માટે નષ્ટ ન કરો. તમોએ જે ઉત્કૃષ્ટ ભાવથી અંગીકાર કરેલ - તેજ ભાવોથી પાળશો તો તમારી સાથે જૈન સંઘનું પણ કલ્યાણ થશે. આવા વર્તનથી તેમનો આત્મા જાગી, સંયમમાં સ્થિર થઇ જશે. ઉતાવળા થઇ ક્યારેય પેપરબાજી ન કરો. પેપરમાં આપવાથી આપણી જ જૈનધર્મની ટીકા થશે. યુવાવર્ગને માઠી અસર કરે છે. તેમની મુહપત્તી ખેંચવાની ઉતાવળ ન કરો. સંતોની સંખ્યા વધારો, ઓછી ન કરો. જૈન-શાસન મહાવીર શાસનના ચમકતા જયવંતા ચિરસ્વામી સિતારા છે. તેમને સંભાળો, તેઓ તમને-જૈનશાસનને સંભાળશે.

સાચો જૈન ક્યારેય દુઃખી નહીં હોય. યુવા વર્ગ તથા અજૈનને જૈનધર્મ તરફ આકર્ષિત કરો. તેમાં જૈનશાસનનું કલ્યાણ છે.

# જૈનધર્મ અને એક્યુપ્રેશર

ડૉ. દેવેન્દ્ર વોરા

(મુંબઈના જૈનધર્મના વિદ્વાન ડૉ. દેવેન્દ્ર વોરા એક્યુપ્રેશરના નિષ્ણાંત છે. જૈનધર્મના તથ્યોને વૈજ્ઞાનિક રીતે રજૂ કરવામાં ઉત્તમ પુરુષાર્થ કરે છે, દેશવિદેશમાં જૈનધર્મ ઉપર પ્રવચનો આપે છે.)

જૈનધર્મ એ માત્ર આત્મા માટેજ આચરવાનો ધર્મ નથી. તેમાં સમગ્ર જીવનને આવરી લેવાયું છે. માનવી જ સમજીને ધર્મનું આચરણ કરી શકે તે માટે જૈન ધર્મમાં માનવજીવનના દરેક પાસા માટે વૈજ્ઞાનિક દષ્ટિથી વિચાર કરવામાં આવ્યો છે.

જૈનધર્મમાં વર્ણવેલી બધી વાતો માત્ર આત્મલક્ષી નથી. પણ જે દેહમાં આત્મા રહે છે તે દેહ કેમ તંદુરસ્ત રહે તેનું વિજ્ઞાન સમજાવ્યું છે.

આપણે એક વ્રાત તો સ્વીકારીએ છીએ કે મોક્ષ ન મળે ત્યાં સુધી આત્મા નારકી, તિર્યંચ, દેવ અને મનુષ્ય ગતિમાં ભટકે છે, પરંતુ જ્યારે તેને મનુષ્યગતિ પ્રાપ્ત થાય છે ત્યારે જ તે ધર્મનું આરાધન કરી શકે છે. તો ધર્મનું આરાધન કરવું હોય, સાધના કરવી હોય તો તે આપણા દેહ-શરીર દ્વારા જ થઇ શકે. શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્ કહેવામાં આવ્યું છે. તો આ દેહ-શરીર તંદુરસ્ત રહે તે ખાસ જરૂરી છે.

તેમજ જૈનધર્મમાં જયણા ઉપર વિશેષ ભાર આપવામાં આવેલ છે. જયણા એટલે જીવનના રોજિંદા વ્યવહારમાં - ગૃહપાલનમાં એવી રીતે વર્તવું - સફાઇ રાખવી જેથી જીવોની ઉત્પત્તિ વિના કારણે ન થાય જેથી પછી આ જીવોને મારવા-હણવા પડે. જેમકે થાળીમાં એઠું ન રાખવું - થાળી ધોઇને પી જવી અને પછી આ થાળીમાં બેક્ટેરીયા - સૂક્ષ્મ જીવો પણ પેદા ન થાય માટે તે થાળી વાસણોને ૪૮ મિનિટ પહેલાં જ સાફ કરવા - માંજી લેવા.

આપણે જ્યારે અન્ય જીવોની આ પ્રમાણે જયણા કરીએ છીએ ત્યારે શરીર એવું તંદુરસ્ત રાખવું જોઇએ જેથી તેમાં રોગોની - રોગના જંતુઓની ઉત્પત્તિ જ ન થાય અને તેવા જંતુઓ-રોગોના બેકટેરીઆને મારવા માટે એન્ટી-બાયોટિક દવાઓ લેવી પડે.

સમાજકલ્યાણનો પણ ખ્યાલ જૈનોમાં રાખવામાં આવેલ છે. જેમકે પાખી પ્રતિક્રમણ કે સંવત્સરી પ્રતિક્રમણ કરતી વખતે મોટો સમુદાય ભેગો થયો હોય ત્યારે છીંકનો નિષેધ છે. કારણ કે તપસ્વીઓ તપ કરીને શારીરિક રીતે નબળાં પડયાં હોય - પુરુષો માત્ર ધોતિયું પહેરીને ખુલ્લાં શરીરે બેઠા હોય. ત્યારે જો કોઇને છીંક આવે તો બીજાને શરદીનો ચેપ લાગવાનો સંભવ થાય. એટલે તે વખતે છીંક ન આવે તે માટે આપણને આચાર્ય મહારાજે સમજાવ્યું છે કે બંને ટચલી આંગળી બંને અંગૂઠાની વચ્ચે જોરથી દબાવી રાખવી. આ વાત પાછળ પણ વિજ્ઞાન છે. જ્યારે બંને ટચલી આંગળીઓ

બંને અંગૂઠાની વચ્ચે સતત દબાવી રાખીએ છીએ ત્યારે અંગૂઠાની વચ્ચે પીનીઅલ નામની અંતસ્ત્રાવી ગ્રંથીનું બિંદુ આવેલ છે અને ત્યાં સતત દબાણ આપવાથી એનેસ્થેટિક અસર થાય છે અને છીંક આવતી અટકી જાય છે.

આટલી નાની વાતથી ખ્યાલ આવે છે કે આપણું શરીર તંદુરસ્ત રહે. રોગો થયાં હોય તો મટાડી શકાય - તેના વિજ્ઞાનને એક્યુપ્રેશર કહે છે - તેનું વિજ્ઞાન પણ આગમોમાં સમજાવ્યું જ હશે. આગમોના જાણકાર - પંડિતો - સાધુસમાજને મારી નમ્ર વિનંતિ છે કે તેઓ આ અંગે વિચાર કરે અને તેવી જાણકારી મને આપે.

જેમકે માનવીના જન્મસમયે મસ્તિક મેરૂજળ કેવી રીતે ઉત્પન્ન થાય અને આખા દેહમાં ભ્રમણ કરે છે તે વાત રૂપક દ્વારા સ્નાત્રપૂજામાં સમજાવેલ છે.

એક્યુપ્રેશર એટલે શરીરમાં રોગ ન થવા દેવાની તથા રોગ થયા હોય તો તેમને પારખીને વીના દવાએ મટાડવાની પદ્ધતિ. આ પદ્ધતિ જૈન ધર્મને ખૂબ જ અનૂરૂપ છે. કારણ કે વિશ્વની અનેક આરોગ્ય પદ્ધતિઓમાં આ એકમાત્ર પધ્ધતિ એવી છે કે જે શરીરમાં નાના-મોટા અનેક રોગોને થતાં જ અટકાવે છે. અંતઃસ્ત્રાવી ગ્રંથિઓને કાર્યરત રાખે છે. શક્તિ ટકાવી રાખે છે અને તંદુરસ્તી આપે છે. તદુપરાંત કોઇપણ જાતના ટેસ્ટ કે ખર્ચ વીના ગમે તેવા રોગનું તાત્કાલિક નિદાન કરી આપે છે. તેમજ ગમે તેવા ભયંકર - હઠીલા દર્દોનો ઉપચાર કરે છે. આ પધ્ધતિ કરનારને હાર્ટએટેક, કીડનીના રોગ, મોતિયો, પક્ષઘાત, કેન્સર જેવા રોગો પણ થતા નથી.

આ પદ્ધતિ દરેક પંચેન્દ્રિય પ્રાણીને જન્મથી જ તેમના દેહમાં રાખવામાં આવેલી છે. તેની જાણ મનુષ્યો સિવાય કુદરતના બધાં પ્રાણીઓને છે. માનવી પોતાના અહમ્ ને કારણે કુદરતથી વિમુખ થયો છે અને એટલે આ પધ્ધતિને ભૂલી ગયો છે.

આ પદ્ધતિ આપણી પ્રાણશક્તિ - ચેતના દેહમાં રહેલી વિદ્યુત - જેને મેડીકલ ભાષામાં (Bioelectriciy) બાયોઇલેક્ટ્રીસીટી કહે છે - તેના પર આધારિત છે અને તેનો સિધ્ધાંત છે કે જ્યાં સુધી આ વિદ્યુત શરીરના બધાં અવયવો અને શરીરની નિયામક અગત્યની એવી અંતઃસ્ત્રાવી ગ્રંથિઓ સુધી બરાબર પહોંચતી રહે છે તો શરીર બરાબર કામ કરે છે અને રોગો થવાની સંભાવના રહેતી નથી. તેમજ શરીરમાં કંઇ પણ રોગની શરૂઆત જ થઇ હોય તો તેનું તુરંત નિદાન થઇ જાય છે અને ગમે તેવા ગંભીર રોગો થયા હોય તો પણ આ વિદ્યુત તેવા રોગના કેન્દ્ર અવયવોમાં પહોંચડવાથી આવા રોગ વગર દવાએ મટી જાય છે. બંને હથેળીઓ તથા પગના તળીયામાં દબાણ આપીને આ દેહની વિદ્યુતને દેહમાં બધે જ પહોંચાડવાની આ પદ્ધતિને એક્યુપ્રેશર કહે છે. આ પ્રાચીન વિદ્યાને સર્વપ્રથમ ગ્રંથસ્થ કૌરવ-પાંડવના રાજવૈદ્ય શ્રી શુશ્રૂતાચાર્યે કરેલ છે. આ પધ્ધતિનો છેલ્લાં વીસ વર્ષોમાં એટલો બધો વિકાસ થયો છે કે કેન્સર, મગજના રોગો અને એચ. આઇ. વી / એઇડસ જેવાં રોગો પણ મટી શકે છે. ભારતમાં અને વિશ્વના અન્ય દેશોમાં પાંચથી વધુ કરોડ લોકોએ આ પદ્ધતિનો લાભ લે છે. અત્યારસુધી અમારા નિઃશુલ્ક એક્યુપ્રેશર કેન્દ્રમાં દેશ અને પરદેશના ૪૦૦૦ થી વધુ મેડીકલ પ્રેક્ટીશનરો પોતાની સારવાર માટે આવી ગયા છે, જે આ પદ્ધતિની વિશ્વસનીયતા પુરવાર કરે છે.

નીચેનાં ચિત્રો દ્વારા ખ્યાલ આવશે કે શરીરમાં વિદ્યુત કેવી રીતે ફરે છે અને શરીરમાં રહેલા અવયવો અને અંતઃસ્ત્રાવી ગ્રંથિઓનાં બિંદુ (Switch) ક્યાં આવેલા છે.

| રોગ | પોઇન્ટ |
|---|---|
| ૧) શરદી-કાકડા | ૧ થી ૭ તથા ૩૪ |
| ૨) શરદી ખાંસી | ૧ થી ૭-૩૯ તથા ૩૪ |
| ૩) સાઇનસ | ૧ થી ૭-૩૪ તથા બધી આંગળીનાં ટેરવાં |



| | |
|---|---|
| ૪) તાવ શરદીનો કે બ્રોન્કાઇટીસ | ૧ થી ૭-૩૦ તથા ૩૪ |
| ૫) તાવ-મલેરિયા | ૧ થી ૭ તથા ૩૪ |
| ૬) માથાનો દુઃખાવો શરદીને લીધે | ૧ થી ૭ તથા ૩૪ |
| ગરમીને લીધે આધાશીશી | ૨૨-૨૩-૨૫-૨૭ |
| પેટના રોગો | |
| ૭) ઝાડા થવા પેટમાં દુઃખવું, ઉલટી | ૧૯-૨૦-૨૨-૨૩ |
| ૮) ગેસ | ૧૯-૨૨-૨૩-૨૭ |
| ૯) કમળો | ૨૨-૨૩-૨૬-૨૭ |
| ૧૦) એસીડીટી પિત્ત હાયપર ટેન્શન | ૨૨-૨૩-૨૫ |
| ૧૧) એપેન્ડિક્ષ | ૨૧ |
| ૧૨) કબજિયાત | દાઢીના વચલા ભાગ પર ત્રણથી છ મિનિટ પ્રેશર આપવું-ભારપૂર્વક ઘસવું |

પેટના દરેક જાતના રોગમાં - કરકરિયાવાળું વેલણ જમીન પર રાખી તેના ઉપર બંને પગ મૂકી દસ મિનિટ સુધી ફેરવવું - રગડવું

| | |
|---|---|
| ૧૩) એલર્જી | ૨૧+કેલકેરિયા ફોસ 12Xદરરોજ છ ગોળીઓ બે વખત |
| ૧૪)પથરી મૂત્રાશયનાં દર્દો | ૧૧-૧૮-૨૬ |
| ૧૫) થાક | ૨૮ + નવશેકું પાણી પીવું |
| ૧૬) વાઇ-ફેફરું | ૧ થી ૫ - ૩૦ |
| ૧૭) એનીમિયા | ૩૭ |
| ૧૮) હરસ મસા | ૧૦, કબજિયાત માટે ઉપચાર, દિવસમાં પ્રવાહી વધારે પીવું |

| રોગ | પોઇન્ટ |
|---|---|
| ૧૯) હર્નિયા સારણગાંઠ | ૧૧ |
| ૨૦) વાળ ખરવા | બધી આંગળીયોના નખ એકબીજા સાથે ૧૦ મિનિટ ઘસવા |
| ૨૧) લો બ્લડપ્રેશર | ૪-૨૨-૨૩-૨૫-૨૮ |

| | |
|---|---|
| હાઇ બ્લડપ્રેશર | ૪-૨૫-૨૮ |
| ૨૨) હાર્ટ એટેક | બધાં જ પોઇન્ટ બે વખત, ૩૬ |
| ૨૩) આંખના રોગ તથા મોતિયો | ૩૫ રોજ કરવાથી મોતિયો થશે નહિ અને શરૂ થતો મટી જશે |
| ૨૪) કાનના રોગ, રસી, બહેરાશ | ૩૧ |
| 25) બાળકોના રોગ શરદી, ખાંસી, તાવ | ૧ થી ૭ - ૩૦, ૩૪ |
| બાળક રડતું હોય ત્યારે | ૧ થી ૭-૨૩-૨૭ |
| વિકાસ ન થતો હોય, વધુ પડતો થતો હોય | ૩-૮-૩૮ |
| આંચકી ખેંચ | ૧ થી ૫-૨૮-૨૮ |
| ૨૬) સ્ત્રીઓના રોગ માસિક અંગે બધી ફરિયાદ તથા હોર્મોનની ખામી | ૧૦-૧૧-૧૨-૧૪,૧૫ જ |
| કમરનો દુઃખાવો | ૯-૧૬(હથેળીનાં પાછળનાં ભાગમાં |
| માનસિક તાણ નર્વસ બ્રેકડાઉન | ૧થી૪, |
| ૨૭) દમ-ખૂબ છીંક, તાવ અને ક્ષય | ૧થી ૭-૩૦-૪૪, હાથ, પગનાં ટેરવાં |
| ૨૮) સંધિવા-આર્થ રાઇટીસ રૂમેટિઝમ પેરેલિસિસ પોલિઓ | બધાંજ પોઇન્ટ, પગનાં ટેરવાં, તાંબાંનું પાણી |
| ૨૯) ડાયાબિટીસ મધુપ્રમેહ | ૨૫-૨૬ |
| ૩૦) યૌવન ટકાવવા | બધાંપોઇન્ટ, જમણી કોણી અને કાંડા વચ્ચે એક ઇંચમાં પ્રેશર આપવું |

**સરળ રીત**

બધા બિંદુઓ હથેલીની નીચે એક ઇંચ સુધીમાં આવેલા છે. એટલે તંદુરસ્તી જાળવવા અને રોગ થતાં અટકાવવા, દરરોજ બંને હથેળી અથવા પગનાં તળિયામાં પાંચ/પાંચ મિનિટ સારવાર કરો. જો કોઇ રોગ હોય તો ઉપર જણાવ્યા મુજબના બિન્દુઓ પર દિવસમાં ત્રણ વખત બે બે મિનિટ પંપીંગની જેમ સારવાર કરો. શરૂઆતમાં બે ત્રણ દિવસ પરિણામ ન મળે તો અટકવું

નહીં. આ દબાણ બિન્દુ અને તેની આજુબાજુ આપવાનું છે.

બિંદુ ન. ૩, ૪, ૮, ૧૧ થી ૧૫, ૨૫, ૨૮ અને ૩૮ અંતઃસ્ત્રાવી ગ્રંથિઓના છે. તે શરીરમાં ઊંડે છે એટલે ત્યાં થોડું વધારે ભાર આપીને દાબવું. બધા બિન્દુઓ પર દબાણ આપ્યા પછી કીડનીના બિંદુ નં ૨૬ પર દબાણ જરૂરી છે. ૪૦/૪૫ વર્ષની કે વધુ વય હોય તેમણે નીચેના ચિત્ર મુજબ માત્ર જમણા હાથમાં હથેળી અને કોણીની વચ્ચે આવેલ એક ઇંચના વર્તુલમાં બે મિનિટ પંપીંગની જેમ દબાવવું. આમ કરવાથી વૃધ્ધાવસ્થા આવતી અટકે છે અને જેમની ઉમર ૪૫/૫૦ થી વધુ હોય તેમને અનુભવ થશે કે તેમની કાર્યશક્તિ ૪૫/૫૦ વર્ષની વયે હતી તેટલી થતી જાય છે અને જીવનપર્યંત તેવી શક્તિ ચાલુ રહેશે.

### કેટલું દબાણ આપવું

હથેળીમાં બિંદુ ન. ૩, ૪, ૮, ૧૧ થી ૧૫, ૨૫, ૨૮ અને ૩૮ સિવાય બધી જગ્યાએ આપણને લાગે કે દબાણ આપ્યું છે તેટલું જ દબાણ પંપિંગની જેમ આપવાનું છે. વધારે નહિં જ્યારે અંતઃસ્ત્રાવી ગ્રંથીઓના બિંદુ ન. ૩, ૪, ૮, ૧૧ થી ૧૫, ૨૫, ૨૮ અને ૩૮ પર ભારપૂર્વક વધુ દબાણ આપવું જરૂરી છે.

### દબાણ ક્યારે આપવું

દિવસના ૨૪ કલાકમાં ગમે તે સમયે એક્યુપ્રેશરનું દબાણ આપી શકાય છે છતાં ભોજન પછી એક કલાક સુધી દબાણ ન આપવું હિતાવહ છે, જેથી પાચન ક્રિયામાં ખલેલ ન પડે.

### કેવી સ્થિતિમાં દબાણ લેવું

સૂતા, બેઠા, ઉભાકે દોડતા હોઇએ ત્યારે પણ આ દબાણ લઇ શકાય.

એક્યુપ્રેશર પદ્ધતિ આપણા મગજમાં રહેલ બેટરીમાંથી ઉત્પન્ન થતી વિદ્યુત પર આધારિત છે અને આ બેટરી દરરોજ રીચાર્જ કરવી જરૂરી છે -

જે નીચે મુજબ કરી શકાય

૧) સારી ઊંઘ લેવી

૨) નવશેકાથી વધુ ગરમ પાણી પીવું.

૩) પાણી ઉકાળીને બનાવીએ ત્યારે તેમાં

| | |
|---|---|
| સોનું (બંગડી કે ચેઇન) | ૧૫ ગ્રામ |
| શુદ્ધ ચાંદીની લગડી કે સિક્કા | ૩૦ ગ્રામ |
| તાંબાના સીક્કા/પ્લેટ/વાસણ | ૬૦ ગ્રામ |
| અને નોન ગેલ્વેનાઇઝ્ડ લોખંડના ખીલ્લાં | ૬૦ ગ્રામ |

આ બધું સ્વચ્છ કરીને ૪ ગ્લાસ પાણીમાં નાંખીને ઉકાળવું . (સ્ટેઇનલેસ સ્ટીલનું વાસણ ચાલે) ૩ ગ્લાસ પાણી રહે તે ઉત્તમ ટોનિક છે અને દરેક વ્યક્તિ, બાળકો, વૃદ્ધો, સગર્ભા બહેનો ૧ ગ્લાસ પાણી દરરોજ પી શકે. આ પાણી બહુ ઉપયોગી છે. ૪ ગ્લાસમાંથી ૨ ગ્લાસ પાણી ઉત્તમ એન્ટીબાયોટિક દવા બને છે અને દરેક પ્રકારના રોગો માટે દવાની જેમ ઉપયોગી કરી શકાય છે.

આ પદ્ધતિ વિષે સંપૂર્ણ જાણકારી મેળવવી હોય તો ડૉ. દેવેન્દ્ર વોરાનાં પુસ્તકો

Health In Your Hands

ગુજરાતીમાં - તંદુરસ્તી તમારા હાથમાં

ભાગ ૧ - ભાગ ૨ પ્રકાશનમાં છે

વાંચો અને માત્ર તમારા કે તમારા કુટુંબના જ નહીં પણ સમાજને ઉપયોગી ડૉક્ટર બની શકશો.

# સર્વોદય અને પૂ. વિનોબાજી

પ્રવીણાબેન ગાંધી

(અમદાવાદ સ્થિત જૈનધર્મના અભ્યાસુ પ્રવીણાબેને દરિયાપુરી સંપ્રદાયના સંત સતીઓના જીવન ક્વન પર પુસ્તક સંપાદન કર્યું છે.)

વિનોબાજીએ કહ્યું છે કે મહાવીર, બુધ્ધ, ઈશુએ પ્રેમ, અહિંસા, સત્ય અને કરૂણાના મંત્રો જગતને આપ્યા પણ એ તો આત્માના હિતની વાત થઇ. જગતના સુખની વાત નથી. સામાજિક સમસ્યાઓનો તેમાં કોઇ ઉકેલ નથી. મધ્યયુગમાં તુલસી, ચૈતન્ય દેવ, શંકરદેવ, તુકારામ, વગેરે ભક્તોએ પણ आत्मानो हिताय जगत : सुखाय च તેઓએ પોતાના હિત માટે જનતાના સુખની નહીં પણ પોતાનું હિત અને જગતના સુખની વાત કરી.

વિનોબાજીએ આગળ કહ્યું કે ધાર્મિક, ભાષાકીય, જાતિઓના ઝઘડા અને આર્થિક મુશ્કેલીઓ આવવાથી જોડાયેલા દિલ જુદા થઇ જાય છે. આ માટે ગ્રામ-સ્વરાજ્ય એ દિલ જોડવાની એક યુક્તિ છે તેથી ભૂમિદાન યજ્ઞનું કામ શરૂ કર્યું. કારણ ભૂમિની માલિકીનો ખ્યાલ ધર્મવિરુદ્ધ છે. તેથી હું પ્રેમથી અને હક્કથી માંગતો. લોકોના એવો આક્ષેપ હતો કે ભૂમિદાનથી જમીનના નાના નાના ટુકડા થઇ જાય છે. પણ મારો જવાબ હતો કે જમીનના ટૂકડા કરવા નહીં પણ દિલના થયેલા ટુકડાને જોડવાનો મારો પ્રયાસ છે. ઈશ્વર કૃપાએ દરેકની પાસે શ્રમ, સંપત્તિ, બુદ્ધિ, પ્રેમ કાંઇકને કાંઇક છે જ. જો તેને પોતાના ઘર પૂરતી માત્ર બંધિયાર રાખીશું તો તેની તાકાત એટલી ઊભી નહીં થાય જેટલી તેને ગામને સમર્પિત કરવામાં આવે તો જ ગામડું દરેક જીવન જરૂરિયાતની બાબતમાં સ્વાવલંબી થશે. તેને આર્થિક આક્રમણથી બચાવવાનો એક માત્ર ઉપાય છે ગ્રામદાન જે સંરક્ષણનું એક પગલું છે.

ભલે કદાચ ગ્રામદાન, ભૂદાન, વગેરેથી જમીનનાં માત્ર પ્રશ્ન હલ થવો એ નાની વાત છે, પણ મોટી વાત તો એ છે કે તેનાથી ચિંતનનું સ્તર ઊંચું ઊઠે છે. અમારું આખું ગામ એક કુટુંબ બનશે, પરસ્પર સહયોગથી કામ કરીશું, હું મારે માટે નહીં પણ સમાજને માટે કામ કરીશ. દરેક ધર્મોની જુદી જુદી સભ્યતાની અભદ્ર વાતોને મિટાવવા માટે જ ગ્રામદાન છે. આગળ તેઓ કહે છે કે સંપત્તિની પણ જેટલી વહેંચણી થાય એટલું સમાજનું કલ્યાણ થાય છે. ઝરમર વરસતો વરસાદ તો સર્વત્ર માટીના એકએક કણને ભીંજવીને અલંકૃત કરે છે. ખાદીમાં પણ એવી જ દિવ્યતા છે, વ્યાપકતા છે. મીલના કાપડની ખરીદીથી પૈસા શ્રીમંતોની તિજોરીમાં જાય છે, જ્યારે ખાદી દ્વારા અત્યંત કંગાલ, મહેનતું અને કંગાલ મજૂરોમાં દ્રવ્યની વહેંચણી થાય છે. અહીં ગુપ્ત દાન છે. દાતાને ખબર નથી હું દાન આપું છું. લેનાર પોતાના શ્રમનું મહેનતનું સમજી લે છે. આ કેવું દાન ! તે કોઇને દીન ન બનાવે.

વિનોબાજીએ કહ્યું કે મંદિરોમાં દર્શન કર્યા વગર વર્ષોથી હરિજન પાછા ફરતા. ૨૦-૨૫ વિદેશી યાત્રિકોને તેમની સાથે મંદિર પ્રવેશ ન મળતા પાછા ફરવું પડયું હતું. એક ફ્રેન્ચ બહેનને લઇને જતા પણ મંદિરમાંથી પાછા ફરવું પડયું હતું. તેમણે કહ્યું કે હું એકાકી વિચરી રહ્યો છું. ઉપર આકાશમાં સૂર્ય એકલો વિચરી રહ્યો છે. હું નીચે ધરતી પર એકાકી વિચરી રહ્યો છું. રવિબાબુનું પદ યાદ કરતા કહે છે એકલો જાને....રે ઓ અભાગી...પણ હું તો મારી જાતને ભાગ્યવાન ગણું છું. તેથી હું ગામેગામ ફરી રહ્યો છું. કોઇ પૂછે છે કે મારી આ ભૂદાન યાત્રા ક્યાં જઈ રહી છે તો હું કહું છું કે મારી યાત્રા જનતારૂપી વિઠોબાના દર્શને જઇ રહી છે. દરેક ઘર મારૂં તીર્થ સ્થાન છે. તેમાં વસતા આબાલવૃધ્ધો મારા દેવો છે. ૧૯૪૨ માં આંદોલન અંગે પોતે જેલમાં હતા ત્યારે સ્વરાજ મેળવવા માટે આપણે કાંઇક કરી છૂટવું જોઇએ એ વિષે એમણે બોલતા કહ્યું હતું કે આપણે જો હરિજનો માટે મંદિર ખુલ્લુ ન રાખી શકીએ તો સ્વરાજ્ય મેળવવાનો આપણને શું અધિકાર છે ? લોકમાન્ય તિલકે કહ્યું કે સ્વરાજ્ય આપણો જન્મસિદ્ધ અધિકાર છે તે તેવાં આચરણથી

સ્વરાજ્ય ટકશે કેવી રીતે ? સાને ગુરુજીએ ઘોષણા કરી કે જ્યાં સુધી હરિજનોનો મંદિર પ્રવેશ ન થાય ત્યાં સુધી પોતે ઉપવાસ ઉપર ઉતરશે અને હરિજનો માટે મંદિરના પ્રવેશ દ્વારો ખુલ્યા. પૂ. ગાંધીજી હરિજનોને લઇને મંદિરમાં જતા અને તેમને માર પણ ખાવો પડતો. પોતે ઉપવાસ ઉપર પણ ઉતરતા. બે વર્ષના આ બનેલા બનાવોમાં ખાસ હૃદયપરિવર્તન દેખાયું ન હતું પણ એક, બે છાપાઓ સિવાય ૨૦-૨૫ છાપાઓએ મંદિર-પ્રવેશ ન કરવા બાબત કડક ટીકાઓ કરી. પછી મંદિરમાં તેમને આમંત્રણ મળ્યું. વિનોબાજી કહે છે કે મંદિર પ્રવેશનો આગ્રહ ન રાખું તો હિંદુ ધર્મની શાખ નહીં રહે. મુસલમાનોએ મસ્જિદોમાં શીખોએ ગુરુદ્વારામાં, ખ્રિસ્તીઓએ ચર્ચમાં અત્યંત પ્રેમથી મારૂં સ્વાગત કર્યું. અજમેરની દરગાહમાં દસહજાર મુસલમાનો વચ્ચે મને બોલાવ્યો. નમાજમાં બેઠો, ગીતા પ્રાર્થના પણ કરી. વેદાંત અને બૌધ્ધ મતનો સમન્વય કરતો બૌધ્ધગયામાં તેમણે સમન્વય આશ્રમ ખોલ્યો. બૌધ્ધ લોકોએ પ્રેમથી કહ્યું કે બુધ્ધે જે ધર્મચક્ર પરિવર્તન કર્યું હતું તેને જ વિનોબાની યાત્રા આગળ ચલાવી રહી છે. ખ્રિસ્તીઓના ચારેય પંથના બિશપોએ પત્રિકામાં છપાવ્યું કે વિનોબા જે કામ કરી રહ્યા છે તે ભગવાન ઈશુનું જ કામ છે. તેથી બધાં દેવળોએ સહકાર આપવો.

આ રીતે હિંદુ ધર્મનાં મંદિરોના દરવાજા ખુલ્યા. કહો કે બધાંના હૃદયના દરવાજા ખુલ્યા.

आ नो भद्रा : कतवो यन्तु विश्वत:

દુનિયાભરના મંગલ વિચારો આપણી પાસે આવે. આપણે બધાં વિચારોનું સ્વાગત કરીએ.

# જપ અને ધ્યાનના સંદર્ભે ભિન્ન ભિન્ન જૈન સાધના પધ્ધતિ

મંજુલાબેન વસા

(ઘાટકોપર જૈન સંઘના ભૂતપૂર્વ પ્રમુખ અને મહિલા મંડળના પૂર્વ પ્રમૂખ મંજુલાબેન જૈનધર્મના અભ્યાસુ છે અને જૈન શિક્ષણ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે.)

આપણો જૈન ધર્મ ઘણોજ સૂક્ષ્મ તથા વિશાળ જ્ઞાનવાળો છે. તેમાં અહિંસા, સત્ય, અચૌર્ય, તપ, ધ્યાન, જપ આદિ અનુષ્ઠાનોની વિવિધ પ્રકારે વિવિધ શાસ્ત્રોમાં નિરૂપણ કરવામાં આવેલ છે. જૈનધર્મ એ કોઇ વ્યક્તિગત ધર્મ નથી પણ જેમાં વ્યક્તિ કરતાં તેનામાં રહેલા આંતરિક ગુણોને મહત્ત્વ આપે છે. જપ અને ધ્યાન એ જૈન ધર્મના મહત્ત્વના અંગો છે. જેના વિષે આપણે વિશેષ લક્ષ આપવાની જરૂર છે કે જેનાથી કર્મની નીર્જરા થઇ શકે.

ધ્યેય પદાર્થના વિષયમાં અતૂટ તેલની ધારા જેવું છે. જે ચિત્ત વૃત્તિનો પ્રવાહ છે. તેને ધ્યાન કહેવામાં આવે છે.

*ધ્યાયતે વસ્તુ આનેન ઈતિ ધ્યાનમ*
*ચિન્તયતે વસ્તુ ચૈરિત ધ્યાનાતિ*
*ધ્યાયતે વસ્તુ અનેનેતિ ધ્યાન*

ઠાણાંગસૂત્રના વિશેષાર્થ આ ધ્યાન શબ્દનો અર્થ સમજાવતાં શ્રી પંડિત મુનિ કનૈયાલાલજી મ. સાહેબે કહ્યું છે કે જેના દ્વારા વસ્તુનું ચિંતન કરવામાં આવે તેને ધ્યાન કહે છે. કોઇ પણ એક વસ્તુ પર મનને એકાગ્ર કરવામાં આવે તેને ધ્યાન કહેવાય. તે ધ્યાન એક અંતર્મુહૂર્ત કાળ સુધીની જ ચિત્તની સ્થિરતા રૂપ હોય છે.

આવા ધ્યાનના ચાર પ્રકાર છે.

૧) આર્તધ્યાન

૨) રૌદ્રધ્યાન

૩) ધર્મધ્યાન

૪) શૂક્લ ધ્યાન

આર્તધ્યાન તથા રૌદ્રધ્યાન તો વર્જ્ય છે. છતાં પણ તેને જાણવા અને સમજવા એટલાજ જરૂરી છે.

સ્વયં ભગવાન દ્વારા રચાયેલ, પૂ. ગુરુવરો દ્વારા સિદ્ધ કરાયેલ મંત્ર જ્યારે ભક્ત અનન્ય શ્રદ્ધા ભક્તિ ભાવનાથી બોલે છે અને એ વારંવાર બોલે ત્યારે તેની રગેરગમાં આ મંત્રનું રટણ લોહીની જેમ વહેવા લાગે છે અને તેના રોમેરોમ પુલકિત બને છે. તેને ધ્યાન (જપ) કહેવાય.

આવી જાપની વ્યાખ્યાને અનુસરીને મંત્ર જાપ કરવામાં આવે છે. તેમાં એવી અમોઘ શક્તિ પ્રાપ્ત થાય છે કે જે કર્મોની પ્રખર નિર્જરા કરાવે છે અને આત્મા પર લાગેલા કર્મો (જેમ સાબુથી મેલ ધોવાય જાય) નીર્જરે છે અથવા તો ક્ષીણ થઇ થાય છે અને મંત્ર જાપથી તનને અને મનને પરમ આત્મિક શાંતિ મળે છે. જે જપનો અસંખ્ય વાર રટણ કર્યા પછી પણ જો મન શાંત ન થાય, આત્મિક આનંદ ન અનુભવાય તો આપણે પોતેજ શોધ કરવાની રહે છે કે જાપ સાધનામાં આપણી ક્યાં ભૂલ છે. ભૂલ ના મૂળને શોધી વળી પાછી તેવી ભૂલ ન કરતાં શ્રદ્ધેય ગુરુવર્યોના સાથ અને સહકારથી જે જપસાધના થાય છે તે પરમ ફળદાયી હોય છે.

આવી જપ સાધના પૂ. ગુરૂવર્યો વિવિધ પ્રકારના મંત્રો સિધ્ધ કરી અને કરાવે છે ત્યારે તેની ઉર્જા તેના શબ્દોના ધ્વનિથી જે વાતાવરણ સર્જાય છે તે ખરેખર અવર્ણનીય હોય છે અને આત્મા સુધી તે જપ ના શબ્દો પહોંચે

છે અને તેની આલ્હાદક અસર આપણે પોતે અનુભવીએ છીએ. જાણે કે આપણા આત્માનો સાક્ષાત્કાર થતો હોય અને એજ આત્મિક આનંદ વધુને વધુ સક્રિય કરવા આગમાં ઈંધન નાખતા આગ વધુને વધુ પ્રજ્વલીત બને તેમ વધુને વધુ સમય અને પરમ શ્રદ્ધાથી કરેલ મંત્ર જાપ પરમાત્મા સુધી લઇ જાય તેવી જાપની પરમ શક્તિ છે.

વિવિધ પ્રકારના જાપમાં સૂર, લય, તાલ તથા શ્વાછોશ્વાસની પ્રક્રિયા પણ એટલીજ મહત્ત્વની છે કે જે તમારામાં આત્મિક ઉર્જા આપી આત્મા જ્યોતિ પ્રગટાવી શકે.

આત્માના ધ્યાને ભવના બેધ્યાન તુટી જાય છે.

આપણો પરમ કલ્યાણક મહામંત્ર નવકાર નો જાપ એવો છે જેને કોઇ સમય તથા વાતાવરણ નું બંધન નથી. ગમે ત્યારે ગમે તે પરિસ્થિતિમાં તમે પરમ શ્રદ્ધા ભક્તિ ભાવનાથી કરો તો પણ ફળદાયી છે.

ધ્યાન માટે શરૂઆતમાં મન એકાગ્ર ન બને. હલચલ મચી જાય તેને પ્રયત્ન કરી સ્થિરતા લાવવી. મનને પણ લગામ રાખવી. જેવા તેવા વીચારો આવવા ન દેવા. એકાગ્રતા જેમ કેળવાશે તેમ ધ્યાન તરફ વધું ઊંડા જવાશે અને લક્ષબિંદુ સાધ્ય થશે. આ ધ્યાન ઋષી મુનિઓએ કરેલ છે.

## જપ અને ધ્યાનના સંદર્ભે ભિન્નભિન્ન જૈન સાધના પધ્ધતિ

રશ્મિ સંઘવી

(જૈનદર્શનના અભ્યાસુ ઘાટકોપરના રશ્મિબેન, જૈનશિક્ષણ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે.)

*ધ્યાન ધૂપં મનઃ પુષ્પમ ! પંચેન્દ્રિય હુતાશનં*
*ક્ષમા જાપ સંતોષ પૂજા દેવ નિરંજન નમો સિદ્ધ નિરંજનં*

આવી સરસ ભાવનાભરી ભક્તિ કે જેમાં ધ્યાન તથા જપ બન્ને સમાયેલા છે. જેવી મતિ એવી ગતિ તેવા ન્યાયે. સિદ્ધ પ્રભુનું ધ્યાન ધરતાં, સિધ્ધ પ્રભુના નામના જાપો જપતા, સિધ્ધ પ્રુભુના ગુણોનું અવલોકન કરતા તેમનામય બની જવાનો પુરુષાર્થ કરતા, તેમના ગુણો જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરતાં, આપણું ધ્યેય-મંજિલ નક્કી થશે. દિશા સૂઝશે. માર્ગમાં આવતાં બંધનો-કષાયો-કુધ્યાનો-હિંસાદિ પરિણામોને જળમૂળથી ઉખેડવા પડશે. ખડકાળ જમીનને ખોદી ખોદીને ખેડૂત પણ તેને સમથળ કરી બીજ રોપે છે અને પછી તેની જાળવણી યોગ્ય રીતે કરે છે તો બી એક વટવૃક્ષ રૂપે કે અનાજરૂપે કે ફળરૂપે આવે છે. તેવી જ રીતે આપણે પણ આપણું ધ્યેય - મંજિલ શોધવાની છે તે મંજિલને અનુરૂપ આપણું જીવન - ઘડતર હશે તો જ આપણે કાંઇક પામી શકીશું. છોડવાનું શું છે તેનું પણ જાણપણું એટલું જરુરી છે જેટલું ગ્રહણ કરવાનું. આવા પરમ ધ્યેયને સિદ્ધ કરવા આપણા જીવનબાગને સદ્ગુણોની મહેકથી મહેકાવવા સદ્ગુરુ રૂપ માળીની આપણને જરુર છે.

*કદમ જેના અસ્થિર છે તેને રસ્તો પણ જડતો નથી*
*અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી*

હે પ્રભુ તારા ભણી મારે અસ્થિર કદમથી આંધળી દોટ નથી મૂકવી કે પાછળથી પસ્તાવું પડે પણ જે જપ જે ધ્યાન કરું તે નિશ્ચયથી ગમે તેટલી મુશ્કેલી વચ્ચે પણ મારી સાધના ખંડિત ન થાય તેવું મને એકાગ્ર કરતું ધ્યાન આપજે !

હૈયે હોય તે હોઠે આવે - હોઠથી નીકળેલા એ મંગલમય પ્રભુના નામના રટણના શબ્દો જ્યારે વાતાવરણમાં ગુંજવા લાગે છે, જપ કરે તેના તો રોમે રોમ પુલકિત થાય પણ તેની આજુબાજુનું વાતાવરણ પણ એટલું જ પવિત્ર, આહલાદક અને નિર્મળ બની જાય કે તે જગ્યાએ કોઇ મોટો ગુનેગાર પણ આવીને બેસે તો તે પણ પોતાના ગુના કબૂલ કરી અને પ્રાયશ્ચિતની પુનિત ગંગામાં પોતાના પાપો ઝબોળી પવિત્ર થઇ જાય , તે જ સાચા અંતરના ઊંડાણથી નીકળેલા જાપ છે. આવા જાપના રટણથી એવું સાત્ત્વિક વાતાવરણ ધૂપની જેમ મધમધતું બની જાય છે.

જાપ વહેલી સવારમાં સૂર્યોદય પેલાં નીરવ શાંતિમાં એકાગ્ર ચિત્તથી થઇ શકે છે. ઘોંઘાટવાળું વાતાવરણ જપ ધ્યાનમાં એકાગ્રતા રહેવા દેવું નથી યોગ્ય વાતાવરણ પણ મનની એકાગ્રતા પર અસર કરે છે. જે જગ્યાએ ધ્યાન-જપ કરતા દોઇએ તે જગ્યાનું ઉષ્ણતામાન બહારના વાતાવરણ જેવું જ હોવું જરુરી છે. એ. સી. કે પંખા નીચે ધ્યાન કરવાથી ધાર્યું પરિણામ આવતું નથી.

જપ-ધ્યાન કરતી વખતે શ્વેત ગણવેશ પહેરવાથી તેની અસર વાતાવરણને પણ શાંતિમય બનાવે છે. શ્વેત રંગ શાંતિ અને શુદ્ધતાનો પ્રતિક છે.

જપ-ધ્યાન માટે ઊણોદરી તપ, વિગયનો ત્યાગ હોય તો ધ્યાન વધુ ને વધુ વિશુદ્ધ થાય છે. શરીર હલકુ અને સ્વસ્થ હોય તો આળસ ન આવે અને મન સ્થિર રહે.

જપ-ધ્યાન કરતાં હોઇએ તે રૂમમાં નજર સામે એક એવું શુભ ચિત્ર હોવું પણ જરૂરી છે. ઓમ-નવકારમંત્ર વગેરે, કે જેથી મન ચલિત થવાનો પ્રયત્ન કરે તો તે ચિત્ર કે વસ્તુ પર નજર પડતા જ મનની વ્યગ્રતા દૂર થઇ જાય. આગમદર્શન કે જપના શબ્દો પણ નજર સામે આવે તો પણ તે ચિત્તની એકાગ્રતા રખાવી શકે. મૂર્તિપૂજક શ્રાવકો-શ્રાવિકાઓ સ્થાપનાજી રાખે છે, જેનાથી તેના ઉપર નજર જતા અસ્થિર મન સ્તિર થઇ શકે. આવી નાની લાગતી સામન્ય બાબતોનું પણ ઘણું જ મહત્ત્વ છે.

આજના Jet યુગમાં કોઇ પણ વ્યક્તિ પાસે સમય જ નથી. પૈસાની પાછળ આંધળી દોટ મુકવા સિવાય બીજું કશું જ નથી.

Ray Of Inspiration Gives The Light Of Knowledge પ્રેરણાનું એક કિરણ જ્ઞાનનો પ્રકાશ આપે છે. જપ પણ એક પ્રકારનું સ્વાધ્યાય તપ જ છે, તેવું કથન પૂ. નમ્રમુનિ મહારાજ સાહેબ અનુમોદિત ઉવસગ્ગહરં સ્તોત્રમાં કહેલ છે. જપ સ્વાધ્યાય દ્વારા ભારે કર્મો હળવા બને - તીવ્રફળ આપનારા કર્મો મંદ ફળદાયી બને. જપ સાધના વધતી જાય તેમ તેમ કર્મો ક્ષીણ થતા ઉપસર્ગો - મુશ્કેલીઓ બીમારીઓ રોગો, પ્રતિકુળતાઓ શાંત થઇ જાય છે. જાપનો મંત્ર સિધ્ધ કરાયેલ ગુરુવર્યો પાસેથી સ્વીકારી તેની આરાધના કરવાની વિધાનું અક્ષરસહ પાલન કરવામાં આવે તો તે સાધના ઉત્તમ ફળદાયી બને છે. અમુક પ્રકારની સિદ્ધિઓ, કર્મોની નિર્જરા, જ્ઞાન, લબ્ધિઓને પ્રાપ્ત કરવા અમુક મંત્ર સ્તોત્ર વિધી-વિધાન સાથે ગુરુગમથી કરવામાં આવે તો તે ઘણાજ શુભ હોય છે. ઉત્કૃષ્ટ ભાવે આપેલો ગુરુમંત્ર ઉત્કૃષ્ટ ભાવ અને પરિણામ લાવ્યા વિના રહેતો જ નથી અને એમાં આશ્ચર્ય પણ શું છે ?

નવકાર મંત્રના જાપ એવા છે કે જે કોઇ પણ વાતાવરણમાં કોઇ પણ સમયે અને ગમે તે પરિસ્થિતિમાં થઇ શકે છે. આવા પરમ નિસ્વાર્થી ગુરુવર્યો અને ગુરુણીઓના ઉપકારો માનીએ એટલા ઓછા છે.

*"લાખ ગુણે તમે ગુરુના સંભારજો અંતરમાં આનંદ ઉભરાય"* આવા પરમ પુનિત ગુરુવર્યોના દૂરથી પણ ભાવ દર્શન કરતા મન પુલકિત થઇ ઊઠે છે.

પૈસા ખરચવાથી ધ્યાન નહીં દૈહિક સટ્ટતા મળે છે. જપની પ્રભાવનાની લાલસાથી આત્મીય લજ્જા ગુમાવી બેસાય છે. જે જપ કે ધ્યાન અંતરના બંધ દ્વારને ખોલી નાખે- અંતરને નિર્મળ બનાવી શકે - રાગ-દ્વેષની ગ્રંથિઓને તોડી શકે તે જ જાપ , તે જ ધ્યાન સાચા અર્થમાં આત્મિક ઉત્થાન કરાવનાર છે. જેમ જેમ સંખ્યા અને સમય વધતો જાય તેમ તેમ આત્મિક આનંદ સાગરની જેમ ઉછાળા મારે રોમેરોમ પ્રભુની લગનથી પુલકિત બની જાય. તિન્નાણં - તારિયાણં જેવા ગુરવર્યો અને મહાનુભાવો પોતાની પરમ શુદ્ધ વિશુદ્ધ ભાવનાથી આપતા રહે અને અમારા જેવા પામર પણ તેટલી જ ભાવનાથી જપ-ધ્યાન કરતા રહીશું તો જરૂર તેનું પરિણામ શ્રેષ્ઠ રહેશે.નાના બાળકની રડવાની કોઇ ભાષા નથી હોતી તેવી જ રીતે જપ-ધ્યાનની રીત-નિયમો થોડા અલગ હોઇ શકે પણ બધાં એક જ આત્મસુખ તરફ જ વળેલા છે.

આવા પરમ સમ્યકત્વી જપ-ધ્યાનની સાધકોની સાધનામાં દિન પ્રતિદિન વધારો થતો રહે, તેઓ પણ બીજા આત્માઓને આ તરફ વાળતા રહે તે જ મંગલ પ્રાર્થના.

# ભક્તિ મુક્તિની દુતિ

વર્ષા પી. દોશી

(જૈનદર્શનના અભ્યાસુ મુંબઇના વર્ષાબેન ડૉ. કલાબેન શાહના માર્ગદર્શન હેઠળ ભક્તિ સાહિત્યપર પીએચ.ડી નો અભ્યાસ કરી રહ્યા છે.)

*"ભૂતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાહી રે"*

ભક્તિ એવો પદાર્થ છે જે બ્રહ્મલોકમાં પણ નથી. ભક્તિ પદારથ ભૂતળનું વિશિષ્ટ સદ્ભાગ્ય છે. ભગવાન તરફથી ભૂતળને મળેલું એક વિશિષ્ટ વરદાન છે.

ભક્તિ એટલે આત્માનો પરમાત્મા પ્રત્યેનો પ્રેમ. ભક્તિપથમાં હૃદય આધારસ્વરૂપ છે. હૃદયમાં અનુભવાતો ભાવ એ જ ભક્તયોગનો પાયો છે. એ ભાવની વ્યાખ્યા આપવાનું શક્ય નથી. એ તો હૃદયની અનુભૂતિ છે. તેથી અનુભવગમ્ય છે. જ્યારે હૃદયની આ ભાવધારા ભગવાન તરફ વહે ત્યારે તે ભક્તિનું સ્વરૂપ ધારણ કરે છે.

શ્રદ્ધા - પ્રેમ અને સમર્પણની ત્રિપુટી એ ભક્તિપથના ત્રણ દેવતા છે. ત્રણે અરસપરસ અનિવાર્ય રીતે જોડાયેલા છે. શ્રદ્ધાની ગંગોત્રીમાંથી પ્રેમની ગંગા વહે છે અને સમર્પણના સાગરમાં સમાય છે. બીજી રીતે કહીએ તો ભગવાનમાં શ્રદ્ધા એ ભક્તિનો ઉદ્ગમ છે. ભગવાન પ્રત્યેનો પ્રેમ એ ભક્તિની વિકાસયાત્રા છે અને ભગવાનને વિશેષ સમર્પણ એ ભક્તિની પરિણતી છે.

જૈનદર્શનના ષડ્આવશ્યકમાં સમતા પછી ભક્તિને બીજું આવશ્યક બતાવવામાં આવ્યું છે, તેથી દરેક સાધકની એ ફરજ છે કે એ તીર્થંકરોની ભક્તિ કરે. કારણ કે વીતરાગ દશાને પામેલા શ્રી જિનેશ્વર ભગવાન રાગ-દ્વેષ, મોહાદિ જેવા સમસ્ત અંતરંગ શત્રુઓને જીતી લઇ, સકલ કર્મકંટકનો

પરાજય કરી, શુદ્ધ સહજ આત્મ સ્વરૂપમાં બિરાજમાન થયેલા શુદ્ધ આત્મા છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંત વીર્યથી યુક્ત એવા મુક્ત સિદ્ધ પરમાત્મા છે. એવા પરમયોગી સાક્ષાત શુદ્ધ સ્વભાવમય મોક્ષને પામેલા સિદ્ધ આત્માને આદર્શ સ્થાને સ્થાપી, તેની એકનિષ્ટ આરાધના, ભક્તિ કરવી, એ માનવભવનો દુર્લભ લ્હાવો છે.

વળી પ્રભુના સમાધિસ્થ સ્વરૂપના દર્શનથી ચિરવિસ્મૃત નિજ સ્વરૂપનું ભાન થાય છે.

*અજકુલગત કેસરી લહે રે, નિજ પદ સિંહ નિહાળ,*
*તિમ પ્રભુભક્તે ભવિ લહે રે, આતમશક્તિ સંભાળ*

જેમ કોઇ સિંહનું બચ્ચું જન્મથી ઘેટાનાં ટોળામાં વસ્યું હોય, ઉછર્યું હોય, તે પોતાને ઘેટું જ માની બેસે છે પણ ત્યાં એ કોઇ સિંહને જુએ છે ત્યારે તે એ સિંહને ધારીધારીને જુએ છે અને પાછું પોતાનું પણ સ્વરૂપ નિહાળે છે. ત્યારે તેને બન્નેનું સ્વરૂપ સમાન દેખાય છે. તેને ભાન થાય છે કે પોતે ઘેંટું નથી પણ સિંહશિશુ છે. તેમ આ આત્મા પણ અનાદિકાળથી પરભાવના સહવાસમાં વસેલો હોવાથી પોતાની સાચી ઓળખાણને ભુલી ગયો છે, પણ પ્રભુના પાવન દર્શનથી તે જિત સમ પોતાના આત્માની સ્વરૂપ સત્તા ઓળખે છે અને પરમાત્મા સમ બનવાની તીવ્ર ઝંખના જાગે છે.

જેવો ઉપાસ્ય આદર્શ તેવી સિદ્ધિ થાય છે. તેમ સાધક આત્મા પણ આદર્શ રૂપ પ્રભુને નિરંતર દષ્ટિ સન્મુખ રાખી નિજ આત્મસ્વરૂપની પૂર્ણ કલામય ઘટના કરે છે. પ્રભુના રૂપ દર્પણમાં નિજ સ્વરૂપનું દર્શન કરે છે. આત્મા પરમાત્માની ઉપાસના કરતાં કરતાં સ્વયં પરમાત્મા થાય છે. ઉપસ્યની ઉપાસનાથી ઉપાસક પોતે ઉપાસ્ય થાય છે.

જો ધર્મને શરીર કલ્પીએ તો ભક્તિ એ તેનું હૃદય છે, તેનો માર્મિક ત્યાગ છે. તેને જીવન આપનારી મહાન શક્તિ છે અને તો જ જગતના સર્વ ધર્મોમાં તે ઉત્તમ સ્થાન પામેલી છે. જો જ્ઞાની મહર્ષિઓએ ભક્તિયોગને આટલો ભવ્ય માન્યો ન હોત તો આટલાં મંદિરો, મસ્જિદો અને આટલાં તીર્થો કેમ હોત ? તેમજ ત્યાં પૂજા, આંગી તથા ભાવનાપૂર્ણ સ્તવનો, સ્તોત્ર, પૂજા, કીર્તન વગેરેનું આટલું વિપુલ પ્રમાણમાં સાહિત્ય શી રીતે નિમાર્ણ થાત ?



# ચતુર્વિધસંઘની વર્તમાન પરિસ્થિતિ અને પત્રકારની ભૂમિકા

ડૉ. કલા શાહ

(જાણીતા લેખિકા અને વક્તા છે. લાલા લજપતરાય કોલેજ મુંબઇ ગુજરાતી વિભાગના અધ્યક્ષ અને મુંબઇ યુનિ. ના પીએચ.ડી ના ગાઇડ છે.)

જૈનશાસનના અનુયાયીઓને સામૂહિક સંઘ તરીકે ઓળખવામાં આવે છે. સંઘના ચાર અંગો છે. સર્વવિરતિ યાને મહાવ્રતધારી સાધુ તથા સાધ્વીઓ અને દેશવિરતિ એટલે કે અણુવ્રતધારી શ્રાવક-શ્રાવિકાઓ. સામાન્ય અર્થમાં પહેલા બે અંગો સાધુ-સાધ્વીઓ એ સંસારત્યાગ કરેલો હોય છે, જ્યારે બીજા બે અંગો શ્રાવક-શ્રાવિકાઓએ ત્યાગ નથી કર્યો હોતો.

## ચતુર્વિધ સંઘની વર્તમાન પરિસ્થિતિ

વર્તમાન એટલે ભૌતિક સુખ સામગ્રી, સુવિધાઓમાં રાચવાનો સમય. નાનામાં નાના બાળકોથી માંડીને યુવાનો, ગૃહસ્થો, વયોવૃદ્ધો બધાં જ ભૌતિક સુખો પ્રાપ્ત કરવામાં પડ્યા છે. વર્તમાન પર "Global Culture" નું સતત આક્રમણ થઇ રહ્યું છે. માનવની રહેણી, તેનો પહેરવેશ, તેનો આહાર , તેના આહાર, તેના આચાર વિચાર બધાં પર ચોમેર પાશ્ચાત્ય અને ખાસ કરીને અમેરિકન સંસ્કૃતિનો પડેલો પ્રભાવ ઊડીને આંખે વળગે એવો છે.

જૈનધર્મ વિશ્વધર્મ બનવાની શક્યતા ધરાવતો ધર્મ છે. પંચ મહાવ્રતધારી શ્રમણ શ્રમણીઓના ત્યાગ, વૈરાગ્ય, તપ, ધ્યાન, સમતા, આત્મપરાયણતા તથા મોક્ષમાર્ગની અભિલાષા વગેરે સદ્ગુણો જૈનધર્મને ઊંચું સ્થાન અપાવે છે.

વર્તમાન જૈનશાસનના પ્રભાવનો વિસ્તાર વધ્યો છે. પ્રચાર અને પ્રસારની બોલબાલા વધી છે. ભારતમાં અને ભારતની બહાર વિવિધ શહેરોમાં જૈન એકેડેમીઓની સ્થાપના થઇ છે. લાડનૂમાં, પાટણમાં, બનારસમાં જૈન યુનિવર્સિટીઓની સ્થાપના થઇ છે. અમદાવાદમાં એલ.ડી. ઇનસ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલોજી, કેટલાક જૈન રીસર્ચ સેન્ટરો તથા વિરાયતન દ્વારા ૨૧મી સદીમાં મહાવીરના સિદ્ધાંતો વગેરે દ્વારા જૈન તત્ત્વજ્ઞાનનો અભ્યાસ વધ્યો છે. બૌદ્ધિકોની જૈન તત્ત્વજ્ઞાનને પામવાની ભૂખ વધતી જાય છે. ડૉક્ટરો, એન્જિનિયરો, ચાટર્ડ એકાઉન્ટન્ટો વગેરે જૈન તત્ત્વજ્ઞાન અને ધર્મના અભ્યાસમાં ઊંડા ઊતરી તેને વૈજ્ઞાનિક રીતે સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે. અમેરિકા, લંડન, જપાન વગેરેમાં જૈન દેરાસરો બંધાયા છે અને વિદેશમાં વસતા જૈન માબાપો પોતાના બાળકોને પોતાની માતૃભાષા દ્વારા તથા અંગ્રેજી દ્વારા જૈન સૂત્રો ભણાવે છે અને જૈનત્વને સાચવી રાખવાનો પ્રયત્ન કરે છે અને કેટલાક તો પીએચ.ડી પણ કરે છે. કેટલાક સાધકો અને સંતો પોતપોતાની રીતે જૈનધર્મના વિકાસ, પ્રચાર અને પ્રસાર માટે કાર્યરત છે. તેઓએ પરદેશમાં પણ જૈનધર્મના સિદ્ધાંતોના પ્રચાર માટે નોંધપાત્ર યોગદાન આપ્યું છે.

સમગ્ર જૈન સમાજની સામે આ વર્ગ તો માત્ર એક બે ટકા જ ગણી શકાય.

સાધુજનોએ જ્ઞાનની ઉપાસના કરી, તપ, સ્વાધ્યાય અને ઉપદેશ આપવો, જ્ઞાની શિષ્યો તૈયાર કરી તેમને ગામોગામ જૈનધર્મનો પ્રચાર પ્રસાર કરવા, જૈનપ્રજાને સદાચારી જીવન જીવવાનો માર્ગ બતાવવો એ તેમના જીવનનો ઉદ્દેશ છે. આ સાધુ સંસ્થામાં વિકાસ પણ થયોછે અને વિકાર પણ થયો છે. સર્વવિરતિના આરાધકો પંચમહાવ્રતોનું પાલન તો કરે જ છે અને તેથી જ તેઓ 'જૈન અણગાર' જૈન સાધુ કહેવાય છે. સમગ્ર વિશ્વમાં જેનો જોટો જડે નહિ એવા જૈન સાધુઓનો પાદવિહાર, તેમનો અપરિગ્રહ તથા સમાજમાં

સદાચાર અને સંસ્કારનું સિંચનનું કાર્ય કરતા આ સાધુઓને માત્ર જૈનો જ નહિ પણ જૈનેત્તરો પણ નમે છે.

મુંબઇ જેવા શહેરમાં મધ્યમ વર્ગના નોકરીયાત કુટુંબોમાં મોડા જમવાનું હોવાથી સાધુ સાધ્વીઓને સાંજના સમયની ગોચરી મેળવવામાં બહુ મુશ્કેલી પડે છે. શ્રીસંઘ આ બાબતે વિચાર કરે.

શિષ્યો બનાવવાની લાલચમાં યોગ્યતા પૂરવાર કર્યા વિના ઘણીવાર દીક્ષા આપવામાં આવે છે અને ક્યાંક ક્યાંક શિષ્ય-શિષ્યાઓ ખરીદવામાં આવે છે. મોક્ષની ઇચ્છાવાળા યોગ્ય પાત્રને જ દીક્ષા આપવી જોઇએ. ક્યાંક તો નાની સાધ્વીઓ માનસિક તનાવથી પીડાય છે કારણ કે દીક્ષા લીધા પછી તેમના જીવનમાં ઝાઝો ફરક પડ્યો હોતો નથી. નાના નાના ક્લેશો, મતભેદો નાની વાતોની ઇર્ષા વગેરેને કારણે તથા કેટલીક વાર અજ્ઞાનને કારણે આવું વાતાવરણ જોવા મળે છે. આવા સમુદાયમાં જ્ઞાનમાર્ગની ઉપાસના કરાવવા, શ્રીસંઘે કાર્યરત થવું જોઇએ. તો બીજી તરફ નિધિસૂરી ટ્રસ્ટ પાટણમાં ચન્દ્રકાન્તભાઇ પંડિત પાસે દરરોજના ત્રણ ચાર કલાક દોઢસો સાધ્વીઓને જ્ઞાન આપવામાં આવે છે. સ્થાનકવાસી સંઘમાં સાધ્વીજીઓને પીએચ.ડી. સુધીનો અભ્યાસ કરાવવાનાં દૃષ્ટાંતો આપણી નજર સમક્ષ હાજર છે.

જૈનધર્મમાં નારીનું સ્થાન પ્રાચીનકાળથી ગરિમાપૂર્ણ રહ્યું છે. ઋષભદેવના સમયથી બ્રાહ્મી-સુંદરીને જ્ઞાન આપવામાં આવ્યું છે. ભગવાન મહાવીરે નારીને ફક્ત શ્રમણસંઘમાં સંમિલિત કરી એટલું જ નહિ પણ સાથે સાથે તેને કેવળજ્ઞાન તથા મોક્ષની અધિકારી પણ માની.

તે છતાં કેટલાક ઠેકાણે સામાજિક પરિવર્તનની સાથે નારીની સ્થિતિ દયનીય બની ગઇ છે. જાત અનુભવ કહે છે કે કેટલાંક ધાર્મિક સમારંભોમાં

આચાર્યોની હાજરીમાં વિદૂષી સ્ત્રીઓને પણ પોતાનું વક્તવ્ય રજૂ કરવા દેવાની પરવાનગી આપવામાં આવતી નથી.

બીજી બાજુ સ્ત્રીઓમાં શૈક્ષણિક તથા ધાર્મિક અજવાસની રુચિ વધી રહી છે. જ્ઞાનપ્રાપ્તિના માર્ગે સ્ત્રીઓ આગળ વધી રહી છે. મહિલા સ્વાધ્યાય સંઘો, મહિલા ભક્તિ મંડળો તથા સમાજસેવાનાં ક્ષેત્રમાં સ્ત્રીઓ દ્વારા નિર્માણકારી ચેતના જાગૃત થઇ રહી છે.

પ્રભુ મહાવીરના અનુયાયીઓ, સ્યાદ્વાદ અને અનેકાન્તના ઉપાસકો પોતપોતાના સંપ્રદાય અને ગચ્છો-પેટાગચ્છોમાં વહેંચાઇ-વિખરાઇ ગયા છે. તેઓ પોતાના નાનામાં નાના અહમ પોષે છે. જૈન એકતા માટે ખાસ કોઇ નક્કર વિચારણા આકાર લેતી નથી. આ કાર્યમાં સૌથી મહત્ત્વનો ભાગ સાધુજનો ભજવી શકે, પરંતુ દુઃખની સાથે કહેવું પડે છે કે તેઓ પોતે જ પોતાના અહમને પોષવામાં પડ્યા છે. આજથી ત્રણસો વર્ષ પહેલા આનંદઘનજી, ઉપાધ્યાય યશોવિજયજીએ ગચ્છના આ ભેદો વિશે બળાપો અને વ્યથા વ્યક્ત કરી હતી. આજે પણ પરિસ્થિતિમાં ઝાઝો ફેર પડ્યો નથી.

ચતુર્વિધ સંઘના મહત્ત્વના અંગ સમાન શ્રાવકો-મધ્યમ વર્ગના અને ગરીબ વર્ગના સમાજના લોકોને માટે આવાસનો પ્રશ્ન મુંબઇ જેવા શહેરમાં અતિ મહત્ત્વનો છે. રોજી-રોટી રળવા માટે પોતાનું વતન છોડીને આવેલા આ વર્ગને રહેવા માટે સસ્તા ભાડાના ઘરોનું સુવ્યવસ્થિત આયોજન થાય એ અતિ આવશ્યક છે. આ ક્રિયામાં શ્રીસંઘ તથા આચાર્ય મહારાજો પ્રેરણા આપે. અલબત્ત આ બાબતે હમણાં કેટલાંક આચાર્યો કાર્યરત છે પણ તે આંગળીને વેઢે ગણી શકાય એટલાજ છે.

સૌથી વધુ વિચાર માંગી લે તેવો પ્રશ્ન જૈનોની ખાણી-પીણીની છે. 'ફાસ્ટ ફૂડ' ની ફેશનમાં પોતાનાં બાળકો કેટલાં જૈન અને કેટલાં અજૈન પદાર્થો ખાય છે તેની ચિંતા માતાપિતાએ કરવી જોઇએ. કેક, ચીઝ, ખાસ કરીને પીઝા, પાંઉ-ભાજી, ચાઇનીઝ વગેરે ખાવાની યુવક યુવતીઓમાં ફેશન બની ગઇ છે. મુંબઇ શહેરમાં મોટા ભાગની હોટલો જૈનો પર ચાલે છે તો કેટલીક હોટલો જૈનો પોતે ચલાવે છે. ધર્મને આઘો મૂકીને આવું કરવું તે ઉચિત છે કે કેમ એ વિચારવું જોઇએ.

જૈનધર્મમાં સદ્‌ગૃહસ્થના માટેની પ્રાથમિક શરત એ છે કે તેઓ સાત વ્યસનોથી (જૂગાર, શરાબ, માંસ, વેશ્યા, શિકાર, ચોરી અને પરસ્ત્રીગમન) મુક્ત રહે. મોટા ભાગના જૈનો આ સાત વ્યસનોમાંથી કદાચ સંપૂર્ણપણે મુક્ત હશે પણ યુવાપેઢીને ગુટકા, બીયર, દારૂ, જુગાર જેવાં વ્યસનોથી બચાવવાં પડશે. ધનિક કુટુંબોની સ્ત્રીઓ પણ કીટીપાર્ટીઓના નામે જુગાર, દારૂની લતે ચડેલી જોવા મળે છે.

અલબત્ કેટલાંક સાધુ-સંતો તથા સાધ્વીજીઓ તથા મહાપ્રજ્ઞજી અણુવ્રત આંદોલન દ્વારા વિચાર ક્રાંતિ લાવી રહ્યા છે. તે આજના ભ્રષ્ટાચારથી પીડિત યુગમાં અણુવ્રત આંદોલનનો સૂર મરણાસન્ન માનવીના મુખમાં અમૃતજળ નાંખવા સમાન છે.

પત્રકારની ભૂમિકા વિશે વિચાર કરીએ તો કહેવાય છે કે પત્રકારે 'Commitment' કર્યું હોવું જોઇએ. ધર્મની-સમાજની પ્રગતિ, સામાજિક ઉન્નતિ, બૌદ્ધિક સમાજની રચના વિશે એની પાસે ચોક્કસ મિશન હોવું જોઇએ. શિકાગો સનડેટાઇમ્સે પોતાના પત્રકારો માટે એક 'code of professional' તૈયાર કરેલ છે. તેમાં કહ્યું છે, 'our management & staff must remain free of obligation to any special interest & be commited to only to the public's right to know'.

પત્રકાર માટે સૌથી મોટી પ્રતિબદ્ધતા આ જ છે. 'લોકોને જાણવાનો અધિકાર અને જાણવું એટલે "સત્ય" જાણવાનો અધિકાર'.

'પત્રકાર એટલે ઊંઘતી જનતાને જાગૃત કરવાનું માધ્યમ'. જૈન પત્રો ભારતની વિવિધ ભાષાઓમાં - હિંદી, ગુજરાતી, મરાઠી, કન્નડ, બંગાળી. તમિલ, વગેરે ભાષાઓમાં પ્રગટ થાય છે. એકાદ બે પત્રો પરદેશથી અંગ્રેજીમાં થઇ રહ્યાં છે. દુઃખની વાત તો એ છે કે જૈન પત્રોમાંથી કેટલાંક તો થોડા સમયમાં જ બંધ પડી જાય છે.

જે ચાલે છે તેમાંના કેટલાક સાધુઓ દ્વારા, સંસ્થાઓ દ્વારા કે વ્યક્તિગત માલિકીના હોય છે. કેટલાંક માત્ર જ્ઞાતિના અથવા પોતપોતાના સેન્ટરોના સમાચારો પ્રગટ કરવા પૂરતા ચાલે છે.

જૈનશાસન, જૈન ધર્મ કે જૈન સમાજના ઉત્થાન માટે કે વાચકોની આધ્યાત્મિક, ધાર્મિક વૃત્તિને સંતોષે એવા પત્રો બહુ જૂજ છે.

પત્રકારે પોતાના આ કાર્ય માટે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે.

૧) સૌ પ્રથમ પોતાના પત્ર દ્વારા વાચક વર્ગમાં વાચવાની જિજ્ઞાસા જાગૃત કરવી જોઇએ.
૨) પત્રકારે તંત્રી, સંપાદક કે ટ્રસ્ટીઓ વગેરે સાથે ચર્ચા-વિચારણા કરી પોતાના દષ્ટિકોણનો ઉપયોગ કરી લેખનસામગ્રી તૈયાર કરવી જેથી સાધુ ભગવંતો કે સંઘના શ્રાવક-શ્રાવિકાઓની લાગણી દુભાય નહિ.
૩) પત્રકારે કોઇપણ બનાવની જડ સુધી પહોંચી સત્ય શોધી લાવવું જોઇએ.
૪) પત્રકારે દાનવીરોની શેહમાં કે સાધુઓની શેહમાં તણાવું જોઇએ નહિ.
૫) ચતુર્વિધ સંઘ વિશે ઉપર દર્શાવેલા દરેક મુદ્દાને ધ્યાનમાં રાખીને પોતાના પત્રોમાં સ્પષ્ટ, સરળ અને લોકોના હૃદયને સ્પર્શે એ રીતે વિવિધ લેખો,

સંપાદકીય અથવા તંત્રીલેખો લખી સામાજિક-ધાર્મિક જાગૃતિ લાવવાનો પ્રયત્ન કરવો જોઇએ.

૬) સ્ત્રી પત્રકારો પત્રો ચલાવવા શ્રીસંઘે પરિબળ ઊભું કરવું જોઇએ જેમાં નારી જગતના પ્રશ્નો - સાધ્વી તથા શ્રાવિકાઓની પ્રવૃત્તિઓને બિરદાવતા પત્રો પ્રગટ થવા જોઇએ.

જૈનપત્રોએ ધાર્મિક તથા સામાજિક સુધારા માટે આ પ્રકારના પ્રગતિકારક વિચારો પ્રકટ કર્યાનાં ઉદાહરણો મળે છે. 'જૈન મહિલા' નામના પત્રમાં ઘૂંઘટ પ્રથાનો વિરોધ કરતાં લખ્યું છે, "શું આ ભારતની ગૌરવશાળી નારી છે જેણે પોતાના ગૌરવને, પોતાની સંસ્કૃતિને નષ્ટ કરી છે ?" જૈન પત્રકારોઓ આ પ્રકારની પ્રથાઓને દૂર કરવા સજાગ પ્રયત્ન કરી સામાજિક ચેતનાને જાગૃત કરવાનો પ્રયત્ન કરવો જોઇએ.

પત્રકારે પોતાના પત્ર દ્વારા વિવાહ સુધારણાની દિશામાં જૈન વિધિથી લગ્ન કરાવવા, દિવસનું ભોજન રાખવા, દહેજની લેણ-દેણ ન કરવી વગેરે વિચારોને પોતાની ધારદાર કલમ દ્વારા પ્રગટ કરવા જોઇએ.

પત્રકાર વર્તમાન સમયમાં યુવાન-યુવતીઓમાં વધેલાં વ્યસનો બાબતમાં આંખ આડા કાન ન કરી શકે... સંસ્કાર નિર્માણ અને જીવનશુદ્ધિના કાર્યમાં પત્રકારે સમાજને સહાયરૂપ થવું જોઇએ. એ એનું મુખ્ય કર્તવ્ય છે.

જૈનપત્રકારોએ વ્યસનમુક્તિ માટે આંદોલનાત્મકરૂપ અપનાવવું જોઇએ અને સમાજને, માતાપિતાને તથા વડીલોને એના દુષ્પરિણામોથી અવગત કરવા જોઇએ. આ બાબતે 'જિનવાણી' માં લખ્યું છે,

"જો આપણે પ્રથમ શ્રેણીના બાર વ્રતધારી શ્રાવક ન બની શકીએ તો બીજી શ્રેણીના સાત કુવ્યસનોનો ત્યાગ કરીને સદ્‌ગૃહસ્થ બની શકીએ."

આ બધાં વ્યસનોને દૂર કરવા કે રોકવા માટે એક સમયે કેટલાંક પત્રોએ W [illegible]જૈન', 'જિનવાણી', 'અણુવ્રત', 'ઓસવાલ સુધારક', 'જૈન સિદ્ધાંત સાર', વગેરેએ ઘણું કામ કર્યું હતું.

વર્તમાનમાં આ દિશામાં કેટલાક પત્રો ખાસ કરીને 'અણુવ્રત આંદોલનની' દિશામાં અણુવ્રત પાક્ષિક મહત્ત્વનું કાર્ય કરી રહ્યું છે.

જૈન પત્રોએ શુદ્ધ શ્રમણ ધર્મની આરાધના પર ભાર મૂકવો જોઇએ. ધર્મક્રિયાઓ પર પૂંજીપતિઓના વધતા જતા વર્ચસ્વ પર અનેક પત્રોએ કટાક્ષ કર્યાનાં ઉદાહરણોછે.

આજની યુવાપેઢી વેષપૂજા, નામ-પૂજા, પદવી-પૂજા, શાસ્ત્ર-પૂજા અને જાતજાતના નિર્જીવ ક્રિયાકાંડોની પૂજા પ્રત્યે શ્રદ્ધા બતાવતા નથી. એમની શ્રદ્ધાના પાત્ર બનવા માટે ચારિત્રની ઉચ્ચતા, નિષ્કામ પ્રાણવાન કર્મશક્તિ અને જ્ઞાનનો ભવ્ય પ્રકાશ હોવો જોઇએ.

આમ વર્તમાન ચતુર્વિધ સંઘની શિથિલતાઓને દૂર કરવામાં પત્રકારની ભૂમિકા અતિ મહત્ત્વની છે. પત્રકારે પોતાની નૈતિકતા, નિષ્ઠા અને નિર્ભયતાપૂર્વક પોતાની આ ભૂમિકા સાકાર કરવા સદાય તત્પર રહેવું જોઇએ.

**શ્રી સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રીસર્ચ સેંટર, ઘાટકોપર, મુંબઈ-૮૬.**

## સેંટરની કાયમી યોજનાના દાતાઓ

- માનવમિત્ર ટ્રસ્ટ, સાયન
- મુનિ સંતબાલજી પ્રેરિત-
  વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ, મુંબઈ-ચીંચણી
- ઉવસગ્ગહરં સાધના ટ્રસ્ટ-મુંબઈ-બરોડા

## સેન્ટરના પેટ્રન્સ

- શ્રી અખિલ ભારતીય સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ, મુંબઈ
- ધ્રાંગધ્રા નિવાસી હાલ ઘાટકોપર
  શ્રી મનસુખલાલ અમૃતલાલ સંઘવી

# શ્રી પંડિત રત્નચંદ્રજી જૈન કન્યાશાળા ટ્રસ્ટ

## પી.એન.દોશી વીમેન્સ કોલેજ ઓફ આર્ટ્સ સંચાલિત

## સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રીસર્ચ સેન્ટર

સૌરાષ્ટ્રકેસરી પૂ.પ્રાણલાલજી મહારાજ સાહેબની શ્રુતપ્રભાવના વિશિષ્ટ હતી શાસ્ત્રગ્રંથોનું પરિશિલન, તાડપત્રીયગ્રંથોનો સંગ્રહ અને જાળવણી, શાસ્ત્રભંડારો અને પાઠશાળાની સ્થાપનામાં એમનું અનેરું યોગદાન હતું.

આ સંદર્ભના પરિપ્રેક્ષ્યમાં અધ્યાત્મ યોગિની પૂ.લલિતાબાઈ મ.સા.ના વિદ્વાન શિષ્યા પૂ.ડો. તરૂલતાજીની પ્રેરણાથી સૌરાષ્ટ્ર કેસરી પૂ.પ્રાણગુરુ જન્મ શતાબ્દી સમિતિ મુંબઈના સહયોગથી ગુરુદેવની સ્મૃતિ ચિરંજીવ રાખવા પૂજ્યશ્રીની જન્મશતાબ્દી પ્રસંગે સંસ્થાએ સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લીટરરી રીસર્ચ સેન્ટરની સ્થાપના કરી છે. સેંટરના ઉદ્દેશ આ પ્રમાણે છે.

- જૈન તત્ત્વજ્ઞાન અને સાહિત્યનું અધ્યયન, સંશોધન, સંપાદન અને પ્રકાશન કરવું.
- સંસ્કૃતિ, ધર્મ અને અધ્યાત્મના સાહિત્યનું પ્રકાશન કરવું.
- જૈનધર્મના તત્ત્વોની વૈજ્ઞાનિક રીતે રજુઆત કરવી.
- પ્રાચીન હસ્તલિખિત અને તાડપત્રીય ગ્રંથોનુંસંશોધન અને પુસ્તકાલયની પ્રવૃત્તિકરવી.
- જૈન ધર્મને કેન્દ્રમાં રાખી માનવધર્મની પ્રવૃત્તિનો વિકાસ કરવો.
- જૈન સાહિત્યના અધ્યયન અને સંશોધનનો આભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ (સ્કોલરશીપ) આપવી.
- વિદ્વાનો અને સંતોના પ્રવચનોનું આયોજન કરવું.
- ધર્મ અને સંસ્કારના વિકાસ અને સંવર્ધન થાય તેવી શિબિર અને અન્ય કાર્યક્રમોનુ આયોજન કરવું. સંસ્કારલક્ષી, સત્ત્વશીલ અને શિષ્ટ સાહિત્યનું પ્રકાશન કરવું.
- અભ્યાસ નિબંધ વાંચન (Paper Reading) લીપી વાંચન અને પ્રાચીન જૈન ગ્રંથો (Old Jain Manuscript) નું વાંચન.
- જૈન ધર્મપર સંશોધન M.A., Ph.D., M.Phil કરનાર જીજ્ઞાસુ, શ્રાવક, સંત-સતીજીઓને સહયોગ, સુવિધા અને માર્ગદર્શન પૂરા પાડવા અને સંશોધિત સાહિત્યનું પ્રકાશન.
- જૈન પ્રાચીન ગ્રંથો, ચિત્રો, શિલ્પ, સ્થાપત્યના ફોટાઓ વિગેરેની સી.ડી. તૈયાર કરાવવી.
- દેશ-વિદેશમાં જૈનધર્મ પર પરિસંવાદ, પ્રવચન-આયોજન, ઈન્ટરનેટ પર વેબસાઈટ દ્વારા જૈન તત્ત્વજ્ઞાન અને સાહિત્ય વિષયક માહિતીનો પ્રચાર કરવો.

આપના સહયોગી અપેક્ષા સાથે.

ટ્રષ્ટી :
**નવનીતભાઈ શેઠ**

માનદ્ સંયોજક :
**ગુણવંત બરવાળિયા**

સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન ફીલોસોફિકલ એન્ડ લીટરરી રીસર્ચ સેંટર
S.P.R.J. કન્યાશાળા ટ્રષ્ટ, કામા લેન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬.

**સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લીટરરી**
**રીસર્ચ સેન્ટર ઘાટકોપર-મુંબઈ**
SPR જૈન કન્યાશાળા ટ્રસ્ટ, કામાલેન, ઘાટકોપર (વેસ્ટ), ફોન : ૨૫૧૨ ૫૬૫૮

**શ્રી ઉવસગ્ગહરં ભક્તિ ગ્રુપ - મુંબઈ પ્રેરિત**

# જૈનસાહિત્ય જ્ઞાનસત્ર -૨

સ્થળ : પારસ હોલ પારસ સોસાયટી નિર્મલા કોન્વેન્ટ રોડ, રાજકોટ
તારીખ : ૮-૯-૧૦ જાન્યુઆરી, ૨૦૦૫ શનિવાર, રવિવાર અને સોમવાર

**: પાવન નિશ્રા :**

**તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ. સા. ના સુશિષ્ય**
**શાસન અરુણોદય પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિજી મ. સા.**
**પૂ. શ્રી પિયુષમુનિજી મ. સા.**
**તથા રાજકોટમાં બિરાજમાન પૂ. સંત સતીજીઓ**

## જૈનસાહિત્ય જ્ઞાનસત્ર -૨ ઉદ્‌ઘાટન સમારોહ

**શનિવાર તા. ૮-૧-૦૫ સવારે ૯.૩૦ કલાકે**

મંગલા ચરણ : શાસન અરુણોદય પૂ. શ્રી **નમ્રમુનિજી મ. સા.**
સ્વાગત અને પ્રાક્કથન : શ્રી ગુણવંત બરવાળિયા

**• પુસ્તક વિમોચન •**
**જ્ઞાનધારા-૧**
સંપાદન : ગુણવંત બરવાળિયા
(પ્રથમ જ્ઞાનસત્રના નિબંધોનો સંગ્રહ)
વિમોચનકર્તા
**શ્રી મગનલાલ હરીલાલ દોશી**
(પ્રમુખ અ. ભા. જૈન કોન્ફરન્સ)

**• અર્પણવિધિ •**
મુનિશ્રી સંતબાલજી જન્મશતાબ્દી
**સી. ડી. પ્રોજેક્ટની**
મધ્યકાલીન જૈન સાહિત્ય સી. ડી.
ડૉ. જીતેન્દ્ર બી. શાહ
અર્પણ કરશે.

**: નિમંત્રક :**
**શ્રી ગુણવંત બરવાળિયા - માનદ્ સંયોજક**
સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ
લીટરરી રીસર્ચ સેન્ટર ઘાટકોપર-મુંબઈ

# જૈન સાહિત્ય જ્ઞાન સત્રમાં વિષયવાર સત્રના અધ્યક્ષ સ્થાને વિદ્વાનો બિરાજશે :

| **વિષય :** | **અધ્યક્ષ સ્થાન :** |
|---|---|
| ચતુર્વિધ સંઘનો મર્યાદા મહોત્સવ | શ્રી રશ્મિભાઈ ઝવેરી |
| જૈન એકતા સંગઠન અને સંવાદિતા | ડૉ. રમણલાલ ચી. શાહ |
| યુવાનોને ધર્માભિમુખ કરવાના અને જૈન ધર્મના પ્રચાર પ્રસાર માટેના ઉપાયો અને કાર્યક્રમો | ડૉ રસીકલાલ મહેતા |
| જૈન ધર્મમાં માનવસેવા, જીવદયા અને રાષ્ટ્રચિંતન | ડૉ. બીપીન દોશી |
| **अहिंसा मीमांसा** | ડૉ. પ્રેમસુમન જૈન |
| **कर्मसिध्धांतका वैज्ञानिक ऐवम् दार्शनिक विवेचन** | ડૉ. શેખરચંદ્ર જૈન |
| Spectrum of Jainism in India & Commentry on Non-violence | ડૉ. બળવંત જાની |
| જૈન દર્શનના વૈજ્ઞાનિક તથ્યો | ડૉ. પ્રો. જીતેન્દ્ર બી. શાહ |

નમસ્કાર મહામંત્ર આરાધક **શ્રી શશીકાંતભાઈ મહેતા** નવકાર ભાવયાત્રા કરાવશે.

## સમાપન સત્ર

૧૦-૧-૦૫ સવારે ૯.૩૦ થી ૧૨.૩૦
અધ્યક્ષ સ્થાન પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ
ડૉ. જે. જે. રાવળ, તથા વિશેષ વિદ્વાનો દ્વારા પેપર વાચના પ્રસ્તુતિ
પૂ. ગુરુદેવ શ્રીનમ્રમુનિજી મ. સા. આદિ સંતસતીજીના પ્રવચન
આભાર દર્શન : ગુણવંત બરવાળિયા સંચાલન : શ્રી પ્રવિણભાઈ પારેખ.

## : અવસરના અતિથી :

**રાજકોટના આંગણે પ્રથમ વાર યોજાતા આ જ્ઞાનસત્રમાં પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. અને સાધ્વીજી ભગવંતો તથા ભારત ભરના જૈન સાહિત્ય કારોના વિશિષ્ટ જ્ઞાન ભાવોનું પાન કરવા અનેક જૈન સંઘો શ્રેષ્ઠિવર્યો અને સાહિત્ય પ્રેમિઓ ઉપસ્થિત રહેશે આપને પણ આ જ્ઞાન સત્રમાં પધારવા ભાવભર્યુ આમંત્રણ આપતા આનંદ અનુભવીએ છીએ આપશ્રી અવશ્ય પધારશો.**

જૈન સાહિત્ય જ્ઞાનસત્ર આયોજન સમિતિ
માનદ્સંયોજક ગુણવંત બરવાળિયા

- પ્રવિણભાઈ પારેખ • યોગેશભાઈ બાવીશી • મિલનભાઈ અજમેરા
- પ્રદીપભાઈ શાહ • નવનીતભાઈ દોશી • દીનેશભાઈ મહેતા

**સંપર્ક સૂત્ર**
**ગુણવંતભાઈ બરવાળિયા**
Adm. Office : ૧/૩૧૬, સિધ્ધિવિનાયક, હિંગવાલા લેન એક્ષ્ટેન્શન,
ઘાટકોપર (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૭૫. ફોન : ૨૫૧૨ ૫૬૫૮
E-mail _ gunjanbarvalia@yahoo.com

પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. પ્રેરિત



# શ્રી ઉવસગ્ગહરં ભક્તિ ગ્રુપ



(રાજકોટ, ગોંડલ, વડોદરા, મુલુંડ, ઘાટકોપર, સાંતાક્રુઝ, વસઈ આદી)

**શ્રી નવનીતભાઈ દોશી, શ્રી મધુબેન બરવાળીયા, શ્રી અરુણાબેન કામદાર,**
**શ્રી પરાગભાઈ શાહ મુંબઈ, શ્રી શૈલેશભાઈ દેસાઈ વડોદરા, શ્રી બર્જીસ દેસાઈ મુંબઈ**

મુંબઈ હોય, રાજકોટ હોય કે વડોદરા હોય ઉવસગ્ગહરં ભક્તિ ગ્રુપ સેવા ધર્મને વરેલું છે. માત્ર જપ અને તપ એટલુંજ લક્ષ્ય નથી પણ જ્યાં પણ માનવતા પોકારે છે ત્યાં-ત્યાં આ ગ્રુપનો એક-એક વ્યક્તિ દોડી જાય.

પ્રેરણાસ્તોત્ર ભલે હોય માનવતાનાં મસીહા પૂ. ગુરુદેવ પણ એમણે આપેલી માનવતાની મશાલનો પ્રકાશ, અંધારે અજવાળા કરે છે. આગ્રુપ પોત પોતાના પરિસરમાં જરૂરિયાતવાળા માનવોને અનાજ-દવા અને શાળાની ફી વગેરે તો પૂરા પાડે જ છે. આ ઉપરાંત પણ અનેક ક્ષેત્રોમાં સેવાકાર્ય પણ ચાલુ છે.

- મિયાગામ-કરજણનાં બાળકોને કેરીની સીઝનમાં કેરી તો ભૂકંપમાં ધરાશાયી થયેલા ઘરને બાંધવા માટે ભૂજમાં મદદ મોકલાવી.
- પુના અને આણંદમાં કોલેજ અને સ્કુલની ફી તેમજ પુસ્તકો વગેરે આપીને કેટલાકતેજસ્વી વિદ્યાર્થીના જીવનમાં સંપતિ ના અભાવે થનારા અંધારામાં તેજ પુર્યા.
- વડોદરા-સાંગલી-રાજકોટ-સુરેન્દ્રનગર વગેરે ગામોમાં કેટલાંક કુટુંબોને રોજિંદા વપરાશમાં આવતા અનાજ વગેરેની સહાયતા નિયમિત આપવામાં આવે છે.
- ઔષધિય ક્ષેત્રની મદદનું તો એક મોટું લીસ્ટ બને તેમ છે. પૂ. ગુરુદેવ પાસે પોતાની બિમારીની વિગતો લઈને કોઈ પણ વ્યક્તિ આવે તો વિના વિલંબે તેની દવા - ઈન્જેકશન - મેડિકલ ચેકીંગ વગેરે માટે અમારૂ ગ્રુપ તૈયાર જ હોય. અમદાવાદ, સૂરત, નડિયાદ, કાલાવાડ, ધારી, વેરાવળ, રાજકોટ, જુનાગઢ વગેરે અનેક ગામોમાં આ મદદો પહોંચી છે.
- આ જ પ્રમાણે મુંગા પ્રાણીઓની અનુકંપાથી પ્રેરાઈ આ ગ્રુપે સારી એવી સહાયતા જીવદયાની સમસ્ત મહાજન સંસ્થાને અને અનેક પાંજરાપોળો ને કરેલ છે.
- વળી જૈન સંસ્થાઓને ભિન્ન - ભિન્ન પ્રકારે દાનની રાશિ સહર્ષ મોકલી છે. સાધુ - સાધ્વી ભગવંતની વૈયાવચ્ચ માટે તો આ ભક્ત મંડળ સદૈવ ખડે પગે હાજર જહોય છે. ચિખોદ્રાની આઈ હોસ્પિટલ, ગોંડલનું વણીક ભોજ નાલય હોય કે રાજકોટના તપસમ્રાટ તીર્થધામ નવનિર્માણનું કાર્ય - ભક્તિગ્રુપે દરેક સ્થળે પોતાનાથી બનતી સહાય અવશ્ય કરી છે.
- આ સર્વ સત્કાર્યો હજારો રૂ. ના નહીં પરંતુ લાખો રૂ. ના આંકડાએ પહોંચ્યાં છે. અમારી ભાવના આ લાખો રૂ. ના આંકડાને કરોડો સુધી પહોંચાડવાની છે જેમાં આપ સર્વનો સાથ સહકાર જરૂરી છે.

આવો ! આપણે પણ, આ સર્વ કાર્યોનાં પ્રેરણા દાતા પૂ. ગુરુદેવની માનવતાની મશાલમાં દિવેલનાં એક બિન્દુને પૂરી, મશાલને પ્રજ્વલિત રાખવાના શુભ કાર્યમાં જોડાઈએ.